






# આવો ભૂલકાં

- સ્વ. શ્રીમતી હેરિયટબેન એ. જૉન






7BGA2 2

# આવો ભૂલકાં

: લેખિકા :

સ્વ. શ્રીમતી હેરિયટબહેન જૉન

GUJARATI CHRISTIAN FELLOWSHIP
OF PHILADELPHIA
425 CENTRAL AVE.
CHELTENHAM, PA 19012-2103

ગુજરાત ટ્રાકટ એન્ડ બુક સોસાયટી

સાહિત્ય સેવા સદન, એલિસબ્રીજ,

અમદાવાદ-૩૮૦૦૦૬.

ફોન : ૨૬૪૪ ૫૨૮૧

પ્રકાશક :

**ગુજરાત ટ્રાક્ટ એન્ડ બુક સોસાયટી**

સાહિત્ય સેવા સદન, એલિસબ્રીજ,

અમદાવાદ-૩૮૦ ૦૦૬. ફોન : ૨૬૪૪ ૫૨૮૧

# આવો ભૂલકાં

પ્રથમઆવૃતિ : ફેબ્રુઆરી, ૨૦૦૪

૧૦૦૦ નકલ


કિંમત રૂ. ૧૦૦/-

મુદ્રક :

**નોએલ પ્રિન્ટર્સ**

જમાલપુર, અમદાવાદ-૩૮૦ ૦૦૧.

ફોન : ૮૦૬ ૭૨ ૩૬



## લેખિકા વિષે બે બોલ...

સ્વર્ગસ્થ શ્રીમતી હેરિયટબહેન આર્થરભાઈ જૉનનો જન્મ મુંબઈ ખાતે ૨૭ નવેમ્બર ૧૯૧૯ના રોજ ડૉ. પૉલ લેઝરસના ઘેર થયો હતો. ડૉ. પૉલ વિધ્વાન ડૉક્ટર હતા. તેમના માતા સ્વ. શ્રીમતી માર્ગરેટબહેન હતાં. તેમના આકસ્મિક અવસાન બાદ સ્વ. ડૉ. પૉલે સ્વ. શ્રીમતી લવિન્યાબહેન સાથે ફરીથી લગ્ન કર્યા હતા. સ્વ. શ્રીમતી હેરિયટબહેન **B. A., B.ED., STC,** હિન્દી કોવિદ ની ઉપાધિઓ મેળવી હતી. તેમણે સ્વ. રેવ. વિલ્યમભાઈ કરસનદાસના ત્રીજા નંબરના દિકરા સ્વ. આર્થરભાઈ વિલ્યમભાઈ સાથે ૧૯૪૫માં લગ્ન કર્યા. લગ્ન જીવનમાં સ્વ. શ્રી આર્થરભાઈની સરકારી નોકરીને લીધે ઘણી બદલીઓ થઈ. ઉમરેઠ, આણંદ, રાજકોટ, અને અમદાવાદ. તેમને ચાર બાળકોનું દાન મળ્યું હતું. ડૉ. એ. એ. જોન અને શ્રીમતી સ્મિતાબહેન-નડીયાદ, શ્રી સુનીલભાઈ અને શ્રીમતી રેખાબહેન-આણંદ, શ્રીમતી એલનબહેન અને રેવ. ઈથીએલભાઈ સાચા-અમદાવાદ અને શ્રીમતી સ્મિતાબહેન અને શ્રી પ્રદિપકુમાર-લંડન. બધાનાં બાળકોએ પણ સારો અભ્યાસ કર્યો છે. સ્વ. શ્રી આર્થરભાઈ ૬ નવેમ્બર, ૧૯૮૯માં સ્વર્ગવાસ થયા.

સ્વ. શ્રીમતી હેરિયટબહેન શૈક્ષણિક ક્ષેત્રે, સામાજિક ક્ષેત્રે, ચર્ચ મધ્યે, બાળકો મધ્યે અને કૌટુંબિક ક્ષેત્રે અદ્‌ભુત ફાળો આપ્યો છે. મહિલા સંગઠન, લેખન કાર્યમાં, બાળકો મધ્યે સેવા અને બીજા વિવિધ ક્ષેત્રે અદ્‌ભુત રીતે કાર્ય કરી ઈશ્વરપિતાને મહિમાવંત કર્યા છે. તેમનાં જીવનનું મુખ્ય કાર્ય દરેક વ્યક્તિ અને બાળકો પોતાના પાપોનો પસ્તાવો કરી ઈસુ ખ્રિસ્તને પોતાના અંગત તારનાર તરીકે સ્વીકાર કરે. બાળકો માટે પણ તારણના માર્ગ અને અંગત અનુભવ માટે પ્રાર્થના કરતા તેમણે બાલવાડી, ખ્રિસ્તીબંધુ અને લાંબો સમય

માર્ગ સંગિનીમાં બાળકો માટે લેખો લખ્યા. "આન્ટી લખે છે" ખ્રિસ્તીબંધુમાં અને "આવો ભૂલકાંઓ" માર્ગ સંગિનીમાં . તેઓએ બાલવાડીના તંત્રી તરીકેની પણ સેવા ૪વર્ષ માટે આપી હતી . તેમણે છેલ્લો લેખ જાન્યુઆરી ૨૦૦૨માં માર્ગસંગિનીમાં લખ્યો હતો.

સી.એન.આઈ. ચર્ચ ગુજરાત ડાયોસીસમાં શિક્ષણ સમિતિમાં, મહિલા મંડળમાં અને ચર્ચના વિવિધ અંગોમાં અમૂલ્ય ફાળોઆપ્યો હતો. "English Children Bible" ના ગુજરાતી ભાષાંતર કરવામાં તેમનો મુખ્ય ફાળો હતો, આ મહત્વનો ફાળો ગુજરાતની મંડળીઓ ભૂલી શકશે નહિ; અને ચિરસ્મરણીય રહેશે.

ટૂંકી માંદગી ભોગવી અમારા કુટુંબના વડીલ, ઉત્તમ શિક્ષક, ઉત્તમ લેખિકા અને પ્રેમાળ મમ્મી તારીખ ૨૨, ઓકટોબર, ૨૦૦૩ના રોજ તેમના જયેષ્ઠ પુત્ર ડૉ. એ. એ. જૉનને ત્યાં નડીયાદ મુકામે પ્રભુ પિતાના સાનિધ્યમાં આનંદ અને શાંતિના સ્થળે પહોંચી ગયાં.

તેમની સેવાની સુવાસ હંમેશા મહેકતી રહેશે અને દેશ-વિદેશના લોકો ઈશ્વરપિતાને મહિમા આપશે. "આવો ભૂલકાંઓ" પુસ્તક તેમના લખેલા વિવિધ લેખોનો સંગ્રહ છે. જે બાળકો અને સર્વેને માટે શિક્ષણરૂપ અને આશીર્વાદ રૂપ થાય એ જ પ્રાર્થના.

આ પુસ્તિકા તૈયાર કરવા માટે વિવિધ રીતે શ્રી છોટુભાઈ પરમાર નડીયાદ, શ્રીમતી જેરોમીનાબહેન સેસીલભાઈ-તંત્રી-માર્ગસંગિની, રેવ. હેમંતકુમાર પરમાર, સેક્રેટરી ટ્રાકટ એન્ડ બુક સોસાયટી, રેવ. ડૉ.નિકોલસ પરમાર સેક્રેટરી બાઈબલ સોસાયટી (ગુજ .ઓફિઝ.), મારા પત્ની શ્રીમતી સ્મિતાબહેન જોન અને મારી નાનીબહેન શ્રીમતી એલનબહેન ઈથીયેલ સાચા તથા પ્રુફ રીડર અને પ્રિન્ટરના અમૂલ્ય સહયોગ માટે આભારી છું.

ઈશ્વરપિતા આ નાની પુસ્તિકા દ્વારા મહિમાવંત થાય એજ પ્રાર્થના.

ડૉ. એ. એ. જૉન

નડીયાદ

# પ્રકાશકના બે બોલ...

ખ્રિસ્તી બાળસાહિત્ય એ આજના સમયની સૌથી મોટી માંગ છે. બાળસાહિત્ય માટેના લેખકો/લેખિકાઓ આપણી પાસે ખૂબ ઓછા છે. છતાં આ લેખકો/લેખિકાઓએ અત્યાર સુધી જે પ્રયત્ન કર્યા છે તે બહુમૂલ્ય છે.

આજના સમયમાં બાળ માનસપટ પર કંઈ કેટલી અસર પડે છે. બીજી બાજુ વાંચનનું પ્રમાણ ઘટતું જાય છે. તેવા સમયે બાળકોને ઉપયોગી થઈપડે તેવું સાહિત્ય આપનાર વધારે વ્યક્તિઓની ખૂબ જરૂર છે. સર્વસર્મથ ઈશ્વરને એ પ્રાર્થના છે કે આ માટે લેખકો/લેખિકાઓ પૂરા પાડે.

શ્રીમતી હેરિયટબહેન જૉન બાળકો માટે જાણીતું નામ છે. ઘણાં વર્ષો બાલવાડીના તંત્રી તરીકે સેવાઓ આપી હતી. ઉપરાંત લેખિકા તરીકે પણ તમામ વર્ગના લોકો માટે સાહિત્યના માધ્યમ દ્વારા સેવા કરી છે. "આવો ભૂલકાં" શીર્ષક હેઠળ બાલવાડીમાં તંત્રી લેખો લખતાં હતાં.

શ્રીમતી હેરિયટબહેન જૉનનું આ પુસ્તક જુદા જુદા લેખોનો સંગ્રહ છે. આ તમામ લેખોમાં ઘણી વિવિધતા જોવા મળે છે. બાળકો માટે તેમાં ઉત્તમ શિક્ષણ પણ સમાયેલું છે. બાળકો માટે તેમના હૃદયમાં પ્રેમ અને બોજ હતા. તેમના લેખોમાં સ્પષ્ટતા અને ચોકસાઈ દેખાય છે. બાળકોને માટે આ તમામ લેખો સમજવા મુશ્કેલ નહિ પડે.

શ્રીમતી હેરિયટબહેન જૉન બહુમુખી પાત્ર હતા. બાળકોને

આપવાનું તો તેમના પાસે ઘણું બધું હતું સાથે સાથે મહિલાઓને માટે આપવાનું પણ તેમનામાં ઘણું હતું "માર્ગસંગિની" મહિલાઓ માટેના સામયિકમાં અને ખ્રિસ્તીબંધુમાં પણ તેઓ લેખો લખતા હતા. મહિલાઓ મધ્યે તેમણે અસરકારક આગેવાની આપી હતી. ગમે તેમ ન ચલાવવું તે તેમનો ગુણ હતો. સી. એન. આઈ. રાયખડ અમદાવાદ મંડળીના પાળક તરીકે મેં તેમને ત્રણ વર્ષ નજદીકથી જોયા હતા. તેઓ પ્રતિભાશાળી વ્યક્તિ હતા.

શ્રીમતી હેરિયટબહેન જૉનનું પુસ્તક "આવો ભૂલકાં" તમારા હાથમાં મૂકતા આનંદની લાગણી અનુભવું છું. તેઓ આપણી મધ્યે નથી, પરંતુ સાહિત્ય દ્વારા કરેલી આ ઉમદા સેવાના માધ્યમથી આપણી સાથે બોલે છે.

આ પુસ્તકનો તમામ ખર્ચ તેમના દીકરા ડૉ. એ. એ. જૉન (નડીયાદ) તરફથી આપવામાં આવ્યો છે. પરીવારની કદર કરતાં આભાર માનું છું આ પુસ્તક સારી રીતે પ્રસિધ્ધ થાય તે માટે ડૉ. એ. એ. જૉન સાહેબે વ્યક્તિગત ઘણો રસ લીધો છે. તે માટે પણ તેમના આભાર માનુ છું

| | |
|---|---|
| સાહિત્ય સેવાસદન | પ્રેમભાવથી |
| એલીસબ્રીજ, અમદાવાદ-૬. | **રેવ. હેમંતકુમાર જે. પરમાર** |
| ફેબ્રુઆરી/૨૦૦૪ | સેક્રેટરી |

# અનુક્રમણિકા


| ક્રમ | વિષય | પૃષ્ઠ |
|---|---|---|
| ૧. | સ્વર્ગની સાથે આત્મિયતા | ૧ |
| ૨. | પિતાનો પ્રેમી હાથ | ૪ |
| ૩. | વફાદારી | ૫ |
| ૪. | ઇસ્ટર | ૧૨ |
| ૫. | પ્રભુનાં વચનો | ૧૬ |
| ૬. | પ્રભુમંદિરનું આંગણું | ૨૩ |
| ૭. | તમારું અજવાળું | ૨૭ |
| ૮. | પ્રેમાળ રક્ષક | ૩૦ |
| ૯. | જવાબદારી | ૩૩ |
| ૧૦. | મુક્તિ | ૩૬ |
| ૧૧. | ઉજજવળ ભવિષ્ય | ૩૯ |
| ૧૨. | માપદંડ | ૪૨ |
| ૧૩. | યોગ્ય જવાબદારી | ૪૫ |
| ૧૪. | ભૂલી જવાનું યાદ રાખો | ૪૮ |
| ૧૫. | સાક્ષી | ૫૧ |
| ૧૬. | બાળકો, કંઈક વિચારીશું ? | ૫૪ |
| ૧૭. | જૂઠા હોઠો | ૫૮ |
| ૧૮. | નાતાલ ભાગ-૧ | ૬૧ |
| ૧૯. | નાતાલ ભાગ-૨ | ૬૪ |
| ૨૦. | નવું વર્ષ ભાગ-૧ | ૬૭ |
| | નવું વર્ષ ભાગ-૨ | ૭૦ |
| ૨૧. | પ્રભુનું બાળક | ૭૩ |

| | | |
|---|---|---|
| ૨૨. | ગુડ ફ્રાઈડે અને ઈસ્ટર | ૭૬ |
| ૨૩. | ઉદાર મન | ૮૦ |
| ૨૪. | ઈશ્વરનું સામર્થ્ય | ૮૨ |
| ૨૫. | આપણીભૂલ | ૮૫ |
| ૨૬. | શાસ્ત્રવાંચન | ૮૬ |
| ૨૭. | ખરી આઝાદી | ૮૯ |
| ૨૮. | આઝાદી પર્વ | ૯૧ |
| ૨૯. | ઈશ્વર પર ભરોસો | ૯૩ |
| ૩૦. | ઈશ્વર પિતાનુ આજ્ઞાપાલન | ૯૭ |
| ૩૧. | દેશપ્રેમ | ૧૦૦ |
| ૩૨. | પ્રમાણિકતા | ૧૦૨ |
| ૩૩. | અબ્રાહમ લિંકન | ૧૦૫ |
| ૩૪. | સઘળું નવું | ૧૦૮ |
| ૩૫. | જોય માટેનો ઉત્તર | ૧૧૦ |
| ૩૬. | ઈશ્વરપિતા તમારી પાસે કંઈક માગે છે. | ૧૧૪ |
| ૩૭. | વધસ્તંભની કમકમાટીભરી વેદના | ૧૧૭ |
| ૩૮. | પડોશી પર પ્રેમ | ૧૨૦ |
| ૩૯. | શું પસંદ કરીશ ? | ૧૨૩ |
| ૪૦. | મૃત્યુને ભેટી રહેલી એક બાળાની વિનંતી | ૧૨૫ |
| ૪૧. | સસલું ભાગ-૧ | ૧૨૮ |
| ૪૨. | સસલું ભાગ-૨ | ૧૩૧ |
| ૪૩. | મસ્કેટ ભાગ-૧ | ૧૩૫ |
| ૪૪. | મસ્કેટ ભાગ-૨ | ૧૩૭ |
| ૪૫. | શેતાનના અધિકારમાંથી મુક્તિ | ૧૩૯ |
| ૪૬. | અર્પણ | ૧૪૨ |
| ૪૭. | ભૂલ | ૧૪૫ |
| ૪૮. | વિશ્વાસઘાતી મિત્ર | ૧૪૯ |

| | | |
|---|---|---|
| ૪૯. | ઈસ્ટર | ૧૫૪ |
| ૫૦. | મૃત માણસ બોલે છે | ૧૫૬ |
| ૫૧. | માનવભક્ષી આદિવાસી | ૧૫૯ |
| ૫૨. | વિશ્વાસ | ૧૬૩ |
| ૫૩. | છુટકારો અને આઝાદી | ૧૬૬ |
| ૫૪. | સારાં ફળ | ૧૬૮ |
| ૫૫. | પાપ-દેવનું વચન | ૧૭૦ |
| ૫૬. | ખરો માર્ગ | ૧૭૩ |
| ૫૭. | પ્રભુની વાણી | ૧૭૬ |
| ૫૮. | ઈશ્વરપિતાની કૃપા | ૧૭૮ |
| ૫૯. | પ્રાર્થના (૧) | ૧૮૧ |
| ૬૦. | પ્રાર્થના (૨) | ૧૮૪ |
| ૬૧. | ચિંતાનો બોજ ઊંચકનાર | ૧૮૮ |
| ૬૨. | ઈશ્વરપિતાની સહાયતા | ૧૯૧ |
| ૬૩. | ઈશ્વરપિતાની સ્તુતિ | ૧૯૫ |
| ૬૪. | ઈશ્વરપિતાની મહાનતા | ૧૯૮ |
| ૬૫. | આજ્ઞાપાલન (૧) | ૨૦૦ |
| ૬૬. | આજ્ઞાપાલન (૨) | ૨૦૩ |
| ૬૭. | આધીનતા | ૨૦૬ |
| ૬૮. | પાપમાંથી આઝાદી | ૨૦૯ |
| ૬૯. | માફી આપનાર ઈસુ | ૨૧૨ |
| ૭૦. | ઈશ્વરપિતાની સહાયતા | ૨૧૫ |
| ૭૧. | મારા હૃદયની ભેટો | ૨૧૯ |
| ૭૨. | "ટાઈટેનીક" | ૨૨૧ |
| ૭૩. | માર્ટીન લ્યુથર-ભાગ ૧ | ૨૨૪ |
| ૭૪. | તારે વાસ્તે મારી કૃપા બસ છે. | ૨૨૮ |

| | | |
|---|---|---|
| ૭૫. | સઘળું હિતકારક, ક્યારે ? | ૨૩૦ |
| ૭૬. | "પરમેશ્વર પિતાની અણમોલ સંપૂર્ણ શક્તિ !" | ૨૩૩ |
| ૭૭. | પ્રભુપિતાની સંભાળ | ૨૩૫ |
| ૭૮. | નુકસાન ? કે નફો ? | ૨૩૮ |
| ૭૯. | ઈશ્વર આપણી સહાય | ૨૪૦ |
| ૮૦. | શક્તિમાન ઈશ્વર | ૨૪૨ |
| ૮૧. | મારે અને સર્વને માટે ઈસ્ટર | ૨૪૬ |
| ૮૨. | સામસુન-૧ | ૨૪૮ |
| ૮૩. | સામસુન-૨ | ૨૫૦ |
| ૮૪. | માર્ટીન લ્યુથર-ભાગ ૨ | ૨૫૩ |
| ૮૫. | જગતનો તારનાર | ૨૫૫ |
| ૮૬. | સર્વ પ્રકારના ભયથી મુક્ત બનો | ૨૫૭ |
| ૮૭. | પાપોની માફી | ૨૬૦ |
| ૮૮. | થોમસ એડિસન | ૨૬૨ |
| ૮૯. | અદૃશ્ય ચિત્રકાર | ૨૬૪ |
| ૯૦. | પ્રોફેસર ચેલાપ્પાનો જીવનપલટો | ૨૬૭ |
| ૯૧. | "દુઃખીયાઓનાં બેલી-વેની વેન્ડરપૉલ" | ૨૭૨ |
| ૯૨. | "ખુશીથી આપનારને દેવ ચાહે છે." | ૨૭૬ |
| ૯૩. | વિશ્વાસથી કરેલી પ્રાર્થના | ૨૭૯ |
| ૯૪. | વિશ્વાસ | ૨૮૨ |
| ૯૫. | સહાયકારી ઈશ્વર | ૨૮૫ |
| ૯૬. | નાતાલનું મહત્વ | ૨૮૮ |

# ૧ સ્વર્ગની સાથે આત્મિયતા

"અને તેઓ તેનું મુખ જોશે." પ્રકટીકરણ ૨૨ : ૪.

વહાલાં બાળકો, નૂતન વર્ષના દિવસે તમે સર્વએ એકબીજાને, મોટાંઓને, નાનાંઓને શુભેચ્છાઓ પાઠવી હશે, નવાંનવાં વસ્ત્રો પહેર્યાં હશે, દેવળમાં ગયાં હશો, એકબીજાને મળીને આનંદ અનુભવ્યો હશે. સુંદર સ્વાદિષ્ટ ખોરાક પણ જમ્યાં હશો. પણ આ સર્વ સમયો દરમિયાન તમને સ્વર્ગનો કે સ્વર્ગમાંના પવિત્ર પિતાનો ખ્યાલ આવ્યો હતો ખરો ? અન્યને મળીને જો આપણો આનંદ બેવડાઈ જતો હોય તો પરમ પવિત્ર પિતાને જ્યારે આપણે જોઈશું ત્યારે આપણા આનંદની સીમા જ નહિ હોય ?

પ્રકટીકરણનો ૨૨મો અધ્યાય તમે કોઈ દિવસ વાંચ્યો છે ? આખા બાઈબલમાં આ અધ્યાય આપણને કોઈ અદ્‌ભુત બાબતો તરફ દોરી જાય છે, કારણ કે તે સ્વર્ગની સંપૂર્ણતાનું સ્પષ્ટ ચિત્ર આપે છે. તેમાં જણાવવામાં આવ્યું છે કે, "ત્યાં દુઃખ હશે નહિ" એટલે કે આપણે પાપથી પરિણમતા દુઃખથી મુક્ત હોઈશું. આ અધ્યાયમાં એમ પણ જણાવે છે કે, "પ્રભુપિતાના સેવક અને સેવિકાઓ તરીકે આપણે પ્રભુપિતાની સેવા કરીશું. આ મહિમાવંત સેવા કરવાની આપણને તક મળશે તેની કોઈ કલ્પના તમે કરી શકો છો ?

વળી એમ પણ જણાવાયું છે કે પ્રભુપિતાનું નામ તેમના સેવક સેવિકાઓનાં કપાળ પર લખેલું હશે, એટલે કે આપણા કપાળ પર જ આપણાને ઓળખવાનું ચિહ્નન હશે, આપણે તારનાર ખ્રિસ્તનાં છીએ તે, તે ચિહ્નન જ કહી આપશે.

"અને તેઓ તેનું મુખ જોશે" એ વાકય તો સ્પષ્ટ ખાતરી આપે છે કે આપણે દેવપિતાને નજરોનજર જોઈશું ! અને ખ્રિસ્ત ઈસુની સાથે પવિત્ર

સંગત માણીશું. અને આ તો આપણો સ્વર્ગમાંનો આનંદભર્યો અનુભવ હશે!

કેટલાંક વર્ષો ઉપર ઇંગ્લેન્ડમાં એક નવાઈ પમાડે તેવું લગ્ન થયું. જે ભાઈનું લગ્ન થવાનું હતું તે ઉચ્ચ કક્ષાનું શિક્ષણ પામેલ અને સારી સ્થિતિવાળા હતા; પરંતુ તે અંધ હતા. તે જ્યારે દશ વર્ષના હતા ત્યારે એક અકસ્માતમાં સપડાયા અને અંધ બન્યા. જો કે તે આ રીતે અંધ હતા છતાં એક બહુ જ સુંદર કન્યા તેમની સાથે લગ્ન કરવા તૈયાર થઈ.

લગ્નને માટે જ્યારે દિવસ નક્કી થયો ત્યારે તે એક પ્રખ્યાત આંખના ડૉકટર પાસે ગયા અને પૂછયું, ડૉકટર સાહેબ, શું હું કદીપણ જોઈ નહિ શકું?'' ડૉકટરે કહ્યું, ''હું ઝીણવટથી તપાસ કરી જોઉં અને મારાથી જે બનશે તે બધું હું તમારે માટે કરીશ.''

બધી તપાસ કર્યા બાદ ડૉકટરે કહ્યું, ''મને લાગે છે કે એક શસ્ત્રક્રિયા બાદ કદાચ તમને ફરીથી દષ્ટિ પ્રાપ્ત થાય, જો કે એકદમ ચોક્કસપણે કહી શકું નહિ.'' યુવાન પ્રભુ ઈસુ પર પ્રેમ કરતો હતો. તેણે પણ કહ્યું કે, ''મહેરબાની ડૉકટર સાહેબ, હું પણ પ્રાર્થના કરીશ અને જેની સાથે મારું લગ્ન થવાનું છે તેને પણ કહીશ કે તે પણ પ્રાર્થના કરે, કારણ કે તે પણ પ્રભુ ઈસુ પર પ્રેમ કરે છે.''

ડૉકટર સાહેબે ઓપરેશનનો દિવસ નક્કી કર્યો. યુવાનની આંખનું ઓપરેશન થઈ ગયું. આંખેથી પાટો છૂટે ત્યારે ખબર પડે કે શું પરિણામ છે, તે દરમિયાન બધાં પ્રાર્થના કરતાં હતાં.

બરોબર લગ્નને દિવસે લગ્નને માટે યુવાનને જે ભાઈ દેવળમાં દોરી ગયા તે તો સર્જન સાહેબ હતા, તેમણે જ બેસ્ટ મેન તરીકેનો ભાગ ભજવવાનો હતો, કન્યાને પણ તેના પિતા યુવાનની બાજુની ખુરશી સુધી દોરી ગયા. બધી લગ્નવિધિ શરુ થાય તે પહેલાં પાળક સાહેબે પ્રાર્થના કરાવી. તે પછી અગાઉથી નક્કી કર્યા પ્રમાણે સર્જન સાહેબે યુવાનની આંખો પરથી પાટો

કાઢી નાખ્યો. યુવાનની ભારે અજાયબી વચ્ચે તેણે સર્વ પ્રથમ કન્યાને જ જોઈ, સુંદર કન્યા ! તેણે કલ્પના પણ કરી નહોતી કે તે આટલી સુંદર હશે ! યુવાન જોરથી પોકારી ઊઠયો. છેવટે ! છેવટે ! બધું સફળ થયું.

યુવાને અને કન્યાએ ઘૂંટણ ટેકવીને પ્રભુપિતાની સ્તુતિ કરી અને આભાર માન્યો.

લગ્નનો આનંદ બેવડાઈ ગયો. આ તો દુનિયા પરની એક વ્યક્તિને જોઈને યુવાન આનંદ પામ્યો પરંતુ આપણી દૈહિક આંખો બંધ થશે ત્યારે આપણી આત્મિક આંખોથી આપણે સ્વર્ગીયબાપને જોઈશું તે કેટલું આશીર્વાદિત હશે.

આપણે સ્વર્ગની સાથે એવી આત્મિયતા (એકતા) કેળવીએ કે તેના વિચાર જ આપણને હર્ષથી ભરપૂર કરી દે.

પ્રભુપિતા આ માટે સર્વને કૃપા આપો અને નૂતનવર્ષ આશીર્વાદિત બનાવો. આમેન.



# ૨ પિતાનો પ્રેમી હાથ

આપણા સ્વર્ગીય પિતા આપણી કેટલી બધી ચિંતા રાખે છે ? આપણી કોઇપણ મુશ્કેલ પરિસ્થિતિમાં આપણે તેમની જ મદદ માગીએ છીએ. આપણાં કાર્યો માટે પણ તેમની જ સહાયતા આપણને પ્રાપ્ત થાય છે. ગમે તેવી મુશ્કેલ બાબત આપણા સ્વર્ગીય પિતા તરફથી મળેલી ડહાપણભરી સલાહથીજ આપણે તે સરળ બનાવી શકીએ છીએ. તેમણે આપણને વચન આપ્યું છે કે, "તારો ઉદ્ધાર કરનાર યહોવા, ઇસ્રાએલનો પવિત્ર દેવ એવું કહે છે કે હું યહોવા તારો દેવ છું. ને તારા લાભને અર્થે હું તને શીખવું છું; જે માર્ગે તારે જવું જોઇએ તે પર તારો ચલાવનાર હું છું." યશાયા ૪૮ : ૧૭. વળી તે આપણને દિલાસો આપતાં કહે છે કે, "તું બીશ મા, કેમ કે હું તારી સાથે છું; આમતેમ જોઇશ મા, કેમ કે હું તારો દેવ છું; મેં તને બળવાન કર્યો છે; વળી મેં તને સહાય કરી છે; વળી મેં મારા પોતાના ન્યાયના જમણા હાથથી તને પકડી રાખ્યો છે." યશાયા ૪૧ : ૧૦ આપણા દરેક પગલે આપણને દયાળુ ત્રાતાની ખાતરી મળતી જ રહે છે.

એક વખતે એક કુટુંબ મોટરકારમાં મુસાફરી કરી રહ્યું હતું. જયારે પહાડી વિસ્તારમાં થઇને પસાર થવાનું હતું ત્યારે સર્વત્ર અંધકાર છવાઈ ગયો હતો કારણ કે રાત્રી શરુ થઈ ગઇ હતી. માર્ગ બહુ જ અજાણ્યો હતો અને મોટરકારની લાઇટ સિવાય કોઇ પણ જાતનો પ્રકાશ નહોતો. સૌથી નાની દીકરી બહુ જ ભયભીત હતી અને કાચની બારીમાંથી અંધકાર તરફ જોઇ રહી હતી. તે વખતે તેના ખભા ઉપર કોઇનો ધીમો હાથ મૂકાતો તેને લાગ્યો પણ બીકને લીધે તેણે પાછળ જોવાની હિંમત કરી નહિ, પરંતુ જેમ હતી તે જ સ્થિતિમાં રહીને તેણે પૂછયું, "પપ્પા, એ તમારો હાથ છે ? તેને જવાબ મળ્યો, "હા, બેટા". તેના પિતાના પ્રેમી સ્પર્શની ખાતરી થતાં તે નાની બાળા સ્વસ્થ થઇને ઊંઘી ગઇ. જો આ પૃથ્વી પરના પિતામાં આટલો બધો વિશ્વાસ હોય તો સ્વર્ગીય પિતા તેના કરતાં પણ વિશેષ સારી રીતે સંભાળ લઇ શકે છે તે કેટલું બધું ખાતરીપૂર્વક છે !

# ૩ વફાદારી

આશા અને પ્રાર્થના છે કે તમે રોજ રોજ પ્રભુ ઈસુની કૃપામાં આગળ વધતાં હશો, તેમને મનગમતું જીવન જીવતાં હશો, વફાદારીપૂર્વક તમારી ફરજો બજાવતાં હશો.

તમને વિચાર આવશે કે વફાદારીપૂર્વકની ફરજો એટલે શું ? જુઓ તમારી ફરજ છે કે માતપિતાની આધીનતામાં રહેવું. તમારો અભ્યાસ, ઘરમાં કે બહાર, તમને સોંપાયેલું યોગ્ય કાર્ય, પ્રભુ પિતાને માટે તમે કરો છો તેમ સમજીને કરવું, રોજબરોજનાં તમારા જીવનમાં તમારાં ભાઈબહેનો પ્રત્યે, મિત્રો પ્રત્યે, શિક્ષકો પ્રત્યે અને સર્વ પ્રત્યે પ્રભુ ઈસુનાં બાળકોને શોભે તેવું વર્તન બતાવવું, શાસ્ત્રવાચન અને પ્રાર્થનામાં નિયમિત રહેવું, ગમે ત્યાં ભટકવું કે ગમે તેવાં ખરાબ સ્થળોએ જવું નહિ પણ બધાં તમારી પ્રશંસા કરે તેવી રીતે તમારે વર્તવું ખૂબ જરૂરી છે. એ તમારી વફાદારીપૂર્વકની ફરજો. આજે તમને મદદરૂપ થઈ પડે એવી એક સુંદર વાર્તા તમારે માટે છે.

એક સુખી કુટુંબમાં માતા, પિતા અને તેમની એક વર્ષની દીકરી સીમા હતી. માતા અને પિતા બન્ને નોકરી કરતાં હતાં તેથી સીમાને સંભાળવા માટે એક ૧૧ વર્ષની છોકરી બીનાને તેમણે રાખી હતી. આ બીનાનાં માતાપિતા મૃત્યુ પામ્યાં હતાં તેથી તેનાં કોઈ દૂરનાં સગાંએ તેને આ કુટુંબ માટે મોકલી આપી હતી. સીમાના મમ્મી સુહાબહેન બીનાને પોતાને ઘેર જ રાખતાં હતાં. બીના પણ સારી રીતે કુટુંબમાં ગોઠવાઈ ગઈ હતી. ઘરનું કામકાજ સારી અને સંતોષકારક રીતે કરતી હતી, સીમાને પ્રેમપૂર્વક સંભાળતી હતી અને આનંદથી રહેતી હતી. ધાર્મિક કુટુંબ સાથે રહેતી હોવાને લીધે પ્રભુ ઈસુ પર વિશ્વાસ ધરાવતી હતી. અને પ્રભુ ઈસુ તેની મદદ કરી શકે છે તેવું માનતી હતી.

ચાર વર્ષ સારી રીતે પસાર થઈ ગયાં. સીમા પાંચ વર્ષની થઈ અને બીના પંદર વર્ષની થઈ. બીનાને તે બહેન કહીને જ બોલાવતી હતી અને

બીના પણ તેને પોતાની નાની બહેનની જેમ જ સાચવતી હતી, સમય હોય ત્યારે તેની સાથે રમતી હતી, તેને શાળાએ મૂકવા જતી હતી, અને તેને સન્ડેસ્કૂલમાં પણ લઈ જતી હતી અને તે પણ સન્ડેસ્કૂલમાં ભણતી હતી. એક રવિવારે સન્ડેસ્કૂલનાં શિક્ષિકા બહેને વર્ગમાં શીખવ્યું કે "યહોવા તારો દેવ પૃથ્વીની સર્વ દેશજાતિઓ કરતાં તને શ્રેષ્ઠ દેશજાતિ કરશે" પુનર્નિયમ ૨૮:૧, અને પ્રભુ ઈસુની આજ્ઞા પાળવાથી પ્રભુ ઈસુ આપણને શ્રેષ્ઠ દેશજાતિ બનાવે છે તેવું શીખવ્યું. બીનાએ પણ પ્રભુ ઈસુની આજ્ઞાઓ વફાદારીપૂર્વક પાળવાનું નક્કી કર્યું.

પણ પ્રભુ ઈસુની કૃપામાં વૃદ્ધિ પામતું બીનાનું જીવન શેતાનને ગમ્યું નહિ.

એક દિવસ સુહાબહેને બીનાને ખૂબ જ ઠપકો આપતાં કહ્યું કે, બીના, આજે કેટલા બધા દિવસથી હું ધ્યાન આપતી આવી છું. એ કે ઘરમાંથી સારી સારી ચીજો અદૃશ્ય થાય છે. તારા સિવાય આવી ચીજો કોણ લે ? તું તો તદ્દન અપ્રમાણિક બની જતી લાગે છે, તને હું કેટલી બધી સારી રીતે રાખું છું તેનો બદલો તું મને ખોટો આપે છે. હવે હું તને મારા ઘરમાં એક ક્ષણ પણ રાખવા માગતી નથી. આવી અવિશ્વાસુ કામ કરનાર મારે જોઈએ નહિ.

બીનાએ ધાર્યું પણ નહોતું કે રોજ કોઈ ને કોઈ ચીજ ગૂમ થતી હતી તે માટે સુહાબહેન બીનાને જ અપરાધી ઠરાવી રહ્યાં હશે ! બધું સાંભળતાં બીના તો ચોધાર આંસુએ રડવા લાગી અને પોતે આ બાબતમાં તદ્દન નિર્દોષ છે તેવું જણાવવા લાગી.

સુહાબહેને કહ્યું કે, "તારો એક પણ શબ્દ હું સાંભળવા માગતી નથી એકદમ ચાલી જા અહીંથી, અને હવે પછી કદી પણ અહીં આવીશ નહિ." સીમા તો એકદમ અવાક્ બનીને આ બધું સાંભળી રહી હતી ! બીનાને રડતી જોઈ સીમા પણ ખૂબ રડવા લાગી અને મમ્મીને વિનંતી કરવા લાગી કે, "મમ્મી, બીનાને ના કાઢી મૂકો, તે ચોર નથી. તે કદી પણ ચોરી કરતી નથી. તે રહેશે તો મને સ્કૂલે મૂકવા કોણ આવશે ? કોણ મને સન્ડેસ્કૂલમાં લઈ

જશે?" આમ સીમા અને બીના બન્ને ખૂબ રડવા લાગ્યાં.

સુહાબહેને સીમાને કહ્યું કે, "હવે તું મોટી છે તારે જાતે સ્કૂલમાં અને સન્ડેસ્કૂલમાં જતાં શીખવું જોઇએ. હવે જરા પણ રડીશ તો તને શિક્ષા કરીશ."

બીનાને કહ્યું કે તારું જે કંઇ છે તે લઇને જલદી આ ઘરમાંથી નીકળી જા. તારા જેવી અપ્રમાણિક અને નગુણી છોકરી મેં કયાંય જોઇ નથી. મેં તારા પર વિશ્વાસ મૂકયો તેનું આ ફળ તું મને આપીશ તેવો ખ્યાલ સરખો પણ મેં કર્યો નહોતો." બીના કંઇ જ બોલી નહિ. ચૂપચાપ પોતાની થેલી લઇને ચાલતી થઇ, એક પ્રેમાળ નજર સુહાબહેને સીમા સામે નાખી અને સદાની વિદાય લીધી.

બીનાને ન તો ઘર હતું કે ન તો કોઇ સગું વહાલું હતું. જે સગાંએ આ ઘરે તેની વ્યવસ્થા કરી હતી તે કયાં રહેતા હતા તે પણ તે જાણતી નહોતી. ખરેખર ! આજે બીના જેટલું કોઇ દુઃખી નહિ હોય ! એકલી અટૂલી ચોધાર આંસુએ રડતી તે આગળ વધી રહી હતી. અવાર નવાર પાછું ફરીને જોતી હતી કે કદાચ સુહાબહેનને દયા આવે અને તેને પાછી બોલાવે.

અચાનક સન્ડેસ્કૂલમાં શીખેલું વાકય તેને યાદ આવ્યું. "યહોવા તારો દેવ પૃથ્વીની સર્વ દેશજાતિઓ કરતાં તને શ્રેષ્ઠ દેશજાતિ કરશે."

તેણે પ્રાર્થના કરી "હે પ્રભુ ઇસુ, તમે બધું જાણો છો, મારો વિશ્વાસ છે કે તમે મને શ્રેષ્ઠ જાહેર કરશો. આમેન". બાળકો, આવતે મહિને તમે પૂરી વાત જાણી શકશો કે બીનાનું શું થયું. તમે વિચારી રાખજો અને તમારા વિચાર પ્રમાણે વાર્તાનો અંત આવે છે કે નહિ તે જોજો. ત્યાં સુધી આન્ટી રજા લે છે. ઇશ્વરપિતા તમારી સાથે હો.

ત્યારે હવે આ વાર્તામાં આગળ ઉપર બીનાનું શું થયું તે વાંચો.

બિચારી બીના અને નાની સીમા એકબીજાથી છૂટાં પડવાં માગતાં નહોતાં પરંતુ સુહાબહેનના ગુસ્સા સામે હવે બીના ત્યાં વધારે રોકાવા ઇચ્છતી નહોતી. તેને ઘણું મનમાં થતું હતું કે કદાચ સુહાબહેન દયા કરીને તેને પાછી

બોલાવી લેશે. સવારના પહોરમાં હજી તો બીનાએ ચા પણ પીધી નહોતી અને રડતી કકળતી આગળ ચાલતી હતી અને આશાભર્યા હૃદયે પાછું વળીને સુહાબહેનના ઘર તરફ નજર પણ કરી લેતી હતી.

થોડે દૂર એક બહેન રહેતાં હતાં તેમણે બીનાને તેનાં કપડાંની થેલી સાથે રડતાં રડતાં જતી જોઇ અને તેમણે પૂછયું, “કેમ બીના, અત્યારમાં કયાં ચાલી ?” બીના તેમને જોઇને ખૂબ રડી, પછી શાંત પડતાં તેણે બધી વાત કરી. બહેને તેને કહ્યું, “ચાલ હું તને સુહાબહેન પાસે પાછી લઇ જઉં, મારું તો તે સાંભળશે.” પણ બીનાએ કહ્યું કે, “ના, તે કોઇ પણ હિસાબે મને રાખવા માગતાં જ નથી. હું નિર્દોષ છું તે તેમને સ્વીકારવું જ નથી,” આથી તે બહેને બીનાને કહ્યું, “બીના, તું પ્રભુ ઇસુ પર વિશ્વાસ કરે છે ?” બીનાએ કહ્યું, “હા બહેન, ગયે રવિવારે જ એક બહેને સન્ડેસ્કૂલમાં મારા માથા પર હાથ મૂકી અને પ્રાર્થના કર્યા પછી મને કહ્યું હતું કે, પ્રભુ ઇસુ જરૂર તને શ્રેષ્ઠ પાત્ર બનાવશે. પણ જુઓને, આજે મારી સ્થિતિ થઇ છે. શું પ્રભુ ઇસુ આજે મારી મદદ કરી શકે છે ?” બહેને તેને કહ્યું, “બીના, એવું ના બોલ, જો બાઇબલમાં શું લખેલું છે તે સાંભળ.”

“દેવ માણસ નથી કે તે જુઠું બોલે; તે માણસનો પુત્ર નથી કે તે પોતાનો વિચાર બદલે. શું પોતાનું કહેવું તે નહિ કરે? અથવા પોતાનું બોલવું તે પૂરું નહિ કરે ?” (ગણના ૨૩ : ૧૯).

“જયારે કોઇ માણસના માર્ગથી યહોવા રાજી થાય છે, ત્યારે તે તેના શત્રુઓને પણ તેની સાથે સલાહ સંપમાં રાખે છે.” (નીતિવચનો ૧૬ : ૭).

“બીના, આજથી તું પ્રભુપિતાને પસંદ પડે તેવું જીવન જીવવાનો પ્રયત્ન કર. અને તે જરૂર તને આશીર્વાદ આપશે. હા, બીના, પ્રભુપિતા જરૂર તને આશીર્વાદ આપશે. ચિંતા કરીશ નહિ. જો હાલ પૂરતું તારે સગવડતા અને કામ જોઇતાં હોય તો મારા કાકાને ઘેર કાકીની તબિયત સારી નથી. ત્યાં તું રહીને કામ કર અને તે દરમિયાનમાં હું તારે માટે બીજી કોઇ સારી વ્યવસ્થા કરીશ. કારણ કે મારા કાકીને કાયમ માટે આવી જરૂર નથી, પણ

ધ્યાનમાં રાખજે કે હંમેશા પ્રભુપિતાને આભારી રહેજે અને હંમેશા તેમની સ્તુતિ કરતી રહેજે, આમ કરીશ તો તે તને ઉચ્ચ કરશે." આવા દિલાસાભર્યા વચનોથી બીના પણ દિલાસો પામી અને તે બહેનના કાકાને ઘેર રહી.

રાત્રે સીમા પોતાની પથારીમાં ઘૂંટણ ટેકવીને પ્રાર્થના કરવા લાગી કે, "ઇસુ બાપ, તમે બીનાને સંભાળજો. તે સારી છોકરી છે તે તમે જાણો છો. તે ચોર નથી તે પણ તમે જ જાણતા હશો, વહાલા ઇસુ, તમે સાચો ચોર મમ્મીને ના બતાવી શકો ? તમારી નજર તો બધે જ હોય છે તેવું હું શીખી છું. (૨ કાળવૃતાંત ૧૬ : ૯) તમે મારી બીનાબહેનને ગમે તેમ કરીને પાછી લઇ આવો. આમેન".

સવારે નવ વાગે સુહાબહેને સીમાને હાંક મારી કે, "સીમા, જલદી કર, આ તારી સખીઓ આવી પહોંચી છે, શાળાનો ટાઇમ થઇ જશે તો બધાં જ મોડાં પડશો."

મીઠું ચુંબન કરીને સુહાબહેને સીમાને વિદાય કરી અને મનમાં બોલતાં રહ્યાં કે, "અરે, ઇશ્વર, મને હવે સારી નોકર કયારે અને કયાંથી મળશે ? સીમા પણ બીનાને યાદ કરતી ધીમા પગલે ચાલતી થઇ.

બીના પણ દરરોજ નવ વાગે બહાર રસ્તા પર સંતાઇને ઊભી રહેતી હતી અને સીમાને પ્રેમભરી નજરે જોઇ લેતી હતી. તેને પાછલા દિવસો બહુ જ યાદ આવતા હતા. કેવી હસાવતી અને રમાડતી તે સીમાને શાળાએ પહોંચાડતી હતી !

કેટલોયે સમય પસાર થઇ ગયો અને એક સાંજે બીના સીમાને શાળાએથી પાછા ફરતી જોવાને પોતાની ખાસ જગાએ ઊભી રહી હતી. તેની નજર ગટરના એક ઢાંકણા પર પડી અને ગટર ખુલ્લી હતી. બીના ખૂબ ચિંતામાં પડી. તેને વિચાર આવ્યો કે નાનાં નાનાં બાળકો આ રસ્તે શાળામાં જાય છે તેની લોકોને ખબર નહિ હોય ! એટલામાં જ સામેથી સીમા પોતાની

સખીઓ સાથે આવતી નજરે પડી. જેવી તે ઉઘાડી ગટર પાસે પહોંચી કે બીનાથી ચીસ પડાઇ ગઇ કારણ સીમા આ ખાડામાં પડી પણ બીના સમયસર આવીને કોઇ પણ જાતનો વિચાર કર્યા વગર અંદર પડી અને સીમાને ઊંચકી લીધી. સીમા કાદવથી ભરાઇ ગઇ હતી અને તેના પગમાંથી લોહી વહેતું હતું. બીનાએ તેને છાતી સરસી દબાવી દીધી અને તેને ઊંચકીને ઘેર પહોંચાડવા દોડી. સીમા તો ઘડીભર જોઇ જ રહી, તે બોલી, "બીનાબહેન, તમે છો?" એટલામાં ઘર આવ્યું. સુહાબહેને બીનાને જોઇ, સીમાને ઊંચકેલી જોઇ. "બીના તું છે? તેં શી રીતે સીમાને બચાવી?" બીના બોલી, "બહેન, હું બધી વાત પછી કરીશ પહેલાં સીમાને તમે વ્યવસ્થિત કરી દો. "તે દોડીને તેમના ડૉકટરને બોલાવી લાવી." સુહાબહેને પૂછ્યું. "ડૉકટર સીમાને કેમ છે?" ડૉકટરે કહ્યું, "આ એક ઇંજેકશનથી તેને બરોબર ઠીક થઇ જશે." હવે સીમાને ઘણું સારું લાગ્યું. તેને મનમાં બહુ આનંદ થયો કે તેને બીનાબહેન પાછી મળી હતી. એટલામાં બધી વિગત સુહાબહેનને કહ્યા બાદ બીનાએ કહ્યું, "બહેન, હવે અંધારું થવા આવ્યું છે અને મારા શેઠાણી મારી રાહ જોતાં હશે!"

એ જ વખતે સીમા બૂમ પાડી ઊઠી, "મમ્મી, મમ્મી, જુઓ, આપણો ટૉમી (કૂતરો) શું કરી રહ્યો છે? તેના મોંમા તમારો હાર છે! તે કયાં જતો હશે?" સુહાબહેને કહ્યું, હમણાં અવાજ ના કરીશ. આપણે જોઇએ કે તે કયાં જઇ રહ્યો છે. તેઓ ત્રણે ધીમા પગે ટૉમીની પાછળ ગયાં. ટૉમી તો હજી નાનું બચ્ચું હતું. સ્ટીલના કબાટની પાછળ એક જૂનું કાર્ડબોર્ડ હતું તેની વચ્ચે ટૉમીએ પેલો હાર નાખ્યો અને તેની સાથે રમવા લાગ્યો, સુહાબહેને કાર્ડબોર્ડ ખેંચી લીધું તો બધી ગૂમ થયેલી ચીજો નીકળી આવી અને તે બધી ચીજોનાં નાના નાના કકડા થઇ ગયા હતા.

સીમા આનંદથી પોકારી ઊઠી. "ચોર તો આ ટૉમી જ છે. જુઓ તેણે બધી ગૂમ થયેલી ચીજોની કેવી દશા કરી છે? અને મમ્મી, તમે નકામાં

બીનાબહેનને ચોર ગણતાં હતાં.'' સુહાબહેન પ્રથમ તો પોતે કરેલા અન્યાય બદલ શરમિંદા બની ગયાં. તેમણે બીનાને ખભે હાથ મૂકતાં કહ્યું, ''બીના, મને માફ કરજે, મને ખરેખર મારા વર્તન બદલ દુ:ખ થાય છે. આજથી તું આ ઘરમાંની જ એક સભ્ય તરીકે રહીશ. તને આખા ઘરનો હવાલો સોંપું છું. લે, આ ચાવી હવે તું જ રાખજે, તને મારી મોટી દીકરી માની લઉં છું.''

બીનાના મનમાં પેલા શબ્દો ફરી પડઘો પાડી રહ્યા. ''યહોવા તારો દેવ પૃથ્વીની સર્વ દેશજાતિઓ કરતાં તને શ્રેષ્ઠ દેશજાતિ કરશે.''

વહાલાં બાળકો, કેવી કપરી સ્થિતિમાં પણ બીના પ્રભુ ઈસુની આજ્ઞામાં રહી. પોતાને થયેલો અન્યાય ભૂલી જઈને સીમાને મુશ્કેલીમાં મદદ કરી અને છેવટે પ્રભુ ઈસુએ તેને શ્રેષ્ઠ કરાવી.

પ્રભુ ઈસુએ પોતાના શિષ્યોની સાથે વાત કરતાં તેમને કહ્યું કે, જો તમે મારી આજ્ઞાઓ પાળો તો તમે મારા મિત્રો છો.

જ્યારે તમે પ્રભુ ઈસુને પસંદ પડતું શું છે તે સમજવાનો પ્રયત્ન કરો છો ત્યારે તમે તેમના મિત્રો બનો છો અને તે જ તમારી વફાદારી છે.

આશા છે કે તમે જલદીથી પ્રભુ ઈસુનાં મિત્રો બનવા પ્રયત્ન કરશો પ્રભુપિતા તમારી સાથે રહો.



# ૪ ઈસ્ટર

ખ્રિસ્ત ઈસુમાં પ્યારાં બાળકો,

ઉત્થાન પામેલા સદા જીવંત તારનારના નામમાં ઈસ્ટરની પ્રેમી સલામ.

આ બાલવાડી તમારા હાથમાં આવશે ત્યારે કેટલાં બધાંએ ખોરાક અને વસ્ત્ર દ્વારા તેને મર્યાદિત બનાવી દીધું હશે ! પણ ઈસ્ટરનો શુભ દિન એક દિવસ પૂરતો મર્યાદિત છે જ નહિ તે જાણો છો ? જેણે પોતાના જીવનમાં જીવંત ખ્રિસ્તને કાયમ માટે સ્થાન આપ્યું છે તેને માટે દરરોજ ઈસ્ટરનો રમ્યદિન જ હોય છે. રોજરોજ જીવંત ખ્રિસ્ત તેના જીવનમાં અવનવી શોભા, અવનવું જ્ઞાન અને અવનવાં અનુભવો લઈને આવે છે. તેનું જીવન ભર્યું ભર્યું બનાવી દે છે. શું તમને આવો અનુભવ થયો છે ? તે કયારે બની શકે ? નીચેની વાર્તા તમને આ માટે પ્રેરણારૂપ બનશે.

સુવર્ણા તેનાં માતપિતાની એકની એક દીકરી હતી અને તેથી ખૂબ જ લાડકોડમાં ઊછરી હતી. તેને જે જોઈએ તે તરત હાજર કરવામાં આવતું હતું. તેના માતપિતા તેની ઈચ્છા વિરુદ્ધ કંઈ જ કરતાં નહિ. તેની માગણી યોગ્ય છે કે નહિ તે વિચાર્યા વગર તે માગણી પૂરી કરવામાં આવતી હતી. પરિણામ એ આવ્યું કે સુવર્ણા સમજણી થઈ ત્યારે તદ્દન આપખુદી વલણની, ઉદ્ધત્ત, હઠીલી અને અનાજ્ઞાંકિત બની ગઈ.

નાનપણમાં પ્યારી પ્યારી લાગતી સુંદર સુવર્ણા હવે તેના અયોગ્ય વર્તનથી બધાંની નજરમાં તિરસ્કારને પાત્ર બની રહી. તેનાં માતા અર્પણાબહેન અને પિતા સુબોધભાઈના ધ્યાન પર આ આવી ગયું. તેઓ મનોમન બહુ દુ:ખી રહેતાં હતાં પણ સુવર્ણાને કંઈ જ કહી શકતાં નહોતાં. હવે તો સુવર્ણા તેમને પણ જેમ આવે તેમ બોલતી હતી, ઘરમાં જેમ આવે તેમ વર્તતી હતી અને તેનાં માતાપિતાને બોજારૂપ બનતી જતી હતી. બહારનું

પણ કોઇ તેને સારી રીતે બોલાવતું નહોતું, તેમ જ બીજાં બાળકો પણ તેને પોતાની સાથે રમાડતાં નહોતાં.

જો કે તેનાં માતાપિતા પ્રભુપિતા પર પ્રેમ કરનારાં અને પ્રમાણિક જીવન જીવનારાં હતાં, અને તેઓ સુવર્ણા માટે પ્રાર્થના પણ કરતાં હતાં. સુવર્ણાને પોતાની પાસે પ્રાર્થના કરવા બેસાડે તો તે તેમની મશ્કરી કરે અને બધું હસવામાં કાઢી નાખે. પ્રભુ ઇસુ પર પ્રેમ કરનારાં માતાપિતા સુવર્ણા પ્રત્યેના અથાગ પ્રેમને લીધે સુવર્ણાને પ્રભુ ઇસુની પાસે લાવી શકયાં નહિ.

એક દિવસ શાળામાંથી ટપાલ આવી. તેમાં લખ્યું હતું કે, શાળામાં સુવર્ણાનું વર્તન દિનપ્રતિદિન બગડતું જાય છે. અભ્યાસમાં પણ ખૂબ પાછળ છે અને બીજાં બાળકોને તેના વર્તનનો ખોટો દાખલો બેસવા સંભવ છે. જો આ પ્રમાણે ચાલુ રહેશે તો ના છૂટકે તેને શાળામાંથી બરતરફ કરવામાં આવશે.

ધ્રૂજતા હાથે અર્પણાબહેને પત્ર વાંચ્યો. તમનું હૃદય ખરેખર ભાંગી પડયું. કઇ માતાને પોતાનાં વહાલાં બાળક માટે આવું બધું જાણવું ગમે ? તેમની આંખોમાંથી દડ દડ આંસુ વહી રહ્યાં. તે એટલાં બધાં બેચેન બની ગયાં કે પોતે જયાં હતાં ત્યાં જ બેસી પડયાં.

બધો ભૂતકાળ તેમની નજર સામે ખડો થઇ ગયો. જયારે સુવર્ણાનો જન્મ થયો ત્યારે બધાં આવીને કેટલી સુંદર શુભેચ્છાઓ પાઠવી ગયાં હતાં. તેના દાદા-દાદીમા પણ બહુ જ ખુશ થયાં હતાં કારણ કે, તેમને પોતાને દીકરી જ નહોતી. તે પછી ઉપકારસ્તુતિની સભા રાખી ત્યારે પાળક સાહેબે પણ કેટલી સુંદર પ્રાર્થના કરાવી હતી ! આજે સુવર્ણા ૧૩ વર્ષની થઇ હતી પરંતુ ૧૩ વર્ષની બાળામાં જે જે સંસ્કારો સીંચાઇ જવા જોઇએ તેમાંનો એક પણ સંસ્કાર સુવર્ણામાં જણાતો નહિ. ઘરમાં બધુ જ સારું પ્રેમભર્યું વાતાવરણ હતું, કશાની ખોટ નહોતી છતાં સુવર્ણા કેમ આવી હશે !

બાળકો, તમે કારણ સમજી શકો છો ? સુવર્ણા ખ્રિસ્ત વિનાની હતી તેથી શેતાને તેનો કબજો લીધો હતો.

અર્પણાબહેનના દુઃખનો પાર નહોતો. પણ પ્રભુને તેમની કાળજી હતી. તે પ્રભુ પિતા આગળ ભારે હૃદયે નમી ગયાં. તેમના હૃદયનું સંપૂર્ણ દુઃખ તેમણે પ્રભુપિતા સમક્ષ ઠાલવી દીધું. કબૂલ પણ કરી દીધું કે, તેમણે અને સુબોધભાઈએ સુવર્ણાને ફક્ત લાડ કરાવ્યા છે પણ લાડ સાથે, યોગ્ય કેળવણી આપી નથી. અર્પણાબહેને ડૂસકાં ભરતાં પ્રાર્થનામાં કહ્યું, "વહાલા ઈસુ, આવતું અઠવાડિયું તો દુઃખસહનનું અઠવાડિયું છે. દર વખતે સુવર્ણા અમારી સાથે મિટિંગમાં આવતી નથી પણ આ વખતે તમે તેને એવું મન આપજો કે, તે અમારી સાથે આવે, અને તેને તમારા જીવંતપણાનો સાચો અનુભવ થાય. તેને શેતાનથી બચાવો આમેન.

અર્પણાબહેનની પ્રાર્થના પૂરી થઈ અને તેમના હૃદયમાં શાંતિ લાગી. એટલામાં સુવર્ણા બહારથી આવી. તેના હાથમાં એક છાપેલી પત્રિકા હતી. બાઈબલ સોસાયટી તરફથી પ્રગટ થયેલ પત્રિકામાં રંગીન ચિત્રો સાથે ગુડફ્રાઈડે અને ઈસ્ટર વિષેનો સુંદર સ્પષ્ટ સંદેશો હતો, કોઈ અન્યધર્મી પણ સહેલાઈથી સમજી શકે તેવી સરળ ભાષામાં લખાયેલો સંદેશો સુવર્ણા રસપૂર્વક વાંચવા લાગી. અર્પણાબહેનની નજર તેના પર પડી. તેમણે મનોમન પ્રાર્થના કરી કે પ્રભુપિતા સુવર્ણાના હૃદયમાં કામ કરે તો કેવું સારું ! તેમણે તેને વાંચવા જ દીધું. તેને બોલાવી નહિ. સુવર્ણા પણ ખૂબ ધ્યાનગ્રસ્ત બની વાંચવા લાગી. જેમ જેમ આગળ વાંચતી જાય તેમ તેમ તે બેચેની અનુભવતી જાય. આ પ્રકારની અસર પહેલી જ વાર તેના મન પર થઈ. અર્પણાબહેન બધું આડી નજરે જોયા કરતાં હતાં. થોડીવારમાં સુવર્ણાના હીબકાં સાંભળ્યાં. તે વહેલાં વહેલાં ગયાં. સુવર્ણા બબડતી હતી ! ઈસુ બાપ, આ બધું તમે મારે માટે સહન કર્યું ? અર્પણાબહેનને જોતાં જ તે તેમને વળગી પડી, ખૂબ રડી. તેમની માફી માગવા લાગી કે, મમ્મી, મેં તમને અને પપ્પાને તથા સર્વને બહુ જ હેરાન તેમ જ અપમાનિત કર્યા છે, મારું જીવન કેટલું ખરાબ છે ? હું શું કરું તો ઈસુ બાપ મને માફ કરે ? અર્પણાબહેને તેને વહાલથી બાથમાં લીધી તેનાં આંસું લૂછયાં અને પ્રભુ ઈસુએ તેને માટે શું શું કર્યું તે પ્રેમથી સમજાવ્યું અને તેને પાપથી બચાવવાને પ્રભુ ઈસુએ પોતાનું કિંમતી લોહી

વધસ્તંભ પર વહેવડાવ્યું અને શેતાનને હરાવી દીધો. હવે જો તું તેમના આ અમૂલ્ય બલિદાન પર વિશ્વાસ કરીશ અને પોતાનાં સર્વ પાપ કબૂલ કરીને તેમની પાસે માફી માગીશ તો તારો નાશ કદી પણ નહિ થાય. તારાં પાપ યાદ પણ કરવામાં નહિ આવે, તેમણે બાઇબલમાંથી યશાયા ૪૪ : ૪, ૨૨, ૨૩ કલમ, તેમ જ યોહાન ૩ : ૧૬ તથા ૧ યોહાન ૧ : ૭ તથા ૧ યોહાન ૧ : ૯ વાંચી સંભળાવ્યા. હવે પ્રભુના આત્માથી સુવર્ણા બધું સમજી શકી, ઘૂંટણે પડી અને માથું નમાવીને બે હાથ જોડીને પ્રાર્થના કરવા લાગી કે, હે પ્રભુ ઇસુ મારાં સર્વ પાપોની મને માફી આપો. તમે તે બધાં જાણો છો. મને માફ કરો અને તમે મારું હૃદય શુદ્ધ કરીને તેમાં રહેવા આવો. હવેથી તમે જ મારા તારનાર બની રહો અને પાપ અને શેતાનથી મને બચાવો. સઘળું સારું કરવા મારી મદદ કરો. તમારો આભાર માનું છું. આમેન. અર્પણાબહેને પણ ખૂબ ખૂબ આભાર માન્યો. સુવર્ણાને યોહાન ૧ : ૧૨ કલમ વંચાવીને સમજાવ્યું કે આજથી તું પ્રભુ ઇસુની દીકરી છે. હવે તેમની સાથે રહેવા માટે દરરોજ બાઇબલ વાંચજે અને પ્રાર્થના કરજે.

હવે સુવર્ણા શાંત અને સ્વસ્થ થઇ. જે પ્રભુ ઇસુ સુવર્ણાના જીવનમાં મરેલા હતા; તે હવે તેને સજીવન થયેલા જણાયા. તેને પ્રભુ ઇસુની હાજરીનો અનુભવ થવા લાગ્યો. આ પછી અર્પણાબહેને તેને ખૂબ હિંમત આપી. થોડા દિવસમાં ઇસ્ટરનો તહેવાર આવતો હતો. પણ સુવર્ણાને માટે તો આજનો જ દિવસ ઇસ્ટરનો બની ગયો. તેનું આખું જીવન પ્રભુ ઇસુએ પોતાના હાથમાં લીધું અને તેને બધી જ રીતે સારી અને વ્યવસ્થિત બનાવી. શાળામાં પણ તે હવે નવી જ સુવર્ણા હતી.

સુબોધભાઇ પણ આ બધું જાણીને પ્રભુપિતાની સ્તુતિ કર્યા વગર રહી શક્યા નહિ.

વહાલાં બાળકો, તમારા જીવનને પણ પ્રભુપિતા કોઇપણ રીતે ઢંઢોળે તો કઠણ હૃદયના બનશો નહિ. પણ પુનરુત્થાનના જીવંત પ્રભુ પાસે નમી જજો અને તે તમને નવા શુદ્ધ જીવનનાં ભાગીદાર બનાવશે.

# ૫ પ્રભુનાં વચનો

"હજારો સોનારૂપા કરતાં તારા મુખનો નિયમ મારે વાસ્તે વધારે મૂલ્યવાન છે." ગીતશાસ્ત્ર ૧૧૯ : ૭૨.

"તું બાળપણથી પવિત્રશાસ્ત્ર જાણે છે, તે પવિત્રશાસ્ત્ર ઇસુ ખ્રિસ્ત પરના વિશ્વાસ દ્વારા તારણને સારુ તને જ્ઞાન આપી શકે છે, તે પણ તું જાણે છે." ૨ તિમોથી ૩ : ૧૫

ભક્ત દાઉદ પ્રભુનાં વચનો પર કેટલો બધો પ્રેમ રાખતો હતો કે તેના મનથી તેની કિંમત હજારો સોનારૂપા કરતાં વધારે હતી. જ્યારે જ્યારે આ વાક્ય વાંચું છું ત્યારે ત્યારે મને દાઉદ રાજા પ્રત્યે બહુમાન થાય છે.

તમે સન્ડેસ્કૂલમાં દાઉદ વિષે શીખ્યા હશો. યિશાઇ નામના ભરવાડનો સૌથી નાનો પુત્ર જેને પરમેશ્વરે રાજા તરીકે પસંદ કર્યો હતો. તે નાનપણથી શરીરે મજબૂત, દેખાવડો, મળતાવડા સ્વભાવનો અને પ્રભુપિતા પર પ્રેમ અને વિશ્વાસ રાખનાર હતો. તે વીણા વગાડવામાં પારંગત હતો, શાઉલ રાજામાં અશુદ્ધ આત્મા આવતો હતો ત્યારે દાઉદને વીણા વગાડવા માટે બોલાવી લાવતા હતા અને વીણા સાંભળતાં જ શાઉલ રાજા સ્વસ્થ થઇ જતો હતો.

બળવાન અને હિંમતવાન દાઉદે પલિસ્તીઓના સરદાર રાક્ષસીકાય ગોલ્યાથને યહોવાના નામે ગોફણમાં પથ્થર વીંઝીને એક જ પથ્થરથી મારી નાખ્યો.

દાઉદનો જે મહાન શત્રુ હતો તે શાઉલ રાજા હતો કારણ કે શાઉલ રાજા જાણી ગયો હતો કે યહોવાએ દાઉદને રાજા તરીકે પસંદ કર્યો છે આથી તે દાઉદની પાછળ લશ્કર લઇને પડતો હતો; પણ દરેક વખતે દાઉદને

પરમેશ્વર પિતા સંભાળી લેતા હતા, કોઈ કોઈ વાર તો શાઉલને પણ દાઉદના હાથમાં સોંપતા હતા પણ દાઉદ તેના પ્રત્યે કોઈ પણ જાતનું વેર લેવાને બદલે તેને કંઈ જ ઈજા કર્યા વગર જવા દેતો હતો. જેમ જેમ દાઉદે વધારે અને વધારે સંકટોનો સામનો કર્યો તેમ તેમ નિયમશાસ્ત્રનાં વચનો તેને સારુ સમજવાને માટે ખૂબ જ મદદરૂપ બનતાં હતાં અને તે વચનો તેને દુ:ખના સમયમાં દિલાસો પણ આપતાં હતાં. પ્રભુપિતાનાં આ પવિત્ર વચનો ફક્ત દાઉદ માટે જ ઉપયોગી અને કિંમતી હતાં તેમ નથી. તે વચનો આજે પણ તેટલાં જ જીવંત છે, તે દુ:ખમાં દિલાસો આપે છે, મુશ્કેલ સમયોમાં દોરવણી આપે છે, પ્રભુના પ્રેમથી દૂર ગયેલાંને તેમના અજોડ અને અદ્‌ભુત પ્રેમનું ભાન કરાવે છે. ભયમાં હિંમત આપે છે, બીજાઓ સાથે યોગ્ય સંબંધો જાળવવામાં જરૂરી દોરવણી આપે છે અને સૌથી વધુ અગત્યની બાબત તો એ છે કે આ વચનો પ્રભુપિતાની વધારે નિકટની સંગતમાં રહેવા માટે આપણી સહાયતા કરે છે જેથી શેતાન અને શેતાની પરીક્ષણોથી આપણે દૂર રહી શકીએ.

નાનો તિમોથી બાળક હતો ત્યારથી તેનાં માતા અને વડીઆઈ તેને પ્રભુનાં વચનો સમજાવતાં હતાં શીખવતાં હતાં અને પરિણામે મોટો થતાં તેમાંથી પ્રભુનો એક સારો અને વિશ્વાસુ સેવક બન્યો. સંત પાઉલ તેને પોતાના દીકરા સમાન રાખતા હતા અને શીખવતા હતા. આ તિમોથીને તારણ પામવાનું જ્ઞાન પવિત્ર વચનો દ્વારા જ મળ્યું હતું

વાચક મિત્ર, શું પ્રભુનાં વચનોની કિંમત હજારો સોના-રૂપા કરતાં વધુ આંકો છો ? શું બાળપણથી તમે તેનો નિયમિત અભ્યયાસ કરો છો ? પ્રભુપિતા દરેકને આ વચનો પોતાના હૃદયમાં રાખવા કહે છે કે જેથી આપણી મંડળીઓ શાંતિ,પ્રેમ, સમાધાની, તથા પ્રભુની સંગતમાં આગળ વધતી જાય.

એક માણસના ધનવાન કાકીએ મૃત્યુ પામતાં પહેલા એક પેકેટ તેને

વિલમાં આપ્યું, તેમના મૃત્યુ બાદ મોટી આશાથી તેણે પેકેટ ખોલ્યું. તેમાંથી તેને સારી એવી રકમ મળશે તેવી તેને ખાતરી હતી, પણ પેકેટ ખૂલતાં જ તે નિરાશ થઇ ગયો. કારણ કે તેમાંથી એક ખૂબ જ સુંદર ચળકતી ચેઈનથી બંધ કરેલું સુશોભિત બાઇબલ નીકળ્યું. તેના કાકી જાણતાં હતાં કે તેને બાઇબલ વાંચવું જરાપણ ગમતું નહોતું, તેથી તેના જીવનમાં હંમેશાં નિરાશા, બેચેની અને મુશ્કેલીઓનો તેને પોતાની રીતે સામનો કરવો પડતો હતો. તેનાં કાકીને વિશ્વાસ હતો કે દેવનું વચન કદીપણ નિરર્થક નહિ જાય. બાઇબલને ખોલીને તેણે જોયું પણ નહિ પણ એક બાજુએ પટકીને મૂકી દીધું, એવા વિચારથી કોઈ બાઇબલ પ્રેમીને તે આપી દેશે.

વર્ષો વિત્યાં અને હવે આ માણસ વૃદ્ધાવસ્થાને આરે પહોચ્યો. વિશેષમાં તેની શારીરિક પરિસ્થિતિ દિન પ્રતિદિન કથળતી ચાલી; તેથી તેણે ફરજિયાત નિવૃત્તિ લેવી પડી. હવે તેણે પોતાનું ગુજરાન થોડા ઘણા પેન્શન પર ચલાવવું પડયું. તેનો દીકરો અને પુત્રવધૂ બહુ દૂર વસતાં હતાં પણ તેમને જ્યારે આ બાબતની જાણ થઇ ત્યારે તેમણે ખૂબ પ્રેમથી પિતાને ઘેર આવીને રહેવા માટે આમંત્રણ આપ્યું કારણ કે પુત્ર અને પુત્રવધૂ પ્રભુ પિતા પર સાચો પ્રેમ કરતાં હતાં. બહુ આગ્રહને વશ થઈ પિતાએ પુત્રને ઘેર જઈ રહેવા માટે બધું પેક કરવા માંડયું. આ વખતે પેલું બાઇબલ તેના હાથમાં ફરીથી આવ્યું. પોતાની પરિસ્થિતિથી આ માણસ એટલો બધો નાસીપાસ થયો હતો કે તેને બાઇબલમાંથી કંઈક દિલોસો મળશે તેવી આશા ઉત્પન્ન થઈ. તેણે સુંદર ચેઇન સરકાવી બાઇબલ ખોલ્યું તો આ વાકય તેની નજરે પડયું, “હજારો સોનારૂપા કરતાં તારા મુખનો નિયમ મારે વાસ્તે વધારે મૂલ્યવાન છે”. અને આ વાકયની નીચે લીટી દોરેલી હતી. વળી ત્યાં એક કવર પણ હતું અને તે ખોલ્યું તો તેમાં સો સોની દશ નોટો હતી, અને તે પ્રમાણે જુદી જુદી જાગાએથી ખૂબ જ દિલાસાજનક વચનો સાથે જુદી જુદી રકમો હતી. બધાં ગણતાં પચાસ હજાર રૂપિયા થયા. કેટલી કમનસીબી ! બધી કલમો પણ ધ્યાનપૂર્વક વાંચી અને તે દરમિયાન પરમેશ્વર પિતાએ તેનું હૃદય ખોલ્યું. આ કલમોની

અસર એટલી બધી થઈ કે તે એક હાથમાં નાણાં અને બીજા હાથમાં પવિત્ર બાઇબલ પકડીને પોકારી ઊઠયો કે, ખરેખર, પ્રભુ : હજારો સોનારૂપા કરતાં તમારા મુખનો નિયમ આજે મારે વાસ્તે વધારે મૂલ્યવાન ઠર્યો છે અને હવે પછી મારી જિંદગીના અંત સુધી તે જ મારા સાથી બની બહેશે. ખૂબ પસ્તાવિક હ્દયે તેણે ઘૂંટણે પડીને પોતાનું જીવન અર્પણ કર્યું.

પુત્રને ઘેર પહોંચતાં પોતાને પ્રાપ્ત થયેલ બન્ને મિલકત વિષે વાત કરી અને હવે પછીનું જીવન પોતે પ્રભુને માટે જ વાપરશે તેવો નિર્ણય જાહેર કર્યો. પ્રભુપ્રેમી બાળકોને ખૂબ આનંદ થયો અને પિતાના બદલાયેલા નવા જીવન માટે તેમણે સ્તુતિ કરી.

ખજાનો તેની પાસે જ હતો પણ જો પ્રભુનાં વચનોનું મૂલ્ય તેણે આંક્યું હોત તો બન્ને ખજાના તેને ક્યારનાય પ્રાપ્ત થઈ ગયા હોત અને તેનું જીવન પણ સુખી રહ્યું હોત.

ઈશ્વરપિતાએ તેની તંદુરસ્તી સુધારી દીધી અને તે સ્વસ્થ બનીને પ્રભુની સેવામાં જોડાઈ ગયો.

શું તમે પણ આ દૈવી ખજાનો માણી જોયો છે ? તમારા જીવનના કોઈ પણ પ્રશ્નનો ઉકેલ તમને તેમાંથી મળશે.

"કંચન કરતાં કિંમતવાળાં, રૂપા કરતાં શાં રઢિયાળાં;
મૂલવો, રે સૌ, આ આ મૂલવાળાં,
પ્રભુજી, પ્રભુજી, હોજો અમારાં. આપ્યાં અદ્ભુત વચનો તમારાં.

તારનાર ઈસુના નામમાં પ્રેમી કુશળતા. આ વખતે વેકેશન બહુ જલદી શરૂ થયું હશે. ઘણાં ઘણાં કપરા અને દુઃખદ સમયોમાંથી આપણે પસાર થવું પડયું, પરંતુ પરમેશ્વર પિતાએ આ સર્વ પ્રકારના સમયોમાં આપણી સહાયતા કરી, આપણને સંભાળી રાખ્યા, તેમનું પ્રેમભર્યું રક્ષણ બક્ષ્યું, તેમ જ તેમની

શાંતિ બક્ષી તે બદલ આપણે તેમનો હૃદયપૂર્વક આભાર માનીએ છીએ. આપણે પ્રભુપિતા પાસે સાચા દિલથી પ્રાર્થીએ કે, બધાંને સારું અને સમજણભર્યું વલણ આપે, જેથી ખૂબ ડહાપણપૂર્વક વર્તીને પોતાના પ્રશ્નોનો નિકાલ હોશિયારીપૂર્ણ શાંતિપૂર્વક લાવે અને ઘણાંને અણધારી આફતથી ઉગારે. જો વિશ્વાસથી પ્રાર્થના કરશો તો આખા ગુજરાતમાં સંપૂર્ણ શાંતિ સ્થપાશે. કારણ કે આપણે જેને પ્રાર્થના કરીએ છીએ તે તો પાપ પર વિજય પામેલા જીવંત ઈસુ છે, તે સાંભળશે જ.

ઘણીવાર માણસો પોતાને થતું થોડું ઘણું નુકસાન બચાવી લેવા માટે અણધાર્યો એવો માર્ગ લે છે કે જેનો લાભ બીજા લોકો દ્વારા ખોટી રીતે ઉઠાવાય છે અને કેટલાં બધાં કામધંધા વગરનાં બની જાય છે ! કેટલાં બધાં ગરીબો ભૂખે ટળવળે છે, કેટલી બધી રાજ્યની મિલકત નાશ પામે છે, કેટલી જાનહાનિ થાય છે, કેટલું અવિશ્વાસ અને ભયનું વાતાવરણ જામે છે; અને પરિણામે શું મળે છે ? કેટલાંય દુ:ખીઓની આહ ! નિસાસા ! અને દર્દભર્યા કરૂણ અવાજો.

પ્રભુ ઈસુ શાંતિ આપનાર છે. તેમણે કહ્યું છે કે મારી શાંતિ હું તમને આપું છું. જેવી શાંતિ જગત આપે તેવી આ શાંતિ નથી. આ શાંતિ તો સર્વ સમજણ શક્તિની બહાર છે. તો વહાલાં બાળકો, તમે જરૂરથી વિશ્વાસપૂર્વક આપણાં રાજ્યની શાંતિ માટે પ્રાર્થના કરજો. જ્યારે પ્રાર્થના કરવાની વાત કરું છું ત્યારે એક બહેનના સંબંધમાં બનેલો બનાવ મારા સ્મરણ પર આવી જાય છે. તમને જાણવાની ઈચ્છા થઈ ગઈ ને ? તો હું પણ તમને તે જણાવવા માગું જ છું.

ખ્રિસ્ત ઈસુ પર પ્રેમ કરનાર એક કુટુંબમાં માતા, પિતા અને ત્રણ બાળકો હતાં. અચાનક એક દિવસે આ કુટુંબ પર એક ભારે આફત આવી પડી. બહેનના પતિ હૃદયરોગના હુમલાનો ભોગ બની અચાનક મૃત્યુ પામ્યા.

કુટુંબ પર મુશ્કેલીની ઘેરી છાયા વળી ગઈ. બહેન તો બહુ ભણેલાં નહોતાં. બાળકો બહુ નાનાં હતાં. જેમ તેમ કરીને એક બે ખ્રિસ્તી કુટુંબોમાં તેમણે ઘરકામ શોધી કાઢ્યું. જે વેતન મળતું હતું તે બહુ જ થોડું હતું. પણ તેમને કામે રાખનાર બન્ને બહેનોનાં હ્રદયોમાં પ્રભુ પિતાએ આ બહેન પ્રત્યે સહાનુભૂતિ મૂકી. તેઓ તે બહેનને રોજ રોજ કંઈ કંઈ ખોરાક આપતાં રહેતાં અને પોતાનાં બાળકો સાથે આભારી અંતઃકરણથી તે બહેન પોતાનું ગુજરાન ચલાવતાં હતાં.

નાતાલના દિવસો પાસે આવતા હતા. બાળકો અવારનવાર તેમના પપ્પાને યાદ કરતાં હતાં, બધી નાતાલો કેટલા આનંદથી પસાર કરી હતી તે પણ યાદ કરતાં કરાવતાં હતાં. કોઈ વાર મમ્મીને પણ પૂછતાં હતાં કે મમ્મી, આ નાતાલ પર આપણે શું શું બનાવીશું ? મા બિચારી નિરૂત્તર રહેતી હતી, પણ એટલું તો જરૂર કહેતી હતી કે ઈસુ બાપ આપણી સાથે નાતાલ કરવા આવશે, તે બધું લાવશે. ગુણવંત બાલ્યો, મમ્મી, મારા મિત્ર કુમારને ત્યાં તો નાતાલ માટેની બહુ બધી ચીજો આવવા લાગી છે, તે મને કહેતો હતો કે, હું તને જરૂર નાતાલનો નાસ્તો આપીશ, એટલામાં તેનાથી નાની શીલા બોલી, અને મમ્મી મારી બહેનપણી મીના મને કહેતી હતી કે તેનાં મમ્મી તો મોટું બધું કેક બનાવવાના છે. તે પણ મને આપવાની છે. નાનો જયંત કૂદકો મારીને માને ગળે વળગી પડયો અને માના ગાલ પર પોતાના નાના નાના હાથ ફેરવતા કહેવા લાગ્યો. "મમ્મી તમે ઈસુબાપને કહોને કે તે વહેલા નાતાલ કરવા આવે અને ખૂબ બંધી ચીજો આપણે માટે લઈ આવે. તેમની પાસે તો કેટલું બધું છે. ખરું ને ! માની આંખોમાં ઝળઝળિયાં આવી ગયાં.

રાત્રે બાળકો ઊંઘી ગયાં ત્યારે આ બહેન પોતાની ઓરડીમાં આંસુ સાથે પોતાની મુશ્કેલી પ્રભુપિતાને જણાવવા લાગ્યાં અને વિનંતી કરી કે, હે પ્રભુ ઈસુ, તમે જ પ્રાર્થના કરવાનું શીખવ્યું છે કે "દિવસની અમારી રોટલી આજ અમને આપો." તે પ્રમાણે નાતાલના દિવસના ભોજન માટે હું વિનંતી

કરું છું, અને વિશ્વાસ રાખું છું કે મારાં બાળકોને તમે નિરાશ નહિ કરો. આમેન.

પ્રાર્થના કર્યા બાદ તેમણે કાગળના એક નાના ટુકડા પર કંઈક લખ્યું અને કાગળ પોતાની થેલીમાં મૂકયો અને ઊંઘી ગયાં.

સવારે ઊઠી, પોતાનું નિત્યક્રમ પરવારી બે ઘરનું કામ પતાવી આવ્યાં અને પેલી થેલી લઈને બજારમાં મોદીને ત્યાં ગયાં. આ સ્ટોરમાં શાકભાજીથી માંડીને બધી જ ચીજ વસ્તુઓ મળતી હતી. ઘી, તેલ, બધું જ. નાતાલનો આગલો દિવસ હોવાથી દુકાન પર બહુ જ ભીડ હતી તેથી તે બહેન થોડી વાર વિચારમગ્ન સ્થિતિમાં બહાર ઓટલા પર બેઠાં. જ્યારે બધાં ગયા ત્યારે બહેન અંદર ગયાં અને ગળગળા સાદે મોદીને કહ્યું, ભાઈ, નાતાલ પર મારાં બાળકો માટે ખોરાક, નાસ્તો વગેરે તૈયાર કરવા થોડી ચીજો લેવા આવી છું. હકીકતમાં આ ચીજોના બદલામાં આપવા માટે મારી પાસે એક નાની પ્રાર્થના સિવાય બીજાું કાંઈ જ નથી. દુકાનદાર એટલો દયાળુ નહોતો કે તેનું હૃદય પીગળે. જો એમ કરે તો તેની દુકાન પણ ચાલે નહિ ને? તેણે તે બહેનને એક કાગળ આપતાં કહ્યું કે, "તમે આની પર તમારી પ્રાર્થના લખો અને તેની ભારોભારની ચીજ વસ્તુઓ હું તમને જોખી આપીશ." બહેને કહ્યું, હું લખીનેજ લાવી છું એમ કહીને થેલીમાંથી રાત્રે લખેલી કાગળની કાપલી કાઢી અને ત્રાજવાના એક પલ્લામાં મૂકી. દુકાનદાર તો તેની સામેના પલ્લામાં એક પછી એક ચીજ મૂકતો જાય પણ પલ્લુ નમેજ નહીં.



# ૬ પ્રભુમંદિરનું આંગણું

"હજાર દિવસ કરતાં તારા આંગણામાંનો એક દિવસ શ્રેષ્ઠછે. દુષ્ટતાના તંબૂઓમાં રહેવું, તે કરતાં મારા દેવના મંદિરના દરવાન થવું તે મને વધારે પસંદ છે." ગીતશાસ્ત્ર ૮૪:૧૦

આ કેટલું સુંદર અને હૃદયસ્પર્શી વાકય છે ! પ્રભુનો ભક્ત પ્રભુમંદિરનું આંગણું પણ એટલા જ હૃદયના ઉમળકાથી ચાહે છે ! આજે પ્રભુમંદિરનો ઉપયોગ આટલા આદરથી કરવામાં આવતો હોય છે ? જે સ્થળને આપણે પવિત્ર સમજીએ છીએ, જે સ્થળમાં આપણે પ્રભુની મીઠી સંગત માણવા આપણાં ઘરબારમાંથી નીકળીને અમુક સમય માટે આવીએ છીએ એ હેતુથી કે પૂરા ભક્તિભાવથી તે સમય પ્રભુમય ગાળીને આશીર્વાદિત થઈએ. તે સ્થળનું ગૌરવ, તે સ્થળનો મહિમા, તે સ્થળનું નામ યોગ્ય રીતે જાળવવામાં શું આપણે પાછા પડયા નથી ? જે સમયે પ્રભુમંદિરનાં આવાં ગુણગાન ગાયાં તે સમયના મંદિરો અને આજના ઈસુ ખ્રિસ્તના લોહીથી ખરીદાયેલ મંડળીને માટેના પ્રભુમંદિરોમાં કેટલો તફાવત જણાય છે ! ખરેખર ! આ જયારે લખાય છે ત્યારે મનમાં એટલું બધું દુ:ખ થાય છે.

ઘણી વખત પ્રભુ ઈસુના વખતના સભાસ્થાનોના અધિકારીઓના સંબંધમાં ટીકાત્મક વલણો સાંભળવા અને વાંચવાના મળે છે ! નિર્દોષ શિષ્યોને આ અધિકારીઓએ કેટલા રંજાડયા તેનો હેવાલ ચાર સુવાર્તા અને પ્રેરિતોનાં કૃત્યોમાં આપણને જોવા મળે છે. પણ હાલમાં શું છે ? શું અપ્રેમ, ઈર્ષા, દોષારોપણ, તિરસ્કાર વગેરેથી આપણાં મંદિરો પર છે ? જરાપણ નહિ.

પણ વહાલાં બાળકો, પ્રભુ ઈસુને ઓળખીને તમે પૂરા પ્રેમથી તેમ જ પ્રભુ ઈસુ પ્રત્યેના પૂરા માનથી આ પ્યારા સ્થળ પ્રભુમંદિરમાં જજો. ત્યાં પૂરા

આદરથી બેસજો. કોઈપણ જાતના વેરભાવ મનમાં રાખશો નહિ. તમે પ્રભુમંદિરમાં જઈને બેસો ત્યારે તમારું કોઈએ અપમાન કર્યું હોય અથવા તમને કોઈએ અન્યાય કર્યો હોય તો બેસતી વખતે પ્રભુ ઈસુને હૃદયપૂર્વક કહેજો કે, પ્રભુ ઈસુ, મને દુઃખ પહોંચાડનારને હું તમારી સમક્ષ હૃદયથી માફ કરું છું જેથી આ પ્રભુમંદિરમાંથી હું આશીર્વાદિત બનીને ઘેર જઈ શકું. તરત પ્રભુ ઈસુ તમારા હૃદયમાંની હરેક દુષ્ટ ભાવના દૂર કરી દેશે, તે તેને નિર્મળ બનાવશે અને તમે સંપૂર્ણ શાંતિ, આનંદ પ્રાપ્ત કરી ઘેર જઈ શકશો.

ઉનાળાનો રવિવાર હતો. સવારથી જ સૂર્ય પોતાના પૂરા પ્રકાશે આખી સૃષ્ટિને અગ્નિસ્નાન કરાવી રહ્યો હતો. વાતાવરણમાં સુસ્તી જણાતી હતી તે વખતે નાનો બનુ બગાસાં ખાતો ખાતો પથારીમાં બેઠો થયો. અચાનક યાદ આવ્યું કે આજે રવિવાર છે, એટલે કૂદીને પથારીમાં ઊભો થઈ ગયો. સીધો બ્રશ કરવા બાથરૂમમાં પહોંચી ગયો.

બનુની માતા જેનીબહેનને બહુ આનંદ થયો. તે સમજી ગયાં કે પ્રભુમંદિરમાં જવા માટે જ બનુ ઉતાવળે તૈયારી કરી રહ્યો છે. તેમને જોતાં બનુએ 'ગુડમોર્નિંગ' કહ્યું અને માતાએ પણ બનુને વહાલભર્યું ચુંબન કર્યું. બનુ છ વર્ષનો હતો પરંતુ સન્ડે સ્કૂલનાં પ્રભુ પ્રેમી શિક્ષિકાબહેન જેસીબહેને પોતાના વર્ગનાં મોટા ભાગનાં બાળકોને પ્રભુ ઈસુ પ્રત્યે પ્રેમ કરતાં બનાવી દીધાં હતાં. બનુ હંમેશા તેના મમ્મીને કહેતો હતો કે, "મમ્મી, હું પ્રભુ ઈસુનો છું, પ્રભુ ઈસુ પણ મારા ઉપર તમે પ્રેમ કરો છો તેટલો જ પ્રેમ કરે છે. કદાચ વધારે પણ કરે છે." પ્રભુપ્રેમી માતાનું હૃદય આનંદથી ઊભરાઈ જતું હતું. બનુને દૂધ અને નાસ્તો આપ્યો. તે પછી તે નાહી ધોઈને જલદી તૈયાર થઈ ગયો, તેના પપ્પા પણ તૈયાર થઈ ગયા.

બનુએ મમ્મીને કહ્યું કે, મમ્મી, આજનું સન્ડેસ્કૂલનું વાકય મમ્મી અથવા પપ્પા પાસે બોલીને જવાનું છે તો તમે બન્ને અહીં છો તો હું વાકય

બોલું ? મમ્મીએ કહ્યું કે, "હા, દીકરા, જરૂર બોલ." વાક્ય નાનું હતું, "હજાર દિવસ કરતાં તારા આંગણામાંનો એક દિવસ શ્રેષ્ઠ છે." મમ્મી પપ્પાએ બનુને શાબાશી આપી. એટલામાં દરવાજે કોઇનો અવાજ સંભળાયો. બનુ દોડતો ગયો તો તેનો મિત્ર વિનુ હતો. વિનુએ કહ્યું, "ચાલ બનુ, આપણે પાસેના બગીચામાં રમવા જઈએ, ત્યાં બહુ જ ઠંડુ છે અને મઝા પડશે.

બનુને ખબર હતી કે તે જો ના પાડશે તો વિનુ એકદમ ગુસ્સે થઈ જશે, તોપણ બનુએ વિનુના ખભા પર હાથ મૂકીને કહ્યું, વિનુ, તું જાણતો નથી આજે રવિવાર છે ? પ્રભુ ઈસુની ઇચ્છા છે કે આપણે પ્રભુમંદિરમાં અને સન્ડેસ્કૂલમાં જઇએ. તું પણ ચાલને ? વિનુએ તો એકદમ બનુનો હાથ પોતાના ખભા પરથી ખસેડી દીધો અને ગુસ્સાથી જવાબ આપ્યો, "હવેથી કોઇ પણ વખત હું તને મારી સાથે રમવા બોલાવીશ નહિ. મારી નવી સાયકલ પણ તને વાપરવા નહિ દઉં. આજે તેં મારી સાથે રમવા આવવા માટે ના કહી છે પણ જોજે ને હું કોઇને પણ તારી સાથે રમવા દઇશ નહિ. પણ બનુ તો પ્રભુ ઈસુની આજ્ઞા પાળવા ઇચ્છતો હતો. તેણે વિનુને કહ્યું, "વિનુ તને ખુશ કરવા કરતાં પ્રભુ ઈસુની આજ્ઞા પાળવાનું હું વધારે પસંદ કરું છું." વિનુ ગુસ્સે થઇને ત્યાંથી જતો રહ્યો.

બનુ ઘરમાં ગયો ત્યારે તેના મમ્મીએ પૂછપરછ કરી. બનુએ જે જે વાતચીત થઇ હતી તે જણાવી. તેના મમ્મી અને પપ્પાએ તેને શાબાશી આપતાં કહ્યું કે, "બનુ, તેં બહુ જ સારો નિર્ણય લીધો. ઘણી વખત મિત્રો પણ શેતાનની યોજના લઇને આવતા હોય છે તે વખતે પ્રભુ ઈસુની મદદ માગીને સારો નિર્ણય કરવો જોઇએ. મિત્રોની અયોગ્ય બાબત સ્વીકારવાને બદલે પ્રભુ ઈસુની આજ્ઞા માનવી સારી છે. આજથી આપણે વિનુ માટે પણ ખાસ પ્રાર્થના કરીશું.

દાનિયેલ અને તેના મિત્રોએ પણ પરમેશ્વર પિતાને પસંદ પડે તે જ

કર્યું. દાનિયેલે તો હિંમતથી પોતાના નિયમ પ્રમાણે પ્રાર્થના કરી. તેને સિંહોના બીલમાં નાંખવામાં આવ્યો ત્યારે પ્રભુએ સિંહોના મોં બંધ કરી દીધાં. રાજા પણ આશ્ચર્યચકિત થઇ ગયો.

નિયમિત શાસ્ત્રવાચન અને પ્રાર્થના કરો. નિયમિત પ્રભુમંદિરમાં અને સન્ડેસ્કૂલમાં જાઓ. ત્યાં તમે જે કંઇ શીખો તે શિક્ષક મારફતે પ્રભુ ઇસુ શીખવી રહ્યા છે તેવી સમજ અને વિશ્વાસ રાખો; અને બધું શિક્ષણ જીવનમાં ઊતારવાની કાળજી રાખો. જો તમે પ્રભુ ઇસુ પ્રત્યે વિશ્વાસુ રહેશો, તેમના પર પ્રેમ કરશો તો તમે તેમના સઘળા આશીર્વાદો પ્રાપ્ત કરી શકશો, આ માટે પ્રભુ તમારી સહાયતા કરો, આમેન.



# ૭ તમારું અજવાળું

આ વખતે તો તમે લાં...બી રજા ભોગવી, ખરું ? ખાસ કરીને જ્યાં જ્યાં અશાંત વાતાવરણને લીધે કરફ્યુ લદાયો હોય તેવા વિસ્તારનાં બાળકોને તો કંઇ મઝા પડી નહીં હોય. મેં તમને મે માસના પત્રમાં શાંતિ થાય તે માટે પ્રાર્થના કરવા કહ્યું હતું અને તમારામાંથી મોટા ભાગના બાળકોએ પ્રાર્થના કરી પણ હશે. પ્રભુપિતા તમને તેનો આશીર્વાદ આપશે. તમે નાના હૃદયમાંથી એક સાચી, સુંદર પ્રાર્થના કરશો તોપણ ઘણાં મોટાંના હૃદયોને દિલાસો, શાંતિ પ્રાપ્ત કરાવવાને તમે સહાયભૂત થશો.

નાનાં બાળકો પ્રાર્થના ઉપરાંત બીજું શું કરી શકે ? પોતાનાં સારાં કામ અને વિચારોનો પ્રકાશ ફેલાવી શકે. માથ્થી ૫ : ૧૬ જણાવે છે કે, "તમે તમારું અજવાળું લોકોની આગળ એવું પ્રકાશવા દો કે તેઓ તમારી રૂડી કરણીઓ જોઇને આકાશમાંના તમારા બાપની સ્તુતિ કરે." તમે કહેશો કે, આપણામાંથી ક્યાં પ્રકાશ નીકળે છે ? હા, તમારામાંથી ટોર્ચના જેવો પ્રકાશ ફેંકાતો કોઇ જોઇ શકે નહિ. પરંતુ ખ્રિસ્ત ઇસુ ઇચ્છે છે તેવા ગુણો જો આપણામાં હોય તો આપણામાંથી ખ્રિસ્તનો પ્રકાશ બહાર દેખાય છે. આવા કયા ગુણો પ્રભુ ઇસુને ગમે છે ? તમે જાણો છો ? આ ગુણોને આત્માનાં ફળ પણ કહેવાય છે, અને તે ફળ આ પ્રમાણે છે. પ્રેમ, આનંદ, શાંતિ, સહનશીલતા, માયાળુપણું, ભલાઇ, વિશ્વાસપણું, નમ્રતા તથા સંયમ છે. જો તમારામાં પ્રેમ હશે તો તમે સહનશીલ, માયાળુ અને ભલાં બની શકશો. જો તમારામાં આનંદ હશે તો તમે જાતે શાંતિમાં રહી શકશો અને બીજાને શાંતિ પમાડી શકશો. જો તમારામાં નમ્રતા હશે તો તમે તમારા સ્વભાવ પર સંયમ રાખી શકશો. પ્રભુ ઇસુ કહે છે કે જો કોઇ તમારું અપમાન કરે તો તેને માટે પ્રાર્થના કરો. પણ હાલના સમયનાં પ્રભુમાં કેટલાં બધાં લોક એવાં છે કે જો કોઇએ તેમનું ખાનગીમાં અપમાન કર્યું હોય તો તે વ્યક્તિનું જાહેરમાં

સામું અપમાન ના કરે ત્યાં સુધી તેમને શાંતિ વળતી નથી. પ્રભુ પ્રત્યે જો તમે વિશ્વાસુપણું કેળવશો તો આ બધા ગુણ તમે તમારામાં અપનાવી શકશો. જો તમે એમ કહો કે તમે પ્રભુ ઇસુનાં છો પણ ઉપરના ગુણો તમારામાં જોવામાં આવે નહિ તો ખ્રિસ્તનો જે પ્રકાશ છે તે તમારામાંથી બહાર આવી શકે નહિ.

પહેલાંના જમાનાની એક લોકકથા એવી છે કે દીવાદાંડીમાં કામ કરનાર અને દૂરથી આવતી સ્ટીમરોને પ્રકાશ દ્વારા જોખમની ચેતવણી આપનાર એક માણસ એક સાંજે પોતાના ટેબલમાંથી એક મીણબત્તી લઈને દીવાદાંડીનાં છેક ઉપલા ઝરૂખે જઈ રહ્યો હતો. અચાનક મીણબત્તીએ પૂછ્યું, તમે મને કયાં લઈ જાઓ છો ? માણસે જવાબ આપ્યો કે દીવાદાંડીની છેક ટોચે. મીણબત્તીએ કહ્યું, "ત્યાં મને લઈ જઈને શું કરશો ?" માણસે કહ્યું કે "દૂરથી આવતાં વહાણો અને સ્ટીમરોને પ્રકાશ આપવા માટે તારો ઉપયોગ કરીશ. મીણબત્તીએ નિસાસો નાખતાં કહ્યું, "અરેરે ! હું તો નાની મીણબત્તી, એક નાના દોરા જેવી વાટથી કેટલો પ્રકાશ આપી શકીશ." માણસે કહ્યું, તારાથી બને તેટલો પ્રકાશ આપવાનું ચાલુ રાખજે. બાકીનું કામ હું સંભાળી લઈશ. ઉપર પહોંચીને તેણે મીણબત્તી સળગાવી અને તેની મદદથી મોટી મોટી વાટોવાળી મીણબત્તીઓ સળગાવી. આ બત્તીઓ ચારે તરફ કાચથી મઢેલી હતી, તેથી ખૂબ દૂર સુધી પ્રકાશ ફેંકી શકતી હતી. મીણબત્તી ફક્ત પ્રકાશ શરૂ કરી આપતી હતી છતાં તે કેટલું બધું મહાન કાર્ય કરી શકતી હતી ! તે જ પ્રમાણે તમે પણ ગમે તેટલા નાનાં અને નિર્બળ હો તોપણ પ્રભુપિતા પોતાનો પ્રકાશ ફેલાવવા માટે તમને વાપરી શકે છે. તે કેવી રીતે ? જો તમે પ્રભુપિતાની નિકટતામાં સતત રહો ત્યારે જ તમારાથી આ કામ બની શકશે.

એક મોટી કંપનીમાં બહુ જ હોશિયાર હિસાબનીશ હતા. તે એક વખત હળવાશની પળોમાં પોતે શી રીતે આ સ્થાન પ્રાપ્ત કરી શકયા હતા

તેની રસપ્રદ વાત કરી રહ્યા હતા. તે આ પ્રમાણે હતી. સૌ પ્રથમ તેમને કંપનીના ઓફિસબોય એટલે કે ઓફિસની સાફસૂફી, આંટાફેરા, વગેરે માટેનું કામ કરનાર તરીકે નીમવામાં આવ્યા હતા. આ કંપનીના પ્રેસિડેન્ટ એક દિવસ તેમની પાસે આવ્યા અને કહ્યું કે આવતી કાલથી દરરોજ તું મારી ઓફિસમાં આવજે અને મારી જ સાથે આખો દિવસ રહેજે, આ જુવાને જવાબ આપ્યો, "સાહેબ, હું ત્યાં આવીને તમારી સાથે રહીને શું કરી

શકીશ ? મને તો હિસાબ વગેરેનું કંઇ જ જ્ઞાન નથી." સાહેબે કહ્યું "કશો વાંધો નહિ, જો તું ફક્ત મારી સાથે જ રહીશ અને તારી આંખો અને કાન ખુલ્લા રાખીશ તો હું જે બધું તને શીખવવા માગું છું તે બધું તું જલદીથી શીખી જઇશ." આ પ્રખ્યાત અને અતિ જાણીતા હિસાબનીશે કહ્યું કે "એ દિવસ મારી જિંદગીનો અતિ મહત્વનો અને દિશાસૂચક દિવસ હતો" તે વિદ્વાન સાહેબની સાથે રહીને હું તેમના જ જેવો બન્યો. ને જે રીતે બધી કામગીરી કરતા હતા તે બધું હું પણ તે જ પ્રમાણે કરવા લાગ્યો, અને તેને જ પરિણામે આજે જે કંઇ હું છું તે છું."

આ જ પ્રમાણે પ્રભુ ઇસુની ખૂબ નિકટ સંગતમાં રહેવાથી તમે પણ તેમની જેમ જ જીવી શકશો અને વર્તી શકશો. જ્યારે પ્રભુ ઇસુ તમને પ્રકાશતા જોશે ત્યારે તે તમારા પ્રકાશનો ઉપયોગ કરશે. જેઓ પ્રભુ ઇસુ વગરનાં છે, અંધકારમાં છે તેમને પ્રભુ ઇસુના સાચા પ્રકાશ વિષે તમે કહી શકશો. પ્રભુ પિતા તમારી સહાયતા કરો. આમેન.

# ૮ પ્રેમાળ રક્ષક

"તું બીશ મા, કેમ કે, હું તારી સાથે છું, આમ તેમ જોઇશ મા, કેમકે, હું તારો દેવ છું." યશાયા (૪૧ : ૧૦.)

"ઓ વૈતરું કરનારાં તથા ભારથી લદાયેલાં તમે સઘળાં મારી પાસે આવો અને હું તમને વિસામો દઇશ. (માથ્થી ૧૧ : ૨૮)

ઇસ્રાએલ લોકો કનાનનો કબજો લે તે પહેલાં મૂસા મૃત્યુ પામ્યો, તેથી યહોવાએ નૂનના દીકરા યહોશુઆને કહ્યું કે, "યહોશુઆ, તું તથા સર્વ લોકો ઊઠો અને યર્દન ઊતરીને જાઓ. તારા આયુષ્યના સર્વ દિવસભર તારી આગળ કોઇ માણસ ટકી શકશે નહિ, જેમ મૂસાની સાથે હું રહ્યો હતો, તેમ તારી સાથે પણ હું રહીશ."

જ્યારે પ્રભુ કંઇ આજ્ઞા આપે છે ત્યારે તે આજ્ઞા માથે ચઢાવવી જોઇએ અને વિશ્વાસ રાખવો જોઇએ કે તે આજ્ઞાનું પાલન કરવા માટેની શક્તિ પ્રભુ જ આપશે. જોન વેસ્લીએ તેમના લખાણમાં ઉલ્લેખ કર્યો છે કે તેમના અને તેમના ભાઇના શરૂઆતના સેવાકાર્ય દરમિયાન તેમના ભાઇ ચાર્લ્સ ઘણીવાર કહેતા હતા કે, જો પ્રભુ મને પાંખો આપે તો હું જરૂરથી ઊડું, તેના જવાબમાં જોન વેસ્લી કહેતા હતા કે, જો પ્રભુ મને ઊડવાની આજ્ઞા કરે તો તેને માટે પ્રભુ મને પાંખો આપશે જ તેવો વિશ્વાસ હું રાખીશ.

યહોશુઆને જ્યારે પ્રભુએ મહાન જવાબદારી સોંપી ત્યારે તેને કેવો અનુભવ થયો હશે ! તે આ મહાન કાર્ય હાથ ધરતા પહેલાં તે ધ્રૂજી ઊઠયો હશે ! તેને મનમાં થયું હશે કે મૂસા જેવા મહાન નેતાની સરખામણીમાં પોતે શું કરી શકશે ? તેના પોતાના બળનું તો એ કાર્ય હતું જ નહિ. તે નાહિંમત

પણ થયો હશે. પણ તેની પાસે પ્રભુનું ખાતરીપૂર્વકનું વચન હતું કે, "શું મેં તને આજ્ઞા આપી નથી? બળવાન તથા હિંમતવાન થા, ભયભીત ન થા, ને ગભરાતો મા, કારણ કે જ્યાં કંઇ તું જાય છે, ત્યાં તારો દેવ યહોવા તારી સાથે છે." યહોશુઆ ૧ : ૯.

ઘણાં વર્ષો પૂર્વે જ્યારે ઘોડાગાડીઓ અને ઘોડેસવારીનો જમાનો હતો ત્યારે એક ગૃહસ્થ અને તેમનાં પત્ની પોતાની ઘોડાગાડીમાં એક ખૂબ જ સાંકડા અને ભયાનક રસ્તા ઉપર મુસાફરી કરી રહ્યાં હતાં. બહેન તો બહુ જ ભયભીત હતાં. અને મનની બેચેન સ્થિતિમાં તેમણે તેમના પતિના હાથમાંથી એક લગામ ખેંચી લીધી. તેમના પતિએ બને તેટલા શાંત અને સ્વસ્થ મને લગામનો બીજો પટ્ટો પણ પત્નીના હાથમાં મૂકી દીધો, બહેન એકદમ બૂમ પાડી ઊઠયાં, "ના, ના, મારે બન્ને લગામ જોઇતી નથી, હું એકલી આ ઘોડા સાથે કામ લઇ શકીશ નહિ." તેમના પતિએ કહ્યું, "ત્યારે તો તારે તારી પસંદગી કરવી પડશે. તું ચલાવ અથવા હું ચલાવું. આપણે બન્ને એકજ ઘોડો ચલાવી શકીએ નહિ." ભયભીત બહેને તરત જ પોતાના પતિને વાહનનો સંપૂર્ણ હવાલો સોંપી દીધો. ફરીથી એક વાર યોગ્ય હાથોમાં બધું આવી ગયું અને તેઓ શાંતિપૂર્વક મુસાફરીમાં આગળ વધી શકયાં.

જેઓ ખ્રિસ્તનાં બાળકો છે તેમના સંબંધમાં પણ આવું જ છે. તેઓએ સંપૂર્ણપણે પોતાની દરરોજની પ્રવૃત્તિઓમાં ખ્રિસ્તની આધીનતા સ્વીકારવાની જરૂર છે. ખરા વિશ્વાસીના જીવનમાં પોતાની સ્વતંત્ર ઇચ્છાને કોઇ જ સ્થાન હોવું જોઇએ નહિ. પોતાની ઇચ્છા પ્રમાણે ચાલતા વ્યક્તિ પૂરી નિષ્ફળતા અને દુઃખના ભોગ બને છે. થોડી પોતાની ઇચ્છા અને થોડી પ્રભુની ઇચ્છા પણ કામની નહિ કારણ કે તે પણ નિરાશા જ આપશે. દરેકે ખ્રિસ્તની આધીનતામાં સ્વીકારવું જોઇએ કે, "હવેથી હું નહિ પણ મારામાં ખ્રિસ્ત જીવે છે." ગલાતી ૨ : ૨૦.

તારણને માટે ખ્રિસ્ત પર ભરોસો રાખ્યા બાદ સંપૂર્ણપણે ખ્રિસ્તના પ્રભુત્વ, જ્ઞાન અને સામર્થ્ય સ્વીકારીને આપણે સર્વે સાથે ગાઈએ કે,

"પ્રભુ તુજ ઈચ્છા પ્રમાણે કર,
હું છું મટોડી તું છે કુંભાર,
તુજને ગમતું રૂપ ઘડજે મારું
ઉપયોગી પાત્ર કરજે તારું".

ખરેખર ! તમારા જીવનની લગામ પ્રેમાળ રક્ષકના હાથમાં મૂકી તેમને તમારા જીવનની સંપૂર્ણ જવાબદારી સોંપી દો. પ્રભુપિતા તેમ કરવા તમારી સહાયતા કરો. આમેન.



# ૯ જવાબદારી

ઘણાં બાળકોને અભ્યાસ કરવો ગમતો નથી. જીવનનાં કેટલાં બધાં વર્ષો રખડવામાં વેડફી નાખે છે અને પછી જિંદગીભર કારખાનાં, મીલોમાં મજૂરી ધંધો કરો છે. બીજું કંઇ કામ મળે તો પણ સારા મોભાનું તો નહીં જ ને ! આથી બાળકો, ખૂબ ધ્યાન રાખજો અને શાળામાં કાળજીપૂર્વક ધ્યાન આપી તમારું ભાવિ ઉજ્જ્વળ બનાવજો, તમને આનંદ થશે અને તમારાં માતાપિતા પણ કેટલાં શાંતિ-આનંદ અને સંતોષ અનુભવશે ! સમાજની સારી સુશિક્ષિત વ્યક્તિઓ સાથે તમે છૂટથી હળીભળી શકશો,બીજા માણસો પણ તમને માનની દૃષ્ટિથી જોશે અને સ્વીકારશે. પણ આ બધી સિદ્ધિ પ્રાપ્ત કરવા માટે પ્રભુ પિતાની મદદ લેજો. પ્રભુ ઇસુને તમારા જીવનમાં યોગ્ય સ્થાન આપશો, તેમને તમારા અંગત તારનાર તરીકે સ્વીકારી તમારા દોરનાર અને ચલાવનાર બનાવશો. તેમની સતત સંગતમાં રહેશો અને તે માટે બાઇબલ વાંચન અને પ્રાર્થના દરરોજ કરશો તો જ પ્રભુ ઇસુ પણ તમને સ્વર્ગના અનંતકાળિક જીવનના ભાગીદાર બનાવશે. તમારી સતત સહાયતા કરશે. તમારા ઉત્તમ ઘેટાંપાળક બનીને તમને યોગ્ય માર્ગે દોરશે અને ચલાવશે. અને તમારું સમગ્ર જીવન આશીર્વાદિત બનાવશે.

અવની અને સુશીલ સાચા ખ્રિસ્તી માતાપિતાનાં બાળકો હતાં. અવની મોટી બહેન હતી અને સુશીલ તેનો નાનો ભાઇ હતો. તદ્દન બાળપણથી તેમનાં માતા સુરેખાબહેન અને પિતા અનીશભાઇ આ બન્ને બાળકોને પ્રભુના માર્ગમાં ઉછેરવાની કાળજી રાખતાં હતાં પરિણામે પ્રભુ પર પ્રેમ કરનારાં સારાં બાળકો બન્યાં હતાં.

એક દિવસ બન્ને ભાઇબહેન શાળાના પર્યટન પર ગયાં. રસ્તામાં સ્કૂલ બસમાં બીજાં બાળકો ગમે તેવાં તોફાન, મસ્તી અને મશ્કરીઓ કરતાં હતાં ત્યારે અવની અને સુશીલ પોતાની સાથે લાવેલી પુસ્તિકાઓ વાંચતાં

હતાં. તેમના શિક્ષક મનુભાઇનું આ તરફ ધ્યાન ખેંચાયું. મનુભાઇએ સુશીલને કહ્યું, "તું શું વાંચે છે?" સુશીલે પુસ્તિકા બતાવી. તે તો યોહાનની સુવાર્તા હતી. મનુભાઇ ખ્રિસ્તી નહોતા પણ તેમને આ પુસ્તિકામાં બહુ જ રસ પડયો, તેમાં પણ યોહાન ૩ : ૧૬ જયારે તેમના વાંચવામાં આવ્યું ત્યારે તેમને ખાતરી થઇ કે પોતે પાપી છે અને ફક્ત ઇસુ જ અનંતજીવન આપવાને શક્તિમાન છે. પછીથી મનુભાઇ સુશીલના પપ્પાની પાસે અવારનવાર જવા લાગ્યા અને તેમની સાથે પ્રભુમંદિરમાં જતા હતા. એક દિવસે મનુભાઇએ પ્રભુ ઇસુને પોતાના તારનાર તરીકે સ્વીકાર્યા અને તેમના આખા કુટુંબે પણ પ્રભુ ઇસુનો સ્વીકાર કર્યો. આમ એક પર્યટન પણ એક સાચા ખ્રિસ્તી બાળકે કેટલું બધું આશીર્વાદિત બનાવ્યું.

એક દિવસ અવનીની સખી શીલા તેની પાસે એક નોટબુક લેવા આવી. આ તો સામાન્ય જ્ઞાનની નોટબુક હતી. શીલા પણ ખ્રિસ્તી માતાપિતાની દીકરી હતી પણ તે દુનિયાનાં પ્રલોભનોમાં એટલી બધી ઓતપ્રોત હતી કે તે પ્રભુમંદિરમાં કે સન્ડેસ્કૂલમાં જરા પણ રસ ધરાવતી નહોતી. અવનીએ શીલાને પોતાની નોટબુક આપી. ઘેર જઇને શીલાએ નોટબુક ઉઘાડી તો પ્રથમ પાનાં પર આ શબ્દો હતા, "કેમ કે સઘળા માણસો ખ્રિસ્ત ઇસુની વાત નહિ પણ પોતાની જ વાત શોધે છે." ફિલિપ્પી ૨ : ૨૧. શીલા થોડીવાર વિચારમાં ખોવાઇ ગઇ. તેને વિચાર આવ્યો કે શું સઘળાની સાથે હું પણ મારી પોતાની જ વાતો અને ઇચ્છાઓમાં રચીપચી રહું છું? અવની કેટલી સારી છે? અભ્યાસમાં પણ કેટલી બધી આગળ છે? શીલાએ તે જ વખતે મનમાં પ્રાર્થના કરી કે, "પ્રભુ ઇસુ, તમે મારી મદદ કરો." નોટબુકના છેલ્લે પાને ફરીથી આ વાક્યો તેણે વાંચ્યાં, "હે ઇસ્રાએલ, હું તને ભૂલી જનાર નથી. મેં તારા અપરાધ મેઘની પેઠે, તથા તારાં પાપ વાદળની પેઠે ભૂંસી નાખ્યાં છે; મારી તરફ પાછો ફર; કેમ કે મેં તારો ઉદ્ધાર કર્યો છે." યશાયા ૪૪ : ૨૧, ૨૨. આજે પહેલી જ વાર શીલા ઘરમાંથી બાઇબલ લઇ આવી અને આ બધી કલમો કાઢીને બરોબર રીતે વાંચવા લાગી. પ્રભુપિતાએ

શીલાના હૃદયમાં કામ કર્યું. ખૂબ પસ્તાવિક મનથી તેણે પોતાની ભૂલો કબૂલ કરી અને માફી માગી. હવે પ્રભુ ઇસુને તેણે પોતાના દોરનાર અને ચલાવનાર બનાવ્યા. શીલાને પોતાના જીવનમાં કંઇક જુદું જ લાગવા માંડયું. તે બાઇબલમાંથી પ્રભુનાં વચનો વાંચવા લાગી. મમ્મી પાસે જઇને તેણે તેમની પણ માફી માગી. કારણ કે તે ઘણીવાર અનાજ્ઞાંકિત ને હઠીલી બની જતી હતી. સામે જવાબો પણ બહુ જ ખરાબ રીતે આપતી હતી. મમ્મીએ શીલાના માથા પર હાથ મૂકયા અને તેને આશીર્વાદ આપ્યો.

હવે શીલાના નવા જીવનની શરૂઆત થઇ. જે અયોગ્ય મિત્રાચારીઓ તેને ખોટે માર્ગે વાળતી હતી તે સર્વ તેણે તજી દીધી. હવે અવની સાથે તે વધુ નિકટના સંબંધમાં આવી, બન્ને સાથે અભ્યાસ કરતાં હતાં, ચર્ચમાં પણ સાથે બેસતાં હતાં. જો કે જૂનાં મિત્રો શીલાની ઘણી મશ્કરી કરતાં હતાં પણ ઇસુ ખ્રિસ્ત શીલાને બધી બાબત પર જય પમાડતા હતા. હવે તે પણ અવનીની જેમ અભ્યાસમાં આગળ આવતી હતી.

વહાલાં બાળકો, જો તમે દુન્યવી પ્રલોભનો પ્રભુ ઇસુની મદદથી દૂર કરશો અને ખ્રિસ્તમય જીવન જીવશો તો તમને પણ પ્રભુ ઇસુ સારાં, જ્ઞાની અને વિવેકી બનાવશે. માણસો તથા દેવની નજરમાં તમે પ્રશંસા પામશો, પ્રભુપિતા તમને તેમનામાં રહેવા મદદ કરો, આમેન.



# ૧૦ મુક્તિ

"કેમ કે, જે કોઈ પ્રભુને નામે વિનંતી કરશે તે તારણ પામશે."
રોમન ૧૦ : ૧૩

મુક્તિ-આઝાદી-સ્વાતંત્ર્ય એક જ અર્થ ધરાવતા શબ્દો છે. અને તેનો અર્થ થાય છે-બંધન રહિત, છુટકારો. આ શબ્દ જ કેટલો બધો કર્ણપ્રિય છે ! પાંજરામાંના પક્ષી અને મુક્ત હવામાં ઊડતા પક્ષીના જીવંતપણામાં કેટલો બધો તફાવત જણાય છે ! પ્રાણીગૃહમાં અનેક પ્રાણી પક્ષી જોવા મળે છે પણ તેમને તેમના જ રૂમમાં કે ગુફામાં આમતેમ આંટાફેરા કરતાં, દીવાલોમાં અથડાતાં જોયાં છે ? તે શું બતાવે છે ? બંધનનો અસંતોષ.

કેદખાનામાં કેદીઓમાંથી થોડા જ કેદખાનાની હવા માણતા હોય છે, બાકીના તો મુક્તિ માટે ઝંખી રહ્યાં હોય છે. તેમાં પણ વગર વાંકે સતાવણી ખાતર કેદ કરાય ત્યારે તો તે કારાવાસ કેટલો આકરો લાગતો હશે ! તે સમયે ઘરની ખીચડીની યાદ પણ મીઠી લાગે છે. પાઉલે પણ આવા કારાવાસ ઘણીવાર ભોગવ્યા હતા. પણ તે તો ખ્રિસ્ત ઈસુના નામને લીધે હતા તેથી તે તેને દિલાસા આપતા હતા.

આ તો થઈ શારીરિક કેદની વાત. પણ તમે જાણો છો કે તમારા આત્માને પણ પાપના કેદખાનામાં પૂરવામાં આવે છે ? કોણ પૂરે છે ? શેતાન. એદનવાડીના મુક્ત વાતાવરણમાં વિચારતાં આદમ હવાને શેતાને પાપના બંધનમાં ફસાવ્યાં. અને ત્યારથી માણસ પાપના ફાંદામાં ફસાતો જ આવ્યો છે; આ શેતાન કોઈને પણ છોડતો નથી.

મહાન નેપોલિયનના લશ્કરમાં માર્શલની પદવી ધરાવતો એક અફસર હતો. તે પૂરી નિષ્ઠાથી અને સમર્પણની ભાવનાથી નેપોલિયન સાથે નિકટતા

ધરાવતો હતો. એક વખત એક લડાઈમાં તે મરણતોલ ઘવાયો. પોતાના તંબૂમાં જીવન મરણ વચ્ચે ઝોલાં ખાતો તે જ્યારે મૃત્યુની છેક નજીક પહોંચતો હોય એમ તેને લાગ્યું ત્યારે તેણે નેપોલિયનને બોલાવ્યા. નેપોલિયન તરત જ આવ્યા. બિચારા તે સૈનિકના મનમાં તો એમ જ હતું કે તેનો રાજા તેને માટે કંઈક કરશે. હા, તેણે કદાચ નેપોલિયનને જ પોતાનો ઈશ્વર માન્યો હશે. તેથી ખૂબ કાકલૂદી સાથે તેણે પોતાની જિંદગી બચાવી આપવા નેપોલિયનને વિનંતી કરી. ખૂબ દુઃખથી નેપોલિયને નકારની રીતે માથું ધુણાવ્યું અને પીઠ ફેરવી દીધી કારણ કે તે તેને દુઃખી જોવા માગતા નહોતા પણ મૃત્યુના પડદાની પાછળ તે જેમ જેમ ધકેલાતો જતો હતો તેમ તેમ તેની કારમી બૂમ સંભળાતી હતી કે, "મને બચાવો ! મને બચાવો ! નેપોલિયન" છેક છેલ્લી ઘડીએ આ સૈનિક સમજી શક્યો કે, આટલો શક્તિશાળી નેપોલિયન પણ તેને શારીરિક જીવન આપવાને અશક્ત હતો !

આ જ પ્રમાણે પાપનું પરિણામ મરણ છે અને આ આત્મિક મરણમાંથી જો છૂટવું હોય, આત્માને સ્વર્ગમાંના અનંતજીવન માટે તૈયાર કરવો હોય તો કોઈ માનવી શક્તિને આશરે જવાથી આ બનશે નહીં. કેવળ પ્રભુ ઈસુ જ આ પાપના બંધનો તોડી શકે છે અને તેમાંથી મુક્તિ આપી શકે છે. ફક્ત ઈસુ જ તમારા આત્માને બચાવી શકે છે. બાઈબલ કહે છે કે, "બીજા કોઈથી તારણ નથી, કેમ કે જેથી આપણું તારણ થાય એવું બીજું કોઈ નામ આકાશતળે માણસોમાં અપાયેલું નથી. (પ્રે. કૃ. ૪ : ૧૨)

જ્યારે આ બાબતની તમને જાણ થાય છે અને હજી સુધી તમે તારણના અનુભવમાં આવ્યા નથી પણ અત્યારે તમને સમજાય છે કે તમારાં પાપોને માટે પ્રભુ ઈસુ કાલવરીના વધસ્તંભ પર મૃત્યુ પામ્યા અને તે જ વિશ્વાસથી તમારાં પાપ માફ થઈ શકે છે. તો વહાલાં બાળક અથવા તો વાચકમિત્ર

વિલંબ કરશો નહીં, તક ગુમાવશો તો કાયમને માટે પરમેશ્વરના બાળક બનવાનો અધિકાર ગુમાવશો. કાયમને માટે શેતાન તમને બંધનમાં જકડી રાખશે.

સાચી આઝાદી, સાચી મુક્તિ, સાચું સ્વાતંત્ર્ય તે આ જ છે.

"કેમ કે, પાપનો મુસારો (વેતન) મરણ છે, પણ આપણા પ્રભુ ઈસુ ખ્રિસ્તને આશરે દેવનું કૃપાદાન અનંતજીવન છે." રોમન ૬ : ૨૩



# ૧૧ ઉજ્જવળ ભવિષ્ય

વહાલાં બાળકો, કેટલા ગંભીર અને અણગમતા સમયનો તમે હાલ સામનો કરી રહ્યાં છો તે વિષે હું ઘણીવાર વિચારું છું ત્યારે મને જો ખૂબ દુ:ખ લાગે છે તો પ્રભુપિતાને કેટલું બધું દુ:ખ લાગતું હશે ! આજે જ્યારે માણસોની શાંતિ જોખમાઇ છે. ચીજ વસ્તુઓ મેળવવી પણ મુશ્કેલ પડે છે. પોતાની સલામતી પણ ઓછી થતી જાય છે. ત્યારે આપણે શું સમજવું ? વહાલાં બાળકો, પ્રભુ ઈસુના આવવાનો સમય જેમ જેમ નજીક આવતો જશે તેમ તેમ આ બધું થયે જ રાખશે ? પોતાની સામે આવતું ભવિષ્ય શી રીતે ઉજ્જવળ બનાવી શકાશે તે વિષે તમે જાણો એવી મારી ઈચ્છા છે અને બોજો પણ છે.

આ સમજવા માટે એક નાનકડી વાર્તા છે. એક ખ્રિસ્તી દેશના રાજારાણી સાચાં ખ્રિસ્તી અને ખ્રિસ્તનાં વફાદાર સેવક-સેવિકા હતાં. તેમને એક જ દીકરો હતો જે રાજા પછીનો વારસદાર હતો.

આખા રાજ્યની પ્રજાને પ્રભુની બીકમાં લાવવાને માટે તેમ જ પ્રભુની સાચી ઓળખાણ આપવાને માટે રાજા અથાગ પરિશ્રમ કરતા હતા. આ માટે તે સવારે બહુ જ વહેલા જાગી જતા હતા. અને પ્રભુની સંગતમાં બેસીને શાસ્ત્રવાચન દ્વારા ઘણી સમજૂતિ પ્રાપ્ત કરતા હતા. તે પછી પ્રભુપિતા પાસે રાજ્યના લોકોની સુખાકારી, તેમ જ તેમને માટે ડહાપણપૂર્વક વહીવટ કરવા બુદ્ધિ, સમજશક્તિ અને યોગ્ય વલણો માટે વિનંતી કરતા હતા. રાજ્યના જુદા જુદા અમલદારોને જ્યારે પણ ભેગા કરે ત્યારે તેમને પરમેશ્વરની બીકમાં રહીને કામ કરવાની ખાસ સૂચના આપતા હતા. પરિણામે આ રાજ્યમાં બે ત્રણ અમલદારો સિવાય બધા જ અમલદારો વિશ્વાસુ સેવા બજાવતા હતા.

રાજાનો કુંવર જેમ જેમ મોટો થતો ગયો તેમ તેમ તેની માતા રાજરાણી તેને પ્રભુના માર્ગમાં દોરવાને સતત પ્રયાસ કરતાં હતાં. પણ કિશોર વય

વટાવી ગયા બાદ તે પેલા અવિશ્વાસુ અમલદારોના વધુ સંપર્કમાં આવ્યો. હવે તે માતાપિતા પર પોતે સાચો ખ્રિસ્તી છે તેવી છાપ બેસાડવા પ્રયત્ન કરતો હતો અને બીજી બાજુ પેલા અમલદારો પાસેથી રાજયના કુવહીવટની બરોબર તાલીમ પામતો જતો હતો. રાજા બહુ જ દુ:ખી હતા. રાણી બહુ જ ચિંતા કરતાં હતાં. બન્ને પ્રભુપિતા પાસે કરગરીને યાચના કરતાં હતાં.

એક દિવસ માતાએ આ કુંવરને બોલાવી તેની સાથે બહુ જ પ્રેમથી અને આડકતરા ઠપકાની રીતે વાત કરી અને તેની પાસેથી વચન લીધું કે ત્રણ અઠવાડિયા સુધી તેણે બગીચામાં જઇને બાઇબલમાંથી એક નાનો ફકરો વાંચવો અને તે ઉપર અર્ધો કલાક બરોબર મનન કરવું. કુંવરે ફક્ત તેની માતા તેના રખડું જીવન પર વધુ ઠપકો ના આપે તેથી માતાને વચન આપ્યું. આ બાજુ માતાપિતાની પ્રાર્થના ચાલુ હતી. બે ત્રણ દિવસ તો જાણે વેઠ ઉતારતો હોય તેમ ફકરો વાંચે અને નકામો આળસુ થઇને બેસી રહે. અર્ધો કલાક પૂરો થાય એટલે ચાલતો થાય. બે, ત્રણ દિવસ આમ ચાલ્યું પણ પછી બાઇબલના ફકરા પર તે ગંભીર રીતે વિચારતો થયો. પરિણામે તેને તેના બેદરકારીભર્યા જીવનના પાપનું ભાન થયું. તેણે ફરીથી પોતાના ખ્રિસ્તમય જીવનનું સ્વાર્પણ પ્રભુ ઇસુને કર્યું, અને તેની માતાને પણ જણાવ્યું કે હવે તે વધુ ચિંતામય ના રહે. બાઇબલના શાંત મનને તેનામાં આ મહાન પરિવર્તન આણ્યું, અને તેણે પ્રભુપિતાની મદદથી એક સારો રાજા બનવાનો દૃઢ નિર્ણય કર્યો. અને જયારે તેને રાજા બનવાનો સમય આવ્યો ત્યારે તે વિશ્વાસુ અને પ્રભુપરાયણ રાજા બન્યો.

વહાલાં બાળકો, તમારામાંથી જેઓ જુદાં જુદાં પરીક્ષણોનાં ભોગ બની જતાં હો, અથવા તો એવી સંગતમાં હો કે જે જરા પણ ઇચ્છવાજોગ ના હોય. અભ્યાસ પડતો મૂકીને અયોગ્ય હિલચાલમાં રહેતાં હો, ટી. વી. અથવા સિનેમાગૃહનાં શોખીન બની ગયાં હોઇ, કોઇ વ્યસનના ભોગ બન્યા હો તો આજે તમને ગંભીર ચેતવણી આપું છું કે પ્રભુ ઇસુનું આગમન નજીક છે અને

તેમની સાથે રાજ્ય કરવાની જો ઇચ્છા રાખો છો તો સત્વરે તમારા બાઇબલને તમારો નિકટનો સાથી બનાવો. તેમાંથી વાંચો એટલું જ પૂરતું નથી પરંતુ જે વાંચ્યું તેની પર થોડીવાર વિચાર કરો, મનન કરો. આ માટે એક શાંત અને એકાંત જેવી જગા પસંદ કરો. પવિત્ર આત્મા તમારા વિચારોનો કબજો લેશે અને તમારા સર્વ ભટકતા વિચારોને અંકુશમાં લેશે. શું તમે આજથી જ આ પ્રમાણે કરશો ? પ્રભુ તમારી સહાયતા કરો.



# ૧૨ માપદંડ

પણ સર્વ વાતે અમે દેવના સેવકોને શોભે એવી રીતે વર્તીએ છીએ.... શુદ્ધતા વડે, જ્ઞાન વડે, સહનશીલતા વડે, પરોપકાર વડે, પવિત્ર આત્માથી, નિષ્કપટ પ્રીતિથી.... ૨ કરિંથી ૬ : ૪, ૬.

બાળકો, તમને એવો વિચાર આવશે કે અમે કયાં દેવના સેવકો છીએ ? હા, તમે જરૂર દેવના સેવકો છો, અને દેવના સેવકો તરીકે દેવ પ્રત્યે વફાદારી રાખવાની જરૂર છે. જે દિવસે તમે પ્રભુ ઇસુનો તમારા અંગત તારનાર તરીકે સ્વીકાર કર્યો તે જ દિવસથી તમે દેવનાં કુટુંબના બાળકો અને તેમની સેવા કરનારાં દેવનાં સેવકો અને સેવિકાઓ બની જ ચૂકયાં છો.

તમે શી સેવા કરી શકો ? સન્ડેસ્કૂલ અને પ્રભુમંદિરમાં સભ્યતાપૂર્વક વર્તીને બીજાંઓને સારો નમૂનો બતાવી શકો. જ્યારથી તમે પ્રભુપિતાનાં દીકરા દીકરી તરીકેનો તારણ પામીને હક્ક પ્રાપ્ત કરો છો ત્યારથી તે તમારી દરેક હિલચાલ, વર્તન, કામગીરી, બીજાઓ સાથેની તમારી સંગત ઉપર બધાંનું ધ્યાન પડયા જ કરે છે.

પ્રભુપિતા દરેકને પોતાનું બાળક બનાવવા ચાહે છે. માટે તેમણે પોતાના એકના એક દીકરા પ્રભુ ઇસુને આ જગતમાં મોકલી આપ્યા. જગતની મોજમજા માણવા નહિ, એશઆરામ કરવા નહિ, આગળ પડતા સ્થાને બેસવા માટે નહિ પરંતુ દીન દુઃખીઓની સેવા કરવા, પાપના અંધકારમાં ખોવાઇ ગયેલાને જીવનનો સાચો પ્રકાશ પમાડવા, તારણની યોજના માટે પોતાનું પૂરેપૂરું બલિદાન આપવા, મૃત્યુમાંથી સજીવન થઇ નવા જીવનની ખાતરી પમાડવા અને તેમને જીવંત સ્થિતિમાં સ્વર્ગમાં જતા બીજાઓએ જોયા અને ખાતરી કરી કે ઇસુ ખ્રિસ્ત ગઇ કાલે, આજે અને સદાકાળ એવા જ છે. એવા જ જીવંત છે. આવા મહાન ઇસુના સેવકો બનવાની આપણને તક મળે તે

કેટલી મહાન વાત કહેવાય.

જ્યારે કોઇ પણ નોકરી લેવાની હોય છે. ત્યારે તે નોકરી માટે શી શી લાયકાત હોવી જોઇએ, કેટલી ઉંમર જોઇએ, કેટલો અનુભવ હોવા જોઇએ, એમ જાહેરખબરમાં આવે છે. અને ઉમેદવારને જણાય કે પોતે આ બધી બાબતો ધરાવે છે ત્યારે તે અરજી કરે છે અને આવી તો કેટલી અરજીઓ જુદી જુદી વ્યક્તિઓ કરે છે. તે પછી તેમને રૂબરૂમાં (ઇન્ટરવ્યુ) માટે બોલાવાય છે. આ વખતે એક માપદંડ રાખવામાં આવે છે અને જે લોકો ઇન્ટરવ્યુ લેનારા હોય છે તેઓ નક્કી કરે છે કે વ્યક્તિગત રીતે કઇ લાયકાત હોય તો ઉમેદવાર પસંદ કરવા અને તે પ્રમાણે પસંદગી અપાય છે.

જે વખતે વિલ્યમ મેકીન્લે અમેરિકાના સંયુક્ત સંસ્થાનના પ્રમુખ હતા ત્યારે તેમને પણ આવી એક નિમણૂક માટે પસંદગી કરવાની હતી. અને આ નિમણુક તે પરદેશ માટે એલચી તરીકે મોકલવા માટેની યોગ્ય વ્યક્તિની હતી. આ માટે બે ઉમેદવારો એક સરખી લાયકાત ધરાવતા હતા. બેમાંથી કઇ વ્યક્તિને પસંદગી આપવી તે સંબંધી મેકીન્લેએ પોતાના મન સાથે એક માપદંડ નક્કી કર્યો કે જેથી તે યોગ્ય પાત્રને નિમણૂક આપી શકે. છેવટે તેમણે બે ઉમેદવારોમાંથી એક ઉપર પસંદગી ઉતારી અને તેમને પરદેશના એક મુલક માટે અમેરીકી એલચી તરીકે મોકલ્યા. થોડા સમય પછી તેમને કોઇએ પૂછ્યું કે, બન્ને ઉમેદવાર સરખી લાયકાતના હતા છતાં પણ તમે આ વ્યક્તિને પસંદગી આપી તેનું કારણ શું?

તેમણે જવાબ આપ્યો કે, હું પ્રમુખ બન્યો તે પહેલાં મને એક અનુભવ થયો હતો અને તે કારણથી પેલા બીજા ભાઇ જો કે નિયમ પ્રમાણેની બધી જ લાયકાત ધરાવતા હતા છતાં મેં તેમને પસંદગી આપી નહીં, તેમનો અનુભવ એવો હતો કે એક વખત તે બસમાં મુસાફરી કરી રહ્યા હતા તે વખતે આ ભાઈ પણ તે જ બસમાં હતા. બસ ઉપડવાની તૈયારીમાં હતી ત્યારે એક મોટી

ઉંમરના બહેન કપડાંથી ભરેલી મોટી બાસ્કેટ સાથે બસમાં ચઢયાં. કોઈએ પણ ઊઠીને તેમને જગા આપી નહિ તેથી બસમાં આમતેમ અથડાતાં તે આગળ વધ્યાં, અને એક સીટ પાસે જઈને ઊભાં, પોતાને સાચવતાં જાય, બાસ્કેટ પણ સંભાળતા જાય. તેમની તદ્દન નજીકની સીટ ઉપર પેલા ઉમેદવારભાઈ બેઠા હતા. તે બહેનને મદદ કરવાને બદલે તે ભાઇ પોતાના હાથમાંનું વર્તમાનપત્ર એ રીતે આગળ રાખ્યું કે તેમણે એ બહેનને જોયાં છે એવું કોઈને લાગે જ નહિ, મેકીન્લે આ જોઇ જ રહ્યા હતા. તે તરત જ ઊભા થયા. તે બહેનની બાસ્કેટ પોતે લઇ લીધી અને પોતાની સીટ પર તેમને બેસાડી દીધાં. તે ભાઇને ખબર નહોતી કે પોતે જે વર્તન બતાવે છે તેની કોઇક નોંધ લઇ રહ્યું છે, અને આ એક નાનું સ્વાર્થી વલણ તેમને માનનો મુગટ અપનાવવામાં નડતરરૂપ બનવાનું છે.

પ્રીતિ અને ભલાઇનું કૃત્ય કરવાની તક આપણને દરરોજ મળે છે જ. તે વખતે લોકો નોંધ લેતા હોય છે કે તમારી ખ્રિસ્તી સાક્ષીની સાથે તમારું વર્તન મેળ લે છે કે નહિ; જો તેઓ મેકીન્લે જેવો માપદંડ અપનાવે તો શું આપણને ખ્રિસ્તના એલચીઓ તરીકે સ્વીકારશે ?

પ્રભુપિતા સર્વને ખ્રિસ્તના સાચા અને માયાળુ એલચીઓ બનવા કૃપા આપે ! આમેન.

# ૧૩ યોગ્ય જવાબદારી

વહાલાં બાળકો, જ્યારે જ્યારે બાલવાડી મારફતે તમને પત્ર પાઠવું છું ત્યારે ત્યારે બધાં બાળકોને મારા મનની કલ્પનામાં લાવું છું. કોઇ અભ્યાસ કરતાં દેખાય છે, કોઇ શાળા માટે તૈયાર થતાં દેખાય છે, કોઇ મોડું ન થાય માટે ઝટપટ જમી લેતાં દેખાય છે, કોઇ ખિલખિલ હસતાં અને રમૂજ કરતાં દેખાય છે, તો કોઇ મમ્મી પપ્પાને મદદ કરતાં પણ દેખાય છે. કોઇ શાળા માટે નીકળવાની છેલ્લી ઘડીએ પેન, પેન્સીલ કે રબ્બર અથવા નોટબુક કે પુસ્તક શોધતાં દેખાય છે તે વખતે તેમની પ્યારી આંખોમાં આંસુ પણ છલકી રહેલાં દેખાય છે. આ વખતે હું પણ તેમને માટે મનમાં પ્રાર્થના કરું છું કે, પ્રભુબાપ, તેમને તેમની ચીજ વસ્તુઓ શોધી આપો.

આથી વિરુદ્ધ કોઇ કોઇ બાળકોને લડાઇ ઝઘડા કરતાં કે મારામારી કરતાં કે ઘરનાં વડીલોની આજ્ઞાની અવજ્ઞા કરી સામા જવાબો આપતાં પણ જ્યારે કલ્પું છું ત્યારે દુઃખી પણ થાઉં છું.

ઘણાં કામો તળે દબાઇ ગયેલ મમ્મીને જ્યારે ખબર પડે છે કે પોતાનાં બાળકે ઘરલેસન નથી કર્યું ત્યારે બાળકોને ઠપકો આપે છે તે પણ મારા કાને પડતું હોય તેવું લાગે છે. કોઇ બાળકો શાળામાં નિયમિત નથી જતાં હોતાં પરંતુ રખડતાં હોય છે તેવું અનુભવીને દુઃખી થાઉં છું.

આ ઉપરાંત તમારા કુટુંબના પ્રાર્થના સમયો વિષે પણ ઘણીવાર વિચારતી હોઉં છું ત્યારે મોટા ભાગના કુટુંબો માટે પ્રભુપિતાનો આભાર માનું છું અને આ સમયને ટી.વી.ના પ્રોગ્રામ કરતાં વધુ મહત્વ અપાતું જ હશે તેવી આશા રાખું છું.

તો બાળકો, આજે તમે જાણી શકયાં છો ને કે આન્ટી હરહંમેશ તમને યાદ કરે છે. ખ્રિસ્ત ઇસુમાં તમારા પર સાચો પ્રેમ રાખે છે અને તમારે માટે હંમેશા પ્રાર્થના કરે છે? તમે પણ આન્ટીને માટે અને તેમની કામગીરીને માટે

પ્રાર્થના કરશો ને ? પ....ણ બાળકો, તમે કોઇની ઉપર પત્ર લખો અને તે વ્યક્તિ તે પત્રનો તમને જવાબ કદી પણ ના આપે તો તમને દુઃખ લાગે કે ના લાગે ? તો આન્ટીના પત્રનો જવાબ કોઇ કોઇ બાળકો આપે તો આન્ટીને પણ કેટલો બધો આનંદ થાય ! તમને બાલવાડીમાં શું શું ગમે છે, શું શું નથી ગમતું-તમે શાનો શોખ ધરાવો છો-તમારો અભ્યાસ-કામગીરી વગેરે વિષે કોઇ કોઇ વાર જણાવતાં રહો તો હું તમને વધુ સારી રીતે ઓળખી શકું, સમજી શકું. તમારા મનમાં કોઇ મૂંઝવતા પ્રશ્નો આત્મિક જીવન માટેના હોય તે પૂછો. તમે કોઇ બાબત વિષે ઇચ્છતા હો કે હું તમારે માટે પ્રાર્થના કરું તો હું બહુ ખુશીથી તે પ્રમાણે કરીશ. મતલબ કે તમારી હું વધુ નિકટ આવી શકું તો મને વધુ ગમશે. એમ ના સમજતાં કે તમારા પત્રોની કોઇ કિંમત નહિ અંકાય અને તે પડયા જ રહેશે. ના, એનું કદી જ નહિ બને.

જો તમે આ પ્રમાણે બાલવાડીની કદર કરીને પત્ર લખતાં રહેશો તો તેમાંના અમુક ધ્યાન ખેંચે તેના ફકરા તમારા નામ સાથે છાપવામાં આવશે. બીજું કે પત્ર લખવાથી બાલવાડી તમારા ધ્યાનમાં રહેશે અને બીજા પણ તેનાં ગ્રાહક બને તેવી તમને ઇચ્છા થશે, તે માટે તમારા પ્રયત્નો રહેશે. અને આમ બાલવાડીનું કુટુંબ મોટું થતું જશે.

બીજી એક બાબત ઉપર હું તમારું ધ્યાન ખેંચવા માગું છું. ઘણી વખત હું કોઇની સાથે કોઇ રવિવારે સાંજે બાળકો માટેનો પ્રોગ્રામ ગોઠવવા જણાવું છું. તો મને કહેવામાં આવે છે કે, બહેન, રવિવારે સાંજે તો મોટા ભાગનાં કુટુંબો ટી.વી. પર સિનેમાના પીકચરના પ્રોગ્રામ જોવામાં રત હોય છે તેથી બહુ જ થોડાં બાળકો ભેગાં કરી શકાશે. તો બાળકો, એક બાબત ધ્યાનમાં રાખશો કે, રવિવાર તે પ્રભુનો વાર છે અને તે વારનો સમય જો તમે પીકચર જોવામાં વ્યતિત કરશો તો તે સમય તમારે માટે આશીર્વાદ વિનાનો જ રહેશે. તો તમે નક્કી કરજો કે પીકચરની મોજ માણવી કે પ્રભુપિતાના આશીર્વાદોના ભાગીદાર બનવું. રવિવારે કદી પણ પીકચર જોવું નહિ અરે, બીજા દિવસોમાં

પણ કદી પણ પીકચર જોવું નહિ અને પ્રભુ ઇસુને રાજી રાખવા તેવો નિર્ણય કરશો.

બીજી એક બાબત તરફ મારું ધ્યાન સતત દોરાતું રહે છે અને તે બાબતનું મને દુઃખ પણ છે કે પ્રભુમંદિરમાં જે બાળકો બેસે છે તે પોતાની સાથે પોતાના મિત્રને કે બહેનપણીને બેસાડે છે અને પછી ? આખો સમય જાતજાતની વાતચીત, હસાહસ, કાગળ પેન્સીલથી રમાતી રમતો વગેરે ચાલુ જ રહે છે. બાઇબલ લઇને ભાગ્યે જ કોઇ બાળક આવે છે અને જો બાઇબલનો ઉપયોગ કરે છે તો પોતાની આંગળી કે અંગૂઠો થૂંકવાળા કરીને પાનાં ફેરવે છે. આ તો જોનારને કેટલું બધું ગંદુ લાગે ? અને જો કોઇ અન્યધર્મી વ્યક્તિ દેવળમાં હાજર હોય તો તેના મનમાં કેવો ખરાબ ખ્યાલ આવે કે પવિત્ર પુસ્તકને આ રીતે રાખવામાં અને વાપરવામાં આવે છે, બાળકો, કોઇપણ પુસ્તકના પાનાં થૂંકની મદદથી ફેરવશો નહિ. આ તો ગંદી રીત છે. એમને એમ ફક્ત કોરી આંગળીથી જો પાનાંની ઉપરની કિનારીને ઊંચકશો તો પાનું તરત ફરી જશે. આમ કરવાની ટેવ પાડજો અને તે માટે પ્રેકટીસ કરજો. ઘણીવાર મોટેરાં પણ આ પ્રમાણે ગંદી રીતે પાનાં ફેરવે છે તે સારું નથી, અને તમારે તે નમૂનો લેવા જેવો નથી.

તો બાળકો, આ વખતે પત્રમાં વાર્તા નથી પરંતુ ઘણી બધી ઉપયોગી અને ધ્યાન કરવા જેવી બાબતોની છણાવટ કરી છે અને તે તમે જરૂર અપનાવશો તેવી આશા સાથે વિરમું છું. ઇશ્વરપિતા તમને ખૂબ ખૂબ આશીર્વાદિત બનાવો.

# ૧૪ ભૂલી જવાનું યાદ રાખો

"ભૂલવું" અને "યાદ રાખવું" બન્ને વિરોધી ક્રિયાઓ છે પણ ખ્રિસ્તી બાળક માટે તેનો સાથે જ ઉપયોગ કરવાનો હોય છે.

સપ્ટેમ્બર માસના અંકના ટાઈટલ પેજ પરનું ચિત્ર તમે જોયું હશે, તે કેવો પ્રસંગ બતાવે છે તે પણ તમારામાંના મોટાં ભાગનાં બાળકો સમજી પણ ગયાં હશો. કેટલાકે તેમાં સુશોભિત રંગો પણ પૂર્યા હશે. પણ તે ચિત્ર માટે યોગ્ય શિર્ષક જો લખવા માગતાં હો તો લખજો કે, "ભૂલી જવાનું યાદ રાખો."

હા કોઈ વખતે કંઈક ભૂલી જવું તે વધુ યોગ્ય જણાય છે. એક વખતે એક નાના ભાઈએ પોતાની બહેન પ્રત્યે ઘણી કડવાશ બતાવી. બહેનને જ્યારે જ્યારે તે યાદ આવે ત્યારે ત્યારે તે ખૂબ દુઃખી થતા હતા. તે ઉપર ઘણો સમય વિતી ગયો. અને અચાનક બન્ને ભાઈબહેન ઓચિંતા જ એકબીજાને મળ્યાં, બહેને ખૂબ દુઃખ અને ગુસ્સા સાથે ભાઈએ બતાવેલું વર્તન યાદ દેવડાવ્યું. ભાઈ બીજું શું બોલે ? પોતે ખોટું કર્યું હતું તે હકીકત હતી. છેવટે ભાઈએ દિલગીર મન સાથે કહ્યું, "બહેન, હવે બધું ભૂલી જાઓ." ઘણીવાર એટલા બધા કડવા ઘૂંટડા ગળી જવા પડે છે કારણ કે આપણે ખ્રિસ્તના છીએ.

કેટલી બધી વાર પોતાનાથી ઘણી નાની વ્યક્તિઓએ કરેલાં અપમાન ગળી જવા પડે છે; ઘણીવાર બોલાયેલા અયોગ્ય શબ્દો ભૂલી જવા પડે છે, ઘણીવાર થયેલો અન્યાય ભૂલી જવો પડે છે. બાઈબલ કહે છે કે, "ભૂંડાથી તું હારી ન જા, પણ સારાથી ભૂંડાનો પરાજય કર." આ તો છે ભૂલી જવાનું યાદ રાખવું તે.

ઉત્પત્તિના પુસ્તકમાં યુસફ પ્રત્યે જુદા જુદા સમયે થયેલા અન્યાયોને યાદ રાખવામાં તેણે પોતાનો સમય બરબાદ કરી નાખ્યો હોત. તેનો બદલો શી રીતે લેવો તેની યોજનાઓ ઘડવામાં પોતાના અમૂલ્ય જીવનની કિંમતી

પળો વિતાવી શકયો હોત ? તે જુવાન હતો ત્યારે તેના ભાઈઓએ તેને ગુલામ થવા વેચી દીધો, અને તેને પરદેશની ભૂમિમાં રહેવાની ફરજ પડી. પોતાના અત્યંત પ્રિય પિતાથી તેને આખી જુવાની અને પ્રોઢ અવસ્થા વિતાવવી પડી. તેને કેદખાનામાં પણ રહેવું પડયું. આટલું સહન કર્યા છતાં તેણે કોઈપણ જાતની કડવાશ પોતાના મનમાં રાખી નહિં. પરંતુ તેણે પોતાના જયેષ્ઠ પુત્રનું નામ મનાશ્શા પાડયું જેનો અર્થ થાય છે 'વીસરાવી દેવું' 'ભૂલાવી દેવું'. તેના વિષે બાઈબલમાં લખ્યું છે કે, 'તેણે (યુસફે) કહ્યું કે દેવે મારાં સર્વ કષ્ટ તથા મારા બાપના ઘરનું સર્વ મને વીસરાવી દીધું છે." હા, પ્રભુ પોતાના બાળકોને તેમનાં કષ્ટો, અપમાનો, દુઃખો, વિપત્તિઓ ભૂલાવી દે છે.

વિલ્યમ સેન્ગ્રસ્ટર નામના પાસ્ટરને ત્યાં એક વખત તેમના એક મિત્ર નાતાલની રજાઓ ગાળવા મહેમાન બનીને ગયા હતા. પાસ્ટર સાહેબ સગાંવહાલાં, મિત્રો તથા શુભેચ્છકો પર નાતાલની શુભેચ્છાઓના કાર્ડ તૈયાર કરી રહ્યા હતા. જે છેલ્લા કાર્ડ પર તેમણે સરનામું કર્યું તે ઉપર તેમના મિત્રનું ધ્યાન ખેંચાયું. તેમને બહુ અજાયબી થઇ અને સાથે સાથે એક જાતનો અણગમો પણ થયો અને તે બોલી ઊઠયા, "તમને ખબર નથી કે અઢાર મહિના પહેલા આ માણસ તમારે માટે કેવા શબ્દો બોલ્યો હતો ?" પાસ્ટરે કહ્યું તે જયારે બોલ્યો હતો ત્યારે જે નિર્ણય મેં કર્યો હતો તે નિર્ણય જ મને યાદ રહ્યો છે. એટલે કે તેના બોલાયેલા શબ્દો ભૂલી જવા અને તેની ઉપર સારું અભિનંદન કાર્ડ મોકલવું. અને પ્રભુની મદદથી આ કાર્ડ તે મોકલી શકતા હતા.

હા, ખ્રિસ્તી યાદગીરીમાં અમુક બાબતો ભૂલાવી જ જોઇએ. પોતાના પ્રત્યે જે જે અન્યાયો થયા હોય છે તે બધા ઉપર વિચારો કર્યા કરવા અથવા તેમને મનમાં સંઘરી રાખવા તે પ્રભુની રીત નથી એ બાબત હંમેશા યાદ રાખવી જોઇએ. જો પ્રભુપિતા આપણે કરેલા અન્યાયો અને પાપો ભૂલી જઇ માફ કરી શકે છે તો તે આપણને પણ તેમ કરવાની શક્તિ જરૂર આપે જ છે. જો ખ્રિસ્તમાં આગળ વધવું હોય, જો તેમની સેવા વધુ પ્રમાણિકપણે કરવી હોય તો કોઇના અમાયાળુ શબ્દો, કોઇના ઈર્ષાભર્યા અપમાનો, કોઇના

ક્રોધી વલણો ભૂલી જવા માટે પ્રભુપિતાની મદદ માગજો અને વિજયવંત જીવન જીવવા માટે તમારો સમય વેડફાઇ જતા બચાવજો. શું બાળકો, તમને એવો કોઇ અન્યાય થયો છે ? કોઇએ તમારો હક્ક કોઇપણ રીતે ડૂબાડયો છે ? કોઇએ ખરાબ શબ્દો બોલીને તમને દુભવ્યા છે ? તો આજે નિર્ણય કરો કે તમે તે માફ કરશો અને ભૂલી જશો. યાદ રાખજો કે યુસફે પોતાના ભાઇઓએ બતાવેલા ખરાબ વલણનો બદલો બધું ભૂલી જઇને સારો જ આપ્યો હતો.

હવે ફરીથી તે ચિત્રનું અવલોક્ન કરજો. યુસફ કોને ભેટી રહ્યો છે ? હા, બિન્યામીનને, બીજા ભાઇઓ શું કરી રહ્યા છે ? પોતે કરેલી ભૂલનો પસ્તાવો. પોતાની ભૂલ માટે શરમ પણ અનુભવી રહ્યા છે.

યાદ રાખો કે, કોઇપણ બાબતનો બદલો લેવો અથવા તેને યાદ કર્યા કરવી તેના કરતાં તેને માફ કરીને ભૂલી જવી તે વધારે સારું છે અને તે પ્રભુ ઇસુને ગમે છે. બાઇબલ કહે છે, “હું ભૂંડાઇનો બદલો લઇશ એવું તારે ન કહેવું જોઇએ, યહોવાની રાહ જો, તે તને ઉગારશે.” યુસફના સંબંધમાં પણ એમ જ બન્યું અને તમારા સંબંધમાં પણ એમ જ બની શકે છે. ઇશ્વરપિતા તમને આશિષ આપો. આમેન.



# ૧૫ સાક્ષી

અત્યાર સુધીમાં બધી પરીક્ષાઓ પૂરી થઇ ગઇ હશે અને તમારા મન પરનો બોજો પણ હઠી ગયો હશે. હવે ફરીથી નવા અભ્યાસમાં લાગુ પણ થઇ ગયાં હશો. ઘણાં નવા નવા મિત્રોના પરિચયમાં આવ્યાં હશો. પણ આ મિત્રોને પ્રભુ ઇસુની ઓળખાણ આપવાનું ભૂલશો નહિ. આ તો ખ્રિસ્તી બાળકની કે વ્યક્તિની પ્રથમ ફરજ છે. ઘણીવાર અનુભવવામાં આવે છે કે ઘણાં ખ્રિસ્ત પરનો પોતાનો વિશ્વાસ જાહેરમાં જણાવતાં ક્ષોભ અનુભવે છે. પ્રભુ ઇસુએ તમારે માટે જે શરમજનક દુઃખનો અનુભવ કર્યો, તમારે માટે જે શાપિત મૃત્યુ સહન કર્યું. જે અપમાનો, તિરસ્કાર અને નિંદાઓ સહન કરી અને પરિણામે તમને પાપોની માફી, તારણ અને નવું જીવન પ્રાપ્ત થયાં તે ખ્રિસ્ત વિષેની તમારી સાક્ષી આપતા તમે શરમ અનુભવશો ? તમને તે અઘટિત લાગશે ! પણ યાદ રાખજો કે પરમેશ્વર આવા ‘છુપા વિશ્વાસીઓ’થી રાજી થતા નથી પ્રભુ ઇસુએ જાતે કહ્યું છે કે, “માણસોની આગળ જે કોઇ મને કબૂલ કરશે, તેને હું પણ મારા આકાશમાંના બાપની આગળ કબૂલ કરીશ.” નવા મિત્રો જરૂર કરજો પરંતુ તે નવા મિત્રોને પ્રભુ ઇસુનું જીવન પ્રાપ્ત થાય તેની પણ કાળજી રાખજો. આમ કરવાથી તમે પ્રભુ ઇસુને માન આપો છો અને તમારા વિશ્વાસને મજબૂત બનાવી શકો છો.

એક જુવાન સૈનિક લશ્કરની સેવામાં હતો ત્યારે તેના જીવનનું બદલાણ થયું. તેણે રડતા હૃદયે પોતાનાં સર્વ પાપો પ્રભુ ઇસુ પાસે કબૂલ કર્યા અને પ્રભુ ઇસુએ તેના પાપ માફ કર્યા અને તેને નવું જીવન આપ્યું. તે ખરેખર તારણ પામ્યો. હવે તે ખૂબ આનંદિત હતો. જે જે તેના સંબંધમાં આવે તેમને તે પ્રભુ ઇસુને તારનાર તરીકે ઓળખાવતો હતો. તેને તારણનો માર્ગ બતાવનાર પ્રભુના સેવકે શીખવ્યું હતું કે તારા જીવનમાં જે બદલાણ થયું છે તે વિષે જેઓ અજાણ હોય તેમને તું પહેલી જ વાર મળે ત્યારે તેમને અવશ્ય

તારા બદલાયેલા જીવન વિષે કહેવું. હવે તેને ઘેર જવાના દિવસો પાસે આવતા હતા અને તે ઘણીવાર વિચાર કરતો હતો કે મારા સ્થળે પહોંચીને હું જ્યારે બધાંને વાત કરીશ ત્યારે તેઓને આ બાબત નહિ ગમે તો તેમના તરફથી જે જે મારે વેઠવું પડે તે બધાં પરીક્ષણો પર હું શી રીતે વિજય મેળવીશ ?

હવે તે દિવસ આવી પહોંચ્યો. તે જેવો ટ્રેઇનમાંથી ઊતર્યો કે તેની સામે તેના વર્ગમાં પહેલા ભણતી એક વિદ્યાર્થિની મળી ગઇ. તેણે આ સૈનિકને ખબર અંતર પૂછયાં, થોડી ઘણી વાત કરી પણ જેવું તેના જાણવામાં આવ્યું કે તે માણસ તો હવે ખ્રિસ્તી વિશ્વાસમાં દઢ બન્યો છે કે તરત જ થોડા ઘણા વિવેકી શબ્દોથી વાતચીત ટુંકાવીને ચાલતી થઇ ગઇ. તેનો આખો ભાવ બદલાઇ ગયો.

આ પછી તે ઘેંર પહોંચ્યો. તેના માતાપિતા તો ખ્રિસ્ત પર પ્રેમ કરનારા સાચા ખ્રિસ્તીઓ હતાં. તેમને તો આ જાણીને ઘણો જ આનંદ થયો. બધાંએ સાથે મળીને પ્રભુપિતાની સ્તુતિ કરી આભાર માન્યો.

ઘણાં વર્ષો બાદ તે આવ્યો હતો તેથી તેને ઘણા મિત્રોને મળવાનું હતું. અને તે મળતો રહ્યો તેમ તેમ પોતાના ખ્રિસ્તી વિશ્વાસની જાણ તેઓને કરતો જ રહ્યો. તેમાંના કેટલાએક એવા હતા કે જેમને સુવાર્તામાં કોઇ રસ નહોતો, તેઓ આપમેળે જ તેની મિત્રાચારીમાંથી મુક્ત થયા. આમ છતાં તે તેમને માટે આગ્રહથી પ્રાર્થના કરતો રહ્યો. કેટલાએક મિત્રોએ પ્રભુ ઇસુ વિષેની વાત સાંભળી. સ્વીકારી અને તેની સાથે વિશ્વાસમાં દઢ બન્યા.

ધીમે ધીમે જુવાનોમાં પ્રભુ પિતાએ એવું પરાક્રમી કાર્ય કર્યું કે જ્યારે તે સૈનિકને ફરી પોતાના ક્ષેત્રમાં જવાનો સમય થયો ત્યારે પ્રભુ ઇસુના સાચા સૈનિકો એવા ૨૫ જુવાનો સુવાર્તાના ક્ષેત્ર માટે તૈયાર થઇ ગયા. ઠેર ઠેર મિટીંગો થવા લાગી અને એક જોરદાર ખ્રિસ્તી જુવાળ ફેલાઇ ગયો.

વહાલાં બાળકો, જો આ જુવાન સૈનિક પ્રભુ ઈસુને પોતાના તારનાર તરીકે બીજાઓની આગળ કબૂલ કરતાં શરમાયો હોત, બીધો હોત, સંકોચ પામ્યો હોત તો આટલી મોટી સંખ્યામાં જુવાનો કદી પણ ખ્રિસ્તને પામી શકયા ના હોત. તમે પણ ખૂબ હિંમતથી, વિશ્વાસથી અને ખુલ્લા દિલથી ખ્રિસ્તની ઓળખાણ તમારા ખ્રિસ્તી અને અખ્રિસ્તી મિત્રોને આપો અને એ પ્રમાણે પ્રભુ ઈસુના સાચાં બાળકો બનો.

પ્રભુ ઈસુ હવે ફરીથી પોતાના મહિમામાં આવશે. તેમનું આવવું હવે નજીક છે. ત્યારે તેમનાં બાળકો તરીકે તમને તેમનુ કામ કરતાં જોશે ત્યારે કેટલો બધો આનંદ અનુભવશે? અત્યારથી જો તમે આ પ્રમાણે કરવાની ટેવ પાડશો તો તમે મોટાં થશો ત્યારે પણ આ કામ કરતાં એટલે પ્રભુ ઈસુ વિષે સાક્ષી આપતાં તમને કદી પણ સંકોચ નહિ થાય. અન્યધર્મી મિત્રો જો તમારી પાસેથી ખ્રિસ્તની ઓળખાણ પામે તો તેનાથી પ્રભુ ઈસુ જેટલા રાજી થાય છે તેટલા બીજા કશાથી થશે નહિ.

પ્રભુ ઈસુના પ્રકાશિત જીવનનો પ્રકાશ તમારાં જીવનો ઉપર પૂરેપૂરો પડે તેની કાળજી રાખો, જેથી તમે પ્રકાશિત બનીને બીજાઓને પ્રકાશ પમાડનારાં બનો. યાદ રાખો, પ્રભુ ઈસુએ કહ્યું છે કે, "જગતનું અજવાળું હું છું." તો આ અજવાળામાં ચાલવાનું પસંદ કરો અને અંધકારના માર્ગો તજી દો. ઈશ્વરપિતા તમારી સહાયતા કરો.

# ૧૬ બાળકો, કંઈક વિચારીશું ?

"ઈસુ જ્ઞાનમાં તથા કદમાં, ને દેવની તથા માણસોની પ્રસન્નતામાં વધતો ગયો. લૂક ૨ : ૫૨

"તે છોકરો મોટો થયો, અને જ્ઞાનથી ભરપૂર થઈને બળવાન થયો, અને દેવની કૃપા તેના પર હતી."

વહાલાં બાળકો, પ્રભુ ઈસુ માનવશરીરમાં આ પૃથ્વી પર જન્મ્યા, બાળક તરીકે જીવ્યા, બાર વર્ષના કિશોર તરીકે પણ હતા અને ધીમે ધીમે મોટા પણ થયા.

આપણે અત્યારે તેમની બાલ્યાવસ્થા, અને કિશોર અવસ્થા વિષે વિચાર કરીએ. તમે પણ બાળક હતાં, ખૂબ ખૂબ નાનાં, નાજુક અને મીઠડાં, બધાં તમને ઊંચકીને રમાડતાં હતાં. થોડી થોડી સમજણમાં આવ્યાં અને ભાષા સમજતાં થયાં ત્યારે દાદા કે દાદીમા કે પપ્પા કે મમ્મી કે કોઈ મોટેરાં તમને સુંદર સુંદર વાતો કહેતાં હતાં ત્યારે તમને કેટલો બધો આનંદ થતો હતો. ખરું ને ? હું જ્યારે જ્યારે મારાં દીકરા કે દીકરીનાં બાળકો પાસે હોઉં છું ત્યારે તેમનો એક જ આગ્રહ હોય છે. "એક લાં....બી વાર્તા કહોને ?" અને હું તેમને ઈસુની સુંદર સુંદર વાર્તાઓ કહું છું. બીજી પણ તેમને સારા ગુણો પ્રાપ્ત થાય તેવી વાર્તાઓ કહું છું. ગમે તેટલી વાર્તાઓ સાંભળતાં તેઓ થાકતાં જ નથી. છેલ્લે આગ્રહ કરે છે કે, "મોટાં મમ્મી, બસ હવે એક જ વાર્તા કહો પછી બીજી ના કહેશો." તમને પણ વાર્તા સાંભળવી ગમે છે. પણ આ બધી વાર્તાઓ સાંભળીને તમે તેમાંના સારા ગુણો સમજવાનો પ્રયત્ન ના કરો તો વાર્તા કહેનારાની બધી મહેનત નકામી જાય છે, ખરું ને ?

તમે ધીમે ધીમે મોટાં થતાં જાઓ છો તેમ તેમ તમારે આ વાક્ય ખાસ ધ્યાનમાં રાખવા જેવું છે કે, "તે છોકરો (ઈસુ) મોટો થયો, અને જ્ઞાનથી ભરપૂર થઈને બળવાન થયો, અને દેવની કૃપા તેના પર હતી." મોટા થવું

તેની સાથે સાથે જ્ઞાનથી ભરપૂર થવું તેમ જ બળવાન થવું; આ સર્વ ઉપરાંત તમારા ઉપર પ્રભુબાપ ખુશ રહે તેવા ઘણા પ્રયત્નો કરવા તે ખૂબ જરૂરનું છે.

ઘણીવાર માતાઓ ફરિયાદ કરતાં હોય છે કે તેમનાં બાળકો તેમની સાથે બહાર જવા, અથવા તો બજારના કામમાં મદદરૂપ થવા, અથવા મુસાફરીમાં સાથ આપવા ઇચ્છતાં હોતાં નથી. જો તમે લુક ૨:૫૧મી કલમ પર ધ્યાન કરશો તો તેમાં એમ લખેલું છે કે, "તે (ઇસુ) તેઓની (માતા અને પિતાની) સાથે ગયો, અને નાઝરેથ આવીને તે (ઇસુ) તેઓને (માતાપિતાને) આધીન રહ્યો." જો તમે પ્રભુ ઇસુ પર પ્રેમ કરનાર માતા અને પિતાનાં દીકરા-દીકરીઓ છો તો તમારે પણ પ્રભુ ઇસુનો નમૂનો લઇને માતાપિતાની આધીનતામાં રહેવું જ જોઇએ. તેમની દરેક પ્રકારે મદદ કરવી જોઇએ. તેમને દુઃખ લાગે તેવું કંઇ જ કરવું કે બોલવું જોઇએ નહિ. તમારી વાણી, વિચાર અને વર્તનથી પરમેશ્વર પિતા તમારા ઉપર ખુશ રહેવા જોઇએ. કેલોસી ૩ : ૨૦ વાંચો, તેમાં લખ્યું છે કે "છોકરાં તમે દરેક બાબતમાં તમારાં માબાપની આજ્ઞાનું પાલન કરો, કેમ કે તે પ્રભુને ગમે છે. અત્યારે તમે પ્રભુ ઇસુનો સ્વીકાર કર્યો ત્યારે તમે યોહાન ૧ : ૧૨ પ્રમાણે દેવનાં છોકરાં બન્યાં. ઇસુ પણ દેવ પુત્ર છતાં માણસ તરીકે આ પૃથ્વી પર રહ્યા તો તમારે પ્રભુ ઇસુની મદદથી સારાં બાળકો, બીજાઓને ઉપયોગી, માતાપિતા અને કુટુંબીજનોને ઉપયોગી અને વિશેષમાં પ્રભુ ઇસુની સંગતમાં રહેનાર બાળકો તરીકેનું જીવન જીવવું જોઇએ. જો અત્યાર સુધી તમે સારું વર્તન બતાવી શક્યા ના હો તો ફરીથી માફી માગીને સારું જીવન જીવવાનો નિર્ણય કરો. અને પ્રભુપિતાને ખુશ રાખો.

એક નાના છોકરાએ શી રીતે પ્રભુપિતાને ખુશ રાખવાનો પ્રયત્ન કર્યો અને કેવી રીતે આશીર્વાદિત બન્યો તે વિષે જાણવું તમને ખૂબ ગમશે.

ટીમી એક નાનો પ્રભુ પર પ્રેમ કરનારો મિશનરી મા-બાપનો દીકરો હતો. તે પોતાનાં મમ્મી, પપ્પા અને ભાઇ સાથે હોંગકોંગમાં રહેતો હતો.

તેઓ અમેરિકાના હતાં.

એક દિવસ તેનાં દાદીમાએ અમેરિકાથી તેને માટે બે ડોલર મોકલ્યા. અને હોંગકોંગના ચલણમાં ફેરવતાં તેની પાસે હોંગકોંગના બાર ડોલર થયા.

રવિવારે તે સન્ડેસ્કૂલમાં તેનો દશમો ભાગ આપવા માગતો હતો તેથી તેણે પોતાનાં મમ્મીને કહ્યું કે, "મમ્મી, મને ગણી આપોને કે મારે કેટલા ડોલર પ્રભુ ઇસુને આપવા જોઇએ." કારણ કે ટીમીનાં મમ્મી-પપ્પાએ તેને શીખવ્યું હતું કે તેની પાસે જે કંઇ પૈસા આવે તેનો દશમો ભાગ તેણે પ્રભુ ઇસુને આપવો જ જોઇએ. બાર ડોલરનો દશાંશ ગણીને તેનાં મમ્મીએ તેને એક કવરમાં આપતાં કહ્યું કે ટીમી, જો તું પ્રભુ ઇસુ પર પ્રેમ કરે છે તો આ ઉપરાંત જો તું કંઇ આપે તો તે તારી પ્રેમભેટ ગણાશે. આથી ટીમીએ બીજો એક ડોલર તેમાં ઊમેર્યો. થોડો વિચાર કરીને તે બોલ્યો, "મમ્મી, મને લાગે છે કે મારી આખી ભેટ મારે પ્રભુ ઇસુને આપી દેવી જોઇએ નહિ તો પ્રભુ ઇસુને લાગશે કે, હું તેમના પર ઘણો બધો પ્રેમ નથી કરતો." ટીમીને આ વિચારથી થોડું રડવું આવ્યું પરંતુ તેણે પ્રેમથી બારે બાર ડોલર કવરમાં મૂકી દીધા, મમ્મીએ તેને કહ્યું કે, જો તારે બધા જ પૈસા ના આપવા હોય તો વાંધો નથી. પ્રભુ ઇસુ જાણે છે કે તું તેમના પર કેટલો પ્રેમ રાખે છે. અને તેમની ઇચ્છા છે કે તું જે કંઇ આપે તે આનંદથી આપે અને ખુશી થાય.

આથી ટીમીએ તેમાંથી થોડા ડોલર લઇ લીધા અને નજર કરી તો પોતાના ડોલર વધારે હતા, આ જોઇને તેને રડવું આવ્યું, ફરી તેણે કહ્યું, "ના મમ્મી, હું તો બધા જ ડોલર પ્રભુ ઇસુને આપી દઇશ નહિ તો તેમને લાગશે કે હું તેમના કરતાં ડોલર પર વધારે પ્રેમ કરું છું.

છેવટે ટીમી પોતાના જ પૈસા સન્ડેસ્કૂલમાં લઇ ગયો. તે પાછો ફર્યો ત્યારે તેના મોં પર આનંદ હતો, મનમાં ખુશી હતી અને સંતોષ અનુભવતો હતો, ઘેર આવીને તેણે કહ્યું, "મમ્મી, હવે તો પ્રભુ ઇસુને જરૂર લાગશે કે હું સર્વ કરતાં તેમના પર વધારે પ્રેમ રાખું છું, ખરું ને ?" પછી ટીમીને એક

બીજો વિચાર આવ્યો કે, "મમ્મી, હું પ્રભુ ઈસુ પર તમારા કરતાં પણ વધારે પ્રેમ કરું તો તમને ખરાબ લાગશે ?".

મમ્મીએ વહાલથી ટીમીને કહ્યું, "ના, મને જરા પણ દુઃખ નહિં લાગે, કારણ કે જો આપણે પ્રભુ ઈસુ પર સૌથી વધારે પ્રેમ કરીશું, તો આપણે બીજાઓ પર વધારે સારી રીતે પ્રેમ કરી શકીશું."

વહાલાં બાળકો, ટીમીની જેમ તમે પણ તમને મળેલ ભેટમાંથી પ્રભુ ઈસુનો ભાગ જુદો કરો છો ? જો તમને કોઈ ૧૦ રૂપિયા આપે તો તમારે ૧ રૂપિયો ઈસુબાપને આપવાનો જ. તમે ગમે તેટલા પૈસા ભેગા કર્યા હોય તેનો દશમો ભાગ નાતાલ પર પ્રભુ ઈસુને આપશો ? જો બધાં જ બાળકો આમ કરે તો કેટલાં નાણાં પ્રભુબાપના કામને માટે તમે આપી શકો અને વધારામાં પ્રભુબાપનો આશીર્વાદ પણ પ્રાપ્ત કરી શકો. પ્રભુપિતા તમારી સહાયતા કરો. આમેન.



# ૧૭ જૂઠા હોઠો

તમારા જીવનમાં તમે કોઇ પ્રસંગ માણ્યો હોય અથવા કોઇ મુશ્કેલ પરિસ્થિતિમાં પ્રભુ પિતાએ અજાયબ જેવી રીતે મદદ કરી હોય, તમે કોઇ અદ્‌ભુત અનુભવ કર્યો હોય, તમને કોઇ પરીક્ષણ પર જય પામવા પ્રભુ પિતાની કૃપા પ્રાપ્ત થઇ હોય, કોઇ ભારે માંદગીમાંથી ચમત્કારિક સાજાપણું તમને અથવા તમારા કુટુંબ કે મિત્રોમાંથી કોઇને પ્રાપ્ત થયું હોય, તો તે વિષે સુંદર લખાણ સારા સ્પષ્ટ અક્ષરોમાં અને ફૂલસ્કેપ કાગળની એક જ બાજુએ લખી મોકલશો તો તે બીજાને ઉત્તેજન આપવા માટે બાલવાડીમાં છાપવામાં આવશે. એક કાગળની એક જ બાજુએ લખવાનું. જો લખાણ વધારે હોય તો બીજા કાગળ પર તે જ પ્રમાણે લખશો. કાગળની બન્ને બાજુએ લખેલું લખાણ સ્વીકારાતું નથી તે તો જાણો છો ને !

આજે એક ખાસ બાબત પર તમારું ધ્યાન ખેંચવા માગું છું કે જેથી આવી નાની જણાતી બાબત પ્રત્યે તમે બેદરકારી બતાવો નહિ. અને તે તો છે, ચોંટી રહે તેવું જુઠાણું. આને માટે એક વાર્તા વાંચો.

એક રવિવારે સન્ડેસ્કૂલમાં બાળકોને બહેને નવમી આજ્ઞા વિષે શીખવતાં જણાવ્યું કે જૂઠા હોઠો યહોવાને કંટાળારૂપ છે, જ્યારે જ્યારે તમે જૂઠી વાતો ફેલાવો છો, જૂઠી રીતે બીજાના કાન ભંભેરી તમે પોતે ઘણા સારા છો તેવું જણાવવા પ્રયત્ન કરો છો, પરિણામે બીજાને કેટલું બધું નુકસાન પહોંચે છે ! ઘણીવાર મોટા અને પ્રભુના લોકો પણ આવા જૂઠનો આશરો લઇને પોતે વધુ સુખી થવાનો પ્રયત્ન કરે છે. પણ બાળકો, નાનપણથી જ આ બાઇબલનું વાકય યાદ રાખજો કે, "જૂઠા હોઠો યહોવાને કંટાળારૂપ છે". આવી ઘણી બાબતો શીખવ્યા બાદ તેમણે નાની સુહાને પ્રશ્ન પૂછ્યો કે, "સુહા, ધાર કે એક રૂપિયામાં કોઇ તારી પાસે જૂઠું બોલાવે તો તું રૂપિયો

મેળવવા માટે જૂઠું બોલીશ ?" સુહાએ હિંમતથી કહ્યું, 'ના આન્ટી, હું કદી પણ આ પ્રમાણે જૂઠું બોલીને પ્રભુબાપને કંટાળો નહિ આપું તેમ જ નવમી આજ્ઞાનો ભંગ નહિ કરું." ઘણાં બાળકોને બહેને જુદા જુદા પ્રલોભનો અને લલચાવનારી બાબતો જણાવી, પણ બધાએ સુહાની જેમ જ ખાતરી આપી. છેલ્લે બહેને, બ્રાયનને પ્રશ્ન કર્યો કે, "બ્રાયન, તને કોઇ અમુક બાબત વિષે જૂઠું બોલવાનું કહે અને તું જૂઠું બોલે તો તને રૂા. ૧૦૦૦ આપે તો તું શું કરે ?" બ્રાયન મનમાં થોડું લોભાયો અને વિચારમાં પડયો. એટલામાં જ બીજો એક વિદ્યાર્થી બોલી ઊઠયો, "ના બહેન ના એ રૂા. ૧૦૦૦ તો જોત જોતામાં વપરાય જાય, પણ જ્યાં સુધી તે વાપરીએ ત્યાં સુધી દરેક વખતે પેલું જૂઠ યાદ આવ્યા જ કરે. છેવટે આ બધા જ રૂપિયા વપરાઇ જાય અને તેનાથી ખરીદેલી ચીજો પણ જૂની થઇ જાય તો પણ તે જૂની ચીજો પણ એ જૂઠની યાદ આપાવ્યા કરે છે. એટલે કે જૂઠનું પાપ તો કાયમ જ રહી જાય છે. અને એવી રીતે લોભાઇને કરેલાં પાપની માફી માગતાં પણ શરમ લાગે. બહેન, મારાં મમ્મીએ મને એકવાર કહ્યું હતું કે જૂઠ તો ગુંદર કરતાં પણ ચીકણું છે, તે જતું જ નથી.

એક અપ્રમાણિક જૂઠું કથન બીજું જૂઠું કથન બોલાવડાવે છે. અને એમ જૂઠાણા પર જૂઠાણા વપરાતાં જ જાય છે અને તેની સાંકળ લાંબી જ થતી જાય છે. ધીરેનની વાત સાંભળી બહેન પણ થોડીવાર સ્તબ્ધ થઇ ગયા. તેમણે ધીરેનને શાબાશી આપી અને બધાં બાળકોને પણ ધીરેનની જેમ હિંમતથી જૂઠના પાપના પરીક્ષણનો સામનો કરવા જણાવ્યું, વળી એમ પણ જણાવ્યું કે એક જૂઠી બાબતની રજૂઆત બીજાને કેટલું બધું નુકસાન કરે છે. તે નુકસાન કદી પણ સમારી શકાતું નથી તે નુકસાન પણ બીજા માણસ સાથે ચોંટી જ રહે છે !

આમ બને છે છતાં પણ આવા પરિણામો જોયા છતાં માણસો પોતાની ભૂલ, કોઇ હરીફને પાડી નાખવાની ઇચ્છા, અને પોતાના વ્યક્તિગત લાભને

માટે આ જૂઠનો જ આશરો લે છે તે કેટલું બધું દુઃખજનક છે ! હા, જૂઠ ખરેખર ખૂબ જ ચીકણું છે તે ચોંટી રહે છે.

સંત પાઉલની શીખામણ યાદ રાખો. "એકબીજાની સાથે જૂઠું ન બોલો." કલોસ્સી ૩ : ૯.

તો બાળકો, આ પત્ર વાંચો છો ત્યારે જ જૂઠું નહિ જ બોલું. એવો નિર્ણય કરી લો અને તે પાળવા પ્રભુપિતા તમારી મદદ કરે માટે આગ્રહથી પ્રાર્થના કરો, પ્રભુ તમારી સહાયતા કરો.



# ૧૮ નાતાલ ભાગ - ૧

## એક તારાએ ફેલાવેલું અદ્‌ભુત વાતાવરણ !

"અને તેઓ તારાને જોઇને મહા આનંદથી હરખાયાં."

(માથ્થી ૨ : ૧૦)

હતો તે એક તારો જ. સ્વચ્છ આકાશમાં ઘણા તારા હતા પણ આ તારો એક અનોખો તારો હતો. તેનાં કિરણોની તેજરેખા લાં....બે સુધી ફેલાતી રહી. કોઇ ગજબનો પ્રકાશ રેલાવી રહી, પણ છેવટે તો તે હતો એક તારો.

અ...ને આ તારાએ પણ એક અદ્‌ભુત વાવરણ સર્જ્યું. દૂર પૂર્વના દેશમાં જે તારો હતો તે પશ્ચિમના દેશો-અરે ! સમસ્ત દુનિયાના દેશોમાં પણ ફરી વળ્યો. જ્ઞાની લોકોએ પોતાના અભ્યાસનાં પુસ્તકો ખોલ્યાં. શોધ કરી કે આવો અવનવો તારો ખરેખર હોઇ શકે ખરો ? પુસ્તકોમાંથી તો એવું કંઇ જાણવા મળ્યું કે તે તારો તો કશી બાબતની ચાડી ખાઇ રહ્યો હતો ! આ શાણા માણસો તો તારાને જોતા જ રહ્યા. થોડે દૂર પશ્ચિમ તરફ ગયા તો જાણે તારો જેમ નાનું બાળક ભાગતું હોય તેમ ભાગી રહ્યો હતો, છેવટે એક જ્ઞાની માણસે નક્કી કર્યું કે કોઇ મહાન વ્યક્તિની એ તારો આગાહી કરી રહ્યો હતો. અને જો તે વ્યક્તિના આગમનની એક તારો આગાહી કરતો હોય તો તે વ્યક્તિ જરૂર કેવી વ્યક્તિ હોવી જોઇએ. છેવટે તેમના વિચારોએ એક નિર્ણય કરી લીધો અને તારો જે દિશામાં આગળ વધતો હતો તે દિશામાં જ્ઞાની લોકો પોતાના જ્ઞાનથી કંઇ કંઇ કલ્પના કરતાં આગળ વધ્યા. અરે ! આ તારો તો કોઇ ગજબનાં અજવાળાં પાથરતો હતો ! તો તો જરૂર તે કોઇ પ્રકાશ ફેલાવતી વ્યક્તિની જાણ કરતો તારો હોવો જોઇએ. તે તારાને જોતાં તેમનાં હૃદયો આનંદથી છલકાઇ ગયાં, એટલે તો તારો કોઇ આનંદ અને સંતોષ આપનાર વ્યક્તિની જ ઓળખાણ કરાવતો હોવો જોઇએ અને તારાનાં

અજવાળાં પ્રકાશ સાથે શાંતિ હા, હૃદયને શાંતિ આપનારાં અનુભવાતાં હતાં, એટલે આ તારો શાંતિ બક્ષનાર વ્યક્તિનાં આગમનનો સૂચક બની રહ્યો હતો.

પ...ણ આ શું? તારો કંઇક ધીમો પડયો ! જ્ઞાનીઓએ પણ પોતાનાં ઊંટો થંભાવ્યાં, જોયું તો સામે રાજમહેલ હતો અને તેઓ યરૂશાલેમ સુધી આવી પહોંચ્યા હતા. નક્કી કોઇ રાજાના જન્મના જ એંધાણ આ તારો આપી રહ્યો છે. રાજમહેલમાં તપાસ કરી. શું આજ મહેલમાં યહૂદીઓના રાજાનો જન્મ થયો છે ? આખા મહેલના વાતાવરણને ખળભળાવી રહ્યો આ પ્રશ્ન. મહેલના રાજાની ઊંઘ હરામ કરી દીધી. આ અણધાર્યા પ્રશ્નએ યાજકો, શાસ્ત્રીઓ તેડાવાયા. તેમને પણ આ તારાએ અચંબામાં નાખી દીધા "અમારે માટે રાજા !?" ધર્મપુસ્તકોનાં પાનાં ઊથલાવ્યાં ! હા ! જુઓ, આ શું લખ્યું છે ?" ઓ યહૂદિયાના બેથલેહેમ, તું યહૂદિયાના સૂબાઓમાં કોઇ પ્રકારે સર્વથી નાનું નથી. કેમ કે તારામાંથી એક અધિપતિ નીકળશે. જે મારા ઇસ્રાએલી લોકોનો પાળક થશે" પણ જે તારાએ જ્ઞાનીઓને આનંદ, સંતોષ અને શાંતિ બક્ષ્યા તે જ તારાએ દુષ્ટતાનાં અંધકારને હચમચાવી મૂકયો અને રાજા હેરોદના પાપી મનની શેતાને કબજો લીધો. તારો કયારે કયાં અને કેવી રીતે દેખાયો તેની સંપૂર્ણ જાણકારી મેળવી અને હેરોદમાં રહેલો શેતાન બબડી રહ્યો. અરે ! બાળરાજા, તું મારું રાજ્ય પડાવવા જંન્મ્યો છે ? પણ જાણજે, થોડા સમયમાં તું હતો ન હતો થઇ જઇશ. મારી સત્તાની તને જાણ નથી. પણ આ તો હતા હેરોદના હૃદયના અભિમાની વિચારો.

વહાલાં બાળકો, તારાની સાથે આ વિચારોને કાંઇ જ સંબંધ નહોતો. બલ્કે તારાના તેજોમય કિરણોએ આ પાપનાં અંધકારને કયાંય હઠાવી દીધો અને જ્ઞાની લોકોને દોરવા લાગ્યો.

છેવટે આ અનોખો તારો થંભી ગયો. હા, બેથલેહેમના એક ઘર પર થંભી ગયો. આ મહાન જ્ઞાની પુરુષો પૂરી નમ્રતાથી ઘરના આંગણે પ્રહોંચ્યા.

ખરેખર ! માતા મરિયમના ખોળામાં બાળક ગેલ કરી રહ્યો હતો. તેઓના આનંદનો પાર રહ્યો નહિ. તેઓએ પગે પડીને હૃદયના પૂરા ભાવથી બાળ ઈસુનું ભજન કર્યું.

તેઓને થયેલી પ્રેરણા પ્રમાણે તેમણે સોનાની ભેટ ધરીને બાળકને રાજા તરીકેનું માન આપ્યું.

લોબાનના ધૂપની ભેટ ધરીને ઈસુને દેવ તરીકેનું માન આપ્યું.

છેવટે બોળ, હા કડવા બોળની પણ ભેટ ધરી. જે ઈસુ સમસ્ત માનવજાતને માટે પોતાનો ભોગ ધરવાના હતા. કષ્ટના કડવા ઘૂંટડા ગળવાના હતા અને તારનાર તરીકેનું તેમને માન આપ્યું.

જો આ નાતાલે તમે ઈસુને તમારા રાજા ના બનાવો, તમારા દેવ અને તારનાર તરીકેનું તેમને સ્થાન ન આપો તો આ નાતાલનો ખરો તાલ નષ્ટ થઈ જશે અને ફક્ત રહેશે "ના." એટલે કંઈ જ નહિ. આ નાતાલને ધન્ય બનાવવી હોય તો નાતાલના દિનની શરૂઆતે ઘૂંટણો ટેકવીને ત્રાતા પ્રભુ ઈસુની પાસે તમારું અશુદ્ધ હૃદય શુદ્ધ કરાવજો અને તેમાં તેમને આવકાર આપી ધન્ય બની જજો. અને ધન્ય બનીને સૌને કહેજો. "નાતાલ મુબારક હો."



# ૧૯ નાતાલ ભાગ-૨

પ્રભુપિતાના અદ્ભુત પ્રેમનું આ પર્વ તમને તેમના પ્રેમનો સાચો અનુભવ કરાવે, તમારાં જીવનોને તેમના મહિમાને અર્થે તૈયાર કરે, તમને સારી તંદુરસ્તી બક્ષી લાંબુ આશીર્વાદિત આયુષ્ય અર્પે કે જેથી તમે તેમની ખૂબ ખૂબ સેવા કરીને ઘણાંઓને ખ્રિસ્તના તારણની યોજના સમજાવી શકો.

દર વર્ષે નાતાલનો દિવસ આપીને પ્રભુ પિતા તમને યાદ કરાવે છે કે, “મેં પરમેશ્વરે તારા પર એટલી બધી પ્રીતિ કરી છે કે, મારા ખૂબ પ્રિય પુત્ર તને તારનાર બનાવવા માટે આપ્યા છે. જો તું સંપૂર્ણ રીતે વિશ્વાસ કરીશ કે તે તારાં સઘળાં પાપો માફ કરીને તને અનંતજીવન બક્ષી શકે છે તો જરૂરથી તું સદાકાળના જીવનમાં-સ્વર્ગમાં પ્રવેશી શકીશ અને સદા તારા તારનારની સાથે રહી શકીશ.” કેટલું અદ્ભુત વચન. સદાકાળના જીવનની કેટલી બધી ખાતરી ! એવું જીવન કે જે પવિત્ર હોય, જે આનંદભર્યું હોય, જેનો અંત મૃત્યુ લાવી જ શકે નહિ તેવું દિવ્ય અને પવિત્ર જીવન. આ ક્યારે બની શકે તે જાણો છો ? જાણવું છે તો વાંચો એક સાચી ઘટના.

પેની અને પીટર ભાઇબહેન હતાં. પેની સાચાં ખ્રિસ્તી માતપિતાની ડાહી દીકરી હતી અને પીટરની મોટી બહેન હતી તે દશ વર્ષની હતી અને પીટર આઠ વર્ષનો હતો. બન્ને બાળકો પ્રભુ ઇસુ પર પ્રેમ કરતાં હતાં.

નાતાલની એક સાંજે પરવારીને તેમનાં મમ્મી તેમને પ્રભુ ઇસુના જન્મની વાત કહી રહ્યાં હતાં. બન્ને ભાઇબહેન ધ્યાનપૂર્વક રસથી સાંભળી રહ્યાં હતાં. વાર્તા પૂરી થઇ. મમ્મીએ તેમને જલદી ઊંઘી જવા કહ્યું કારણ કે સવારે વહેલાં દેવળમાં જવાનું હતું.

બન્ને ભાઇબહેન પોતપોતાના ખાટલામાં સૂઇ ગયાં. પેનીને ઊંઘ આવતી નહોતી. તેણે પીટરને પૂછ્યું, “પીટર તને ઊંઘ આવે છે ?” પીટરે કહ્યું “ના, હું તો આવતીકાલે આપણને શી શી ભેટો મળશે તેના વિચારમાં હતો.” પેનીએ કહ્યું, “કેટલું અજાયબ જેવું છે કે નાતાલ તો પ્રભુ ઇસુનો જન્મ દિવસ છે અને ભેટો આપણે એકબીજાને આપીએ છીએ !” પીટરે

કહ્યું, "સાચી વાત છે તારી પણ ભેટ વગરની નાતાલ પણ કેવી લાગે ?" એમ કરતાં કરતાં બન્ને ઊંઘમાં પડી ગયાં.

પેનીને જાણે પોતે જાગે છે એમ લાગતું હતું. તેની સામેની બારીમાંથી એક મોટો તારો પોતાનાં લાંબા કિરણો પેની સુધી લંબાવી રહ્યો હતો. આ કિરણોને પકડવા પેનીએ બન્ને હાથ લંબાવ્યા તો જાણે કિરણોએ તેના હાથ પકડી લીધા અને પેનીને બારીમાંથી બહાર રસ્તા પર લાવી દીધી. રસ્તા પર તારાએ ગજબનો પ્રકાશ ફેલાવ્યો હતો. પેની તો આગળ ચાલી. દૂરથી તેને ઊંટ પર કોઇ મોટા માણસ આવી રહ્યા હોય તેવું લાગ્યું. આ ભાઇ બહુ ભલા અને માયાળુ જણાતા હતા. તેમણે પેનીને પૂછ્યું, "ચાલ દીકરી, ઊંટ ઉપર મુસાફરી કરવી છે ?" પેનીને તો ખૂબ આનંદ થયો. તેને પેલા ભાઇએ ઊઠાવીને ઉપર લઇ લીધી, ધીમે રહીને પેનીએ પૂછ્યું, "તમે કયાં જાઓ છો ?" તેમણે કહ્યું કે, "રાજાને મળવા, આ તો અત્યારે બાળ રાજા છે. જો હું તેમને માટે સોનું ભેટમાં લઇ જઉં છું." "શું તેમને જોવા ભેટ લીધા વગર ના જઇ શકાય ?" પેનીએ પૂછ્યું, ભાઇએ જવાબ આપ્યો કે, "જઇ શકાય, પણ તે સારું લાગે નહિ. મારી પાછળ બીજા ભાઇ આવે છે તે લોબાનની ભેટ આપશે અને તેમની પાછળ છે તે બોળની ભેટ આપશે. આ તારો અમને દોરી જાય છે." પેનીને ખાતરી થઇ કે આ તો માગી લોકો બાળ ઇસુના દર્શને જઇ રહ્યા છે. પણ તે નિરાશ થઈ કે તેની પાસે તેમને (ઇસુને) આપવા કોઇપણ ભેટ નહોતી તેથી દિલગીરી સાથે તેણે કહ્યું, "મહેરબાની કરીને મને ઉતારી દેશો ? મારી પાસે ઇસુને આપવા માટે કાંઇ ભેટ નથી." પેલા માયાળુ ભાઇએ પેનીને ઉતારતાં ઉતારતાં ધીમા અવાજે કહ્યું કે "તારા જેવા બાળકના હૃદયના પ્રેમની ભેટ જેવું બીજું કોઇ ઉત્તમ સોનું નથી."

એટલામાં બીજા માગી પાસે આવવા લાગ્યા. તેમણે પણ વાંકા વળીને પેનીના કાનમાં ધીમેથી કહ્યું કે "બાળકના નિર્દોષ હૃદયની પ્રાર્થના જેવું બીજું કોઇ સુગંધી લોબાન નથી."

ફરી ત્રીજા માગી પાસે આવી તેમણે પણ વાંકા વળીને તેને કહ્યું કે, "બાળકના આજ્ઞાંક્તિપણા જેવું બીજું કોઇ બોળ નથી."

પેની ઊંઘમાં બબડવા લાગી, કયાં ગયા માગી લોકો ? "કયાં ગયા

તેમના ઊંટ ? પીટરે તેને ઢંઢોળીને જગાડી અને કહ્યું અરે ! આળસુ છોકરી, જલદી ઊઠ. આજે તો નાતાલ છે. "હેપી ક્રિસ્મસ" ચાલ દોડીને ક્રિસ્મસ ટ્રી નીચેથી આપણી ભેટો લઇ આવીએ. પેનીએ આંખો ખોલી તો તેનાં મમ્મી તેના પર નમીને વહાલથી જગાડી રહ્યાં હતાં. પેની હજી ઊંઘમાં હતી તે જોરથી બોલી, "હેપી બર્થડે, પ્રભુ ઇસુ" સારું થયું કે તમે જાતે જ આવી પહોંચ્યા. હું તમને મળવા આવી શકી નહિ તેથી દુઃખી હતી. મમ્મીએ તેને પૂછયું, "પેની તું સ્વપ્ન જોતી હતી." હવે પેની બરોબર જાગૃત થઇ. તેણે મમ્મીને તથા પીટરને આખું સ્વપ્ન કહી સંભળાવ્યું અને પૂછયું કે તેનો શો અર્થ હશે ?

તેનાં મમ્મીએ કહ્યું કે તારા હૃદયનો પ્રેમ ઇસુને ભેટ આપવો એટલે તારે તારું જીવન તેમને આપવું જોઇએ. એટલે કે તારી આંખોને તેમને જે ગમે તે જ જોવા દેવું, તારાં કાનોને પણ તેમને જે ગમે અને તે જે કહે તે જ સાંભળવા દેવું, તારા હાથ પણ તેમનું જ કામ કરવાને હંમેશા તૈયાર રહે. તારા હોઠ તેમની ઇચ્છા પ્રમાણે જ બોલે અને તારા પગ તેમને જેવી જગા ગમે અને તે તને જ્યાં લઇ જાય ત્યાં જ જવા તૈયાર રાખવા.

અને આ પ્રમાણે જો તે તારા હૃદયનો બધો પ્રેમ પામશે તો તને તેમની સાથે વાત કરવાનું ગમશે એટલે તું તેમની તારા નિર્દોષ મનથી પ્રાર્થના કરીશ.

અને તરત જ પેની બોલી કે અને મારું હૃદય જો હું તેમને આપું તો મારે સંપૂર્ણ રીતે તેમની આજ્ઞાંક્તિ બાળકી બનવું જોઇએ.

આ બધું એટલે કે પોતાના પ્રેમ, પ્રાર્થના અને આજ્ઞાંક્તિપણાના વચનની ભેટ તે આપી શકે તેમ હતું. અને તરત જ ઘૂંટણે પડીને તેણે પ્રભુ ઇસુને ત્રણે ભેટ હૃદયપૂર્વક આપી અને પછી જ પીટરની સાથે પોતાની ભેટ જોવા દોડી ગઇ.

વહાલાં બાળકો, આજે તમે પણ પેનીની જેમ તમારા હૃદયનાં પ્રેમ, પ્રાર્થના અને આજ્ઞાંક્તિપણાની ભેટો પ્રભુ ઇસુને ઘૂંટણે પડીને ધરજો. તે જરૂર સ્વીકારશે અને તમે એક આશીર્વાદિત નાતાલ માણી શકશો.

ફરીથી તમને અને તમારાં કુટુંબીજનોને નાતાલની પ્રેમી સલામ.

# ૨૦ નવું વર્ષ ભાગ-૧

તમને નૂતનવર્ષના અભિનંદન પાઠવતાં ઈશ્વરપિતાનો આભાર માનુ છું. તેમણે જ તમ સર્વને વર્ષ દરમિયાન સંભાળ્યા, તમારી સર્વ જરૂરિયાતો પૂરી પાડી, તમને તંદુરસ્ત રાખ્યાં, માંદગી દરમિયાન તમારી સંભાળ લીધી, તેમના અગણિત આશીર્વાદોથી ભરપૂર કર્યા અને નવું વર્ષ તમને ભેટ તરીકે આપ્યું. આ જે સમયની તમને ભેટ મળી છે તે ભેટનો કેવો ઉપયોગ કરશો ? આ સબંધી લેખક મિત્રોએ ઘણી સારી સારી બાબતો જણાવી છે. હું આશા રાખું છું કે તમે તે સર્વ વાંચશો અને તેમ કરવા માટે પ્રભુપિતાની સહાય માગશો, ઈશ્વરપિતા આ નવું વર્ષ ,તમને ખૂબ ખૂબ આશીર્વાદો ભરીને આપો.

આ વખતે બાલવાડીના ટાઈટલ પેજ ઉપર જે ચિત્ર છે તે બે બહેનપણીઓનું છે. તેમાં એક બાળા પોતાની મિત્રને પોતે જે રમકડું રમે છે તે રમવા માટે આપતી દેખાય છે. આ તો નવો વિચાર નવા વર્ષ માટે છે. તમારી પાસે એવી ઘણી ચીજો હોય છે જે બીજાં ઘણાં બાળકો કદી પણ પામી શકતાં હોતાં નથી, ઘણાં બાળકોનાં માતાપિતા પોતાનાં બાળકોને જે જોઈએ તે તરત હાજર કરતાં હોય છે. પણ આ માતપિતા બાળકોને એવું જણાવતાં નથી કે બાળકો, તમે જે માગો છો તે અમે તમને તરત જ લઈ આપીએ છીએ; પરંતુ ઘણાં બાળકોનાં માતા પિતા ગરીબાઈને લીધે પોતાનાં બાળકોને કંઈ જ અપાવી શકતાં નથી. થોડા દિવસ ઉપર હું અમારી બાજુના શોપિંગ સેન્ટરમાં અમુક ચીજો ખરીદવા ગઈ હતી ત્યારે એક નાનો ૨-૩ વર્ષનો બાળક પોતાની માતાની પાસે રડતો હતો અને પીપી માગતો હતો, આ તો મજૂર બાઈ હતી. તે આ બાળકને સમજાવતી હતી કે, બીજીવાર લઈ આપીશ. પણ બાળક સમજતો નહોતો. ગમેતેમ પણ બાળક જ હતો, મેં તેને ટોફી અપાવી. તે ખૂબ ખુશ થઇ ગયો. ત્યારે મને વિચાર આવ્યો કે બાલવાડીનાં

મારાં બાળકોને પણ હું જણાવીશ કે આવી કોઈપણ જાતની તંગી અનુભવતાં બાળકો તમારી આસપાસ હોય અથવા તો તમારાં મિત્રો હોય તો જ્યાં જ્યાં બની શકે ત્યાં ત્યાં તમે કોઈ એકાદ બે બાળકોને મદદ કરો તો તેઓ કેટલા બધાં ખુશ થશે, અને પ્રભુ તો વળી વધારે ખુશ થશે, ઈસુ આ દુનિયા પર હતા ત્યારે બાળકો પર કેટલો બધો પ્રેમ કરતા હતા તે તમે જાણો છો. તે એવું વિચારતા નહોતા કે કયું બાળક ધનવાન માતાપિતાનું છે તો તેને જ રમાડું. ના, ના, ગરીબ, ધનવાન બધાં તેમની નજરમાં સરખા જ છે કારણ કે તમારામાં જે આત્મા છે તેને તો પ્રભુ ઈસુની જ જરુર છે, કોઈ ગરીબ બાળક જો પ્રભુઈસુનો બને અને કોઇ ધનવાન બાળક પ્રભુ ઇસુથી દૂર હોય તો આ બેની સરખામણીમાં પેલા ગરીબ બાળક પ્રભુઈસુનો વધતો આશીર્વાદ પ્રાપ્ત કરે છે. તમારું ધન, તમારી ઘણી બધી ચીજોની ઇસુને કંઈ જ કિંમત નથી. તમને જો ધન આપે છે તો તે એટલા માટે આપે છે કે તમે તેમનો તે બદલ આભાર માનો અને જેઓ બહુ જ જરૂરિયાતવાળા છે તેમની મદદ કરો. ઘણીવાર એવી વ્યક્તિઓ કે બાળકોને મદદ કરવામાં આવે છે કે જેઓ આપણા ઉપયોગમાં આવતાં હોય. આ તો બદલો પામવા જેવું છે. એવાંઓને મદદ કરો કે જેમની પાસેથી તમને કોઇપણ જાતનો બદલો મળે નહી ત્યારે તો તમને પ્રભુપિતા તેનો બદલો આપશે તે તમે અનુભવી શકશો.

પાંચહજાર કરતાં વધારે લોકોને જમાડવા માટે જ્યારે પૂછવામાં આવ્યું ત્યારે એક નાનો પણ ઉદાર છોકરો આગળ આવ્યો અને તેણે કહ્યું. કે, મારી પાસે પાંચ રોટલી અને બે માછલી છે, આટલી થોડી વસ્તુ પ્રભુ ઇસુએ કેટલી આશીર્વાદિત કરી તે તમે જાણો છો કે, બધાં જમ્યાં અને ધરાયાં તોપણ વધેલા કકડાઓની બાર ટોપલી ભરાઇ, તો આ વર્ષ માટે એક વાક્ય યાદ રાખો કે, "પામવા કરતાં આપવામાં વધારે ધન્યતા છે." ઘણાં બહુ સારી સ્થિતિવાળાં હોય છે તેઓ પણ આશા કર્યા કરતાં હોય છે કે અમને કંઇ સારી ભેટ આપે તો સારું પણ તેના કરતાં એમ કેમ વિચારતાં નહિ હોય કે વર્ષ દરમિયાનના સારા પ્રસંગોએ હું કોને શું આપીશ? અથવા તો જ્યારે પ્રસંગ મળે ત્યારે હું

કઈ જરૂરિયાતવાળી એવી વ્યક્તિને આપું કે જેના તરફથી મને કોઈપણ જાતનો બદલો ના મળે ?

આ આપવાની બાબત ક્યારે બની શકે ? તમારા હૃદયમાં પ્રભુ ઈસુનો પ્રેમ હોય તો જ. ઘણીવાર કુટુંબમાં પણ જરૂરિયાતવાળી એવી વ્યક્તિઓ હોય છે અને તેમના પ્રત્યે નફરતની લાગણીથી જોવામાં આવે છે કારણ કે તેની પાસે સમૃદ્ધિ નથી આ તો ઘણું ખરાબ કહેવાય, યાદ રાખો કે ઈસુએ શીખવ્યું છે કે, તમે એકબીજાના ભાર ઊંચકો, એટલે કે કોઈ વ્યક્તિ તંગીને લીધે મન પર બોજો ધરાવતી હોય તો તમે સમજીને તેનો આ બોજ હલકો કરવાનો પ્રયત્ન કરો. સારા તહેવારને માટે તેમનાં બાળકોને માટે વસ્ત્ર, રમકડાં, ખાવાનું પૂરું પાડો અને ઈશ્વરપિતાના આશીર્વાદથી તૃપ્ત થાઓ.

તો ઈશ્વરની સહાય માગીને આ વર્ષની શરુઆતથી ઉદાર થતા શીખજો. તમારી સારી ચીજોનાં અન્ય તંગીવાળાને ભાગીદાર બનાવજો. પ્રભુ ઈસુ વર્ષ દરમિયાન તમારી સાથે હો અને તેમના સર્વ આશીર્વાદના તમે ભાગીદાર બનો એવી રીતે જીવવાને તમારી સહાયતા કરો.



# નવું વર્ષ ભાગ-૨

ગત વર્ષ દરેકને માટે જુદા જુદા અનુભવો આપી ગયું. કોઇ આનંદના તો કોઇ દુઃખના, તો કોઇ નિરાશાના, તો કોઇ નવિન સિદ્ધિના અનુભવો કર્યા હશે, કોઇએ માંદગીના અને તેમાંથી સાજાપણાનો અનુભવ કર્યો હશે. કદાચ કોઇએ પોતાના સ્વજનને ગુમાવ્યાનો પણ અનુભવ કર્યો હશે ! આમ અનેકવિધ અનુભવોમાંથી પસાર થઇ તમે ઇશ્વરકૃપાએ નવા વર્ષમાં આવી પહોંચ્યા ! શું તમે ઇશ્વરપિતાનો આભાર માન્યો ? શું આ નવું વર્ષ તમે ઇશ્વરપિતાને સોંપ્યું ? જો તેમ કર્યું હશે તો જરૂર નવું વર્ષ તમારે માટે કોઇ નવો જ જીવનસંદેશ લાવશે. તમારામાંથી કેટલાં બધાં બાળકોએ પ્રભુ ઇસુને પોતાના હૃદયમાં સ્થાન આપવાનો વિચાર ગત વર્ષ સુધી કર્યો જ નહિ હોય ! તો આ નવા વર્ષમાં તમે પ્રભુ ઇસુને તમારું જીવન સોંપી દો અને તમને અનુભવ થશે કે આ જીવન ખરેખર આનંદ, શાંતિ અને પ્રેમથી ભરપૂર બને છે.

સોનલ ખૂબ જ તોફાની, વેર લેનારી અને વાતવાતમાં ઝઘડી પડનારી છોકરી હતી. ઘરમાં નાનાં મોટાં સર્વને બહુ જ હેરાન કરી મૂકતી હતી. શાળામાં અને ઘરે બધાંને કંટાળો આપનારી હતી. પણ હમણાં હમણાં તેનામાં અજાયબ જેવો ફેરફાર લાગતો હતો. તે ખૂબ જ શાંત અને પ્રેમાળ બની ગઇ હતી. શાળામાં નાતાલની પાર્ટી હતી. બધાં બાળકો સુંદર સુંદર વસ્ત્રો પહેરીને પાર્ટી માણવા આવ્યાં હતાં, સોનલ પણ આનંદભેર આવી હતી. જાતજાતની આનંદની રમતો, રમૂજી ટૂચકા, સુંદર સુંદર ગીતો વગેરેથી બરોબર રંગ જામ્યો હતો. છેલ્લે નાસ્તા પાણીનો પ્રોગ્રામ શરૂ થયો. દરેકને એકેક નાની ડીશ આપવામાં આવી હતી. તેમણે સામે ટેબલ તરફ જઇને નાસ્તો અને ચોકલેટ મિલ્કનું કપ લઇને પોતપોતાના સ્થાન પર અથવા તો જેમાં ફાવે તેવા ગૃપમાં નાસ્તો માણવાનો હતો. શ્વેતા ખૂબ તોફાની હતી. સોનલે પોતાની ડીશમાં વાનગીઓ લઇ લીધી, ત્યારે શ્વેતા આજુબાજુ જોયા કે વિચાર્યા વગર

પોતાની ખાલી ડીશ હવામાં ઉછાળતી ટેબલ તરફ આવી રહી હતી. સોનલનું ભરેલી ડીશ સાથે પાછું ફરવું અને શ્વેતાનો બરોબર ધક્કો લાગ્યો. ટ્રે હાથમાંથી નીચે, બધું વેરવિખેર થઇ ગયું. શ્વેતા જોરથી હસવા લાગી, બધાંને મનમાં હતું કે સોનલ બરોબરનું વેર લેશે ! પણ આ શું ? સોનલ કંઇ પણ બોલ્યા ચાલ્યા વગર નીચે પડેલો નાસ્તો કોઇના પગ નીચે ના આવે તેથી બને તેટલો ભેગો કરીને કચરા ટોપલીમાં નાખી આવી અને તેની બીજી બહેનપણીઓ સાથે ભળી ગઇ.

શ્વેતાને શિક્ષકનો ઠપકો સાંભળવો પડયો. તેમણે સોનલને આગળ બોલાવી, શ્વેતાની પાસે સોનલની માફી મંગાવી. સોનલે કહ્યું, "કંઇ વાંધો નહિ, શ્વેતાએ મને જાણી જોઇને ધક્કો માર્યો નહોતો, પણ શ્વેતાએ શિસ્તમાં રહીને કામ કર્યું હોત તો આ પરિણામ આવત નહિ." સોનલને ફરીથી ડીશ ભરીને નાસ્તો મળ્યો. પ્રિન્સિપાલે સુધરેલી વર્તણૂકની પ્રશંસા કરી.

શ્વેતા જ્યારે પોતાના નાસ્તા સાથે પાછી ફરી ત્યારે સોનલે તેને પ્રેમથી પોતાની પાસે બોલાવી. શ્વેતા ખૂબ શરમાઇ ગઇ. બધાં સોનલના આ નવા બદલાયેલા વર્તનથી ખૂબ જ આશ્ચર્ય પામ્યા. જ્યારે બધાં ઘેર જતાં હતાં ત્યારે શ્વેતા પણ સોનલની સાથે જ હતી. ધીમે ધીમે બધાં છૂટાં પડયાં પછી શ્વેતાએ સોનલને થોડીવાર ઊભી રાખી અને તેને કહ્યું, 'સોનલ, તારામાં કેટલો બધો ફેરફાર થઇ ગયો છે ! મને તો એમ લાગતું હતું કે તું મારી સાથે ખૂબ ઝઘડશે અને કદાચ મને મારશે પણ ખરી, તારામાં આટલો બધો ફેરફાર શી રીતે થયો ? આજે મારાથી તને ઘણું નુકસાન થયું તેથી મને બહુ જ શરમ લાગે છે,' સોનલે તેને કહ્યું, 'જો શ્વેતા, આજે મારી ઇચ્છા હતી કે હું તને મારા બદલાઇ ગયેલા સ્વભાવ વિષે કંઇક જણાવું. બે મહિના પહેલાં સુનંદા આન્ટી મારાં મમ્મીને બહુ જ આગ્રહ કરીને દેવળમાં લઇ ગયાં, હું પણ તેમની સાથે ગઇ. પાળક સાહેબે ખૂબ જ સરસ ભાષણ કર્યું. આપણને પ્રભુ ઇસુની કેટલી બધી જરૂર છે તે વિષે એકદમ સમજણ પડી જાય તે રીતે કહ્યું અને પછીથી તેમણે જણાવ્યું કે જેઓ પોતાનાં સર્વ પાપ કબૂલ કરીને પ્રભુ

ઈસુને પોતાના હૃદયમાં આમંત્રણ આપવા માગે છે તેઓ પોતાની જગા પર ઊભા થશો, મારાં મમ્મી ઊભાં થયાં. તેમણે પ્રભુ ઈસુને પોતાના હૃદયમાં સ્વીકાર્યા. ઘેર જઈને સાંજે મેં પણ મારાં મમ્મીની સાથે બેસીને પ્રભુ ઈસુને મારાં પોતાના તારનાર બનાવ્યાં. મને મારામાં કંઈક નવું નવું લાગ્યું. જાણે મારાથી ખોટું કરી શકાય નહિ તેવું મને ભાન થયું, મારાં મમ્મીએ કહ્યું કે, આ તો હવે પવિત્ર આત્મા તને પ્રભુ ઈસુના માર્ગમાં ચાલવા માટે તારી દોરવણી કરશે. શ્વેતા એક ધ્યાનથી બધું સાંભળી રહી. છેવટે તેણે પણ રસ્તામાં આંબાના એક ઝાડ નીચે પ્રભુ ઈસુનો પોતાના અંગત તારનાર તરીકે સ્વીકાર કર્યો.

આ પછી સોનલની બધી સખીઓ પ્રભુ ઈસુના માર્ગમાં આવી.

વહાલાં બાળકો, શું તમે સોનલની જેમ તમારા સારા જીવનથી પ્રભુ ઈસુની ઓળખ તમારાં મિત્રોને આપો છો ? છોકરો હોય કે છોકરી હોય તેમણે આ રીતે પ્રભુ ઈસુની સેવા કરવાની છે.

નૂતન વર્ષમાં તમે આવો સારો નિર્ણય કરો તો તમે પ્રભુ ઈસુની સેવા કરનારાં સારાં બાળકો બની શકશો. પ્રભુપિતા તમારી સહાયતા કરો.

તમ સર્વને તથા કુટુંબીજનોને આનંદી નૂતન વર્ષ આશીર્વાદિત બની રહો. આમેન.



# ૨૧ પ્રભુનું બાળક

એક આખું વર્ષ પસાર થઈ ગયું અને નવા વર્ષનો એક આખો મહિનો પણ પસાર થઈ ગયો અને તમારા જીવનનાં એક પછી એક વર્ષ પણ પસાર થતાં રહેશે, તમે વૃધ્ધિ પામતાં રહેશો, જુવાન બનશો, પ્રૌઢાવસ્થા આવશે અને વૃદ્ધાવસ્થા પણ આવશે. ગમે તેટલુ નાનું બાળક હશે પણ સમય સાથે તે વૃધ્ધિ પામશે જ. મોટાં થઈ જવું તે જીવનનો ક્રમ જ છે પણ તેના કરતાંય વધુ અગત્યની બાબત છે, અને તે એ છે કે તમે તમારા જીવનનો વહેણ પણ બદલો. હું જ્યારે જ્યારે પશ્ચિમના દેશોના બાળકોના જીવન વિષે વાંચું છું ત્યારે એક બાબત મારું બહુ જ ધ્યાન ખેંચે છે, તે એ છે કે બાળકો વિચારપૂર્વક પ્રભુ ઈસુનાં બને છે, પોતાનું આગલું જીવન જે બેદરકારીપૂર્વક ગાળ્યું હોય તેની માફી માગે છે અને પ્રભુ ઈસુને પોતાના અંગત તારનાર તરીકે સ્વીકારીને તેમને પોતાના હૃદયમાં આવકાર આપે છે. અને નવા જીવનને વળગી રહ્યાં. જ્યારે અહીંનાં બાળકો ભૌતિકવાનાં એટલે કે ખાવું-પીવું, પહેરવું ઓઢવું, અયોગ્ય રીતે વર્તવું, જાતજાતની ચીજો વસાવવી વગેરે બાબતો પ્રત્યે ખૂબ ધ્યાન આપે છે, પણ તેમને ગમે તેટલી વાર જણાવવામાં આવે તો પણ પ્રભુ ઈસુને પોતાના અંગત તારનાર તરીકે સ્વીકારવામાં બહુ જ સંકોચ અનુભવે છે. ત્યાનું એક બાળક જો પોતાના મિત્રના જીવનમાં સારો ફેરફાર જુએ તો તરત જ તે પણ તેવું બનવા પ્રયત્ન કરશે, ઘણાં સારાં ઘરોમાં પણ બાળકના તારણ માટે માતપિતા બોજ ધરાવતા નથી અને પરિણામે બાળકો વધારે અને વધારે દુનિયા તરફ ઢળી જતાં હોય છે. પોતાનું બાળક નાશને માર્ગે વળી જતું થઈ ગયું છે તે માટે માતાપિતાને કંઈ જ દુઃખ થતું નથી.

આજે ટોમ નામના એક અમેરિકન બાળકની વાત તમને જણાવવા માગું છું.

ટોમની કૂતરીનું નામ જીંજર હતું. એક બે દિવસથી જીંજર કોઈનું

પેપર ઊઠાવી લાવતી હતી, તેથી ટોમના પિતાએ ટોમને કહ્યું કે તું જીંજરની પાછળ પાછળ જા અને સંતાઈને જો કે તે ઘરમાંથી પેપર ખેંચી લાવે છે? ટોમે તપાસ કરી તો તેને જણાયું કે જીંજર મી. જેન્કીન્સને ત્યાંથી પેપર ખેંચી લાવતી હતી. ટોમના પિતાએ તેને ત્રણ દિવસના પેપરનાં પૈસા આપ્યા અને કહ્યું આ પૈસા મી. જેન્કીન્સને આપી આવ અને તેમની માફી માગજે અને કહેજે કે અમે હવેથી સાંજે સાંજે અમારી જીંજરને બાંધી રાખીશું જેથી તે કયાંયથી પેપર ખેંચી લાવે નહિ.

જો કે ટોમ મી. જેન્કીન્સનથી બહુ જ બીતો હતો, કારણ કે તેમના મોં પર કદી હાસ્ય ફરકતું નહિ, છતાં ટોમે વિચાર્યું કે મેં પ્રભુ ઈસુનો સ્વીકાર કર્યો છે તેથી મારે બીવું જોઈએ નહિ. તે મનોમન પ્રાર્થના કરવા લાગ્યો કે પ્રભુ ઈસુ તમે મને હિંમત આપો. દાઉદ, દાનિયેલ, એસ્તરરાણીને તમે કેટલાં હિંમતવાન બનાવ્યાં તેવું મને પણ બળવાન મન આપો. રસ્તામાં તેને તેનો મિત્ર રોજર મળ્યો. તેણે ટોમને કહ્યું ચાલ, પકડદાવ રમીએ. ટોમ તેની સાથે જવા ફંટાયો અને કંઈક યાદ આવતાં તે અટકી ગયો. તેણે કહયું, ‘‘ના, ના, રોજર, આજે હું તારી સાથે રમી શકીશ નહિ, મારે એક ખાસ કામ કરવાનું છે ! મારે મી. જેન્કીન્સને ઘેર જવાનું છે.’’ રોજરે પૂછયું, ‘તું ત્યાં જઈશ? ટોમે કહ્યું, ‘હા, હું જઈશ’. પછી તે મનમાં પ્રાર્થના કરવા લાગ્યો કે, પ્રભુ ઈસુ તમે મારા હૃદયમાં છો, યોગ્ય કરવા માટે મારી મદદ કરો.


હવે ટોમ મી. જેન્કીન્સના ઘેર પહોંચવા આવ્યો. તેણે ધીરેથી દરવાજો ખટખટાવ્યો. કોઈનો અવાજ સંભળાયો નહિ. ટોમ ખૂબ જ બીતો હતો. ફરીથી તેણે દરવાજો વધુ જોરથી ખટખટાવ્યો. અંદરથી જવાબ આપ્યો અને જરીક જ વારમાં મી. જેન્કીન્સ તેમની ભયજનક મુદ્રા સાથે આવી પહોચ્યાં. ટોમે તેમના હાથમાં પૈસા મૂકતા જીંજરની વાત કરી અને કહ્યું, મારી કૂતરી જીંજર બે, ત્રણ દિવસથી તમારાં પેપર ખેંચી લાવે છે. હવેથી દર સાંજે અમે તેને બાંધી દેવાનાં છીએ, આ નુકસાન માટે માફ કરશો. મી. જેન્કીન્સને

પૈસા સ્વીકાર્યા અને અંદર જતા હતા એટલામાં ટોમે કહ્યું, મહેરબાની કરીને એક મિનિટ થોભશો ? એક વખત મેં તમારી પર્શિયન બિલાડી પર પથરા ફેંક્યા હતા તેને માટે મને માફ કરજો, હવે પ્રભુ ઈસુએ મને પાપથી બચાવી લીધો છે અને હવે પછી કંઈ પણ કરીશ નહિ.

મી. જેન્કીન્સે કહ્યું તું ખરેખર હિંમતવાળો છોકરો છે, અને હવેથી હંમેશા તું આ જ રીતે જીવજે. મને થાય છે કે હું પણ અત્યારે છું તેના કરતાં સારું જીવન જીવતો હોત તો કેટલું સારું થાત !'

ટોમે કહ્યું, 'પ્રભુ ઈસુ તમને પણ બચાવી શકે છે.' મી. જેન્કીન્સનું મોં લાલ થઈ ગયું, ટોમે વિચાર્યું કે તે વધુ પડતું બોલ્યો હતો, અને તેમને ગુસ્સે કર્યા, પણ જેન્કીન્સ ટોમ તરફ હસ્યા અને ટોમે વિદાય લીધી, હવે તેના હૃદયમાં વધારે આનંદ હતો

વહાલાં બાળકો, પ્રભુ ઈસુ આજે પણ તમને પોતાનાં બાળકો બનાવવા ચાહે છે. યોહાન ૧ : ૧૨ વાંચો, તેમના પર વિશ્વાસ કરો, પાપની માફી પામો અને ઈસુને તમારાં હૃદયમાં સ્વીકારો, પ્રભુ તમારી સહાયતા કરશે.



# ૨૨ ગુડ ફ્રાઈડે અને ઈસ્ટર

ઈસુ ઊઠયા છે. ઈસ્ટરની પ્રેમી સલામ. ઈસ્ટરનો આનંદ તમ સર્વનાં હૃદયોને ઉલ્લાસિત કરો અને ઈસ્ટરના પ્રભુનો મહિમા તમારા ઉપર પ્રકાશતો રહે તેવી મારા હૃદયની પ્રાર્થના છે. "બાળકો, કંઈક વિચારીશું?" કોલમમાં તમે ઈસ્ટર વિષેનું મનન વાંચ્યું હશે અથવા તો વાંચશો, પણ આ વખતે ગુડફ્રાઈડેને ભૂલી જઈએ તે કેમ ચાલે?

પ્રભુનું મહાન કાર્ય કે જેને માટે તે આવ્યા તે શી રીતે ભૂલાય? જો ગુડફ્રાઈડેનું કાર્ય પૂર્ણ થયું ના હોત તો ઈસ્ટર હોત જ નહિ. જે મુક્તિનો આનંદ ઈસ્ટર પર આપણે પ્રદર્શિત કરીએ છીએ તેના હાર્દમાં તો 'ગુડફ્રાઈડે' જ છે. ગુજરાતી શબ્દ 'ભલો શુક્રવાર'. આ દિવસે દુનિયાનું એક ભલામાં ભલું કાર્ય જે કોઈ પણ માનવી કરી શકે નહિ તે કાર્ય પ્રભુ ઈસુ, ઈશ્વરના પુત્ર માનવ બનીને આ પૃથ્વી પર આવ્યા તેમણે કર્યું.

તેમના વિષે યશાયા પ્રબોધકે લખ્યું છે કે, "ખચીત તેણે (ઈસુએ) આપણાં દરદ માથે લીધાં છે, ને આપણાં દુઃખ વેઠયાં છે; પણ આપણે તો તેને હણાયેલો, દેવથી માર પામેલો, તથા પીડિત થયેલો માન્યો, પણ આપણા અપરાધોને લીધે તે વીંધાયો, આપણાં પાપોને લીધે તે કચડાયો, આપણને શાંતિ પ્રાપ્ત કરાવવાને માટે તેને શિક્ષા થઈ, ને તેના સોળથી આપણને સાજાપણું મળ્યું છે, આપણે સર્વ ઘેટાંની પેઠે ભટકી ગયાં છીએ. દરેક પોતપોતાને માર્ગે વળી ગયો છે, અને યહોવાહે તેના પર આપણ સર્વનાં પાપનો ભાર મૂકયો છે."

તમારાં અને મારાં અને આખી દુનિયાનાં પાપનો ભાર પ્રભુ ઈસુએ પોતાના પર લીધો. જેમણે કદી પણ પાપ કર્યું નહોતું, જેમને પાપ માફ કરવાનો અધિકાર હતો તેમને આ પાપનો બોજ કેટલો અસહ્ય લાગ્યો હશે, અને તે

એટલે સુધી અકળાવનારો હતો કે વધસ્તંભ પર તે પોકારી ઊઠયા કે "ઓ મારા દેવ, મારા દેવ, તમે મને કેમ મૂકી દીધો છે ? " ઈશ્વર પણ જાણે તેમનાથી મોં ફેરવી ગયા હોય તેવો અનુભવ પ્રભુએ કર્યો ? સઘળું ભારે વેદના અને કષ્ટથી સહ્યું, ત્યારે જ તે પોકારી ઊઠયા, 'સંપૂર્ણ થયું ! શું સંપૂર્ણ થયું ? પાપોની કારમી શિક્ષા જે આપણે ભોગવવાની હતી તે દરેક પાપ માટે પ્રભુના શરીરનું એકે એક ટીપું વહી ગયું. આજે તે જ વિશ્વાસથી પોતાને પાપી સમજનાર વ્યક્તિ પોતાના પાપોની માફી પ્રભુ પાસે માગી શકે છે, મેળવી શકે છે, ઉધ્ધાર પામી શકે છે, કયારે ? પ્રભુ જે આજ્ઞા આપે છે તે પાળવાથી. નીચેની વાત પરથી સમજી શકશો.

"પપ્પા ! પપ્પા !" જાણે બહુ દૂરથી નાનો મનુ બોલાવી રહ્યો હોય ! તેના પિતા બહાર નીકળ્યા, આમતેમ દૂર નજર કરી, પણ કોઈ દેખાયું નહિ ! ફરી બૂમ સંભળાઈ. ખેતરમાં નવો કૂવો હતો તેની ઉપર ઢાંકણ મૂકયું હતું, તે કોઈએ ખસેડી નાખ્યું હતું. મનુના પપ્પા સુનીલભાઈ હાંફળા ફાંફળા તે તરફ દોડતા જાય અને બૂમો પાડતા જાય કે, "હું આવી જ રહ્યો છું, ગભરાઈશ નહિ" તેમણે કૂવામાં નજર કરી તો સાચે જ મનુ હજી અર્ધ ખોદેલા કૂવાના કાણામાં તેમને દેખાયો.

તેના પપ્પાએ કહ્યું, જો, આ તારા મમ્મી પણ આવી પહોંચ્યાં છે. ગભરાઈશ નહિ પરંતુ કૂવામાં ઊતારેલી પાઈપ તારી બાજુમાં જ છે તે પકડી લે. સુનીલભાઈ વિચારમાં પડયા એટલું લાંબું દોરડું લાવવું ક્યાંથી ? એકાએક તેમણે ઘોડાઓની ખરીઓનો અવાજ સાંભળ્યો. કેટલાંક ગોવાળિયાઓ પોતાની ગાયો અને બળદોને ચરાવવા તે તરફ નીકળ્યાં હતાં. સુનીલભાઈએ તેમને આજીજીપૂર્વક વિનંતી કરી કે, "મહેરબાની કરીને અહીં આવો, અને મને મદદ કરો. મારો છોકરો કૂવામાં પડી ગયો છે." ગોવાળિયાઓ જલદીથી આવ્યા. તેમની પાસે લાંબું દોરડું હતું. સુનીલભાઈએ મનુને કહ્યું "દીકરા,

અમે ઊપરથી દોરડું નાખીએ છીએ. તને જલદીથી બહાર કાઢી લઈશું ! તું પેલી પાઈપ મજબૂત રીતે પકડી રાખજે."

ગભરાતે અવાજે મનુએ કહ્યું "સારું પપ્પા" "જો દોરડું આવી રહ્યું છે."

"હા, પણ હું તેને પહોંચી શકતો નથી." થોડી જ વારમા તું તેને પહોંચી શકીશ પરંતુ તું પાઈપ છોડીશ નહિ.

અચાનક મનુએ બૂમ પાડી, પપ્પા, મારા હાથમાં દારડું આવી ગયું છે."

તેના પપ્પાએ કહ્યું, "બહુ સરસ ! તેમાં છેડે ગાળિયો છે, તેમાં તારું માથું અને ખભા લઈ લે ! તું પાઈપના આધારે દોરડે લટકી રહેજે તો લપસી જવાશે નહિ."

નીચે સુનીલભાઇ તથા ગોવાળિયાઓ મનુ ગાળિયામાં પોતાના શરીરને પરોવવા મથામણ કરતો હતો તે જોઈ રહ્યા.

છેવટે પિતાએ પૂછયું, "દોરડામાં તું લપેટાઇ ગયો ?"

મનુએ કહ્યું "હા....પપ્પા....લગભગ અંદર છું હા, હા, હવે બરોબર થઈ ગયું."

ધીમે ધીમે સંભાળપૂર્વક ગોવાળિયાઓએ મનુને ઉપર ખેંચ્યો. પપ્પાના આતુર હાથો દીકરાને ઊંચકી લેવા તૈયાર હતા. થોડી જ વારમાં તો તે તેનાં મમ્મીના હાથોમાં આવી ગયો. છેક જ પલળી ગયેલો, કીચડથી ભરેલો અને ઠંડી તેમ જ ભયથી ધ્રૂજતો મનુ માના હાથમાં સલામત હતો !

એક ગોવાળિયાએ કહ્યું, "આટલો બધો કાદવથી ખરડાયેલો છોકરો તો મેં આજે જ જોયો !" તારા પપ્પાએ જે કહ્યું તે જ તેં કર્યું તેથી જ અમે તને

સારી રીતે ખેંચી શકયા''

સુનીલભાઈ આભારી અંતઃકરણે ઈશ્વરપિતાને કહ્યું ''પ્રભુ તમારો આભાર. તેણે મારું કહ્યું બધું જ કર્યું''.

જયાં સુધી કોઈપણ બાળક કે વ્યક્તિ પ્રભુ ઈસુની પાસે આવે નહિ ત્યાં સુધી તે કૂવામાં પડેલા છોકરાના જેવાં જ છે. પાપે પોતાના પંજામાં આપણને સપડાવી દીધા છે. આપણે જાતે આપણી મદદ કરી શકતાં નથી. જે પ્રમાણે મનુએ પિતાની આજ્ઞા માની અને બચી ગયો, ને કરુણ અંત આવવાનો હતો તે પોતાના પિતાની આજ્ઞા માનવાથી ના આવ્યો. શું તમે ઈશ્વરની આજ્ઞા માનો છો ? તમે તેમને કહો છો કે ''હું પાપરૂપી કીચડમાં ડૂબી જઉં છું, હે પ્રભુ ઈસુ, મને બચાવો.'' ઈસુ જરૂર તમારી બૂમ સાંભળશે, તમારા પાપોરૂપી કીચડ ધોઈ નાખશે તમને સ્વચ્છ બનાવશે. કારણ કે તેમણે વધસ્તંભ પર પોતાનું સંપૂર્ણ બલિદાન આપ્યું છે કે જેથી વિશ્વાસ કરીને તમે બચી જાઓ.

આ છે 'ગુડફ્રાઈડે' નો મહિમા. તે છે સમાધાનીનું પર્વ. તે છે માફી માગવાનું પર્વ ! તે છે પાપનું કીચડ પ્રભુ પાસે ધોવડાવવાનું પર્વ. પ્રભુ શું કહે છે ?

''તમારાં પાપ જો કે લાલ વસ્ત્રનાં જેવાં હોય, તો પણ તેઓ હિમ સરખાં શ્વેત થશે, જો તે કિરમજનાં જેવાં રાતાં હોય, તો પણ તેઓ ઊન સરખાં થશે. જો તમે રાજી થઈને મારું માનશો, તો દેશની ઉત્તમ પેદાશ ખાશો, પણ જો તમે મારાથી વિમુખ થઇને દ્રોહ કરશો તો તમે માર્યા જશો.'' યશા. ૧ : ૧૮ થી ૨૦.

વહાલાં બાળકો શું તમે પ્રભુનું વચન માનશો ? અને ગુડફ્રાઈડે તથા ઈસ્ટર આશીર્વાદિત બનાવશો ? પ્રભુ તમારી સહાયતા કરો.

# ૨૩ ઉદાર મન

"ઉદાર દૃષ્ટિના માણસ પર આશીર્વાદ ઊતરશે; કેમ કે તે પોતાના અન્નમાંથી દરિદ્રને આપે છે. નીતિ.૨૨ : ૯.

નાનો મનુ સન્ડેસ્કૂલમાં ઉપરનું વાક્ય શીખી લાવ્યો, રસ્તામાં પણ તેને શિક્ષકે ઉદાર મન વિષે શીખવ્યું તે પર તે વિચાર કરતો કરતો ઘર તરફ જઇ રહ્યો હતો.

જ્યારે તે ઘેર પહોંચ્યો ત્યારે તેણે પોત્તાની નાની બહેન જેનીને જોર જોરથી કોઇને ધમકાવતાં સાંભળી. તેણે નજીક જઇને જોયું તો પોતાની કામવાળીબાઇ માણેકની દીકરી જે જેનીના જેવડી જ હતી તેને જેની ધમકાવી રહી હતી. તેને ધક્કા મારીને કાઢી મૂકતી હતી. મનુએ તેમ કરવાનું કારણ પૂછયું તો જેનીએ ખૂબ ગુસ્સામાં કહ્યું, 'જો ને, આ મારી કેટલી સુંદર ડોલી આ ગંદી ગોબરી નીમુ માગી રહી છે ? કહેતાં તેણે નીમુને ધક્કો મારતાં કહ્યું, "જા, જતી રહે, અહીંથી ફરીથી જો આવીશ તો તને બાંધીને મારીશ !" મનુ તો ખૂબ જ દુઃખી થઇ ગયો, તેણે જેનીને કહ્યું, જેની આજે જ હું સન્ડેસ્કૂલમાં શીખ્યો કે જે મોટું મન રાખીને પોતાના કરતાં ગરીબોને આપે છે તેને પ્રભુ આશીર્વાદ આપે છે. આપણને મમ્મીએ પેલા ચમત્કાર વિષે કહ્યું હતું કે એક છોકરાએ ઉદારતાથી આપેલી પાંચ રોટલી અને બે માછલીને આશીર્વાદિત કરી અને સ્ત્રીઓ, બાળકો ઉપરાંત પાંચ હજાર પુરુષોને જમાડયા, તો આજે તેં જે વર્તન નાની લીલુ પ્રત્યે બતાવ્યું તે પ્રભુ ઈસુને જરા પણ ગમ્યું નહિ હોય. જો તે સામે બેઠી બેઠી રડે છે, તેની મમ્મી બીજાને ઘેર કામ કરવા જાય છે ત્યારે આપણે તેને સારી રીતે રમાડવી જોઇએ. તે ભૂખી હોય તો તેને રોટલી આપવી જોઇએ. જો ને, તેની ફ્રોક છેક જ ફાટી ગઇ છે તારી પાસે જૂની ઘણી ફ્રોક છે. જો તું મમ્મીને પૂછે તો તે તને ના તો ના જ કહે. હવે ફરીથી આવું કદી પણ કરીશ નહિ. જા હમણાં જ જઇને તેને બોલાવી લાવ. તે ભલે અહીં બેસીને રમે. તારી પેલી જૂની ડોલી છે. તેનાથી તું કદીપણ

રમતી નથી તે ડોલી તેને આપ અને તેને તારી સાથે રમાડ.

જેની ખૂબ જ દુઃખી થઇ. પોતાનાં વર્તન બદલ તેને શરમ લાગી. તે ધીમે પગલે ઘરમાં ગઇ. પોતાની જૂની ડોલી રમકડાંમાં પડી રહી હતી તે હાથમાં લીધી. કપડાંથી તેને લૂછી નાખી અને તેને લઇને બહાર આવી. તેણે લીલુને બૂમ પાડીને બોલાવી. પોતાના હાથમાંની ઢીંગલી બતાવી ઇશારો કર્યો કે આ તારી ઢીંગલી. લીલુ તો નિરાશ થઇને બેઠી હતી. ઢીંગલી જોતાં જ તે ઊભી થઇ ગઇ અને હસતી હસતી આવી. જેનીએ તેને કહ્યું, "લે, આ તારી ડોલી છે. તું તેનાથી હવે રોજ રમજે, હોં !" લીલુ તો ખુશ ખુશ થઇ ગઇ. તે પોતાની ડોલીને ખૂબ વહાલ કરવા લાગી.

એટલામાં મનોરમાબહેન સ્કૂલમાંથી આવ્યાં. લીલુ તેમને ડોલી બતાવવા લાગી. મનોરમાબહેન ખુશ થતાં બોલ્યાં, "અરે વાહ !" આજે તો મારી જેની ડાહી ડાહી બની ગઇ છે ! એમ કહીને પર્સ ખોલી તેમાંથી ચોકલેટ કાઢી ત્રણે બાળકોને વહેંચી આપી.

જેનીએ કહ્યું, "મમ્મી, હવેથી હું ઇસુ બાપને ગમે છે તેવું જ બધું કરીશ. મને મનુએ જે બધું કહ્યું છે તે પ્રમાણે કરીશ. હું લીલુને ધક્કા મારતી હતી તે ઇસુ બાપ મને માફ કરશે ?" મનુએ મમ્મીને બધી વાત કરી. મમ્મીએ જેનીને બાથમાં લઇ લીધી અને તેને કહ્યું, "તું ઇસુ બાપ પર પ્રેમ કરવા માગે છે તેથી તેમને તો ઘણો જ આનંદ થાય છે. મારાં બાળકો ઇસુ બાપનાં હોય તેમાં જ મને તો ખૂબ આનંદ મળે.

વહાલાં બાળકો, શું ઘણામાંથી તમે થોડું બીજાંઓ કે જેઓ ગરીબ છે તેમને આપશો ? તમારા જ્ઞાનનો લાભ બીજાં નબળાં વિદ્યાર્થીઓને આપશો ? મુશ્કેલીમાં હોય તેમને મદદ કરશો ? તમારા ઘરમાં વૃદ્ધ દાદા કે દાદીમા હોય તેમની સેવા કરશો ? મમ્મી-પપ્પાના કામમાં મદદરૂપ બનશો ? આવાં બધાં કામથી પ્રભુ ઇસુ તમારા પ્રત્યે ખૂબ રાજી રહેશે. અને તમે પણ આનંદમાં રહેશો. પ્રભુ પિતા તમને તેમ કરવા સહાય કરો. આમેન.

# ૨૪ ઈશ્વરનું સામર્થ્ય

"જે મને સામર્થ્ય આપે છે તેની સહાયથી હું બધું કરી શકું છું."
ફિલિપ્પી ૪ : ૧૩
હેરોલ્ડ હીન્કનું નાક.

હેરોલ્ડ જે સન્ડેસ્કૂલમાં જતો હતો તે સન્ડેસ્કૂલમાં આજે એક મોટા નેવી ઓફિસર (દરિયાઈ લશ્કરના અધિકારી) બાળકોને સંદેશો આપવા આવવાના હતા, આથી હેરોલ્ડે પોતાનું નવું શુટ, ટાઈ, બૂટ, મોજાં પહેરી લીધા અને પોતે કેવો દેખાય છે તે જોવા આરસી સામે ઊભો રહ્યો, બધું બરોબર હતું. વાળ પણ સુઘડ રીતે ઓળવેલા હતા. પણ નાક તરફ તેની નજર ગઈ અને તેનો ચહેરો ઊતરી ગયો, હા, હેરોલ્ડનું નાક ઘણું જ બેડોળ હતું. ખૂબ જ લાંબુ અને વધુ પડતું પહોળું હતું.

આજે સન્ડેસ્કૂલમાં જતી વખતે રસ્તામાં તેને બે જ બાબતોના વિચારો આવતા હતા. તેનું નાક અને નેવી ઓફિસર. આ નેવી ઓફિસર નેવીમાં પાળક તરીકેની પણ સેવા આપતા હતા. હેરોલ્ડ વિચારતો હતો કે નેવી ઓફિસર તેમને મોટા જહાજો, અને દરિયા અને દરિયાંનાં તોફાનો વિષે કહેશે અને પોતે નેવીમાં કેવી રીતે પ્રભુની સેવા કરે છે તે પણ કહેશે.

હેરોલ્ડને વિચાર આવ્યો કે, "હું પણ પ્રભુ ઈસુ માટે કંઈક સેવા કરવા માગું છું પણ મારા આવા બેડોળ નાકથી હું શું કરી શકું !

એટલામાં તો પાછળ સન્ડેસ્કૂલમાં મોટાં છોકરાં આવી રહ્યાં હતાં; તેમાંનો એક છોકરો દોડતો દોડતો હેરોલ્ડની પાછળ આવ્યો અને બૂમો પાડવા લાગ્યો કે "બેડોળ નાકવાળો, હેરોલ્ડ બેડોળ નાકવાળો ?"

હેરોલ્ડે કહ્યું, "જતો રહે." એમ કહીને હેરોલ્ડે દોટ મૂકી ભાગવા લાગ્યો. હેરોલ્ડ ચર્ચ પાસે આવી પહોંચ્યો એટલામાં કેટલાંક બાળકોની નજર

તેના પર પડી અને તેઓ પણ તેને ખીજવવા લાગ્યા કે, "હાથીની સૂંઢ જેવા લાંબા નાકવાળો હેરોલ્ડ, લાંબા નાકવાળો હેરોલ્ડ !

આ બધાં મશ્કરી કરી રહેલાં બાળકોને બરોબર મારવાનું હેરોલ્ડને મન થઈ આવ્યું અને તેણે જોરથી કહ્યું, 'તમે બધાં ખૂબ ખરાબ છો. હું તમને મારીશ.' એમ બોલીને તે મારવા જતો હતો એટલામાં તેને યાદ આવ્યું કે, ઈશ્વરની ઇચ્છા નથી કે તે બધા છોકરા સાથે ખરાબ રીતે વર્તે તેથી મારવાનો વિચાર પડતો મૂકીને તે દોડીને પ્રભુમંદિરમાં જતો રહ્યો.

એટલામાં તેની પાછળથી કોઈએ આવીને તેના ખભા પર હાથ મૂકતાં કહ્યું "તું કેમ રડે છે ?" હેરોલ્ડે જોયું કે તે તો નેવી ઓફિસર હતા.

હેરોલ્ડે આંખમાં આવેલાં આંસુ લૂછતાં કહ્યું, "હું રડતો નથી. એ તો બધાં બાળકો મારા બેડોળ નાકની મશ્કરી કરે છે તેથી મને દુઃખ લાગ્યું."

નેવી ઓફિસરે કહ્યું, "મારી સામે જો અને મને તારું બેડોળ નાક બતાવ." હેરોલ્ડે બરાબર સામે જોયું તો નેવી ઓફિસરનું નાક પણ એવું જ મોટું અને બેડોળ હતું, હેરોલ્ડ જોરથી બોલી ઊઠયો "અરે ! આ શું તમારું નાક પણ વિચિત્ર છે !"

ઓફિસરે કહ્યું, "હા, તે વિચિત્ર જ છે. લાંબુ અને પહોળું ! પણ તેના વડે હું સરસ રીતે સૂંઘી શકું છું."

હેરોલ્ડ હસ્યો અને કહેવા લાગ્યો કે, "એમ તો હું પણ સૂંઘી શકું છું પણ મારે પ્રભુ ઈસુની સેવા કરવી છે તે શી રીતે કરી શકું ? બધાં મારી મશ્કરી કરે તો !"

ઓફિસરે પૂછયું, "તું ઈશ્વર પર પ્રેમ કરે છે ? હેરોલ્ડે કહ્યું, "જરૂર, હું ઈશ્વર પર ખૂબ પ્રેમ કરું છું, અને તેથી જ મારે તેમની સેવા કરવી છે." ઓફિસરે પૂછયું "ત્યારે તું તેમનો હુકમ માને છે ?" હેરોલ્ડે કહ્યું, 'જ્યારે જ્યારે મને યાદ રહે છે ત્યારે હું ચોક્કસ તેમનો હુકમ માનું છું. થોડા સમય

પર બધાં મારી મશ્કરી કરતાં હતાં ત્યારે તેમને મારવાનું મને મન થઈ આવ્યું, પણ જ્યારે મને યાદ આવ્યું કે ઈશ્વરને આ નહિ ગમે ત્યારે મેં તેમને મારવાનો વિચાર માંડી વાળ્યો.

"ત્યારે હેરોલ્ડ, તને શું લાગે છે ? ઈશ્વરને કેવા લોકો તેમની સેવા કરે તે ગમે છે ? જે લોકો તેમના પર પ્રેમ કરે અને તેમની આજ્ઞા પાળે તે લોકો, કે જેમને સુંદર સુંદર નાક હોય પણ ઈશ્વરની આજ્ઞા ના માનતા હોય તેવા લોકો ?"

હેરોલ્ડ આનંદથી બોલી ઊઠયો, "ઈશ્વરને તો તેમની આજ્ઞા માને તેવા જ લોકોની જરૂર છે."

ઓફિસરે હેરોલ્ડનો હાથ પકડતાં કહ્યું, "ચાલ, આપણે હવે સન્ડેસ્કૂલના હોલમાં જઈએ અને ત્યાં ઈશ્વરે મને પોતાનું કામ કરવા શી રીતે પસંદ કર્યો તે જણાવીશ. મારું નાક પણ બેડોળ છે છતાં ઈશ્વરે મને તેમનું કામ કરવા પસંદ કર્યો છે. કેટલાક ધારે છે તેમ સુંદર જ નાક હોવું જોઈએ તેવું નથી. સન્ડેસ્કૂલમાં વાત કરવા માટે હું જે ચિત્રો લાવ્યો છું તે બધાંની સામે દેખાડવા માટે હું તારી મદદ લેવા માગું છું."

હેરોલ્ડ ખૂબ ખુશ થયો અને નેવી ઓફિસરનો આભાર માનતાં ઈશ્વરનો પણ આભાર માન્યો કે તે જ ઘડીથી ઈશ્વરે તેની પસંદગી કરી હતી.

જ્યારે બીજાં બાળકોએ હેરોલ્ડને ઓફિસરની સાથે આવતો જોયો ત્યારે તેમને પણ લાગ્યું કે અમે પણ હેરોલ્ડ હોત તો કેવું સારું !

બાળકો, જ્યારે જ્યારે તમને તમારા શરીરમાં કશી ખામી લાગે અથવા બીજા જેટલાં તમે સુંદર ના હો ત્યારે પણ જો તમે ઈશ્વરની આજ્ઞા માની તેમને રાજી રાખશો તો ઈશ્વર તમારી પસંદગી કરશે અને તમે સમજી શકશો કે ઈશ્વર તમને સેવા કરવાને માટે પોતાનું સામર્થ્ય (બળ) પૂરું પાડે છે.

આજ્ઞાપાલન ખૂબ જરૂરનું છે.

# ૨૫ આપણી ભૂલ

૧૧ વર્ષની લીના એક વી. બી. એસ.માં ગઇ. પ્રથમ દિવસથી જ તેને ત્યાં ખૂબ ગમ્યું. ચોથા દિવસે તેણે પ્રભુ ઇસુનો સ્વીકાર કર્યો, તે જ દિવસે સાંજે તેની સખી બીના તેને ઘેર આવી. તેની પાસે ત્રણ રૂપિયા હતા. તેણે લીનાને કહ્યું લે અત્યારે જ હું મારાં મમ્મીની પર્સમાંથી કાઢી લાવું છું. તારી પાસે રાખ પછીથી આપણે તેમાંથી કંઇ લઇને ખાઇશું. પહેલાં બન્ને સખીઓ વારાફરતી ઘેરથી પૈસા ચોરી લાવીને વાપરતી હતી. પણ આજે લીનાનો જવાબ જુદો જ હતો. તેણે કહ્યું "બીના, આ તો આપણે અત્યાર સુધી કેટલું મોટું પાપ કરીને આપણા હૃદયોમાં અંધકાર ભરતાં હતા, પણ મારાં માસી મને ગયા અઠવાડિયામાં વી. બી. એસ.માં લઇ ગયાં હતાં અને ત્યાં પ્રકાશનાં કામો અને અંધકારનાં કામો જાણતાં અજાણતાં કેવી રીતે કરીએ છીએ અને તેનું પરિણામ શું આવે છે તે વિષે સાંભળ્યું, ત્યારે મને ખરેખર ખૂબ દુઃખ લાગ્યું અને મેં દુઃખિત અને પસ્તાવિક મને પ્રભુ ઇસુની પાસે મારાં પાપો કબૂલ કર્યા અને પ્રભુ ઇસુને મારા હૃદયમાં આવવા વિનંતી કરી. આજે તે મને પ્રકાશિત જીવન જીવવા માટે બળ આપી રહ્યા છે. હવે મને કોઇપણ ખોટું કામ કરવાનું મન થતું જ નથી. બીના, તું પણ પ્રભુ ઇસુની દીકરી બની જાય તો કેટલું સારું ! આપણે અંધકારનાં કામો તજી દઇને પ્રકાશનાં કામો સ્વીકારીએ તો જ આપણે પ્રભુ ઇસુનાં ઉપયોગી બાળકો બની શકીએ.

બીના થોડીવાર સુધી વિચારમાં પડી ગઇ. તેની આંખો આંસુથી છલકાવા લાગી અને તેણે ગળગળા અવાજે લીનાને કહ્યું, "લીના, હું પણ હવેથી કદી પણ પ્રભુ ઇસુને ગમે નહિ તેવું કંઇ જ કરીશ નહિ. બન્ને સખીઓ ઘૂંટણિયે પડી. બીનાએ પ્રભુ ઇસુ પાસે પોતાની બધી ભૂલો કબૂલ કરી માફી માગી અને પ્રભુ ઇસુને પોતાના હૃદયમાં આવવા માટે કહ્યું."

વહાલાં બાળકો, જ્યારે પણ તમને ભૂલોનો ખ્યાલ આવે ત્યારે પ્રભુ ઇસુ પાસે નમ્રતાપૂર્વક પસ્તાવિક હૃદયથી માફી માગી પ્રભુ ઇસુને તમારા અંગત તારનાર તરીકે સ્વીકારી નવા પ્રકાશિત જીવનમાં જીવવાની શરૂઆત કરો. પ્રભુ તમારી સહાયતા કરો.

# ૨૬ શાસ્ત્રવાંચન

"તે માટે બીહો મા; ઘણી ચલ્લીઓ (ચકલીઓ) કરતાં તમે મૂલ્યવાન છો.' માથ્થી ૧૦ : ૩૧

"આકાશમાંના પક્ષીઓને જુઓ; તેઓ તો વાવતાં નથી, ને કાપતાં નથી, ને વખારોમાં ભરતાં નથી, તો પણ તમારા આકાશમાંના પિતા તેઓનું પાલન કરે છે."

વિલી શાંત ચિત્તે પોતાનું બાઇબલ વાંચી રહ્યો હતો. સન્ડેસ્કૂલનાં શિક્ષિકાબહેને વિદ્યાર્થીઓને એક ખાસ અધ્યાય માથ્થીની સુવાર્તામાંથી વાંચવા માટે આપ્યો હતો. તેને કોઇ સીટી મારતું સંભળાયું. વિલી કૂદીને ઊભો થઇ ગયો અને દરવાજા તરફ દોડયો. તેની ધારણા સાચ્ચી જ હતી. તેનો દોસ્ત જીમી જ હતો, તેના હાથમાં ફૂટબોલ હતો.

જીમીએ કહ્યું, "ચાલ, થોડું રમી લઇએ. અંધારું થવાને થોડીવાર છે."

વિલીએ કહ્યું, "સન્ડેસ્કૂલમાં અમને માથ્થીનો એક અધ્યાય વાંચવા માટે આપ્યો છે, તે હું વાંચીને પૂરો કરવા માગતો હતો. પણ જીમીએ તેનો હાથ પકડીને ખેંચ્યો અને રમવા લઇ ગયો. બારીમાંથી વિલીનાં મમ્મી મેબલબહેને વિલીને પૂછયું, "વિલી, તેં અધ્યાય પૂરો કર્યો?" વિલીએ ઝડપથી કહ્યું કે, "હું રાત્રે પૂરો કરી લઇશ." એમ બોલી બન્ને મિત્રો રમવા દોડી ગયા."

સામેના કંપાઉન્ડમાં માર્ક પક્ષીઓ તરફ કાંકરા ફેંકતો હતો અને પક્ષીઓને હેરાન કરી મઝા માણતો હતો. જીમીએ કહ્યું, "માર્કને બોલાવવો છે?" વિલીએ મન બતાવ્યું નહિ તેથી બન્ને મિત્રો રમવા લાગ્યા.

અંધારું થયું તેથી જીમી દોડીને ઘેર ગયો. વિલી ઘરમાં પેસતો જ હતો એટલામાં કોઇએ તેને હાંક મારી. તેણે પાછળ ફરીને જોયું તો તે માર્ક હતો. તેના હાથમાં કંઇક હતું; પરંતુ અંધારામાં દેખાતું નહોતું. માર્ક ગભરાયેલા

અવાજે બોલ્યો, "વિલી, તું સન્ડેસ્કૂલમાં જાય છે તે હું જાણું છું. હું પણ જઉં છું. પરંતુ કોઇ કોઇ વાર જ જઉં છું, મને બાઇબલનું બહુ જ્ઞાન નથી, તને તો હશે જ."

વિલીએ સાંજે કેટલું બાઇબલ વાંચ્યું હતું તે પણ તેને યાદ નહોતું, છતાં તેણે કહ્યું, "હા, થોડુ ઘણું બાઇબલ જાણું છું."

માર્કે પૂછયું, "બાઇબલમાં મરેલા પક્ષી માટે કંઇ લખ્યું છે ?" વિલીએ જરા મૂંઝાતા કહ્યું, "મ-મ-મ મને ખબર નથી. બાઇબલમાં તો ઘણી બાબતો આપી છે જો આપણને શોધતાં આવડે તો".

માર્કે કહ્યું, "હું રમતમાં પક્ષીઓ તરફ કાંકરા ફેંકી રહ્યો હતો અને અચાનક આ ચકલીને વાગી ગયું, જો ને ! મરી તો નથી ગઇ ને ? વિલીએ હાથમાં ચકલી લીધી તો તે ઠંડી હતી. મરી ગઇ હતી.

માર્કે ગભરાતાં કહ્યું, મારે તેને મારવી ન હતી છતાં મરી ગઇ. વિલીએ કહ્યું, આ તો સારી જાતની ચકલી છે. મરી ગઇ છે ?" માર્કે દુઃખી થતાં પૂછયું, "વિલી, હું હવે સ્વર્ગમાં નહિ જઇ શકું ? મેં ચકલીને મારી નાખી છે. તેને મારી નાખવાનો મારો ઇરાદો નહોતો". વિલીને લાગ્યું કે માર્ક હમણાં જ રડી પડશે. વળી સન્ડેસ્કૂલમાંથી જે અધ્યાય વાંચવા આપ્યો હતો તે વિષે તેમના બહેને કહ્યું હતું કે તેમાં પ્રાર્થના વિષે અને ઇશ્વર પક્ષીઓને કેવી રીતે ખવડાવે છે તે જણાવ્યું છે. તેણે બધું જ વાંચ્યું હતું પરંતુ માર્કને આપવા તેની પાસે જવાબ નહોતો.

તે માર્કને પોતાનાં મમ્મી પાસે લઇ ગયો અને માર્કની મુશ્કેલી વિષે જણાવ્યું. તેનાં મમ્મીએ કહ્યું, "તમે બન્ને સાચું કહો છો. જ્યારે હું પ્રભુ ઇસુનાં વચનો વાંચુ છું ત્યારે મને પણ પ્રભુના રક્ષણ માટે વિશ્વાસ રહે છે. "વિલી જા તારું બાઇબલ લઇ આવ." વિલી દોડીને પોતાનું બાઇબલ લઇ આવ્યો, તેનાં મમ્મીએ માથ્થી ૧૦ : ૩૧ વાંચવા કહ્યું, "બીહો મા. ઘણી ચલ્લીઓ કરતાં તમે વધારે મૂલ્યવાન છો," એટલે કે ઇશ્વર પક્ષીઓ કરતાં

પણ તમારી પર વધારે પ્રેમ કરે છે. માર્ક જો તું પ્રભુ ઇસુને કહે કે તે પક્ષીને મારી નાખ્યું તો તે બદલ તને માફી આપશે. તે જરૂર તને માફ કરશે."

માર્ક ખુશ થઇ ગયો, તેણે કહ્યું, "હું હમણાં જ ઘરે જઇને તમે કહો છો તે પ્રમાણે કરીશ." વિલી અને તેનાં મમ્મીનો આભાર માનતો માર્ક પોતાને ઘેર દોડી ગયો.

વિલીના મમ્મીએ પૂછયું, "તારે આજે એ જ ભાગ વાંચવાનો હતો ને ? જો તેં વાંચ્યો હોત તો તું જાતે જ માર્કને સમજાવી શકયો હોત." વિલીએ કહ્યું, "જો મેં માર્કને મારી સાથે રમવા બોલાવી લીધો હોત તો તેણે પક્ષીઓ તરફ કાંકરા ફેંકયા હોત નહિ." મમ્મીએ કહ્યું, "કદાચ તેણે કાંકરા ફેંકીને પક્ષીને મારી નાખ્યું હોત તો પણ તું બાઇબલ શું કહે છે તે વિષ સમજાવી શકયો હોત !"

વિલી હસી પડયો "અરે મમ્મી આ તો જો.... અને તો ની સાંકળનો ખરો પ્રભાવ છે ! - કેવી રીતે કશાકમાંથી કશીક પરિસ્થિતિ ઉપસ્થિત થાય છે. ખરું ?"

મમ્મીએ હા માટે માથું ધુણાવ્યું અને કહ્યું, "અને આપણને એ ખબર નથી કે બાઇબલનું આપણું જ્ઞાન કયારે બીજાને માટે ઉપયોગમાં આવશે.

"મમ્મી, મારે મારું બાઇબલ વાંચવાનું પૂરું કરવું છે. થઇ શકશે ?"

મમ્મીએ કહ્યું, "હા, તું ઉપર જઇને વાંચ તે દરમિયાનમાં હું સાંજનું ભોજન તૈયાર કરી લઇશ. હજી તારા પપ્પા પણ આવ્યા નથી.

વહાલાં વાચક મિત્રો, દરરોજ બાઇબલ મનનપૂર્વક વાંચો અને તે સમજીને યાદ રાખવા પ્રયત્ન કરો. પ્રભુપિતા તમારી સહાયતા કરો. આમેન.

# ૨૭ ખરી આઝાદી

"મારા ઘેટાંને પાળ" યોહાન ૨૧ : ૧૭

મૃત્યુ પર વિજય પામીને પ્રભુ ઇસુ ત્રીજે દિવસે ઊઠયા. કબર પર મહોર મારેલી હોવા છતાં દેવના પુત્ર મૃત્યુના બંધનમાં બંધાઇ રહ્યા નહિ. શેતાનના બંધનમાંથી સર્વને મુક્ત કરવા, છોડાવવા, આઝાદ કરવા તે ફરીથી સજીવન થયા. પુનરુત્થાન પામ્યા ! ઇશ્વરે આપણા પ્રભુ ઇસુ દ્વારા આપણને જય આપ્યો છે. શેતાનના બંધનમાંથી હવે આપણે મુક્ત થઇ ગયા છીએ !

એક કુટુંબને અગ્નિની જવાળાઓમાંથી ઇશ્વરે અજાયબ જેવી રીતે બચાવ્યું હતું. ઇ. સ. ૧૭૦૯ના ફેબ્રુઆરીની ૯મી તારીખે એક પાળક 'આગ આગ'ની બૂમો સાંભળી જાગી ઊઠયા. ઘરની અંદરના ઓરડામાં તે અને તેમનું કુટુંબ આગની જવાળાઓમાં ઘેરાઇ ગયું હતું. 'ઓ ઇસુ, અમને બચાવો'ના પોકાર બહાર સંભળાતા હતા. ઘણી મુશ્કેલીથી પાળકસાહેબ, તેમનાં પત્ની અને પાંચ બાળકો જેમ તેમ કરી બહાર આવી ગયાં. પરંતુ તેમનાં પત્નીએ જોરથી બૂમ પાડીને કહ્યું, "અરે, આપણો જોની રહી ગયો છે ! જલદી બચાવો જોનીને !" પાળકસાહેબ હિંમતવાળા હતા. જાનના જોખમે પણ પોતાના વહાલસોયા પુત્રને બચાવવા બીડું ઝડપ્યું. તે તો ઘર તરફ દોડયા. એક માણસે તેમનું ધ્યાન ઘરની બારી તરફ દોરતાં કહ્યું, "જુઓ સાહેબ, આ રહ્યો જોની ! બારી તરફ નજર કરો !" પાળકસાહેબ હાંફળા ફાંફળા દોડયા અને બોલતા હતા, "હું જલદીથી નિસરણી લઇ આવું," પણ પેલા ભાઇએ કહ્યું, "સાહેબ, હવે નિસરણી લાવવાનો સમય નથી તમે મારા ખભા પર ચઢી જાઓ અને જોનીને ઊચકી લો." જોની નાનો હતો. પાળક સાહેબ તરત જ પેલા ભાઇના ખભા પર ચઢી ગયા અને જોનીને ઊંચકી લીધો." જોની આગથી બચી ગયો ! બન્ને માતપિતાએ ઇશ્વરનો હૃદયપૂર્વક આભાર માન્યો.

પછીથી પાળક સાહેબે આસપાસના સર્વને બોલાવ્યા અને કહ્યું, "અમારી સાથે તમે પણ ઈશ્વરની સ્તુતિમાં ભાગ લો. તેમણે અમને અમારાં છએ બાળક સહીસલામત આપ્યા છે ! ઘર ભલે બળી ગયું, પરંતુ મારું આખું કુટુંબ સહીસલામત રીતે ઈશ્વરે પાછું મેળવી આપ્યું છે તે મને અઢળક સપત્તિ કરતાં પણ વધારે છે. ઈશ્વરની સ્તુતિ થાઓ."

તે 'નાનો જોની' તે જ જોન વેસ્લી, જે મેથોડિસ્ટ મંડળીના સ્થાપક હતા. જેમણે ૩,૦૦,૦૦૦ માઈલ કરતાં પણ વધારે મુસાફરી કરીને ૩૦,૦૦૦ કરતાં વધારે ભાષણો કર્યા અને પાપના બંધનમાંથી છુટકારો મેળવવાનો માર્ગ પ્રભુ વગરના લોકોને બતાવ્યો. શેતાનની ગુલામીમાંથી મુક્ત પ્રભુ ઈસુ જ કરી શકે છે તે પ્રેરિતોનાં કૃત્યો ૪ : ૧૨ કલમ પ્રમાણે શીખવ્યું અને સ્વર્ગના રાજ્યના અનંતકાળિક જીવનના ભાગીદાર થયા તેમને ઈસુની સાચી ઓળખાણ આપી.

તે જ પુનરુત્થાનના સ્વામી પ્રભુ ઈસુએ પિત્તરે કરેલા તેમના ત્રણ વાર નકારને સુધારવા ત્રણ વાર તેને કહ્યું, "તું મારા હલવાનોને પાળ એટલે કે નાનાં બાળકોને પાળ (ઉછેર). બીજીવાર કહ્યું, "મારા ઘેટાંને સાચવ" એટલે કે માણસોને શેતાનથી બચાવ. ત્રીજી વાર કહ્યું, "મારા ઘેટાંને પાળ" મોટાંને પણ મારા માર્ગમાં જીવવા યોગ્ય દોરવણી આપ અને આ બધું પિત્તર ક્યારે કરી શકે ? જો તે ઈસુ પર સાચો પ્રેમ કરે ત્યારે જ અને તે પછી પિત્તર ઈસુનો ખૂબ જ વિશ્વાસુ સેવક બન્યો અને તેમની સેવા બદલ તે શહીદ બન્યો.

વહાલાં બાળકો, ઈસુ તમને આજે પૂછે છે, "શું તું મારા પર પ્રેમ રાખે છે ?" જો તમારો જવાબ 'હા' હશે તો પ્રભુ તમને કહેશે, "મારાં હલવાનોની અને ઘેટાંની સંભાળ લે." તમને આ સાંભળવું ગમશે ? પ્રથમ તમારે શેતાનના હાથમાંથી મુક્ત થવાનું છે અને પછી બીજાને દોરવણી આપવા તમને પ્રેરણા મળશે. આમેન.

# ૨૮ આઝાદી પર્વ

આઝાદી પર્વ નિમિત્તે તમને તથા વાલીમિત્રોને પ્રેમભરી શુભેચ્છા પાઠવું છું.

આપણા દેશની ફક્ત આઝાદી ન ટકી રહે એટલું જ નહિ, પરંતુ તેની આબાદી પણ વધતી રહે તે માટે પ્રાર્થના કરીએ. આઝાદ બનીને સ્વતંત્ર મિજાજ ધરાવવો, ભાંગફોડ કરવી, સરકાર વિરુદ્ધ ગમે તેવાં સૂત્રો ઉચ્ચારવા તે સારાં બાળકોનાં લક્ષણ કહેવાય નહિ. દરેક બાળક જો બીજા એક જ બાળકને ધાંધલ કરતું કે ભાંગફોડ કરતું કે બીજાનું નુકસાન કરતું અટકાવી શકે તો કેટલાં બધાં બાળકો જાતજાતના નુકસાન કરતાં અટકી જાય ! એ જ પ્રમાણે યુવાનો પણ રાજકારણના ઓથા હેઠળ તોફાનો કરીને કે હડતાળો પાડીને પોતાનું શિક્ષણ બગાડે છે એટલું જ નહિ પરંતુ ભારે મહેનતથી સારો અભ્યાસ કરે છે. આપણા ભજનસંગ્રહમાં એક સુંદર ગીત છે કે,

"સહુનું સુખ તમ સહુ જન તાકો,
એકબીજા પર પ્રેમ જ રાખો.
ભાઈપણાનું બંધન ભાળો,
સોબતમાં શુભ સંગત પાળો."

ગીત નં. ૩૪૭

સારું બાળક હંમેશા સારા જ મિત્રો રાખે છે. બીજાના સુખમાં રાજી રહે છે અને સર્વ પર પ્રેમ રાખે છે. અને તે પ્રમાણે દેશનાં બધાં બાળકો પ્રેમ કરે છે. જો મોટા જુવાન ભાઈબહેનો પણ આ જ પ્રમાણે વર્તે તો બધામાં એકતાની ભાવના જાગે, અને જો બધાં એક જ દિલનાં થઈને રહે તો દિનપ્રતિદિન એકબીજાનાં સુખદુઃખના ભાગીદાર બની રહે. આ પ્રમાણે બાળકો અને યુવાનો જેઓ સારી સ્થિતિનાં હોય તેઓ ગરીબ બાળકોને એક યા બીજી રીતે મદદરૂપ બને અને વડીલ વર્ગ પણ મનની ઉદારતા કેળવી પોતાનાથી નબળાં અને ગરીબ બાળકોને મદદ કરે તો દેશ ખરેખર સુખી

અને સમૃદ્ધ બને, પણ કેટલા દુઃખની વાત છે કે સારી આવક ધરાવતાં માતપિતાનાં બાળકો અમુક ખોરાક જ ખાય છે અને સામાન્ય ખોરાક ખાવા માટે અનિચ્છા બતાવે છે ! સારાં બાળકો હંમેશા પોતાનાથી ઊતરતી કક્ષાના બાળકોને પણ યાદ રાખતાં હોય છે. પોતાને દરરોજ સારો ખોરાક મળે છે તો પાસે રહેનાર કોઇ છેક ભૂખ્યું બાળક હોય તેને સારું બાળક યાદ રાખે છે. નબળી સ્થિતિના કોઇ બાળકને પેન્સિલ કે નોટબુક કે કંઇ પુસ્તક આપવાની ટેવ સારી છે. જ્યાં સુધી ભારત દેશમાં વસનાર વ્યક્તિ પર સાચો પ્રેમ નહિ દાખવી શકે ત્યાં સુધી એકબીજાની જરૂરિયાત, મુશ્કેલી, તંગી વગેરે શી રીતે સમજી શકાય ? ફરીથી ૩૪૭મું ગીત આગળ જુઓ.

“આપણ ભાંડું, એક પિતા છે,
સહુથી ઊંચો તે રાજા છે,
શું ભાઇબહેનો કજિયો કરીએ ?
એકબીજા પર ક્રોધે બળીએ.

હા, ઇશ્વરપિતાના આપણે બધાં સંતાનો છીએ, તો આપણે થોડીવાર શાંત રહીને વિચારીએ કે શું મારું વર્તન ઇશ્વરપિતાના સંતાનને શોભે તેવું છે ?

અત્યારનો સમય એટલો બધો કપરો બન્યો છે કે મોટા ભાગના લોકો જાણે ઇશ્વરને ભૂલી જ ગયા છે ! આ સમયે સાચાં ખ્રિસ્તી બાળકો, સાચો ખ્રિસ્તી યુવાનવર્ગ, સાચાં ખ્રિસ્તી ભાઇબહેનોએ પોતાનામાં રહેલા જીવનના પ્રકાશની આગળ ધરવાની જરૂર નથી ? તો ચાલો, આજે જ્યાં દુઃખ છે ત્યાં ખ્રિસ્તની શાંતિ દર્શાવીએ. જ્યાં ક્રોધ, કજિયા, મારામારી અને દ્વેષ છે ત્યાં સમાધાન લાવીએ અને એમ સર્વત્ર ફેલાયેલા વિવિધ અંધકારમાં જ્યોતિ બની ખ્રિસ્તનો પ્રકાશ રેલાવીએ.

ઇશ્વરપિતા સર્વને યોગ્ય સમજ પૂરી પાડે. આપણો આઝાદ દેશ ખરેખરો આબાદ બનાવવામાં આપણો યથાશક્તિ ફાળો આપવા સર્વની મદદ કરે. આમેન.

# ૨૯ ઈશ્વર પર ભરોસો

તમને એક વિધવા માતાના ત્રણ વિશ્વાસુ બાળકો વિષે એક વાત જણાવવા માગું છું. ૯ વર્ષનો બેન્જુ, ૧૦ વર્ષની સીમા અને ૬ વર્ષનો બ્રાયન, તેમનાં મમ્મી ધીરાબહેનથી કદી પણ વિખુટાં પડતાં નહિ. તેઓના ઘરથી ઠીક ઠીક દૂર એક મોટું સરોવર હતું અને ઘણીવાર તેઓ પોતાનાં મમ્મી સાથે ત્યાં જતાં હતાં. તેઓના પપ્પા જીવતા હતા ત્યારે તેમણે એક સુંદર હોડકું તેઓને સહેલ કરવા માટે બનાવડાવી આપ્યું હતું. જયારે જયારે બાળકો સરોવર પર જાય ત્યારે ત્યારે તેઓ આ હોડકું લઇને જતાં હતાં અને હલેસાં મારતાં સામે પાર પહોંચતા હતાં. બેન્જુ બધી જવાબદારી રાખતો હતો.

એક શનિવારે બપોરે ધીરાબહેન બજાર ગયાં હતાં. બાળકોને હોડીની સહેલ મારવાની ઇચ્છા થઇ અને તેઓએ હોડી લીધી. તેમના મનમાં હતું કે મમ્મી ખરીદી કરીને આવશે તે પહેલાં અમે ઘેર પાછાં આવી જઇશું. પરંતુ તેઓ હાડીમાં થોડે દૂર ગયાં કે હોડીમાં તળિયેથી પાણી ભરાવા લાગ્યું. બને તેટલી હિંમત કરીને સામે પાર પહોંચવા બેન્જુએ પ્રયત્ન કર્યો તો ખરો પરંતુ એટલામાં બ્રાયન સરોવરમાં પડી ગયો. સીમા બૂમ પાડી ઊઠી. બેન્જુએ પ્રાર્થના કરી અને બ્રાયનને પાણીમાંથી ઉગારી લીધો અને બેન્જુએ પ્રાર્થના કરી કે "પ્રભુ ઇસુ અમને સહીસલામત સામે કિનારે લઇ જાઓ." કારણ પાછું ફરી શકાય તેમ હતું જ નહિ. સીમા અને બેન્જુ ચિંતા કરવા લાગ્યાં કે મમ્મી બજારમાંથી આવશે તો ખૂબ જ ચિંતા કરશે કે આ લોકો કયાં ગયાં હશે ! એટલામાં ધીરે ધીરે હોડી સામે કિનારે તેઓ લઇ શકયાં.

નીચે ઊતરીને સીમાએ થોડાં નાનાં નાનાં સૂકાં લાકડાં ભેગાં કર્યાં. પરંતુ સળગાવવા શી રીતે ? અચાનક બેન્જુને યાદ આવ્યું કે સીમાએ દિવાસળીની પેટી પોતાના ગજવામાં મૂકી હતી. તરત જ તેણે સીમાને યાદ

દેવડાવ્યું, તેણે જોયું તો પેટી હતી. તેણે કહ્યું, "સારું થયું હું પડી ના ગઇ, નહિ તો શું થાત ! એમ કહીને હસવા લાગી. તેણે લાકડાં સળગાવ્યાં અને બેન્જુ અને બ્રાયનને કહ્યું, "તમે લોકો તાપણા પાસે બેસીને તમારાં કપડાં સૂકવી નાખો પછી આપણે ઘેર પાછા જવાનો પ્રયત્ન કરીએ."

ત્યાં નજીકના ભાગમાં તેમનો મિત્ર જીમી રહતો હતો તેથી સીમાએ બેન્જુને કહ્યું, "તું જઇને તપાસ કર જો જીમી ઘેર હશે તો આપણને કંઇક ખોરાક મળશે." બ્રાયન કહેવા લાગ્યો, "મને તો ખૂબ જ ભૂખ લાગી છે." ફરીથી સીમા પોતાનાં ખિસ્સા ફંફોસવા લાગી. એક મોટી ટૉફી નીકળી. તેણે બ્રાયનને આપી. સીમા અને બેન્જુ તેના તરફ તે ખાતો હતો તે જોઇ રહ્યાં. બ્રાયને તેમને એકેક  કકડો લેવા કહ્યું પણ તેમણે તો પૂરી જ કરી નાખી. પછી બેન્જુ જીમીના ઘર પર ગયો ત્યાં તાળું હતું, કોઇ જ નહોતું તેથી નિરાશ થઇને પાછો ફર્યો.

હવે તો તોફાની પવન શરૂ થયો હતો અને બેન્જુના ભીનાં કપડાં સૂકાયાં નહોતાં. તેથી ઠંડી ખૂબ લાગતી હતી. વાદળાં કાળાં બની ઘેરાતાં હતાં. તેઓ નીકળ્યા ત્યારે સારો તડકો હતો.

બેન્જુએ પાછા આવીને સીમા અને બ્રાયનને દુઃખી સમાચાર આપ્યા કે જીમીને ત્યાં તો તાળું છે. બ્રાયન રડી પડયો અને બોલ્યો, "મને એટલી બધી ભૂખ લાગી છે."

બેન્જુએ કહ્યું, "આ તો અંધારું થતું આવે છે અને આપણે ખરેખરી મુશ્કેલીમાં આવી ગયાં છીએ ! ત્રણેએ પ્રાર્થના કરી કે, "વહાલા ઇશ્વરપિતા, તમે કૃપા કરીને મમ્મીને મદદ કરો કે તેમને કોઇ મદદ કરવા તૈયાર થાય. અમે તેમને કહ્યા વગર નીકળ્યાં તે અમે ખોટું કર્યું છે. અમે આ બાબત હંમેશા યાદ રાખીશું. અમે તમારા પર વિશ્વાસ કરીએ છીએ."

હવે બેન્જુને મનમાં થોડી શાંતિ થઇ પરંતુ ખૂબ જ ચિંતા થતી હતી.

તેણે પોતાનો ગરમ જેકેટ કાઢીને બ્રાયનને વિંટાળ્યો કારણ તેને ખૂબ ઠંડી ચડી હતી. થોડીવારમાં તો સીમા અને બ્રાયન તાપણાની આસપાસ ઊંઘી ગયાં. બેન્જુએ પોતે પોતાને ટક્કર કર્યો જેથી તેને પણ ઝોકાં આવે નહિ. તે અંધારામાં સરોવર તરફ જોઇ રહ્યો, મનમાં ખૂબ ડરતો હતો.

તેને દૂર કંઇક પ્રકાશ દેખાયો, તેના કાને મોટર બોટનો અવાજ આવ્યો. હવે તે પાસે આવી રહી હતી. હવે તેને ખાતરી થઇ કે પરમેશ્વર બાપ કંઇક મદદ મોકલી રહ્યા હતા. તે કૂદીને ઊભો થયો અને હાથ ઊંચા કરી હલાવવા અને બૂમો પાડવા લાગ્યો.

સીમા અને બ્રાયન પણ એકદમ ગભરાઇને જાગી ઊઠયાં અને તેઓ પણ બૂમો પાડવા લાગ્યા. હવે બોટ અવાજ કરતી કરતી નજીક આવી પહોંચી હતી. તેમાંથી એક ભાઇ ઊતર્યા અને તેમની પાછળ એક બહેન પણ ઊતર્યાં.

બાળકો તો મમ્મી, મમ્મી કરતાં દોડયાં. મમ્મીએ તેમને બાથમાં લઇ લીધાં, તે તો કંઇ જ બોલી શકયાં નહિ. સીમાએ પૂછયું "મમ્મી, તમે અમને શી રીતે શોધી શકયાં? મમ્મીએ કહ્યું, "આ લોરેન્સ અંકલ આપણી બાજુમાં રહે છે તે મને લઇ આવ્યા, હું ઘેર આવી ત્યારે મેં જોયું તો તમે પણ નહોતાં અને હોડી પણ નહોતી તેથી મને ખાતરી થઇ કે તમે કદાચ ભૂલા પડી ગયાં હશો અથવા તો તણાઇ ગયાં હશો ! અંકલ પોતાને ઘેર આવ્યા ત્યારે મેં તેમને વાત કરી અને તે મને તરત જ અહીં લઇ આવ્યા. અહીં તમે તાપણું કર્યું હતું તે જોઇને અમને લાગ્યું કે તે તમે જ હોવા જોઇએ ! અને તમે સલામત છો; ઈશ્વરનો આભાર માનું છું કે તમે સલામત છો !"

બેન્જુએ દુઃખી મનથી કહ્યું, "મમ્મી, બધો મારો જ વાંક છે, દિવસ ખૂબ તાપવાળો હતો તેથી મેં જ આ કર્યું !" તેની આંખો આંસુથી ભરાઇ ગઇ.

મમ્મીએ કહ્યું, "તું તારી ભૂલ સમજી શકયો છે તે જાણી મને સારું


લાગ્યું, એમ કહીને મમ્મીએ બેન્જુના ખભા આસપાસ પોતાના હાથ વિંટાળી દીધા ! અને કહ્યું, "તમે ત્રણે જીવતા છો તે બદલ ઈશ્વરપિતાનો આભાર માનું છું. ચાલો આપણે તાપણું બુઝાવી દઈએ અને ઘેર જઈએ."

તેઓએ અગ્નિ હોલવી નાખ્યો અને લોરેન્સભાઈએ બધાંને પોતાની મોટરબોટમાં લીધાં. બેન્જુ મનોમન ઈશ્વરપિતાને કહેતો હતો. "પ્રભુબાપ, તમારો આભાર. તમે મારી પ્રાર્થના સાંભળી.

બધાં સહીસલામત ઘેર પહોંચ્યાં.

અરેખર ! ઈશ્વરપિતા આપણું આશ્રય અને બળ છે, સંકટને સમયે તે હાજરાહજૂર મદદગાર છે. જ્યારે મને ડર લાગે ત્યારે હે પ્રભુ, હું તમારા પર ભરોસો રાખીશ." ગી. શા. ૪૬ : ૧, ૫૬ : ૩.

વહાલાં બાળકો, શું તમે બેન્જુની જેમ ઈશ્વર પર ભરોસો રાખો છો ? પોતાની ભૂલ કબૂલ કરવાની હિંમત ધરાવો છો ? પ્રભુનાં બાળકો આજ્ઞાંકિત, નમ્ર, દરેક સમયે ઈશ્વર પર વિશ્વાસ રાખનારાં હોવાં જોઈએ.



# ૩૦ ઈશ્વરપિતાનું આજ્ઞાપાલન

"જે આજ્ઞાઓ હું તમને આપું છું તે જો તમે પાળો તો તમે મારા મિત્ર છો." યોહાન ૧૫ : ૧૪.

આફ્રિકાની એક ક્રિશ્ચિયન નર્સની આ સાચી હકીકત છે. તે કિશોરી હતી ત્યારથી તેણે પોતાનું જીવન ઈશ્વરને સોંપ્યું હતું. માધ્યમિક શાળાનો અભ્યાસ પૂરો કર્યા બાદ એક દિવસ તે સવારની પ્રાર્થના કરી રહી હતી ત્યારે તેણે ઈશ્વરપિતાને વિનંતી કરી કે હવે આગળ શું કરવું તે વિષે તેને દોરવણી આપે. તે દિવસે તેણે જે શાસ્ત્રભાગ વાંચ્યો તે યશાયાના પુસ્તકનો ૪૧મો અધ્યાય હતો. તેનું ધ્યાન ૧૩મી કલમ પર ગયું. તે આ પ્રમાણે હતી. "કેમ કે હું યહોવા તારો દેવ તારા જમણા હાથને પકડી રાખીને તને કહું છું કે, તું બીશ મા; હું તને સહાય કરીશ." આ કિશોરીનું નામ મારીઆ બોર્વે હતું. ફરીથી તેણે પ્રાર્થના કરી કે, "પ્રભુપિતા, મારા જીવનને તમારે માટે વાપરો." જ્યારે તે પ્રાર્થના કરી રહી ત્યારે તેના મનમાં વિચાર આવ્યો કે હું નર્સ થઇ શકું ?

બીજે દિવસે રવિવાર હતો અને તે દેવળમાં ગઇ. દેવળમાં જાહેરખબર હતી કે એક અમેરિકન મિશન હોસ્પિટલમાં નર્સોને તાલીમ આપવાની વ્યવસ્થા છે. જો કોઇને ઇચ્છા હશે તો આફ્રિકન મિશન તેને મદદ કરશે. મારીઆ આ સાંભળીને ખુશ થઇ ગઇ અને તેણે ઇશ્વરપિતાનો આભાર માન્યો. દેવળ પૂરું થયા બાદ તે પાળકસાહેબને મળી. તેની સાથે બીજી ૩ કિશોરીઓ પણ હતી. પાળકસાહેબે ૪ કિશોરીઓના આત્મિક જીવનની ખાતરી કરવા કેટલાક પ્રશ્નો પૂછ્યા તેમાં મારીઆ સૌથી વધુ પ્રભુની નજીક લાગી. પાળકસાહેબે મારીઆને પ્રથમ પસંદગી આપી અને બીજી ત્રણ કિશોરીઓને બીજે વર્ષે મોકલવા માટે વ્યવસ્થા કરશે તેમ કહ્યું જેથી તે ૩ કિશોરીઓને સમર્પિત બનવા માટે પાળકસાહેબ તેમને ઇશ્વર વિષે તેમની યોજના વિષે અને નવા જીવનના સચોટ અનુભવ વિષે વધુ સારી રીતે મદદ કરી શકે.

યોગ્ય પત્રવ્યવહાર અને વ્યવસ્થા સાથે મારીઆને અમેરિકા મોકલવામાં આવી. ત્યાં હોસ્પિટલમાં અને શિક્ષણમાં તેણે સારો દેખાવ કર્યો. કારણ મારીઆ ઈશ્વરની આજ્ઞામાં રહેનાર હતી. અભ્યાસ પૂરો થયા બાદ તે નર્સ તરીકેની સેવા આપવા માટે આફ્રિકા પાછી આવી. તે વખતે કોન્ગો સિવિલ વૉર ચાલી રહી હતી અને ત્યાંના રહીશો ખૂબ ઉગ્ર બનીને અમેરિકાના તેમ જ અમેરિકાની કોઈપણ મદદનો વિરોધ કરતા હતા.

આ સમયે મારીઆ બોર્વે મિશન હોસ્પિટલમાં પ્રસૂતિગૃહના વોર્ડમાં નવાં જન્મેલાં બાળકો અને તેમની માતાઓની સારવારની સેવા બજાવતી હતી. એક બહેન ત્યાં દરરોજ ઈન્જેકશન લેવા આવતી હતી. તે વખતે તેને તે બહેને કહ્યું કે, અહીંના સિમ્બાલોકો તમને શોધે છે. કદાચ તમને પકડીને લઈ જાય કે મારી પણ નાખે માટે સાવચેત રહેજો. કારણ એ જ છે કે તમે અમેરિકામાં શિક્ષણ લીધું છે. મારીઆએ નિર્ણય કર્યો કે હું પ્રભુ ઈસુની આજ્ઞા માનીને વિશ્વાસુપણે મારી ફરજ બજાવી રહી છું તેથી તે જ મારી સંભાળ લેશે. મારીઆ ઈન્જેકશન આપીને વોર્ડ તરફ ફરી કે તરત જ ઘોંઘાટ સંભળાયો. "મારીઆ બોર્વે-મારીઆ બોર્વે જલદી બહાર આવ, એક માતાએ મારીઆને પોતાનું બાળક આપતાં કહ્યું, "સિસ્ટર, મારું બાળક લઈ લો અને પેલા ખાલી પડેલા ખાટલામાં સૂઈ જાઓ." મારીઆ જાણે પોતાને નવું બાળક જન્મ્યું હોય તે રીતે બાળકને લઈને સૂઈ ગઈ. ફરી અવાજ આવ્યો. એક માણસ રિવોલ્વર સાથે ઘૂસી આવ્યો અને બૂમ પાડી, "મારીઆ બોર્વે ક્યાં છે?" માતાઓ બોલી ઊઠી, "તે અહીં નથી. બૂમો ના પાડો, અમારાં બાળકો જાગી જશે અને રડશે."

મારીઆ નાનાં બાળક સાથે સૂતી સૂતી પ્રાર્થના કરતી હતી કે "હે પ્રભુ ઈસુ, આ બધા સિમ્બાઓ અહીંથી જલ્દી જતા રહે તેવું કરો." થોડીવારમાં તે વોર્ડમાંથી અને આખા હોસ્પિટલમાં બધા સિમ્બાઓ નીકળી ગયા. તેમની ટ્રકનો અવાજ સાંભળી બધાં ખૂબ રાજી થયા.


જે સ્ત્રીએ સિમ્બાઓને જૂઠું કહ્યું હતું કે અહીં એવી કોઈ નર્સ નથી તેને લીધે મારીઆને બહુ દુ:ખ લાગ્યું કે પોતાને લીધે તે સ્ત્રીએ જૂઠું બોલવાનું પાપ કર્યું હતું.

આવું કોઇ બીજી સ્ત્રીએ પણ કર્યું હતું તેવી શાસ્ત્રની વાત તમે જાણો છો ? આ તો યરીખોમાંની રાહાબ હતી. તેણે જાસૂસોને સંતાડયા હતા અને જ્યારે રાજાના માણસો ખબર કાઢવા આવ્યા ત્યારે જૂઠું બોલી હતી કે તેઓ જતા રહ્યા છે. આખી વાત બાઇબલમાં યહોશુઆના પુસ્તકમાં બીજા અધ્યાયમાં છે. આ વાત મારીઆને યાદ આવી અને તે રીતે પોતાના બચાવ બદલ ઈશ્વરપિતાનો ખૂબ ખૂબ આભાર માન્યો.

શું તમે યોહાન ૧૫ : ૧૪ પ્રમાણે પ્રભુ ઇસુની આજ્ઞા માની તેમના મિત્ર બની ગયા છો ?

શું યશાયા ૪૧ : ૧૩ પ્રમાણે પ્રભુ તમારી મદદ કરે છે તેની ખાતરી પામ્યા છો ?

જો બન્ને પ્રશ્નો માટે તમારો જવાબ 'ના' હોય તો આજે જ પ્રકટીકરણ ૩ : ૨૦ પ્રમાણે તમે તમારું હૃદય ખોલીને તેમાં પ્રભુ ઇસુને આવવા દો અને પ્રભુની કાયમની રક્ષા હેઠળ આવી જાઓ. હું નાની હતી ત્યારથી આ અનુભવ કરતી આવી છું. તેથી તમને હઠેઠથી જણાવું છું કે પ્રભુ ઇસુ વગર તમારું જીવન છેક જ નકામું બની જશે. પ્રભુ ઇસુ આ બાબત સમજવા માટે તમને તેમનો આત્મા આપો. આમેન.



# ૩૧ દેશ પ્રેમ

ઑક્ટોબર મહિનો આવે ત્યારે આપણે ગાંધીજીને યાદ કરીએ છીએ. તેમણે આપણા દેશને સ્વતંત્ર બનાવવા માટે ઘણી મહેનત કરી હતી. અપમાન અને દુઃખ પણ સહન કર્યા હતાં. તેમની ઈચ્છા હતી કે ભારત દેશ સ્વતંત્ર થઈને ખૂબ આદર્શ દેશ બની રહે. પણ દેશ ફક્ત સ્વતંત્ર રહે તેટલું જ જરૂરનું નથી. દેશ પ્રત્યે વફાદારી, દેશની ઈમારતો, વાહનો અન્ય કચેરીઓ, શાળાઓ, કોલેજો વગેરેને બાળી મૂકવા, પથ્થર મારીને કાચ ફોડવા, હડતાલમાં ભાગ લેવો, અન્ય તોફાનો કરવા, મારામારી કરવી. આ બધી બાબતો દેશને નુકસાન પહોંચાડે છે. દેશના નિયમો પ્રમાણિકપણે પાળવા જોઈએ, ભાઈચારો કેળવવો જોઈએ.

પવિત્ર શાસ્ત્ર કહે છે કે, "પોતાના કરતાં બીજાઓને ઉત્તમ ગણવા." આમ કરવાથી આપણે વધુ નમ્ર બની શકીએ છીએ.

ગીતકર્તા પણ કહે છે કે, "પોતે ઓછું ચાહું બીજાઓને આપું." ટ્રેઈનમાં, બસમાં, ધક્કાધક્કી કરીને ઘણીવાર બીજાની બેઠક પણ પડાવી લેવાના પ્રયત્નો કરાતાં હોય છે. જો બધાં મહેનતુ બને તો ઘણી પ્રમાણિક કમાણી પોતાના હાથમાં આવે અને તેની ઉપર ઈશ્વરપિતાનો આશીર્વાદ રહે.

બાળકો, તમે સન્ડેસ્કૂલમાં, વી.બી.એસ.માં પ્રભુ ઈસુ વિષે ઘણું બધું શીખ્યાં છો. તેમની આજ્ઞા પ્રમાણે ચાલવા માટે દરરોજ પ્રાર્થના કરો. સારા ખ્રિસ્તી બાળકો તરીકે સારો નમૂનો બેસાડો. કોઈપણ તોફાની પ્રવૃત્તિઓમાં ભાગ નહિ લેતાં તમારો અભ્યાસ પ્રમાણિકપણે પૂરો કરવા ખંત રાખશો તો તમારી મહેનત ઈશ્વરપિતા આશીર્વાદિત કરશે. તમારા સારા જીવનની અસર બીજાં બાળકો પર પડશે. પરિણામ શું આવશે ? ઘણાં બધાં બાળકો સારું જીવન જીવતાં થશે. બીજાઓની વસ્તુને નુકસાન નહિ પહોંચાડે અને વ્યવસ્થિત રીતે રહેતાં શીખશે.

માતપિતાની આજ્ઞા માનવી. સારી શિખામણો સ્વીકારી પોતાના જીવનને વ્યવસ્થિત બનાવવું, હંમેશા બાઇબલ વાચન અને પ્રાર્થનાને પોતાના જીવનમાં ખાસ સ્થાન આપવું, સારું વાંચન વાંચવું, ટી.વી. પર ફિલ્મી બાબતો જોવી નહિ, દેશના કાયદા, નિયમો, વફાદારીપૂર્વક પાળવા, નિયમિત પ્રભુમંદિરમાં તેમ જ સન્ડેસ્કૂલમાં જવું આ બધી બાબતો જેના જીવનમાં હશે તે બાળક જાતે સારું જ હશે પરંતુ બીજાઓને પણ સારા બનાવશે.

આજે જ પ્રતિજ્ઞા લો કે આપણો દેશ સમૃદ્ધ બને, સુંદર બને, બીજાં રાષ્ટ્રોમાં સારું માન ધરાવે અને તેની આઝાદી ટકી રહે તે માટે તમે ઉપરના બધા નિયમોનું પાલન કરશો.



# ૩૨ પ્રમાણિકતા

બાળકો, કંઈક વિચારીશું ?

"જો અન્યાયથી મેં કોઈનું કંઈ પડાવી લીધું હોય, તો હું તેને ચોગણું પાછું આપીશ." લુક ૧૯ : ૮.

આ શબ્દો જાખી દાણીના છે. તેના તરતના બદલાણ પામેલા જીવનના અનુભવમાં તેને પ્રથમ જે બાબતની ખાસ જરૂરિયાત લાગે છે તે તો તેણે કરેલાં અન્યાયી કામો. દાણીઓ તે વખતે જે કામ કરતા હતા તે યહૂદીઓ સ્વીકારતા નહોતા. આ દાણીઓ જો કે યહૂદીઓ જ હતા પરંતુ તેઓ રોમન સરકારના હાથા બની ગયા હતા. રોમન સરકાર લોકો પાસેથી ઉઘરાવવા માટે આ દાણીઓને એવી શરતથી રાખતા હતા કે જે કર ઉઘરાવવાનો હોય તે કરની ઉપરાંતના નાણાં પણ તેઓ લોકો પાસેથી પડાવી શકતા હતા. પરંતુ સરકારને તો તેઓએ ફક્ત ઠરાવેલી રકમ જ આપવાની હતી. અને બાકીનાં નાણાં તેઓ પોતે રાખી શકતા હતા. અને તે કારણને લીધે લોકો તેમને ધિક્કારતા હતા.

પ્રભુ ઈસુ આ પૃથ્વી પર માનવસ્વરૂપે હતા ત્યારે આવા મોટા ભાગના દાણીઓ અન્યાયના નાણાં લોકો પાસેથી પડાવીને ખૂબ ધનવાન બની ગયા હતા. શાસ્ત્રનું શિક્ષણ આપનારા શિક્ષકો માને છે કે જાખી આવા દાણીઓના જેવો જ હતો. પરંતુ જ્યારે જાખીને પ્રભુ ઈસુએ ઝાડ પર ચઢેલો શોધી કાઢયો અને તેને નામ દઈને હાંક મારી કે, "જાખી, તું જલદી ઊતરી આવ; કેમ કે આજે મારે તારે ઘેર ઊતરવાનું છે !" પ્રભુના આ શબ્દો સાંભળતાં જ ઝડપભેર જાખી ઊતરી આવ્યો, અને તેણે પ્રભુનો આવકાર કર્યો. પ્રભુનો આવકાર કરતાં જ તેનાં હૃદયનું બદલાણ થયું. તેને તેના પાપી જીવનનો ખ્યાલ આવ્યો. તેણે કરેલી સર્વ ભૂલો બદલ તેને ખૂબ પસ્તાવો થયો અને આ તો તેના પસ્તાવાના શબ્દો હતા. "પ્રભુ મારી સંપત્તિનો અર્ધો ભાગ હું દરિદ્રીઓને

હમણાં જ આપું છું; જો અન્યાયથી કોઈનું કંઈ પણ પડાવી લીધું હશે તો તે ચારગણું પાછું આપી દઈશ." તરત ઈસુ બોલ્યા, "આજ આ ઘેર તારણ આવ્યું છે."

જાખીએ પ્રથમ પ્રભુને જોવાનો પ્રયત્ન કર્યો. પ્રભુ તેને નામથી ઓળખતા હતા પરંતુ જાખીને તેની ખબર નહોતી. બધી યહૂદી પ્રજા તેને તેનાં પાપી કામો એટલે કે જોરજુલમથી લોકો પાસેથી તે નાણાં પડાવતો હતો તે બદલ ધિક્કારતા હતા. તે લોકો આવા દાણી સાથે કશોપણ સંબંધ રાખતા નહોતા. દાણીઓ આ જ કારણથી સમાજની દૃષ્ટિએ તુચ્છ-હલકા ગણાતા હતા. તેઓં અન્યાયથી પૈસા મેળવીને પૈસાદાર બન્યા હતા પણ સમાજ તો તેમને તુચ્છ રીતે જ જોતો હતો.

જ્યારે ઈસુ જાખીને નામથી બોલાવે છે ત્યારે બધાને ખૂબ અજાયબ લાગ્યું. જાખી પણ બહુ આશ્ચર્ય પામ્યો. પ્રભુ ઈસુએ તો તેને બોલાવ્યો એટલુંજ નહિ, પરંતુ કહ્યું કે "જલદી નીચે ઊતર" હા, ઝાડ પરથી તો તેણે નીચે ઊતરવાનું હતું પરંતુ પોતાની પાસેના પૈસાનાં દંભથી પણ તેણે નીચે ઊતરવાનું હતું. જાખી બન્ને રીતે નીચે ઊતર્યો ત્યારે પ્રભુએ તેને ઊંચે ચઢાવ્યો. કેવી રીતે ? તેને તારણનું એટલે પાપથી છુટકારો અને સ્વર્ગના અનંતજીવનની ખાતરીનું દાન આપ્યું. યોહાન ૧ : ૧૨ પ્રમાણે જાખી હવે સમાજથી તિરસ્કારાયેલો પાપી, હલકો ના રહ્યો પણ તે 'દેવના, છોકરાં' માનો એક બન્યો ! કેટલી થોડી પળોમાં પાપી જાખી પ્રભુનું બાળક બન્યો પણ તે શી રીતે ? જાખીએ તેનાં પાપી જીવનની બધી જ બાબતો છોડી દેવાની, ત્યાગ કરવાની પ્રભુને ખાતરી આપી. આ વાંચતી વખતે શું તમારામાંના કોઈને પણ પોતાનું મન દોષિત ઠરાવે છે ? કઈ બાબતને માટે ? તો તે બાબતનો પ્રભુની આગળ ત્યાગ કરો અને પ્રભુની સમક્ષ શુદ્ધ થાઓ.

એક બદલાણ પામેલો માણસ પોતાના પાળક સાહેબ પાસે ગયો અને

તેમને કહ્યું, "સાહેબ, મારું તારણ થયું તે પહેલાં મેં મારા પાડોશીના વાડામાંથી એક દોરડું ચોર્યું હતું. પરંતુ જાખી સંબંધીની વાત વાંચીને મેં તે દોરડું તેના માલિકને પાછું આપવાનો નિર્ણય કર્યો. આમ છતાં મારો પડોશી હજી પણ મારી સાથે સમાધાન કરવા ઇચ્છતો નથી." પાળક સાહેબે તેને પૂછયું, "તમને ખાતરી છે કે તમે ફક્ત દોરડું જ ચોર્યું હતું ?" માણસ જરા મૂઝાયો, અને બોલ્યો, સાહેબ, પૂરેપૂરી સાચી વાત જણાવું છું કે દોરડાને છેડે જે બાંધ્યું હતું તે મેં પાછું આપી દીધું નથી એટલે કે તેનો સુંદર તંદુરસ્ત વાછરડો !

પ્રભુ સાથે શું તમે આ જ પ્રકારનું વલણ દર્શાવો છો. તો તમારા મનને ફક્ત દોરડાથી જ સંતોષ મનાવશો નહિ. વાછરડું પણ પાછું આપી દેજો તો જ તમે પ્રભુ સમક્ષ શુદ્ધ દેખાશો.

પ્રમાણિકપણે પાછું ભરપાઇ કરી દેવું તેનું જ નામ સમજપૂર્વકનો પસ્તાવો છે.

આજે આ સંદેશો કોને માટે ઇશ્વરે આપ્યો હશે તેની ખબર નથી. પરંતુ પ્રભુ ઇસુ આજે તમને શુદ્ધ કરવા માગે છે તો તેમના પ્રત્યે સહકારભર્યું વલણ અપનાવજો. પ્રભુ તમારી સહાયતા કરશે.



# ૩૩ અબ્રાહમ લિંકન

આજે અમેરિકાના પ્રેસિડેન્ટ અબ્રાહમ લિંકન વિષે એક સાચી બનેલી ઘટના તમારી જાણ માટે લખું છું.

અબ્રાહમ લિંકન ખૂબ ઉદાર હૃદયના હતા. જુદા જુદા સ્ટેટસ વચ્ચે લડાઇ ચાલતી હતી. એક વખત તેમને એવી ઇચ્છા થઇ આવી કે જે સૈનિકો પોતાની ફરજ ચૂકીને શિક્ષાને પાત્ર ઠરી ચૂકયા હોય તેઓમાંથી જેઓ લાયક હોય તેવાઓને માફી બક્ષવી અને ફરીથી તેમને સૈન્યમાં દાખલ કરવા. તે એવી કોઇ નિશાની શોધતા હતા કે ગુનેગાર સૈનિક, જો તેને દયાથી માફી મળે તો તે વધતી સારી સેવા બજાવશે. તેવા ગુનેગારોમાંનો એક વિલ્યમ સ્કોટ હતો. તે એક ખેડૂતનો દીકરો હતો અને તેની સૈન્યમાં ભરતી કરવામાં આવી હતી. એક દિવસ તેણે આખો દિવસ માર્ચીંગ કર્યું, અને પછી એક માંદા પહેરેગીરને બદલે કામ કરવા તૈયાર થયો. પરંતુ તે એટલો બધો થાકી ગયો હતો કે ચોકી કરવાના સ્થળે તે ભરઊંઘમાં પડી ગયો. આ તો સૈનિક માટે બહુ ગંભીર ગુનો ગણાય. લશ્કરી કાયદા પ્રમાણે વિલ્યમને બંદૂકની ગોળીથી મારી નાખવાની શિક્ષા થઇ.

પરંતુ વિલ્યમના કેટલાક મિત્રો પ્રેસિડેન્ટ લિંકન પાસે ગયા અને તેમને કહ્યું કે, વિલ્યમે જાણીબૂઝીને કાયદાનો ભંગ કર્યો નહોતો. તેઓએ પ્રેસિડેન્ટને વિનંતી કરી કે વિલ્યમને બીજી તક આપવામાં આવે. તેથી પ્રેસિડેન્ટ વિલ્યમ કેદખાનાના તંબૂમાં વિલ્યમની મુલાકાતે ગયા. તેમણે તેને તેના પોતાના વિષે તથા તેના ઘર વિષે ઘણા પ્રશ્નો પૂછ્યા.

આ બધા પ્રશ્નોના જવાબ વિલ્યમે ખૂબ જ વિવેકપૂર્ણ રીતે આપ્યા. છેવટે પ્રેસિડેન્ટ લિંકને નિર્ણય લીધો અને તેને કહ્યું, "મારા દીકરા, તને આવતી કાલે ગોળીથી ઠાર કરવામાં નહિ આવે." તેમણે તેને કહ્યું, "હું તને ખાસ પ્રકારની માફી આપવા માગું છું, અને તારા લશ્કરની યુનિટમાં પાછો

મોકલું છું. હવે, આ માટે તું શી રીતે મને બદલો આપીશ !"

વિલ્યમ ખૂબ હર્ષ પામ્યો, પરંતુ સાથે સાથે ચિંતિત પણ બન્યો. પ્રેસિડેન્ટે દર્શાવેલી દયાના બદલામાં તે કઇ રીતે પૈસા ભેગા કરી શકે !"

તેણે કહ્યું, "કદાચ મારા મિત્રો ૫૦૦ અથવા ૬૦૦ ડોલર એકઠા કરી શકે. સાહેબ, એટલા બસ છે ?"

ઊંચા અબ્રાહમ લિંકને વિલ્યમના ખભા પર પોતાના બંને હાથ મૂકયા અને તેના ચહેરા સામે તાકી રહ્યા.

તેમણે કહ્યું, "મારા દીકરા, મારું બિલ તો બહુ મોટી રકમ છે. પરંતુ તારા મિત્રો તે ભરી શકશે નહિ. આખી દુનિયામાં એક જ માણસ છે અને તે જ તે ભરી શકે તેમ છે. તેનું નામ વિલ્યમ સ્કાર્ટ છે. જો, જે દિવસથી તેને મુક્ત કરવામાં આવે અને વિલ્યમ સ્કાર્ટ સૈનિક તરીકેની ફરજ નિષ્ઠાથી બજાવે, તો તેનું દેવું ભરપાઇ થઇ જશે. વિલ્યમ, તું આ માટે વચન આપે છે ?

વિલ્યમને ખૂબ લાગણી થઇ આવી. "હાજી, હાજી સાહેબ. તે ભારે નિષ્ઠાથી પોકારી ઊઠયો. "જી હા, લિંકન સાહેબ, આ પછી હું મારી ફરજ પૂરી વફાદારીથી બજાવીશ."

વિલ્યમ સ્કાર્ટને મુક્તિ આપવામાં આવી અને તેને પોતાની સેવાના સ્થાને પાછો મૂકયો. તેણે પોતાનું વચન પૂરેપૂરું પાળ્યું અને પોતાની ફરજ સંપૂર્ણ વફાદારીથી અદા કરી.

વહાલાં બાળકો, આપણામાંની પ્રત્યેક વ્યક્તિ વિલ્યમના સ્થાન ઉપર જ છીએ. આપણાં પાપો માટે આપણી શિક્ષા ઠરી જ ચૂકી છે. પરંતુ અબ્રાહમ લિંકન કરતાં પણ ખૂબ મહાન આપણા મિત્ર છે, અને તે તો પ્રભુ ઇસુ છે. જુવાન સૈનિક પર અબ્રાહમે જે પ્રેમ દર્શાવ્યો તેના કરતાં પણ વિશેષ પ્રેમ તે આપણા પર રાખે છે. તેમણે પોતાનો પ્રેમ એ રીતે દર્શાવ્યો કે પાપની

શિક્ષામાંથી આપણને મુક્ત કરવા તે આપણે માટે મૃત્યુ પામ્યા. જે પોતાના પાપની માફી તેમની પાસે માગે છે અને તે પૂરા પસ્તાવા સાથે તેમને તેમનાં સર્વ પાપ માફ કરીને સ્વર્ગનું અનંતજીવન તે મફત આપવા તૈયાર છે. તેના બદલામાં તે આપણી પાસે આપણું પોતાનું સ્વાર્પણ માગે છે? આપણાં હૃદયો, આપણો પ્રેમ, આપણી વફાદારી, આપણાં જીવનો-આટલું જ તેમને જોઇએ છે. જો આપણાં જીવનો તેમને રાજી રાખવા માટે જીવીએ તો આપણે સાબિત કરી શકીએ છીએ કે તેમણે આપણે માટે જે કર્યું છે તે બદલ આપણે આભારી છીએ. તો આજે જ તેમના પ્રેમનો અનુભવ કરી આશીર્વાદિત થાઓ. પ્રભુપિતા તમારી સહાયતા કરો.



# ૩૪ સઘળું નવું

રાજ્યાસન પર જે બેઠેલો છે તેણે કહ્યું કે જુઓ હું સઘળું નવું બનાવું છું....કેમ કે આ વાતો વિશ્વાસયોગ્ય તથા સત્ય છે." પ્રકટીકરણ ૨૧ : ૫

વહાલાં બાળકો,

પ્રભુ ઈસુના પ્રેમી નામમાં તમને નાતાલ તથા નૂતન વર્ષની શુભેચ્છાઓ પાઠવતાં ખૂબ આનંદ અનુભવું છું.

આ લખાણ તમારા હાથમાં આવશે ત્યારે તો આ ૨૦૦૩નું વર્ષ તેના સર્વ ભૂતકાળ સાથે સમાપ્ત થઇ ચૂકયું હશે ! અને આપણ સર્વે ૨૦૦૪ના નૂતન વર્ષમાં આનંદભેર પ્રવેશી ચૂકયાં હોઇશું. ! આ વર્ષ તમ સર્વને માટે પ્રભુ પિતા તરફથી તેમના હૃદયની મોટી ઇચ્છા સાથે તમારા હાથમાં મૂકાય છે અને તે સાથે પ્રભુ પિતા તમને ઉત્તમોત્તમ ભેટ આપવા ચાહે છે. તમને મનમાં થતું હશે કે આ ભેટ કઇ હશે ? જાતજાતના અનુમાનો સાથે હવે આગળ વાંચો. આ "ઉત્તમોત્તમ ભેટ" તે સુંદર, સુંદર કપડાં, ખોરાક, ઘરેણાં કે કોઇ નહિ ધારેલી વસ્તુ ! જે આ દુનિયા પૂરી પાડી શકે છે, તે નથી. પરંતુ આ ભેટ તો તમને અનેક આશીર્વાદોથી ઊભરાતું નવું જીવન છે. આ નવું જીવન જો તમારે પ્રાપ્ત કરવું હોય તો તે માટે તમારી સંપૂર્ણ ઇચ્છા હોવી જરૂરી છે. અને જો આ જીવન તમને પ્રાપ્ત થાય તો તમે આનંદથી પોકારી શકશો કે, "યહોવા મારો પાળક છે, તેથી મને કશી ખોટ પડશે નહિ."

એક મહાન સુવાર્તિક અને પ્રભુનાં ગીતો રચનાર આ જીવન કેવી રીતે પામ્યા, તે તમને જણાવવું મને ખૂબ જ જરૂરી લાગ્યું છે.

એક પ્રાર્થનાવાદી માત-પિતાનો આ પુત્ર નાનપણમાં તમારી જેમ તદ્દન લાપરવાહી અને પ્રભુ પિતાને ના ગમે તેવું સર્વ કરતો હતો. બાળપણ વટાવી હવે તે યુવાન બન્યો હતો. મગજ સારું હતું તેથી તે પોતાનું શિક્ષણ

સારી રીતે પ્રાપ્ત કરી ચૂકયો અને તે પછી તેણે મેડીકલ કોલેજમાં પ્રવેશ મેળવ્યો.

દુ:ખની વાત એ હતી કે આ સમયે તે ખરાબ મિત્રોની સાચી સંગતમાં જોડાઇ ગયો. આમ છતાં પ્રભુ ઇસુએ તેને માટે જે ઇચ્છયું હતું તે તે સમજી શકયો નહિ. આ બધો તોફાની અને પાપી જીવનથી ભરપૂર એવો વર્ગ, અન્ય વડીલોની ધાકધમકીથી તેમની નજરે સારા દેખાઇ શકે તેવો ડોળ કરીને દેવળમાં જતા હતા પરંતુ તે દેખાવ પૂરતું જ હતું. બહારના જીવનમાં તો તેઓ કંટાળારૂપ જીવન જીવતા હતા.

આ બાજુ ઘરમાં આ છોકરા માટે તેના માત-પિતા ખૂબ આગ્રહથી અને પૂરા વિશ્વાસથી પ્રાર્થના કરતા હતા. તેમને પૂરો વિશ્વાસ હતો કે તેઓએ એવો ખોટો નમૂનો તેને પૂરો પાડયો નહોતો કે તે જીવનના સાચા માર્ગ પરથી ભટકી જાય ! પણ આ નમૂનો શેતાને તેને પૂરો પાડયો. નકામા છોકરાઓની સંગત તેને પૂરી પાડી અને તેમની દોરવણી પ્રમાણે તે વર્તતોરહ્યો.



# ૩૫ જોય માટેનો ઉત્તર

જોય ભારે માંદગીમાં પટકાયો હતો. ડૉકટર સાહેબ તેને તપાસી રહ્યા હતા. તેની તરફ વાંકા વળીને તપાસી રહેલા ડૉકટર સાહેબને તેણે પૂછયું હું કદી સાજો થવાનો નથી, ખરું ને ?

તપાસી રહ્યા બાદ ડૉકટરે જોયનાં મમ્મી સામે નિરાશ વદને નજર નાંખી. તેમણે પણ નિરાશ વદને નિસાસો નાખ્યો, પછી તેમણે ડૉકટરને કહ્યું "આપણે જોયને છેતરી શકતા નથી, તે ૧૧ વર્ષનો છે અને તેની તબિયત અંગે સત્ય શું છે તે તે જાણવા ચાહે છે."

પછી તેના મમ્મીએ જોય તરફ જોતાં જણાવ્યું કે 'તારી માંદગીમાંથી તને બચાવી શકાય તેમ નથી. હું ઘણા સમયથી આ જાણતી હતી પરંતુ તને કહેવાની મારી હિંમત ચાલતી નહોતી. આગલી રાત્રે જોય પથારીમાં પડયો પડયો તેના મમ્મી પપ્પાની વાતચીત સાંભળતો હતો, તેમને એમ હતું કે જોય ઊંઘી ગયો છે પરંતુ તેણે સાંભળ્યું હવે ફક્ત છ અઠવાડિયાંઓ જ બાકી રહ્યા છે !" હવે જોય અભ્યાસ કે કસરત કરી શકશે નહિ.

જોયની આંખમાંથી ક્રોધનું એક આંસુ તેના ગાલ પરથી સરી પડયું.

ડૉકટર રૂમમાંથી બહાર ગયા, જોયના મમ્મીએ ધ્રૂજતા હાથે જોયને બાથ ભીડી અને બહાર નીકળી ગયાં.

જોયનું હૃદય ગુસ્સાથી ભરાઇ ગયું, તેણે આંખમાનું આંસુ જલ્દીથી લૂછી નાંખ્યું. અને બોલી ઊઠયો "હું હજી બહુ નાનો છું. હું કાંઇ મરી શકું નહિ." તેની સામે ભીખાભાઇ જે લંગડાં અને ખૂબ દુઃખથી ભરેલા હતા તે આવ્યા. તેને વિચાર આવ્યો કે મરવાની જરૂર તો તેમને છે ! જરા જોરથી બોલ્યો. તે વૃદ્ધ છે અને તેમને મરવું પણ છે એમ તે ઘણીવાર કહે છે.

જોય બહુ જ નાસીપાસ થયો અને પોતાનું મોં તકિયામાં નમાવી દીધું.

"પરંતુ તેમને બદલે મારે મરવાનું જ છે એમ બધાં કહે છે. તેમને તો મરવું જ છે પણ તેમ થતું નથી."

તેના મમ્મીએ દરવાજો ઉઘાડતાં કહ્યું, "જોય તારા કેટલાક મિત્રો તને મળવા માગે છે."

મિત્રો ! જોયે ઊંઘવાનો ડોળ કરતાં કહ્યુ, હવે મારે તે શા કામના છે ? તેઓ મને સાજો કરી શકે તેમ છે ? તેણે પોતાની આંખો બંધ જ રાખી.

તેણે સાંભળ્યું છે તેની માતા તેના મિત્રોને કહી રહ્યા હતાં કે, મને લાગે છે કે તે ઊંઘી ગયો છે.

જોયને લાગતું હતું કે તે સૂઇ જ રહે અને ઊંઘતો જ રહે. તેને કોઇની પણ સાથે વાત કરવી ગમતી નહિ. તેને તેમની લાગણી પ્રત્યે પણ કંટાળો આવ્યો, તેમની દયા પ્રત્યે પણ તેને તિરસ્કાર આવ્યો, તેણે મનમાં વિચાર્યું કે તેમની દયાનો મને શો ફાયદો ? શું તેથી તે સાજો થશે ? તેને થયું કે આ મારા મમ્મી જો રડયા ના કરે તો કદાચ મને સારું થશે.

કેટલાક દિવસો બાદ તેના મમ્મી એક ટ્રે ભરીને પત્રો લાવ્યા અને જોયને આપ્યા. તેમણે કહ્યું આજે આટલી બધી ટપાલો તારે માટે આવી છે ! જો આ બધી ટપાલ આજે જ આવેલી છે કદાચને છાપામાં કોઇએ તારી માંદગીના સમાચાર છપાવ્યા હશે.

જોયે આખા ઢગલામાં કેટલાક રમૂજી કાર્ડઝ જોયા, કેટલાક સુંદર ફૂલોવાળાં હતાં. કેટલાક આનંદ આપે તેવાં હતાં. કેટલાકે તેને કહ્યું "તું ખૂબ હિંમતવાન છે, કેટલાકે તેને હિંમત રાખવા કહ્યું.

જોય બોલ્યો "આ બધા તદ્દન નકામા પત્રો છે ! હું બહાદુર હોઉં કે ના હોઉં તેમાં શો ફેર પડે છે ! તેનાથી તે કંઇ સાજો થવાનો નથી. હવે તે કદી પણ બેઇઝ બોલ રમી શકવાનો નથી. તેને લાગ્યું કે બધી ટપાલ આવી જ ના હોય તો સારું થાત !

દરરોજ પત્રો આવતા હતા પણ જોય તેમાં કંઇ જ રસ લેતો નહોતો. તે સમજતો હતો કે તેણે જવાબ આપવા જોઇએ અને તેમણે લીધેલી તસ્દી બદલ આભાર દર્શાવવો જોઇએ પરંતુ તે જવાબ પણ આપવા માગતો ન હતો. પછી એક દિવસ તેના દિલોજાન મિત્ર સેમનો કાગળ આવ્યો, જોયે પ્રથમ વાર જ ખૂબ અજાયબી સાથે કાગળ વાંચ્યો, તેના પર કોઇ દિવસ આટલો સુંદર કાગળ આવ્યો નહોતો, તેણે તે વાંચ્યો. "વહાલા મિત્ર જોય, પેપરમાં તારી માંદગીના સમાચાર વાંચ્યા. શું તને મરણની બીક લાગે છે ? હું આશા રાખું છું કે તેમ નથી, હું પણ થોડા જ સમયમાં મૃત્યુ પામવાનો છું. પ્રભુ ઇસુ મારી તદ્દન નજદીક રહે છે તે મારો હાથ પકડી રહ્યા છે અને મારે માટે તેમણે સુંદર જગા તૈયાર રાખેલી છે અને તે જગા સ્વર્ગમાં છે.

પ્રેમ સાથે તારો મિત્ર સેમ.

જોયે તેનાં મમ્મી પાસે કાગળ અને પેન્સીલ માંગ્યાં. તેના મમ્મી ખુશી થયાં, તેમણે કહ્યું. તેમાંના કેટલાકનો તું જવાબ આપશે તેથી મને આનંદ થશે.

જોયે કહ્યું "હું ફક્ત એક જ કાગળનો જવાબ આપી સેમ પાસેથી કશુંક જાણવા માંગું છું. થોડા દિવસમાં જ જોયને સેમનો પત્ર મળ્યો. તેમાં લખ્યું હતું ? તું પૂછે છે તેમ પ્રભુ ઇસુ ખરેખર તારો હાથ પકડીને તને સ્વર્ગમાં લેવા ચાહે છે. જરૂર એમ જ થશે. પ્રભુ ઇસુ પરમેશ્વરના પુત્ર છે, તે આપણને ચાહે છે તે માટે જ તે પૃથ્વી પર આવ્યા. આપણે જે બધાં પાપો કર્યા છે તે માટે તેમણે ખૂબ દુઃખ સહ્યું અને ત્રીજે દિવસે તે મૃત્યુમાંથી ઊઠયા, હવે તે સ્વર્ગમાં છે પરંતુ તે આપણી સાથે પણ છે. તે આપણને તેમના સ્વર્ગીય ઘરમાં બોલાવવા ઇચ્છે છે, જોય તને પણ તે પોતાને ઘેર બોલાવવાના છે તે જાણી મને આનંદ થયો. હું પણ ખૂબ જ ખુશી છું અને તેમની પાસે સ્વર્ગમાં જવાની રાહ જોઉં છું. પત્રના અંતમાં તેણે લખ્યું હતું કે, "તે જોય પર નવો કરાર મોકલી રહ્યો છે ! અને જો તે વાંચી ના શકે તો તેના મમ્મી પાસે વંચાવશે."

જોયને ખૂબ આનંદ થયો અને નવો કરાર આવતાં જ તેણે મમ્મીને તે

વાંચી સંભળાવવા કહ્યું, આખા દિવસમાં અનેકવાર તે વાંચતા હતા કારણ તેમાંની કેટલીક બાબતો તેનાં મમ્મીને પણ લાગુ પડતી હતી.

એક દિવસે તેમણે વાંચ્યું, "તારણ પામવા સારુ મારે શું કરવું જોઇએ ?" જોય બોલી ઊઠયો આ જ પ્રશ્ન મેં સેમને પૂછયો હતો, સેમે આ જ કારણથી મને તેનું આ પુસ્તક મોકલ્યું છે. તેના મમ્મીએ હાસ્ય સાથે વાંચ્યુ, "પ્રભુ ઇસુ ખ્રિસ્ત પર વિશ્વાસ કર અને તું તથા તારા ઘરનાં સર્વ તારણ પામશો."

તેનાં મમ્મી તે બાબત પર વિચાર કરવા અટકી ગયાં પણ જોય બોલી ઊઠયો. હું ઇસુ ખ્રિસ્ત પર વિશ્વાસ કરું છું. અને જોયે તેનું જીવન અર્પણ કર્યું. યોહાન ૩ : ૧૬.



## ૩૬ ઈશ્વરપિતા તમારી પાસે કંઈક માગે છે

શું માગે છે ? ઈશ્વરને તમારી જરૂર છે. તમારા હાથની જરૂર છે, જે હાથો તેમનાં કાર્યો કરી શકે.

તમારા પગની જરૂર છે, જે પગો તેમને માટે ઘણે દૂર સુધી જઈને તેમના પ્રેમનો સંદેશો ફેલાવી શકે.

તમારી આંખોની જરૂર છે, જે આંખો તેમના વચન વાંચી શકે, જે આંખો દુઃખી, માંદા, નિરાશ, મુશ્કેલીમાં આવી પડેલાની નજરો નજર મુલાકાત લઈ, તેમને દિલાસો આપી શકે. તમારા કાનોની જરૂર છે, જે બીજાના બોજા વિષે સાંભળી મદદ કરી શકે, જે કાન ઈશ્વરની વાણી સાંભળી, તેમને આધીન થઈ શકે.

ઈશ્વરને તમારા મગજની જરૂર છે, જે યોગ્ય વિચારો દ્વારા બીજાઓને તેમની ગમ લાવી શકે. ઈશ્વરને તમારા હૃદયની જરૂર છે, જે હૃદયો પોતાનો સાચો પ્રેમ પૂરા આદર સાથે તેમની પર ઠાલવી શકે. તેમને સ્વીકારી શકે છે બીજાઓને તારણના માર્ગમાં લાવી શકે.

વહાલાં બાળકો, ઈશ્વરને તમારા સમસ્ત વ્યક્તિત્વની જરૂર છે. જે વ્યક્તિત્વ ફક્ત ઈશ્વરને જ ચાહી શકે. તેમના પ્રેમને માણી શકે. તેમની આજ્ઞાને અનુસરી શકે અને તેમ કરીને પોતા દ્વારા પ્રભુપિતાને સંતોષ આપી શકે.

શું આજે જ તમે પ્રાર્થના કરશો કે, "ઈશ, લે મુજ જીવન ભેટ ધરું, ઝટ લે અભિલાષ હું એહ ધરું" ભજનસંગ્રહ ગીત નં. ૩૪૪

અમેરિકાના એક પરગણામાં એક બહેન અને તેમની અપંગ પુત્રી રહેતાં હતાં. આ બહેનને બધે ફરવાનો અને સ્થળો જોવાનો બહુ જ શોખ હતો. પોતાની પાસે પૂરતા ધનદોલત હતાં, તેથી તેમણે પોતાની અપંગ,

નિરાધાર દીકરી માટે એક સારી હોશિયાર નર્સ શોધી લીધી અને તેની સંભાળ નીચે સોંપી, તે યુરોપની સફરે ઊપડી ગયાં.

જતાં પહેલાં દીકરીને માટે સુંદર સુંદર પુસ્તિકાઓ, ભેટો વગેરે મૂકતાં ગયાં. તે નીકળતાં હતાં ત્યારે દીકરીએ તેમને કહ્યું, "મમ્મી, ના જાઓ, મને તમારી જરૂર છે," નર્સ બહેને કહ્યું, "હું તમારી સાથે છું ને ? તમને ફરવા લઈ જઈશ અને મઝા કરાવીશ." ભારે નિસાસા સાથે દીકરીએ મમ્મીને 'આવજો, વહેલા આવજો' રડતે સાદે કહ્યું અને મમ્મીએ વિદાય લીધી. દીકરી રોજ કેલેન્ડરમાં જુએ અને દિવસો ગણે. એમ કરતાં કરતાં ૬ મહિના, ૯ મહિના, ૨ વર્ષ પૂરાં થયાં. દીકરી પણ મોટી થતી ગઈ. હવે તે સમજણી થઈ ગઈ. મમ્મીનો પત્ર કોઈ કોઈ વાર આવતો હતો. કોઈ કોઈ વાર કિંમતી ભેટો પણ આવતી હતી.

મમ્મી તો તેમની મઝામાં અપંગ દીકરીને પણ જાણે ભૂલી ગયાં. અપંગ સ્થિતિમાં દીકરીને પોતાનો પ્રેમ અને લાગણી આપવાને બદલે તેના પર ચીજોનો વરસાદ પડતો હતો.

દીકરીની વર્ષગાંઠ નજીક આવી રહી હતી. હવે તે છેક નાની નહોતી. તેને માનો વિયોગ વધારે સાલતો હતો. તેને ફૂલઝાડ અને સુંદર સુંદર ફૂલદાનીઓનો ખૂબ જ શોખ હતો. તેનાં મમ્મીએ તેને માટે ખૂબ જ કિંમતી એક ફૂલદાની મોકલી, બરોબર વર્ષગાંઠને દિવસે જ પાર્સલ આવ્યું. નર્સના હાથમાં ટપાલીએ તે આપ્યું. નર્સ બહેન વહેલાં વહેલાં પાર્સલ લઈને અંદર ગયાં. જો લીના, તેમણે કહ્યું, તારાં મમ્મી તને કેટલી બધી યાદ કરતાં હશે ? તને બરોબર પહોંચે તે રીતે તેમણે પાર્સલ મોકલ્યું છે." નર્સે તે પાર્સલ ખોલ્યું તો ખૂબ જ સુંદર ફૂલદાની નીકળી, લીના જોયા જ કરતી હતી પછી ભારે રૂદન કરવા લાગી. નર્સને કહેતી હતી કે, "તે લઈ જાઓ ! લઈ જાઓ ! મારે તે નથી જોઈતી" પછી તે જાણે પોતાની મમ્મીને કહેતી હતી કે "ઓ મમ્મી, મને તો તમારી જરૂર છે. મને હવેથી કોઈ જ ભેટ મોકલશો

નહિ. તમે જ આવી જાઓ ! હા તમે જ આવો. મને તમારી જ જરૂર છે." ક્યાંય સુધી તે આમ અકળાતી રહી. માની કાળજી અને માનો સહવાસ લીનાને વધુ જરૂરનો હતો.

આપણે આ ઉપરથી લીનાની મમ્મીની જગાએ ખ્રિસ્ત ઇસુને મૂકીએ. ખ્રિસ્ત ઇસુને દાન કે ભેટો કે એવું કંઇ પણ જોઇતું નથી. તેમને તો જોઇએ છે તમારો અને મારો પ્રેમ અને લાગણી. તેમને અર્પિત થયેલા તમારા અને મારા હૃદયની જરૂર છે. તમારો વિશ્વાસ, ભરોસો, તમારા આનંદના ભાવો અને તમારી હૃદયપૂર્વકની સ્તુતિ જોઇએ છે. તે આજે પણ તમને કહી રહ્યા છે કે, 'મારા દીકરા, મારી દીકરી તારું હૃદય, હૃદયની ભાવના, તારું સ્વાર્પણ મારે જોઇએ છે. વહાલા, દીકરા, દીકરી તમે પૂરા ભાવનું તમારું અર્પણ પ્રભુને આપી આશીર્વાદિત થાઓ.

પ્રભુ તમારી સહાયતા કરો. આમેન.



# ૩૭ વધસ્થંભની કમકમાટીભરી વેદના

જેણે (પ્રભુ ઈસુએ) પાપ જાણ્યું નહોતું તેને (ઈસુને) તેણે (પરમેશ્વર પિતાએ) આપણે વાસ્તે પાપરૂપ કર્યો. કરિંથીઓને બીજો પત્ર ૫ : ૨૧બ

પરમેશ્વર પિતાએ આવું શા માટે કર્યું ? એ જ કલમનો આગળનો ભાગ વાંચો. હા, આપણે ઈસુમાં દેવના ન્યાયીપણારૂપ થઈએ તે માટે.

હા, પ્રભુ ઈસુએ મરણ પામતાં સુધી સ્વર્ગીય પિતાની આજ્ઞા સ્વીકારી, રાજીખુશીથી વધસ્થંભની કમકમાટીભરી વેદના ભોગવી. આ વેદના કેવી હશે ? આપણે ઘણીવાર અયોગ્ય રીતે વધસ્થંભને ઘરેણા તરીકે વાપરીએ છીએ પણ તે વધસ્થંભ પ્રભુ ઈસુએ જે વધસ્થંભ અપનાવ્યો તેની ખરી હકીકત બતાવતો નથી.

પહેલા સૈકામાં શિક્ષા તરીકે જે નિર્દય મૃત્યુની સજા જાહેરમાં આપવામાં આવતી હતી, તેનો થોડો ચિત્તાર અનુભવીએ. તે વધસ્થંભની હતી.

જે આ નિર્દય શિક્ષાનો ભોગ બનવા પસંદ કરતો હતો, તેણે ભારે વધસ્થંભ પોતાને ખભે મૂકીને લાંબો રસ્તો કાપીને, તેના સ્થાન પર પહોંચવાનું હતું. પહોંચ્યા પછી તેને વધસ્થંભ પર જડનારા સૈનિકો આ વધસ્થંભને જમીન ઉપર લાંબો મૂકી દેતા હતા. તે પછી તેનો ભોગ બનનાર ગુનેગારને આ વધસ્થંભ પર ચત્તોપાટ સુવાડી દેતા હતા. ઊભા લાકડાના નીચેના છેડા પર બે પગ એક પર એક મૂકીને અને બે હાથ આડા લાકડા પર મૂકીને અને બે હાથ આડા લાકડા પર મૂકીને ભારે અણીદાર મોટા ખીલા, મજબૂત લાકડાના અણીદાર ખીલા હતા, તે ક્રૂર રીતે વધસ્થંભ સાથે હાથ અને પગમાં મોટા ભારે હથોડા વડે લાકડા સાથે જડી દેવામાં આવતા હતા ! આ દુ:ખ કેટલું અસહ્ય હશે તેનો વિચાર કરતાં જ કમકમાટી છૂટે છે ! ખીલા મજબૂત રીતે હાથો અને પગોમાં ઠોકીને લાકડાં સાથે બરોબર જડી દીધા પછી વધસ્થંભને ઊંચો કરવામાં આવતો હતો અને તેને માટે તૈયાર રાખેલી ઊંડી જમીનમાં બેસાડી દેવામાં આવતો હતો. આ વખતે વધસ્થંભ પર જડાયેલી વ્યક્તિનું

માંસ ખીલાઓને લીધે ચીરાઇ જતું હતું અને તેનું શરીર અસહ્ય વેદના સહન કરતું હતું. એવું પણ ઇતિહાસકારો જણાવે છે કે ગુનેગારને વધસ્થંભે જડનાર સૈનિકો પણ આ કમકમાટીભર્યું દૃશ્ય અને વેદનાથી ચીસો જોઇ કે સાંભળી શકતા નહોતા, તેથી તેઓ ઘણીવાર ખૂબ આકરો શરાબ (દારૂ) પીને પોતાનું ભાન ભૂલતા હતા. આ જાતનું કારમું મૃત્યુ આપણા નિર્દોષ પ્રભુ ઇસુએ મારે અને તમારે માટે સહ્યું, જેથી તેમની દયા આપણે સમજી શકીએ. તેમનો આપણે માટેનો પ્રેમ આપણે અનુભવી શકીએ અને પસ્તાવા સાથે આખા શરીરમાંથી નીકળતા લોહીમાં આપણાં પાપો ધોવાડી શુદ્ધ થઇ શકીએ અને નર્કની કારમી વેદના અને જવાળામાંથી બચી જઇ સ્વર્ગના સુખના ભાગીદાર બની શકીએ ! વધસ્થંભની કારમી વેદના અસહ્ય સૂર્યતાપમાં પ્રભુ ઇસુએ સહન કરી. કેટલા સમય સુધી ? ખબર છે ? પૂરા ૬ કલાક સુધી. વધસ્થંભ પર જડાયા પહેલાં તેમના માથા પર મોટા મોટા સોયા જેવા મજબૂત કાંટાનો મુગટ બનાવીને મૂકયો અને તે મુગટ પર જોરથી સોટીઓ મારતા. સિપાઇઓને જરા પણ દયા આવી નહિ. આપણને પાપોની શિક્ષામાંથી બચાવવા માટે પ્રભુ ઇસુએ આટલું બધું સહન કર્યું ! તેમનો આપણા પર એટલો બધો પ્રેમ હતો કે તેમણે આવું અસહ્ય દર્દભર્યું મૃત્યુ સહન કર્યું, તેમના પર સિપાઇઓ થૂંકયા, થપ્પડો મારી, ખીલાની દોરીઓવાળા કોરડાથી તેમનો બરડો ચીરી નાખ્યો. શું આ બધું તમે કે હું સહન કરી શકીએ ?


જે પ્રભુ ઇસુએ લોકોને ભારે દરદોમાંથી મુક્ત કર્યા, આંધળાઓને દેખતાં કર્યાં, મરેલાંને જીવતાં કર્યાં, બહેરાંઓને સાંભળતાં કર્યા, લંગડાઓને ચાલતા કર્યાં અને આવા અનેક દયાનાં કામ કર્યા, તેમને કેવો બદલો મળ્યો ?

વાચક મિત્રો શું તમારું હૃદય આ બધું જાણીને કંઇ જ દુઃખ અનુભવી શકતું નથી ? જરૂર તમને પણ ખૂબ દુઃખ લાગતું હશે, તો આજે જ પ્રભુની આગળ તમારું પાપી હૃદય ખુલ્લું કરો. તેમાં કેટલા બધા ડાઘા છે, શાના ? તમારાં પાપોના, પ્રભુ ઇસુ પાસે નમી જાઓ, હૃદયના પસ્તાવા સાથે માફી માગો, પ્રભુ ઇસુ જરૂર તમને માફ કરશે અને તમને નર્કની શિક્ષામાંથી બચાવી

લેશે અને તમારાં હૃદય પરના પાપોના ડાઘ તેમના રક્તથી ભુંસાઇ જશે અને પાપથી કાળું બનેલું હૃદય શુદ્ધ અને સ્વચ્છ બની જશે.

જો આજે ઢીલ કરશો તો કયારેય આ તક ફરી નહિ આવે કારણ શેતાન સાવધ બની જશે અને તમને પસ્તાવો કરતાં અટકાવી દેશે. પ્રભુ પિતાની સહાય માગી, બધાં જ પાપો કબૂલ કરી, પ્રભુ ઇસુના રક્તમાં શુદ્ધ થઇ સ્વર્ગના રાજ્યના ભાગીદાર બની જાઓ અને અનંતકાળનું સુખ, હા, સ્વર્ગીય સુખના ભાગીદાર બની જાઓ. પ્રભુ પિતા તમારી સહાયતા જરૂર કરશે. આમેન.

સર્વ બાળ મિત્રોને ઇસ્ટરની પ્રેમી સલામ. ઇસ્ટર પહેલાં તમારાં હૃદયો પ્રભુ પિતાને સોંપી આશીર્વાદિત થાઓ.



# ૩૮ પડોશી પર પ્રેમ

એક પંડિતે પ્રભુ ઈસુને પ્રશ્ન પૂછયો કે, "મારો પડોશી કોણ છે ?"

પ્રભુ ઈસુએ તેને યોગ્ય સમજ આપવા એક વાત કહી જે તમે લુક ૧૦ : ૩૦-૩૭માંથી શોધીને ફરીથી વાંચી જશો.

વાર્તા પૂરી થતાં પ્રભુ ઈસુએ પૂછયું કે, "યાજક, લેવી અને સમરૂનીમાંથી ખરો પડોશી કોણ ઠર્યો." લૂંટારાના હાથમાં આવી પડેલા નિઃસહાય માણસને ખરી મદદ કોણે કરી ? બે જણ એટલે કે યાજક અને લેવી તો તેને ઘાયલ થયેલો જોતાં જ મોં ફેરવીને ચાલતા થઇ ગયા. પરંતુ સમરૂની જેને લોકો હલકા પ્રકારના માણસો ગણતા હતા, તેણે જ દયા ભરેલા હૃદયે તેની સારવાર કરી અને પોતાના જાનવર પર બેસાડીને તેને ઉતારામાં આરામ માટે લઇ ગયો. પ્રશ્ન પૂછનારને જ પ્રભુ ઈસુએ પ્રશ્ન કર્યો કે "આ ત્રણમાંથી ઘાયલ થયેલા માણસનો ખરો પડોશી કોણ ઠર્યો ?" પંડિતે તરત જ જવાબ આપ્યો કે "તેના પર દયા કરીને તેની સાર સંભાળ લેનાર સમરૂની તેનો ખરો પડોશી હતો."

મોટે ભાગે બાજુમાં રહેનાર વ્યક્તિને બધાં પડોશી તરીકે ઓળખે છે પરંતુ પ્રભુ ઈસુની ડિક્ષનરી જુદી જ હતી, તે તો એમ જણાવે છે કે, જે કોઇ ભારે મુશ્કેલીમાં મૂકાઇ ગયું હોય અને તેના આવા કપરા સમયે જે વ્યક્તિ તેની યોગ્ય મદદ કરે તે જ 'ખરો પડોશી' કહેવાય. ઘણીવાર મુસીબતમાં આવી પડેલી બાજુમાં રહેનાર વ્યક્તિ કોઇ વાર ગમે તેટલા કાલાવાલા કરે તોપણ તેની મદદ કરવા કોઇ તૈયાર થતું નથી. આ વિચાર મને એક વાર્તાની યાદ દેવડાવે છે. એક ગરીબ, અપંગ જુવાન છોકરો હતો. તેના શરીરનું જાણે એકેય હાડકું સારું નહોતું. તે ચાલતો હતો પણ એવી રીતે કે જાણે તેને પગ મૂકીને ચાલતા પણ આવડતું ના હોય. લથડિયાં ખાતો, ઠેસ ખાતો, આમતેમ અફળાતો રસ્તા પરથી ચાલી જતો, તેને જોઇને તોફાની છોકરાઓનું ટોળું તેની પાછળ, પાછળ દોડતું અને બૂમો પાડતું આવી રહ્યું હતું. ટોળામાં

થોડો મોટો છોકરો હતો, તેનું નામ ફ્રેડ હતું. તે પણ બધાની સાથે બૂમો પાડતો જતો હતો કે, "એય ખોખરા હાડકાંવાળા, જરા વહેલો ચાલ, સીધો ચાલ. "વળી કોઇ છોકરો એમ પણ બૂમો પાડતો હતો કે તને ધક્કા જ મારી મારીને ચલાવવો પડશે. કોઇ કોઇ છોકરા તેની પર કાંકરા પણ ફેંકતા હતા. જો કે ફ્રેડને તેની દયા આવતી હતી, પરંતુ તોફાની ટોળાથી તે ડરતો હતો, પેલો અપંગ જુવાન પણ લાચાર હતો તે તો તે જ સ્થિતિમાં ચાલ્યો જતો હતો છતાં ફ્રેડે બૂમ મારી, "એય ખોખરા હાડકાંવાળા વહેલો ચાલ નહિ તો આ છોકરાઓ તને ધક્કા મારીને પછાડી દેશે. ફ્રેડ તેને સંભાળવા માટે તેની પાછળ પાછળ ચાલ્યો જતો હતો. છોકરાઓએ તેને કહ્યું "આવી મારી લાચાર સ્થિતિમાં મારી ચિંતા કોણ રાખે છે તે જોવું હોય તો મારી સાથે ચાલ. ફ્રેડને આ છોકરો પોતાને ઘેર લઇ ગયો.

છોકરાની માએ ફ્રેડને આવકાર આપ્યો અને છોકરાને પણ પ્રેમથી અંદર લઇ ગઇ.

છોકરાએ ફ્રેડને બેસાડયો અને તેને કહેવા લાગ્યો કે, "તું છેક નાનો બાળક હતો એટલો નાનો કે તારી આયા તને પ્રામમાં બેસાડીને ફેરવવા લઇ જતી હતી, એક દિવસે તે એવી રીતે તને નદી તરફ લઇ ગઇ. તે થાકી ગઇ હતી તેથી તેણે પ્રામ પરથી જરાવાર માટે હાથ લઇ લીધો અને થાક ખાવા ઊભી. એટલામાં તો ઢાળને લીધે પ્રામ નીચેની બાજુએ સરકવા લાગી. આયાનું ધ્યાન ખેંચાયું અને તે પ્રામને પકડવા દોડી અને ઢાળ પણ વધતો ગયો અને પ્રામ બાબા સાથે નદીમાં પડી ગઇ, આયા પહોંચી શકી નહિ પરંતુ હું ત્યાં જ ઊભો હતો ત્યારે તો હું ૧૦ વર્ષનો હતો; મેં જલદીથી પાણીમાં પડતું મૂકયું. પાણી વધુ પડતું ઠંડું હતું પરંતુ મેં બાળકને ઉપાડી લીધું, જો કે મને ઠંડીને લીધે બહુ જ મહેનત પડી પરંતુ બાળક બચી ગયું અને તે બાળક તે તું જ હતો.

મારું નામ ઠામ જણાવ્યા વગર મેં આયાને તેને સોંપી દીધો અને ત્યાંથી નીકળી ગયો ! તું બચી ગયો પણ અસહ્ય ઠંડીને લીધે મને ભારે વા લાગુ પડયો, જેને લીધે હું આ પ્રમાણે ચાલું છું. મારું દર્દ દરરોજ વધતું જાય છે


અને ચાલવામાં પણ મને બહુ જ મુશ્કેલી પડે છે. માની સારી કાળજીને લીધે હું હરતો ફરતો રહું છું પરંતુ લંગડાતો જ.

આ બધું સાંભળીને ફ્રેડ શરમથી નીચું જોઇ રહ્યો. તેની આંખોમાંથી આંસુ ટપકી રહ્યાં હતાં.

ફ્રેડે કહ્યું, "ભાઇ, મને માફ કર. તેં તો મને બચાવ્યો પણ હું? હું તો દરરોજ તારી મશ્કરી કરતો રહ્યો છું અને ખરાબ નામોથી તને પોકારી રહ્યો છું. હું તને ઓળખતો નહોતો તેથી આવું બન્યું. તું મારો સાચો પડોશી બન્યો અને હું આજ દિન સુધી તને ધુતકારી રહ્યો."

વહાલાં બાળકો, કોઈપણ અપંગ કે શારીરિક ખોડવાળું હોય તેને ધુતકારશો નહિ પરંતુ તેને તમારી યથાશક્તિ મદદ કરી તેનો દિલાસો બની રહેજો, આ તમારો 'પડોશી ધર્મ' કહેવાશે.

પ્રભુ ઇસુએ સર્વ માનવીઓના પાપોની શિક્ષા પોતાને શીરે લીધી અને તેમને પાપોથી છુટકારો મળે માટે વધસ્થંભનું શાપિત મોત ભોગવ્યું અને આપણે જેઓ તેમના પર વિશ્વાસ કરી આપણાં પાપો કબૂલી તારણ પામ્યાં છીએ તેઓનાં પ્રભુ ઇસુ સાચા પડોશી બની રહ્યા છે. તેમની સ્તુતિ થાઓ. આમેન.



# ૩૯ શું પસંદ કરીશ ?

"હું એ બધાંને હાનિ જ ગણું છું." ફિલિપી. ૩ : ૮નો ભાગ

જનરલ વિલ્યમ બુથ બહુ મહાન પ્રભુના સંત થઇ ગયા. પ્રભુ ઇસુ પરના તેમના પ્રેમને કારણે તેમના ઘણાં મિત્રો હતા.

એક દિવસ એક ધનવાન મિત્રએ તેમને પ્રેમપૂર્વક આગ્રહભર્યું આમંત્રણ આપ્યું અને આખા દિવસના મહેમાન તરીકે પોતાને ઘેર બોલાવ્યા.

જનરલ બુથે આમંત્રણનો સ્વીકાર કર્યો અને પોતાની નાની દીકરીને સાથે લઇને ગયા. ધનવાનનું ઘર ખૂબ સુંદર અને આકર્ષક ચીજ વસ્તુઓથી ભરેલું હતું.

નાની દીકરી તો આ બધી સુંદર સુંદર આકર્ષક વસ્તુઓ જોઇને સ્તબ્ધ જ બની ગઇ, તેને અનેક વિચારો આવ્યા. તેને થયું કે ડેડી આટલી બધી પ્રાર્થનાઓ કરે છે, પ્રભુ ઇસુ પર પ્રેમ રાખે છે-હા, ખૂબ જ પ્રેમ રાખે છે છતાં પ્રભુ ઇસુ તેમને તો આવું કંઇ જ આપતા નથી.

અમારે રહેવાનું સ્થળ તો ગરીબોના વિસ્તારમાં એક નાના સરખા ઘરમાં રહેવાનું છે ! શું પ્રભુ ઇસુ મારા ડેડી પર પ્રેમ નહિ કરતા હોય ?

સાંજ પડતા પિતા પુત્રીએ વિદાય લઇને આભારી અંતઃકરણે મહેમાનગીરી માણી ઘરે આવ્યા.

ઘરમાં આવતાંની સાથે નાની દીકરીને મનમાં અનેક વિચારો આવવા લાગ્યા. તેણે પ્રશ્ન કર્યો. ડેડી, પ્રભુ ઇસુ આપણને આવું બધું કેમ નથી આપતા ? શું આપણે ગરીબ છીએ તેથી આપણે તેમને નથી ગમતાં ?

ડેડીએ દીકરીને પ્રેમપૂર્વક પાસે બોલાવી પોતાના પગ પર બેસાડી અને પાસેના ટેબલ પરથી એક કાગળ અને પેન્સીલ લીધા.

કાગળ પર તેમણે એક મોટો ગોળાકાર (વર્તુળ) દોર્યો અને વચમાં

એક નાનું ટપકું મૂક્યું.

પછી તેમણે દીકરીને પૂછયું, જો આ મોટા ગાળાકારને 'બધી વસ્તુઓ' એ નામ આપ્યું અને નાના ટપકાને 'પ્રભુ ઇસુ' એવું નામ આપ્યું. બન્ને નામો તેમણે તે પ્રમાણે લખ્યાં.

પછી તેમણે દીકરીને પૂછયું, બેટી તારે તારા જીવન માટે નાના ટપકા જેટલા જ ઈસુ જોઈએ છે અને તારા જીવનના મોટા ભાગ માટે દુનિયાની નકામી વસ્તુઓ જોઇએ છે ? તું શું પસંદ કરે છે ? તું જે પસંદ કરીશ તે તને મળશે.

નાની દીકરી ઊઠીને ડેડીને ગળે વળગી પડી અને કહ્યું "ના, ના,ના. ડેડી મારે ઈસુને મોટા વર્તુળમાં જોઈએ છે અને નાના ટપકા માટે બીજી બધી બાબતો ભલે રહેતી.

"મારે માટે જીવવું તે ખ્રિસ્ત છે"

આ વાત વાંચીને બાળકો, વિચાર કરજો. આખી દુનિયા મેળવશો પરંતુ તમારા જીવની હાનિ પામશો તો તમે સ્વર્ગના રાજયથી દૂ..ર દૂ....ર રહી જશો પછી પોકારી પણ નહિ શકાય કે, "પ્રભુ ઈસુ હું તમારી છું , હું તમારો છું ! "

પ્રભુ ઈસુ કહેશે "હું તમને નથી ઓળખતો, મારાથી દૂર જાઓ."

શું પસંદ કરશો ? મારી તો સંપૂર્ણ ઈચ્છા છે કે જે પ્રભુ ઇસુ મારા જ છે તે તમારા પણ હોય, જે આકાશી રાજયમાં મને રહેવાનું મળશે ત્યાં તમે વહાલાં બાળકો પણ એક દિવસ મને મળશો. તારણ પામી જાઓ, પ્રભુ તમારી સહાયતા કરો.

નોંધ : વહાલાં બાળકો તારણ વિષે વધુ સમજાણ અને ખાતરી પામવા આપણાં વહાલાં હેરિયેટ આન્ટીને મળજો અથવા પત્ર લખજો.

# ૪૦ મૃત્યુને ભેટી રહેલી એક બાળાની વિનંતી

"પણ તમે જેઓ પહેલાં દૂર હતા તે તમે હમણાં ખ્રિસ્ત ઈસુમાં ખ્રિસ્તના લોહીએ કરીને પાસે આવ્યા છો, કેમ કે તે આપણું સમાધાન છે."

એફેસી ૨ : ૧૩, ૧૪

એક ખ્રિસ્તી બહેન હોસ્પિટલની લોબીમાં બેઠાં બેઠાં નવો કરાર વાંચી રહ્યાં હતાં. તેમની નજીક એક બીજા બહેન બેઠાં હતાં તે પૂરેપૂરા દુઃખી હતાં તેમની આંખો રડી રડીને લાલ થઈ ગઈ હતી.

આ બહેને રડતાં રડતાં પેલાં ખ્રિસ્તી બહેનને જણાવ્યું કે, "બહેન તમને વાંચવામાં થોડી ખલેલ પહોચાડું છું તેથી "માફ કરશો." પરંતુ તમે મારી એક મદદ ના કરો ? શું તમે મારી દીકરી મેરીનો ધર્મ પાળો છો ? એ જ ધર્મની મને જરૂર છે.

પ્રભુ પર વિશ્વાસ કરનાર બહેન સમજી ગયાં કે તે બહેનને આત્મિક સમજણની જરૂર છે, તેથી તેમણે તે બહેનને કહ્યું "પ્રભુ ઈસુ પર વિશ્વાસ કરશો તો જ તમને ઈશ્વરપિતાની શાંતિ મળશે." આ સાંભળીને તો દુઃખી બહેનની આંખોમાં આંસુ ઊભરાવા લાગ્યા.

તે રડતાં રડતાં કહેવા લાગ્યાં, મેરી અમારી એકલી દીકરી હતી. તે ૧૨ વર્ષની ઉંમરે વેકેશન બાઈબલ સ્કૂલમાં પોતાના જીવનનું બદલાણ પામી. તેણે અમને વિનંતી કરી કે તેને અમે એક બાઇબલ લઈ આપીએ. તે જમવા બેસે ત્યારે પણ પ્રાર્થના કરતી હતી અને મોટા ભાગે સૂઈ જતાં પહેલાં પોતાના પલંગની પાસે ઘૂંટણ ટેકવીને પ્રાર્થના કરતી હતી. અમને આ બાબત પસંદ નહોતી તેથી તેનું મન બીજી તરફ વાળવા અમે ઘણા પ્રયત્નો કર્યા પણ સર્વ વ્યર્થ ગયું. તેના પપ્પાએ પણ તે આ ધર્મ બદલે તે માટે તે જે માગે તે આપવા વચન આપ્યું છતાં તે પોતાનો ધર્મ છોડવા તૈયાર નહોતી.

એક દિવસ તે મને કહેવા લાગી, "મમ્મી મારા હૃદયમાં પરમેશ્વરે જે આનંદ ભર્યો છે તે તમે સમજી અને માણી શકો તો કેવું સારું ? હું પ્રભુ ઈસુ

પર બહુ જ પ્રેમ કરું છું ! પ્રભુ ઈસુ મારા જ છે ! "

થોડા સમય બાદ મેરી ભયંકર માંદગીમાં સપડાઈ ! અમે બહુ જ ગભરાઈ ગયાં. તેને જલદીથી દવાખાને લઈ ગયાં.

પૂરેપૂરી તપાસ બાદ ડોકટરે જણાવ્યું કે તેને ભયંકર રોગ લાગુ પડયો છે અને તે બચી શકે તેમ નથી.

તેના છેલ્લા શબ્દો હતા, "મમ્મી, ડેડી મહેરબાની કરીને મારા તારનાર ઈસુને મેળવવાના પ્રયત્નો કરો જેથી તમે મને સ્વર્ગમાં મળી શકો. પ્રભુ ઈસુએ મને બહુ જ શાંતિ આપી છે ! " "આ બધું બે અઠવાડિયાં પહેલાં બન્યું.

અત્યારે મારા પતિ દવાખાનામાં છે. અને તે મરણની છેક જ નજીક છે. હું મેરીએ જે ધર્મ સ્વીકાર્યો, તે સ્વીકારવા ચાહું છું

ખ્રિસ્તી બહેને ઘણા પ્રેમ સાથે બાઇબલમાંથી વચનો કાઢીને તેમને બતાવ્યું કે, જો તારણ પામવું હોય, પ્રભુ ઈસુનો સ્વીકાર કરવો હોય તો પ્રભુ ઈસુ પર સંપૂર્ણ વિશ્વાસ કરવો બહુ જ જરૂરી છે. તે જ સમયે મેરીની મમ્મીએ હૃદયના પૂરા પસ્તાવા સાથે ઘૂંટણે પડીને પ્રભુ ઈસુને કહ્યું, પ્રભુ ઈસુ હું તમનેજ મારા તારનાર સ્વીકારું છું તમે જ મારાં પાપો માફ કરી શકો છો. મારો સ્વીકાર કરો મારા આત્માને શાંતિ આપો.

કેવો ચમત્કાર થયો ? આ બહેનના મનની બધી ઉથલપાથલ શમી ગઈ. તેમને શાંતિ મળી અને જાણે તે પ્રભુ ઈસુમાં એક થઇ ગઇ પછી તે બોલી "બહેન મારી દીકરી મૃત્યુ પામી તે પહેલાં તેને જે શાંતિ મળી હતી તે જ શાંતિ આજે મને મળી છે. ખરી શાંતિ શું છે તે આજે હું સમજી શકી છું.વહાલાં બાળકો, નીચેની બાબતો સમજો.

૧. સઘળાએ પાપ કર્યું છે અને દેવના મહિમા વિષે સઘળાં અધૂરાં રહે છે. રોમન. ૩:૨૩.

૨. (અ) પ્રભુ ઈસુનું રકત આપણને સઘળાં પાપથી શુધ્ધ કર છે.

૧ યોહાન ૧:૭

૩. (બ) જો આપણે આપણાં પાપ કબૂલ કરીએ, તો આપણાં પાપ માફ કરવાને તથા આપણને સર્વ અન્યાયથી શુધ્ધ કરવાને તે વિશ્વાસુ તથા ન્યાયી છે. ૧ યોહાન ૧:૯

હજી તમારામાં ઘણાં હશે તો આ કલમો પ્રાર્થના સાથે બરોબર વાંચી, નમ્રતાથી પ્રભુ પિતા પાસે તમારાં પાપો કબૂલ કરો અને તમારા આત્માને શુધ્ધ કરવા તે જ એકલા શક્તિમાન છે. તેમના પર વિશ્વાસ કરી તારણથી મળતી શાંતિનો અનુભવ કરો અને પ્રભુ ઇસુની સંગતમાં હંમેશા રહો. પ્રભુ ઈસુ તમારી મદદ કરશે. તેમને સર્વકાળ મહિમા હો. આમેન.



# ૪૧ સસલું ભાગ-૧

આ એક ખૂબ મઝા આપે તેવું પ્રાણી છે. જાણો છો ? તે કદી પણ ચાલતું નથી. તેને ચાર પગ છે છતાં પણ ચાલતું નથી. કેટલું વિચિત્ર કહેવાય ! ઈશ્વરપિતાએ તેને તે પ્રમાણે જ બનાવ્યું છે અને તે હંમેશા કૂદકા મારે છે અને કૂદતું જ ચાલે છે.

બાઈબલમાં લખ્યું છે કે તે અશુધ્ધ પ્રાણી છે અને યહૂદીઓને તેને ખાવાની મનાઈ હતી.

ઘણાં બાળકો પણ એવાં જ હોય છે ને ? તેમનાં મમ્મીએ તેમને વારંવાર સાફ કરવા પડે છે કારણ કે તેઓ મોટે ભાગે ધૂળમાં અને ગારા બનાવીને તેના આકારો કરવામાં આનંદ માનતા હોય છે. મોટાં બાળકો પણ ઘણી વખત ખૂબ સારા હોય છે અને ઘણીવાર તોફાની બની જતાં હોય છે. ફકત પ્રભુ ઈસુ જ કોઈ પણ છોકરાને કે છોકરીને મીઠું, મધુરું, સુંદર જીવન જીવવા શક્તિમાન કરી શકે છે. જો તે પ્રભુ ઈસુ વિષે જાણે તો.

સસલાને ઘણા બધા શત્રુઓ હોય છે. કાંટાવાળો શેળો પણ સસલાના ઘરમાં ઘૂસી જાય છે અને તેના બચ્ચાંને ખેંચી જઈને તેમને ખાઈ જાય છે. આ તો કેટલું ખરાબ કહેવાય ! જ્યારે સસલા પણ બહાર દોડતાં ફરતા હોય ત્યારે ઉપર ઊડતા સમડી, ઘુવડ, બાજ પક્ષી, ગરૂડ તેમની પર તરાપ મારે છે અને જો લાગ ફાવે તો તેમને પકડી લે છે. ઇંગ્લેન્ડના જંગલી સસલાની જાત વિષે એક રસપ્રદ વાત જાણવા જેવી છે. જો બચ્ચાંની મા તેમનું રક્ષણ ના કરે તો તેમનો બાપ તેમને મારી ખાય છે. ઘણીવાર અણસમજુ પિતાઓ પણ પોતાના નિર્દોષ બાળકો પ્રત્યે ખૂબ ક્રૂર બનતા હોય છે, તેઓ તેમને ખૂબ મારે છે અને ઘણીવાર તો એટલી બધી ગંદી ગાળો બોલે છે કે તેઓ માનવી જ ના હોય.

ફકત પ્રભુ ઈસુ જ આવા પિતાઓને સુધારી શકે છે અને તેમને પ્રેમાળ,

ભલા, માયાળુ અને સારા પપ્પા બનાવી શકે છે. જ્યારે ઉપર જણાવ્યા પ્રમાણેના પપ્પાઓ પ્રભુ ઈસુને તારનાર તરીકે સ્વીકારે છે ત્યારે પ્રભુ ઈસુ તેમને તેમનો પાપી સ્વભાવ બદલી આપે છે અને તેમને સારો, કુદરતી સ્વભાવ બક્ષે છે અને તેમને સારા પ્રેમાળ પિતાઓ બનાવે છે.

સસલા પોતાના સાથીઓને બીજા મિત્રોને ભયજનક બાબતથી ચેતવતા હોય છે. જ્યારે તે ખેતરમાં થઈને કે મેદાનમાં કે ચરવાની જગામાં થઈને દોડે છે એટલે કૂદતાં કૂદતાં દોડે છે ત્યારે પોતાની ભરાવદાર સફેદ પૂંછડી ઊંચી રાખે છે અને નીચી કરે છે. બીજા સસલા આ જુએ છે કે તરત જ તેઓ સમજી જાય છે કે કંઈક જોખમ છે અને દોડીને પોતાની વાડમાં ભરાઈ જાય છે.

હવે બાળકો જો તમે તમારા જેવા છોકરા કે છોકરીઓને શેતાનની જાળમાં ફસાતાં જુઓ તો તરત જ તેમની પાસે પ્રભુ ઈસુના વધસ્થંભની વાત કરો અને તેમને નાશમાં જતાં બચાવી લો. શેતાનની જાળમાં ફસાવું એટલે ખરાબ મિત્રોની સંગત, ખોટી, ગંદી ટેવો, ગમે તેવી અયોગ્ય જગામાં જવું અનાજ્ઞાંકિત હોવું, જૂઠું બોલવું, ચોરી કરવી, ખરાબ શબ્દો બોલવા, આ બધી બાબતો દ્વારા શેતાન નર્ક તરફ જાય છે. પણ જો પ્રભુ ઈસુનું બાઇબલ વાંચો, નવા કરારમાં તેમનો ઉપદેશ, ચમત્કારો વગેરે વિષે જણાવી તેવાં બાળકોને પ્રભુ ઇસુ પર પ્રેમ કરતાં શીખવો તો પ્રભુ ઈસુ તેમને ખૂબ સારાં બાળકો બનાવશે.

સસલું બીજી રીતે પણ ચેતવણી આપે છે. તેના પાછલા બે પગ જોરથી જમીન સાથે થપથપાવે છે અને અવાજ કરે છે. બીજા સસલાં ઘણાં દૂર હોય તોપણ આ અવાજ સાંભળી જાય છે અને પોતાની સંતાવાની જગામાં દોડીને ભરાઇ જાય છે. સસલા એક બીજા પ્રત્યે માયાળુ હોય છે. તેઓ બીજા તેમના જેવા સસલાને કૂતરા અને શિકારીઓથી સંભાળી લે છે.

તમે નહિ જાણતાં હો કે પરમેશ્વર સસલી માતા પ્રત્યે કેટલા ભલા

છે ! જ્યારે તેના બચ્ચાં ખૂબ નાનાં હોય છે ત્યારે તે તેમને લઈને બહાર નીકળે છે પણ તેની કોઈપણ જાતની વાસ જમીન પર રહેવા દેતી નથી. જેથી કરીને શિયાળ જેવાં પ્રાણીઓ તેનો રસ્તો જાણી શકે નહિ અને તેને કે બચ્ચાંને હેરાન કરી શકે નહિ. કેટલી અજાયબ જેવી રીતે પ્રભુપિતા આ સસલી માતાઓ પ્રત્યે દયાળુ હોય છે ! આપણે પણ પ્રભુ પ્રેમી આપણી માતાઓ માટે પ્રભુના આભારી બનવું અને રહેવું જોઈએ કે જે તારનાર પ્રભુ ઈસુ પર પ્રેમ કરતા હોય, દરરોજ બાઈબલ વાંચતા હોય અને પોતાનાં બાળકો સાથે પ્રાર્થના કરતાં હોય, આવી જ માતાઓ પોતાનાં બાળકોને પ્રભુના માર્ગમાં જાળવી શકે.



# ૪૨ સસલું ભાગ-૨

સસલાં તો ઘણી જ નિર્બળ પ્રજા છે,- તોપણ તેઓ પોતાનાં રહેઠાણ ખડકોમાં બનાવે છે. નીતિવચનો ૩૦:૨૬.

સસલાં મોટે ભાગે તેમનું રહેઠાણ જમીનમાં રાખે છે. આ એક લાંબી નહેર જેવું હોય છે અને તેમાં ઘણાં બધાં ફાંટા હોય છે. નોળિયા કે શેળા કે ઘુવડ ગમે તેટલા ફાંફાં મારે તોપણ તેઓ તેનાં બચ્ચાંની જગા શોધી શકતાં નથી કારણ કે આ બધા વિવિધ ફાંટાઓમાંના એકને છેડે માતા સસલી પોતાના બચ્ચાં માટે પોતાનું રહેઠાણ અથવા માળો બનાવે છે. તેમાં તે પાંદડા, કુંપળો વગેરે પાથરીને સુંદર પથારી બનાવે છે અને પછી તે બધું પથરાઇને વ્યવસ્થિત થાય તે પછી ઉપરની સપાટી પર ખૂબ બધા વાળ પોતાની છાતી તરફથી ખેંચી કાઢીને પાથરે છે. પોતાનાં નાનાં બચ્ચાં માટે તે બહુ જ કાળજીપૂર્વક આ સુંવાળો પોચો માળો તૈયાર કરે છે. નાનાં નાજુક બચ્ચાં શરૂઆતમાં આંધળા હોય છે. તેમની ચામડી પર રૂંવાટી કે વાળ પણ હોતાં નથી. તે સમયે અનાયાસ જો નોળિયાને બચ્ચાંવાળો ફાંટો મળી જાય તો ગમે તેમ કરીને તે જગાએ પહોંચી જાય છે અને બચ્ચાંને શોધી કાઢે છે અને તેમને તે પોતાના રહેઠાણમાં લઈ જાય છે અને સુંદર ભોજન માણે છે. બચ્ચાં આંધળાં અને નાજુક હોવાથી કંઈ જ સમજી શકતાં નથી અને બૂમ કે ચીસ પણ પાડી શકતાં નથી. તેઓ થોડા મોટા થાય પછી જ તેમની આંખો ઊઘડે છે અને શરીર પર વાળની રૂંવાટી પણ થવા લાગે છે. આ માળા દર વર્ષે વપરાય છે. કેટલીક વાર તો એક જ માળામાં સાત કે આઠ વાર નવાં નવાં બચ્ચાં જન્મે છે અને ઊછરે છે. જો કે માળો સંપૂર્ણ રીતે જળવાઇ રહે અને તેને નુકસાન પહોંચાડનાર પ્રાણીની નજરે નહિ પડે તો.

માળાના ફાંટાનો દરવાજો ગુપ્ત રાખવામાં સસલાં ખૂબ હોશિયાર હોય છે. જયારે માતા સસલી ખોરાક શોધવા બહાર જાય ત્યારે તેઓ પાંદડા અને ઝીણા છોડવા અને કૂંપળો વડે માર્ગના છેડા પરનો ભાગ બરોબર ઢાંકી દે છે, જેથી દુશ્મનો શોધી શકે નહિ.

તમે જાણો છો કે દાઉદના ઘણા દુશ્મનો હતા અને તેમનાથી સંતાઈ રહેવાની તેને જરૂર હતી અને તેણે પ્રભુ પિતાને વિનંતી કરી કે તે પોતાના માંડવામાં તેને ગુપ્ત રાખે. ગી. શા. ૨૭:૫માં આ પ્રમાણે લખ્યું છે કે, "સંકટને સમયે તે પાતાના માંડવામાં મને ગુપ્ત રાખશે." આ તો દાઉદની પ્રાર્થના હતી. તે નાનપણથી પ્રાર્થના કરનારો છોકરો હતો. તે પ્રભુ પિતાની શક્તિને જાણતો તેથી તેના કરતાં બળવાન દુશ્મનોથી બચવા તે પ્રાર્થના કરતો હતો અને પ્રભુ પિતા તેને સંભાળતા હતા.

વહાલાં બાળકો આશા રાખું છું કે તમે પણ તમારાં માતા-પિતાની દોરવણી પામીને રોજ પ્રભુ પિતાની સંગત પ્રાર્થના દ્વારા કરતા હશો. જેઓ તેમના પર વિશ્વાસ રાખે છે, તેઓ કદી શરમાશે નહિ.

કેટલાક માણસો એવું સમજે છે કે સસલા લડાઈ કરવાનું સમજતા જ નથી પરંતુ તેઓ જરૂરી સમયે ભયંકર રીતે લડતાં હોય છે. ખેતર કે પાંજરામાં તેઓ નિર્દોષ અને નમ્ર જણાતા હોય છે. પરંતુ માતા સસલી જ્યારે બરોબર ગુસ્સે થઈ હોય ત્યારે તે પોતાના મજબૂત પાછલા પગથી હવામાં ઊંચે કૂદે છે અને દુશ્મનને લાતો મારે છે, નહોર ભરે છે અને પોતાનાં બચ્ચાંના રક્ષણ માટે ખૂબ સારો લડાયક પ્રભાવ બતાવે છે.

મનુષ્યમાં પણ આવું જ કંઇક છે. ભલી અને નમ્ર દેખાતી વ્યક્તિના હ્રદયમાં શું છે, તે મોટે ભાગે આપણે કોઇપણ સમજી શકતાં નથી પરંતુ આવી વ્યક્તિ પણ લડાઇ ઝગડા કરવામાં પારંગત હોય છે; પરંતુ આવી વ્યક્તિને પ્રભુના પ્રેમની સમજાણ પ્રાપ્ત થાય છે ત્યારે તે બાઇબલ વાંચવા લાગે છે, પ્રાર્થના કરે છે અને પ્રભુ ઈસુ પર વિશ્વાસ કરી પોતાનાં સર્વ પાપોની માફી માગી, તેમનાં રકત પરના વિશ્વાસથી તારણ પામે છે અને ખૂબ પ્રેમાળ અને સમજદાર બને છે. ૧ યોહાન ૫ : ૧૨ જણાવે છે કે "જેને પુત્ર છે (પ્રભુ ઈસુ છે) તેને જીવન છે." યોહાન ૩ : ૩૬ જણાવે છે કે, "જે દીકરા (ઈસુ) પર વિશ્વાસ કરે છે, તેને અનંતજીવન છે."

સસલાંની વિચિત્ર બાબત એ છે કે તેની આંખો તેના માથા તરફ વધારે હોય છે, જેથી તેની પાછળ પડનાર દુશ્મન પાછળ હોય છતાં તેને જોઇ

શકે છે. અને પોતાની ઝડપી દોડથી દુશ્મનને પાછળ પાડી દે છે.

ક્રૂર, દુષ્ટ નોળિયો ખેતરમાં સસલાં પાછળ ખૂબ ઝડપથી દોડી તેમને એટલા બધા ડરાવે છે કે તેમના પગ ખેંચાઈ જાય છે અને બિચારા પક્ષઘાતી થઈ જાય છે. નિર્બળ બનીને તેઓ જમીન પર પડી જઈ મદદ માટે દયાજનક ચીસો પાડે છે, મદદ કયાંથી આવે? પછી નોળિયો બિચારાને મારી નાખે છે. બીજી એક વિચિત્ર બાબત જાણો. જો ઘાસચારાની જગામાં અથવા મેદાનમાં ઘણાં બધાં સસલાં હોય તો ત્યાં ઘેટાં ચરશે નહિ. સસલાંનું ચરેલું ઘાસ પર ઘેટાં ખાશે નહિ. સસલાં ઘાસ પર સૂતા હોય તો તે ઘાસની પાસે ઘેટાં નહિ જાય.

.આમ શા માટે હશે તેની મને જાણ નથી પરંતુ તેમાંથી સારો બોધ મળી રહે છે. ઘેટાં તે ખ્રિસ્તી લોકો છે અને સસલાંને પાપી લોકો સમજીએ, પાપીઓને ગમતી બાબતો જેવાં કે મોજશોખ, લોભ, દુષ્ટતા અને અન્ય પાપી બાબતો ખ્રિસ્તી લોકોને માટે સારી નથી. ખ્રિસ્તી લોકો સ્વર્ગીય માન્ના એટલે શાસ્ત્ર વાચનરૂપી ખોરાક પસંદ કરે છે. શાસ્ત્ર કહે છે કે, "જગત પર અથવા જગતમાંના વાનાં પર પ્રેમ ન રાખો. જો કોઇ જગત પર પ્રેમ રાખે છે, તો તેનામાં પિતા દેવ બાપ પરનો પ્રેમ નથી." ૧ યોહાન ૨ : ૧૫.

શાસ્ત્ર એ પણ કહે છે કે, "જગતની મૈત્રી દેવ પ્રત્યે વેર છે." યાકુબ ૪ : ૪

ઉપર મુજબ અને આગલા અંકની આપેલી વિગત પ્રમાણે બને તેટલી સસલાં સંબંધીની જાણકારી અંકલ વોલ્ટરે આપી છે અને તેમને પ્રાણીઓમાં બહુ જ રસ છે. તેઓ અમેરિકન છે. છેલ્લે તેમણે પોતાનો એક અનુભવ પણ જણાવ્યો છે. એક દિવસ અંકલ વોલ્ટરે એક ઘરની મુલાકાત લીધી, જ્યાં એક સસલું હતું. સસલું રૂમમાં કૂદતું કૂદતું આવ્યું, તેઓ જયાં બેઠા હતાં ત્યાં ગયું અને તેમણે બુટ ઊતાર્યા હતા તેથી ખુલ્લા પગ સૂંઘવા લાગ્યું પણ તેને ખાતરી થઇ કે અંકલ તે કુટુંબના નહોતા તેથી સસલું તો કૂદતું કૂદતું રૂમની બહાર નીકળી ગયું. તે પછી અંકલ તે સસલાં વિષે બધું ભૂલી ગયા. રાત્રે જમી પરવારીને ઘરના બહેન અંકલને સૂવાના રૂમમાં લઇ ગયાં અને તેમને

એક વાળીને મૂકવાની પથારી બતાવી. (જે હોલ્ડઓલ) કહેવાય છે, તેને છૂટી કરીને તેમને સૂવાનું હતું. છેક જમીન સુધી તેને કેવી રીતે ખેંચી શકાય તે બહેને તેમને બતાવ્યું અને ફરી વાળીને મૂકી દીધું. સૂવાના સમયે જયારે અંકલ તે છૂટું કરવા લાગ્યા ત્યારે તે છૂટું થાય જ નહિ અને તેની નીચે કંઇક કણસવાનો અવાજ આવતો હતો. અંકલ સમજી શકયા નહિ કે આમ કેમ થતું હશે ! તેથી તેમણે તે પથારીને ઉપર પાછી ધકેલી. જાણો છો શું બન્યું ? પથારીની નીચેથી પેલું સસલું ખૂબ જ ડર સાથે નીકળ્યું. તે એટલું બધું દબાઇ ગયું હતું (બહેને પથારી વાળી દીધી ત્યારે) કે તે ચસ્કી શકયું નહિ, તેને ખૂબ ઇજા થઇ અને તે લંગડાવા લાગ્યું. તેણે તેમાં ભરાવું જોઇતું નહોતું પરંતુ તે ભરાઇ ગયું ! ભવિષ્યમાં તે પાછું કદી નહિ ભરાય એવો બોધ તેને મળી ગયો હતો.

બાળકો તમારી આજુબાજુ મુશ્કેલીઓ કયાં હોય છે, તેની જાણ તમને નથી હોતી. ઘણીવાર તે શેતાન દ્વારા પણ હોય છે. આથી તમારા પપ્પા, મમ્મી, શિક્ષકો, પાળક સાહેબ જે શીખામણો આપી તમને સારા માર્ગે દોરે, તેમનું સાંભળો, જેથી તમે શેતાનના ફાંદામાં સસલાંની જેમ ફસાઇ જાઓ નહિ.

એફેસી ૬ : ૧ જણાવે છે કે, "છોકરાં પ્રભુમાં તમારા મા-બાપની આજ્ઞાઓ માનો, કેમ કે તે યથાયોગ્ય છે." પ્રભુ ઇસુ જીવતા ખડક છે. શેતાનથી સંતાવા માટે તે આપણા ઓથા તરીકે રહે છે. વહાલાં બાળકો પ્રભુ ઇસુ જાતે તમારા સંતાવાની જગા બને છે. જે તેમના પર વિશ્વાસ કરે છે. તેમને અનંત જીવન છે. આવતા અંકમાં બીજા એક પ્રાણી વિષે શીખશો.



# ૪૩ મસ્ક્રેટ - MUSKRAT ભાગ-૧

એક નવા પ્રાણીની જાણકારી મેળવીએ તેને બોલી શકાય અથવા મસ્ક્રેટ પણ બોલી શકાય. અંગ્રેજીમાં આ નામ વાંચતા છેલ્લા ત્રણ અક્ષર RAT એટલે કે ઉંદર થાય અને આ ઉંદરની જાતનું પ્રાણી છે પરંતુ તેની ખાસિયતો બધી ઉંદર જેવી નથી. ફક્ત દેખાવે જ તે ઉંદર લાગે છે.

તેનો રંગ બ્રાઉન કાળો છે. તે લગભગ બાર ઇંચ લાંબું છે. તેને વાળ વગરની ચપટી પૂંછડી લગભગ દસ ઇંચ લાંબી હોય છે. પૂંછડી કાળી હોય છે.

પૂંછડી સિવાયના શરીર પર મોટા ફર જેવા વાળ હોય છે. આ વાળ તેના કપાળથી પણ સહેજ નીચે હોય છે અને વાળની કિનારી પર નાના કાન હોય છે. કાન ઘણા નાના હોય છે અને ફરની કિનારી પર હોવાને લીધે જલદી દેખી શકાતા નથી પરંતુ તે ઘણું સારી રીતે અવાજ સાંભળી શકે છે.

તેને ખૂબ બધા દાંત હોય છે અને તે તીક્ષ્ણ હોય, જે વડે તે મૂળિયાં, કૂંપળો અને ડાળીઓ કાતરી ખાય છે.

તે નિશાચર (રાતનું પ્રાણી) છે કારણ કે તે રાત્રે જ પોતાના રહેઠાણમાંથી બહાર આવે છે અને દિવસભર પોતાના નાના ઘરમાં પડી રહે છે.

તેની આંખો કથઇ રંગની, ચળકતી અને ઝીણી હોય છે. બુટના નાના બટન જેવી ચળકતી બ્રાઉન હોય છે. ઝીણી હોવા છતાં તેનો ચળકાટ સારો છે, તેથી દેખી શકાય છે.

લોકો આ પ્રાણીનો ઉપયોગ ખાવામાં પણ કરે છે. તે ખોરાક તરીકે તાકાત આપનારું છે. લોકો તેને તળીને અથવા રોસ્ટ કરીને અથવા શેકીને ખાય છે કારણ કે તે ખૂબ સ્વાદિષ્ટ હોય છે. તેના માંસનો સ્વાદ પોર્ક અથવા સસલાના માંસના જેવો હોય છે.

આ પ્રાણી જીવતું હોય છે ત્યારે તે સારી વાસવાળું હોતું નથી પરંતુ

તેને મારીને તેનામાં જે દુર્ગંધ ધરાવતી ગાંઠો હોય છે તે કાઢી નાખવામાં આવે છે. તે પછી તેની ઉપરના વાળનો જથ્થો લઇ લેવામાં આવે છે. તે પછી તેના માંસને બેથી અઢી કલાક મીઠાના પાણીમાં રાખવામાં આવે છે ત્યાર બાદ તે પૌષ્ટિક અને સ્વાદિષ્ટ ભોજન આપે છે.

તેના વાળ (ફર)માંથી કોટ, કોલર અને બીજા પોષાકો બનાવવામાં આવે છે. આ કારણોને લીધે તેનો શિકાર કરનારા તેમની શોધમાં ફરતા જ રહે છે કારણ કે આ નાનું પ્રાણી તેમને ખૂબ સારી કિંમત અપાવે છે. અને સારો ખોરાક પણ પૂરો પાડે છે.

બાળકો, પરમેશ્વરે જાતે આ પ્રાણી ઉત્પન્ન કર્યું છે. કોઇપણ પ્રાણી અને મનુષ્ય ફક્ત ઈશ્વર જ બનાવી શકે. તેમના સિવાય પૃથ્વી પર કોઇપણ માનવી જીવંત સ્થિતિમાં કંઇ જ બનાવી શકે નહિ. સઘળા જીવંત પ્રાણીઓ નાનાં કે મોટાં ઈશ્વરના જ કૌશલ્યનાં ફળ છે.

આ જ પવિત્ર ઈશ્વર તમને પોતાના બનાવવા ઇચ્છે છે, જેથી તેમને તમે સાચા અર્થમાં ઓળખી શકો ત્યારે જ તમને પવિત્રશાસ્ત્રની મારફતે જણાવે છે કે, "આપણે સર્વ તેમની કૃતિ (ઉત્પન્ન કરેલાં) છીએ અને સારી કરણીઓ કરવાને ખ્રિસ્ત ઇસુમાં આપણને ઉત્પન્ન કરવામાં આવ્યાં છે, (તે સારી કરણીઓ) વિષે દેવે અગાઉથી એમ ઠરાવ્યું કે, આપણે તે પ્રમાણે ચાલીએ." (એફેસીઓને પત્ર ૨ : ૧૦) તમારા બાઇબલમાંથી શોધીને તેની નીચે લીટી દોરો. સ્વચ્છ લીટી સીધી દોરો, જેથી બાઇબલ બગડે નહિ.

આવનાર સમયોમાં અત્યારની મોટી વ્યક્તિઓ કદાચ નહિ હોય, અત્યારની સરકારો પણ નહિ હોય અને પૃથ્વી પરથી જતાં રહ્યાં હશે ત્યારે તમે બધા પુખ્ત ઉંમરના થયા હશો અને કેટલાક આ દેશ પર રાજ્ય કરનારા પણ બનશો અને જો તમે પ્રભુ પિતાની આજ્ઞામાં રહી તેમના સાચા ભજનારા હશો તો પ્રભુપિતા તમને સારી સારી જગાઓ પર અમલ ચલાવી શકો તેવા બનાવશે. અને તમે સમાનતા અને ન્યાયમાં માનનારા તેમ જ યોગ્ય બાબતો ઇચ્છનારા હશો ત્યારે જ પ્રભુ ઇસુના ઉત્પન્ન કરેલા સાચા મનુષ્યો બની શકશો. પ્રભુપિતા તેમની કૃપા તમને આપો. આમેન.

# ૪૪ મસ્ક્રેટ - MUSKRAT ભાગ-૨

મસ્ક્રેટના દરેક પગના તળિયાની ઉપરના ભાગમાં ચાર આંગળા નખવાળા હોય છે અને દરેક પગના પાછળના ભાગમાં પાંચ આંગળા તે પણ નખવાળા હોય છે. આમ છતાં તે ઘણી સહેલાઇથી ચાલી શકે છે. આમ છતાં પણ તે માછલીની જેમ સહેલાઇથી તરી શકે છે તે પાણી અને જમીન પર આસાનીથી રહી શકે છે. આપણે આ પ્રમાણે કરી શકીએ નહીં. આપણે તો ફક્ત એક કલાક અથવા વધારેમાં વધારે બે કલાક તરી શકીએ પણ પછીથી તો બહાર નીકળવું જ પડે કારણ કે આપણે પાણીમાં રહેવા ટેવાયેલા નથી. આપણે જમીન ઉપર રહેનારા છીએ ખરું ને ? જો કે એવું પણ હોય છે કે કેટલાંક છોકરાઓ અને છોકરીઓને પાણીમાં જવું જરા પણ ગમતું હોતું નથી. કેટલાંક લોકો તો સ્નાન કરવાનું પણ જરાય પસંદ કરતા નથી. તેઓ બાથરૂમમાં નળ પાસે જવા ઇચ્છતા નથી ખરું ને ? પરંતુ આપણને પાણીમાં ગમે કે ના ગમે પણ આપણે સ્વચ્છ રહેવું ઘણું જ જરૂરી છે. જેમ આ નાના પ્રાણીને પાણીમાં રહેવું ખૂબ ગમે છે કારણ કે ઇશ્વર પિતાએ તેને તેવું બનાવ્યું છે શા માટે ? તેની મને ખબર નથી.

પ્રભુપિતાને જેવી ઇચ્છા થઇ તેવી રીતે તેમણે ઉત્પત્તિ વખતે તેને તેવું બનાવ્યું. પૃથ્વી પર કે અંદર જે કંઇ ઉત્પન્ન થયું તે ફક્ત ઇશ્વરપિતાની જ કૃતિ છે તેથી આપણે તે બદલ એમ ના પૂછી શકીએ કે શા માટે આ અથવા પેલું ઉત્પન્ન કર્યું. આપણે તો ફક્ત તેમની ઇચ્છાથી અને સમજથી તેમણે જે કંઇ ઉત્પન્ન કર્યું છે તે સમજીને સ્વીકારવું જ જોઇએ. કારણ કે ઇશ્વરપિતા જે સર્વ સમજશક્તિની બહાર છે તે યોગ્ય બાબતો જ યોગ્ય વિચારથી ઉત્પન્ન કરી છે. તેમની ઇચ્છા છે કે આપણે તેમના પર વિશ્વાસ રાખીએ કારણ કે પાપથી બચાવી શકે તેવા ફક્ત પ્રભુ ઇસુ જ છે અને પવિત્ર આત્મા તમને શીખવી શકે છે. (યોહાન ૧૪ : ૨૬) "કેમ કે પવિત્ર આત્મા....તમને બધું શીખવશે, અને તમારા સ્મરણમાં લાવશે." જેઓ તમને અયોગ્ય બાબતો કરવાનું કહે તેમનાથી દૂર રહો. પ્રભુ ઇસુને તમારા દોરનાર અને તારનાર બનવા દો. ગી. શા. ૨૩ : ૩ જણાવે છે કે "તે (યહોવા) મારા આત્માને તાજો કરે છે, પોતાના નામની ખાતર તે મને ન્યાયીપણાને માર્ગે ચલાવે છે."

મસ્કેટનો ખોરાક કુમળાં મૂળિયાં, નાનાં નાનાં ફળ, પાંદડાં અને નદી અને તળાવ જેવી જગા પર થતા કુમળા છોડ છે. પાણીની કિનારી પર તે પોતાનું રહેઠાણ બાંધે છે. આ રહેઠાણ ગોળાકાર હોય છે અને તે ગોળ ટોપલી જેવું હોય છે, જે ઊંધી ટોપલી જેવું દેખાય છે, આ ટોપલી આકારના ઘરમાં તે કેટલીક ખુલ્લી જગાઓ પણ રાખે છે જેથી તેને પાણીમાં સરકી જવું હોય, અથવા પોતાના ઘરના ઉપલા ભાગમાં જવું હોય. આ ઘરમાં તે શિયાળ અથવા કૂતરાને જોઇને સંતાઇ જાય છે, કારણ આવાં પ્રાણીઓ તેની અંદર જઇ શકતાં નથી કારણ કે આ નાનાં ઘરોમાં પેસવાની જગા પાણીની નીચે હોય છે. તેના નાનાં ઘરો ઘાસ, મૂળિયાં, પાંદડાં અને કુમળા છોડથી બનાવે છે અને ભીના કાદવથી આખું ઘર ચણી લે છે, શિયાળામાં જ્યારે કંઇ જ ખોરાક ના મળે ત્યારે પોતાના ઘરની દીવાલોમાંથી નાનાં મૂળિયાં, કૂંપળો, ઘાસ વગેરે ખાઇ લે છે. આ પ્રમાણે મસ્કેટને પોતાના રક્ષણ માટે ઈશ્વરે ઘણું જ્ઞાન આપ્યું છે, જો કોઇ પ્રાણી તેનું ઘર તોડવાનો વિચાર કરે તો તરત જ મસ્કેટ ઘરમાંથી અંદર જઇને પાણીમાં જાય છે અને ત્યાંથી ભાગી જાય છે. આ બધી વાતો તેના વિષે ઘણી સારી છે.

તેમ છતાં આ પ્રાણી ખૂબ હલકા વિચારો ધરાવતું હોય છે તે કોઇપણની સાથે મિત્રતા બાંધતું નથી. તેમ તેને છ મહિના સુધી જાત જાતના ફળફળાદી, ગાજર, ભાજી તેના ઘરમાં ખાવા માટે નાખો તો તે ખાઇ જશે . પરંતુ આ ખોરાક નાખનારનો હાથ તે કરડી લે છે. જો કે માણસ પણ ઘણીવાર પોતાનું સારું કરનારનું પણ નુકસાન કરી લે છે. આવા લોકો મસ્કેટ જેવા કહેવાય છે. ઘણીવાર બાળકો પણ મોટાં થઇને પોતાના માતપિતાની વિરુદ્ધ થાય છે અને તેમનું જ નુકસાન કરવાની પેરવીઓ કરે છે. તમે આવું કરો તેમ પ્રભુ ઇસુ ઇચ્છતા નથી. જો તમારામાંના કોઇ બાળકો આવું કરતાં હોય અને આ બધું વાંચીને તમે તમારી ટેવો બદલવા માંગતા હો તો તમે પ્રભુ ઇસુ જે તમારાં સર્વ પાપોને માટે મૃત્યુ પામ્યા હા, કાલવરી પરના વધસ્થંભ પર ઘાતકી દુઃખો સહીને પોતાનું કિંમતી લોહી તમારાં પાપોની માફી થાય તે માટે વહેવડાવ્યું તો તમારે તેમનો હૃદયપૂર્વક પસ્તાવા સાથે સ્વીકાર કરી માફી માગવી જોઇએ જેથી તમારી સર્વ કુટેવો બદલ તમે માફી પામી તમારા આત્મામાં સ્વચ્છ થઇ જાઓ અને પ્રભુ ઇસુ તમારા પ્રભુ અને તારનાર બનશે.

# ૪૫ શેતાનના અધિકારમાંથી મુક્તિ

"પાપ તમારા પર રાજ કરશે નહિ; કેમ કે તમે નિયમને આધીન નથી, પણ કૃપાને આધીન છો" રોમન ૬ : ૧૪

બાળકો, શું તમારા પર પાપ રાજ કરે છે ? આ પ્રશ્નનો અર્થ તમે સમજો છો ? 'પાપ રાજ કરે' એટલે શું ? પાપની સત્તા એટલે શેતાનનો અધિકાર તમારા પર એટલો બધો થાય કે તમારી ઇચ્છા હોય કે ના હોય છતાં તે પાપ તમારે કરવું જ પડે. આ અધિકાર શેતાન બળજબરીથી પણ ચલાવે છે અને કોઇકવાર તમને લલચાવીને પણ ચલાવે છે. તમારાં મમ્મીએ કોઇ સ્વાદિષ્ટ આકર્ષક વાનગી બનાવીને મૂકી હોય અને તમને કહ્યું હોય કે હમણાં લઇશ નહિ, હું પછીથી તને આપીશ. તમે ત્યાંથી ખસી જાઓ છો પણ શેતાન તે વિચાર તમારામાંથી ખસવા દેતો નથી, તમે ફરીથી તે જગા પર જાઓ છો. તમારા હાથથી તે વાનગીને સ્પર્શ કરો છો. મમ્મીની આજ્ઞા યાદ આવે છે. ફરીથી ત્યાંથી ખસી જાઓ છો. તમારા નાકમાંની તેની સુગંધ તમને લલચાવી રહી છે. છેવટે એક એવી પ્રબળ ઇચ્છા તમારામાં ઉભરાઇ આવે છે, અને તમે તેમાંથી થોડી ચાખો છો. તમને ફરીથી તેમાંથી થોડું લેવાનું મન થાય છે અને આજ્ઞાભંગ કરતાં કરતાં તમે પાપ કર્યા જ કરો છો. કોઇવાર તમારાથી કંઇ નુકસાન થાય છે. તમે તમારાં મમ્મી-પપ્પાથી અથવા જેનું નુકસાન થયું છે તેનાથી છૂપાવો છો. શેતાન તે વાતની યાદ તમને કરાવ્યા કરે છે અને પોતાને આધીન તમને રાખ્યા કરે છે.

એક વખત એક ધનવાન માણસ હતો. તેની મોટી જાગીર હતી. જાણે એક આખું ગામ જ જોઇ લો. આ જાગીરમાં મોટાં મોટાં મકાનો હતાં, મોટાં મોટાં ખેતરો અને બાગબગીચા હતાં. આ ધનવાનને બતકો પાળવાનો ભારે શોખ. જુદી જુદી જગાના જાતજાતનાં બતકોને રાખવા માટે તેણે એક સ્વચ્છ પાણીવાળી જગા એક મોટા ખેતરમાં અલગ કરી હતી. બતકની જાત પ્રમાણે તેમનાં રહેઠાણો રાખ્યાં હતાં. તે ખેતરમાં સુંદર સુંદર વૃક્ષો હતાં અને

આખા ખેતરને લોકો 'બતકવાડી' કહેતા હતા. બતકવાડીની આસપાસ જાળીવાળી વાડ કરી હતી જેથી બીજાંઓ પણ બતકો જોઇ શકે.

જાગીરદારને એક દીકરો હતો. લગભગ ૧૨ વર્ષનો હતો. એક દિવસ છોકરાની વર્ષગાંઠ હતી. તેના પિતાએ તેને એક સુંદર બંદૂક લઇ આપી. પણ તેને આજ્ઞા કરી કે બતકવાડીની ખુલ્લી જગામાં ગમે ત્યાં તું બંદૂક ફોડજે પરંતુ જ્યાં બતકો રાખેલાં છે ત્યાં ફોડવી નહિ. રખેને કોઇ બતકને ઇજા થાય અને તે મરી જાય.

છોકરો તો બંદૂક પામીને ખુશી ખુશી થઇ ગયો. પણ તેના પિતાની જે આજ્ઞા હતી કે બતકો તરફ બંદૂક તાકવી નહિ અને ફોડવી પણનહિ; તે કરવાનું તેને વારંવાર મન થતું હતું. એક સાંજે તે બતકવાડીમાં બંદૂકના ધડાકા કર્યા કરતો હતો તે વખતે તેને બતક તરફ તાકવાની ખૂબ જોરદાર ઇચ્છા થઇ. તેણે તે તરફ બંદૂક ફોડી અને પરિણામે ધનવાનનો માનીતો સુંદર બતક માર્યો ગયો.

ધનવાનના એક નોકરે આ જોયું, તે ધનવાનના રસોડામાં લાકડાં લઇ જવાનું કામ કરતો હતો તેમ જ બધું પાણી તેણે જ ભરવાનું હતું. નોકરે આ છોકરાને લાકડાં લાવવા કહ્યું. છોકરાએ આનાકાની કરી તેથી નોકરે તેને કહ્યું કે, "તમારા ગુના વિષે હું પપ્પાને ખબર આપીશ." છોકરો ભયભીત થયો. તેને થયું કે પિતાજી મને ભારે શિક્ષા કરશે કારણ કે તેમના માનીતા બતકને મેં મારી નાખ્યો છે. તેથી પોતે લઇ શકે તેટલાં લાકડાં લાવી આપ્યાં. બીજી વાર નોકરે તેને પાણી ભરવા કહ્યું અને પોતે કરેલાં અપરાધને લીધે છોકરાને ભારે વેઠ કરવી પડતી હતી. ધનવાન માણસ જ્યારે બહારગામથી પાછો ફર્યો ત્યારે પણ નોકર ધમકી આપી આપીને પોતાનું કામ છોકરા પાસે કરાવી લેતો હતો.

એક દિવસે છોકરો વેઠથી કંટાળીને પોતાના પિતા પાસે ગયો અને પોતાનો અપરાધ કબૂલ કર્યો અને રડતાં હૃદયે માફી માગી. દીકરાને બાથમાં લીધો અને ઉદારતાથી માફી બક્ષી.

સાંજે પેલા નોકરે પોતાની યુક્તિ અજમાવી છોકરા પાસે વેઠ કરાવવાનો પ્રયત્ન કર્યો ત્યારે છોકરાએ જવાબ આપ્યો "હવેથી હું તારે માટે એક પણ લાકડું લાવીશ નહિ તેમ જ પાણી પણ ભરીશ નહિ. મેં મારા પિતા પાસે મારો અપરાધ કબૂલ કર્યો છે અને તેમને જણાવ્યું છે કે મેં તેમના માનીતા બતકને મારી નાખ્યો છે. વળી મેં તેમની પાસે તે બદલ માફી પણ માગી છે અને તેમણે મારો અપરાધ માફ કર્યો છે." નોકર શરમાઈને ચાલી ગયો. હવે છોકરો તેના અધિકાર નીચે રહ્યો નહિ.

વાચક મિત્રો, શેતાન આપણાં પાપો જાણે છે અને તે વારંવાર યાદ કરાવીને આપણને વધારે અને વધારે પાપ કરાવતો જાય છે. પણ જો આપણે આપણા ઈશ્વરપિતા પાસે આપણે કરેલાં બધાં પાપ કબૂલ કરીને માફી માગીએ તો તે આપણાં પાપ માફ કરીને આપણને તેમનાં દીકરા દીકરી થવાનો હક્ક આપે છે. અને શેતાન તે જાણીને ચૂપ થઈ જાય છે. શું આજે પણ શેતાન તમારા પર દોષ મૂકે છે ? તો તેના અધિકાર નીચેથી મુક્ત થવા તમારાં પાપની પ્રભુ ઈસુ પર વિશ્વાસ કરીને માફી માગો અને શેતાનની ગુલામીમાંથી મુક્ત થાઓ. પ્રભુ પિતા આ નવા વર્ષમાં તમને આશીર્વાદિત કરો. આમેન.

# ૪૬ અર્પણ

તમે વિચાર કરશો તો તમને યાદ પણ નહિ રહ્યું હોય તેટલા આશીર્વાદો અને કૃપાઓ પ્રભુ ઇસુએ તમને બક્ષ્યાં હશે. કેટલીય ભૂલો અને પાપો તમે કર્યાં હશે. કદાચ કોઇ પાપ કરીને તમે ખુશ પણ થયાં હશો. કોઇનું નુકસાન કરીને તમે સંતોષ અનુભવ્યો હશે. કોઇને દુઃખી કરીને તમે રાજી થયાં હશો. કોઇની કિંમતી ચીજ બગાડી નાખીને મનમાં આનંદ અનુભવ્યો હશે. મમ્મી-પપ્પાને છેતરીને હાશ અનુભવી હશે. કેટલીયે વાર મમ્મી પપ્પાની સારી અને તમને લાભદાયક આજ્ઞા પ્રત્યે તિરસ્કાર બતાવ્યો હશે. મદદરૂપ બનવાને બદલે મમ્મી પપ્પાને ભારરૂપ બન્યાં હશો. શાળામાં સાથી મિત્રો સાથે અર્થ વગરના ઝગડા અને મારા-મારી કર્યાં હશે. કદાચ આ પત્ર દ્વારા પ્રભુ ઇસુ તમને આ સર્વની યાદ આપે છે અને જણાવે છે કે જો તમે આ સર્વ પાપ કબૂલ કરી માફી માગશો તો તે તમને સંપૂર્ણ માફી આપશે એટલું જ નહિ પરંતુ તમે ઇશ્વરનાં દીકરા દીકરી થવાનો અધિકાર પ્રાપ્ત કરી શકશો.

બે ભાઇબહેન હતાં. બન્ને ખૂબ સંપીલાં. બધાંને એમ થાય કે બન્ને ભાઇબહેન કેટલાં સંપ અને પ્રેમથી રહે છે ! પણ આ સંપ અને પ્રેમની પાછળ તેમનાં પાપ હતાં. બન્ને ખૂબ જૂઠું બોલે, ચોરી કરે, શાળામાં લડાઇ ઝઘડા કરે, શિક્ષકોને સતાવે પણ બીજાની નજરમાં ખૂબ શાંત અને ડાહ્યા જણાય.

એક દિવસ ભાઇએ બહેનને ખૂબ મારી. તેમનાં મમ્મીને પણ ખૂબ અજાયબ લાગ્યું. તેમનાં મમ્મી પપ્પા તો પોતાનાં બાળકોને ખૂબ જ સારાં અને સંપીલાં માનતાં હતાં. આમ અચાનક એવું શું બન્યું કે બહેનને ભાઇએ આટલી બધી મારવી પડી ? કોઇ દિવસ આવો માર પડયો નહોતો તેથી બહેનને તો ખૂબ તાવ ચઢી ગયો. ડૉકટરને બોલાવ્યા. તેમણે ઇંજેકશન, દવા વગેરે આપ્યાં. આ સર્વ છતાં માતપિતાને મૂંઝવણ થઇ કે આની પાછળનું કારણ શું હશે !

પિતાએ દીકરાને પ્રેમથી પોતાની પાસે બોલાવ્યો. પાસે બેસાડયો તેના વાંસા પર હાથ ફેરવતાં કહ્યું. બાર્ની એવું તે શું બન્યું કે તેં બીનાને

આટલી બધી મારી. જો તેને કેટલો બધો તાવ ચઢી ગયો છે ! બાર્ની થોડીવાર ચૂપ રહ્યો; અને એકાએક ધ્રૂસકે ધ્રૂસકે રડી પડયો. તેના માથા પર હાથ ફેરવતાં પિતાએ કહ્યું, "બેટા, રડ નહિ. આ વખતે હું તને માફ કરું છું પણ હવે ફરીથી કદી બહેનને મારીશ નહિ." છતાં બાર્ની રડતો રહ્યો. કેમેય શાંત જ ના થાય. ઘરનો બધો જ આનંદ છિન્નભિન્ન થઇ ગયો. તેનાં મમ્મી પણ રડતાં રડતાં થોડીવાર બીના પાસે જાય અને થોડીવાર બાર્ની પાસે જાય.

થોડા સમય પછી બાર્ની શાંત પડયો અને પિતાના ખોળામાં માથું મૂકી જોરથી રડતાં રડતાં બોલ્યો, "પપ્પા મને માફ કરો. તમે ધારો છો એટલો બધો હું સારો નથી. મેં તમને અને મમ્મીને છેતર્યાં છે. હું કેટલાક દિવસથી શાળામાં પણ જતો નથી. આ બધું બીના જાણે છે. બીના તમને મારી કોઇપણ બાબત જણાવે નહિ તેથી હું તેને ચોરી લાવીને ઘણી ચીજો આપતો હતો. તેનો નાનો સરખો વાંક હોય તો પણ તે યાદ દેવડાવી તેને મારા તરફની રાખતો હતો. પણ આજે શાળાના વખત દરમિયાન મારા સાહેબ ખાસ મારી તપાસ કરવા નીકળ્યા. હું બીજા કેટલાક મિત્રો સાથે પત્તા રમતો હતો અને અમે તેનાથી પૈસા જીતતા હતા. પિતા સ્તબ્ધ થઇ ગયા ! "બેટા, તું જુગાર રમે છે ? તું ખ્રિસ્તી પિતાનો દીકરો થઇને ? આજે મને ખૂબ શરમ લાગે છે." પિતાની આંખમાં આંસુ આવી ગયાં, બાર્ની બોલ્યો, પપ્પા, તમને દુઃખી કરવા બદલ મને બહુ જ દુઃખ થાય છે. આજે મારા સાહેબ જે સાચા ખ્રિસ્તી છે તેમણે મારા હૃદયનો પાપનો અંધકાર મને બતાવ્યો. હું ગભરાઇ ગયો. એટલામાં બીના ત્યાં આવી પહોંચી. સાહેબને જોઇને તે બી ગઇ. તેને લાગ્યું કે સાહેબ હવે બધી વાત ઘરે કરશે. તેથી તે મને ધમકાવવા લાગી. અને મનની બેચેનીને લીધે મેં તેને ખૂબ મારી. આ બધા પાછળ શેતાન જ હતો. પણ પપ્પા, તમે મને આ શેતાનથી બચાવો. મને બહુ જ બીક લાગે છે." ફરી ખૂબ રડવા લાગ્યો. પપ્પાએ તેને કહ્યું, બાર્ની, જા, તારો નવો કરાર લઇ આવ. ૧ યોહાન ૧ : ૯ વાંચ. બાર્ની રડતો રડતો વાંચવા લાગ્યો, "જો આપણે આપણાં પાપ કબૂલ કરીએ, તો આપણાં પાપ માફ કરવાને તથા આપણને સર્વ અન્યાયથી શુદ્ધ કરવાને તે વિશ્વાસુ તથા ન્યાયી છે." બાર્ની બરોબર સમજી ગયો. તે એકદમ ઘૂંટણે પડયો. પોતે જે જે બધું કરતો હતો તે

તેને જેમ જેમ યાદ આવ્યું તેમ તેમ માફી માગવા લાગ્યો અને છેવટે બોલ્યો, "પ્રભુ ઇસુ, મને મારાં સઘળાં પાપોની માફી આપો." થોડીવાર તે શાંત થયો. તેના પપ્પાએ કહ્યું, "પ્રભુ ઇસુએ તને માફી આપી છે તેથી જ તારું મન શાંત થયું છે. હવે તેમનો આભાર માન અને તારા સ્વચ્છ થયેલા હૃદયમાં તેમને આવકાર આપ." બાર્નીએ તેમ કર્યું. પપ્પાએ તેને કહ્યું કે હવે તું દેવના કુટુંબનો છે માટે પાપ કરીશ નહિ. અને જો તારાથી કંઇ ખોટું થાય ત્યારે ફરીથી માફી માગજે અને તારું હૃદય સ્વચ્છ રાખજે. બાર્નીએ પૂછયું, "હું દેવના કુટુંબનો બન્યો છું તે તમે શી રીતે જાણ્યું ?" તેના પપ્પાએ કહ્યુ, યોહાનની સુવાર્તાનો પહેલો અધ્યાય અને બારમી કલમ વાંચ." બાર્નીએ તે વાંચી "જેટલાંએ તેનો અંગીકાર કર્યો, એટલે જેટલાં તેના નામ પર વિશ્વાસ કરે છે, તેટલાંને તેણે દેવના દીકરા થવાનો અધિકાર આપ્યો."

અત્યાર સુધી ઊંઘી રહેલી બીના જાગી. બાર્નીને બાઇબલ વાંચતો જોઇ નવાઇ પામી. બાર્ની દોડતો ગયો અને બહેનની માફી માગી.

પપ્પા મમ્મીને પણ પોતાની ભૂલ સમજાઇ. તે બન્ને પોતપોતાની પ્રાર્થના કરતાં હતાં પણ કૌટુંબિક પ્રાર્થના શરૂ થઇ. બાર્નીએ નવા કરારમાં પહેલા પાનાં પર તારીખ લખી અને લખ્યું, "આજથી બાર્ની પ્રભુ ઇસુનો દીકરો છે." એક દિવસ બીનાએ પણ સાજી થયા બાદ પોતાની સર્વ ભૂલો કબૂલી મમ્મી પપ્પાની અને પ્રભુ ઇસુની માફી માગી. આખું કુટુંબ પ્રભુ ઇસુના કુટુંબમાં મેળવાઇ ગયું.

વહાલાં બાળકો, આ કુટુંબના પ્રેમ, શાંતિ, આનંદનો પાર નહોતો તે વર્ષની નાતાલ અને તે પછીની સર્વ નાતાલો આ કુટુંબ માટે સાચી શાંતિ, પ્રેમ અને આનંદનાં પર્વ બની ગયાં. શું તમે સાચા અર્થમાં નાતાલનું પર્વ ઊજવ્યું કે પછી સુંદર વસ્ત્ર પરિધાન, સ્વાદિષ્ઠ ભોજનો, મિત્રો, ફિલ્મ, નાટકો વગેરે દ્વારા ઉજવ્યું ?

હવે પ્રભુ ઇસુનું આવવું ઘણું જ નજીક છે. તેમને માટે હૃદયો તૈયાર કરવાની જરૂર છે. હૃદયોની સર્વ ખરાબી તેમના રક્તથી દૂર કરો, શુદ્ધ થાઓ અને તેમને માટે તૈયાર રહો.

# ૪૭ ભૂલ

"બાળકને શિક્ષા કરવાથી પાછો ન હઠ, જો તું તેને સોટી મારશે તો તે કંઇ મરી જશે નહિ." નીતિવચનો ૨૩ : ૧૩

ખ્રિસ્ત ઈસુમાં પ્યારાં બાળકો,

ઉપરની કલમ તમારાં મમ્મી-પપ્પા અથવા દાદા-દાદીમાને સંબોધીને લખી છે. પણ આજે તે કલમ તરફ તમારું ધ્યાન દોરું છું. પ્રથમ બાબત તો એ છે કે પવિત્રશાસ્ત્રમાં જે વચનો છે તે ઈશ્વરની પ્રેરણાથી લખાયેલાં છે. તેનો અર્થ એ થયો કે તે વચનોમાં ઈશ્વરની ઈચ્છા જણાવવામાં આવે છે.

આ કલમમાં ઈશ્વર એક એવી આજ્ઞા તમારાં વડીલોને કરે છે કે જે તમને ગમે કે ના ગમે પણ તે આજ્ઞા પ્રમાણે તેઓ વર્તે ત્યારે તમારે સમજવું કે તમારાં વડીલો ઈશ્વરની આજ્ઞાનું પાલન કરી રહ્યાં છે. જ્યારે મમ્મી કે પપ્પા શિક્ષા કરે છે ત્યારે તમે ખૂબ ગુસ્સે થઇ જાઓ છો, ઘણાં બાળકો બબડાટ કરે છે. ગમે તેમ બોલવા લાગી જાય છે. પગ પછાડે છે, કંઇ નુકસાન કરી દે છે. આમાનું કંઇ પણ તમે કરતાં હો તો તમારે ખાતરી રાખવી કે તમે ઈશ્વરની આજ્ઞાને આધીન થતાં નથી. જો તમે પ્રભુ ઈસુનાં બાળકો છો તો તમારે પ્રભુ ઈસુને જે ગમે તે કરવું જ જોઇએ. આજે તમને એક પપ્પાની વાત કરીશ કે જેમણે પોતાના દીકરાને શિક્ષા કરી પણ આ દીકરો પ્રભુ ઈસુનો હતો તેથી તેણે આ શિક્ષાનો કેવો અમલ કર્યો તે વિષે વિચારી શકશો.

યરૂશાબહેનના નાના બગીચામાં ચીકુનું મોટું ઝાડ હતું. ઝાડ તો ખૂબ જૂનું હતું પરંતુ તેની ઉપર બહુ જ મીઠાં ચીકુ લાગતાં હતાં. આ કારણથી યરૂશાબહેન તે ઝાડની સારી માવજત કરતાં હતા.

એક દિવસ ૧૧ વર્ષનો લેસ્લી ત્યાં રમતો રમતો જઇ ચઢયો. વાડો ખુલ્લો જ હતો અને પાનખર ઋતુને કારણે પાનનો ઢગલો ઝાડ નીચે પડયો

હતો. સૂકાં પાન પગલાં પડવાને કારણે અવાજ કરતાં હતાં તેથી લેસ્લીને તે પર ચાલવાની મઝા આવતી હતી. એટલામાં તેનો મિત્ર જોલી આવી પહોંચ્યો. પછી તો બન્ને દોસ્તો જોરજોરથી પગલાં મૂકીને પાનમાં અવાજ કરવા લાગ્યા. ચરૂશાબહેન બહાર ગયાં હતાં તેથી તેમને અટકાવનાર કોઇ હતું નહિ.

લેસ્લીના કમર પરના બેલ્ટમાં નાની પણ ધારદાર કુહાડી ભેરવેલી હતી. જોલીની નજર તેના પર પડી. તેણે લેસ્લીને પૂછયું આ તેં તારી પાસે શું રાખ્યું છે ? લેસ્લીએ જવાબ આપ્યો, ''આ તો મને મળેલી બર્થ ડે ગીફટ છે.'' એમ કહીને તેણે ચામડાના કવરમાંથી કુહાડી બહાર કાઢી. જોલીએ તેની ધાર પર અંગૂઠો ફેરવ્યો અને કહેવા લાગ્યો. ''કુહાડી તો સરસ ધારદાર છે.'' લેસ્લીએ પાસેના ચીકુના ઝાડના થડ પર થોડો ઝાટકો માર્યો કે તરત જ થોડી છાલ છૂટી થઇને નીચે પડી.

લેસ્લીને રસ પડયો, તે તો ઉપરાછાપરી ઘા કરવા લાગ્યો. જોલીને પણ મઝા પડી. તે પણ એક પછી એક ઘા લગાવવા લાગ્યો. આ પ્રમાણે બન્ને દોસ્તો કુહાડીના ઝાટકા મારવા લાગ્યા. હવે તો ઘણે ઊંડે સુધી તેઓએ કાપી નાખ્યું હતું.

તેમની અજાયબી વચ્ચે ઝાડ તૂટીને નીચે પડયું અને ચરૂશાબહેનના ઘરની પાછળની બાજુ પરના ઓટલાનો પણ કેટલોય ભાગ તૂટી પડયો. અવાજથી બન્ને છોકરા કૂદીને આઘા ઊભા રહ્યા. બન્ને એકબીજાની સામે ભયથી જોવા લાગ્યા. ચરૂશાબહેનના બગીચાનો ઘણો ભાગ ઝાડે ભરી દીધો. દેખાતું હતું તેના કરતાં ઘણું વધારે મોટું ઝાડ હતું.

જોલીએ કહ્યું, 'લેસ્લી, તેં આવું કેમ કર્યું ?' લેસ્લીએ કહ્યું, 'તેં પણ ઘા તો કર્યા જ છે.' એટલામાં ચરૂશાબહેન આવી પહોંચ્યાં. તેમણે ઝાડને પડેલું જોયું, બન્ને છોકરાઓને ત્યાં જોયા અને આખી પરિસ્થિતિ પામી ગયાં. તેમણે દરવાજો પણ ખોલ્યો નહિ અને બાજુમાં રહેતા લેસ્લીના પપ્પા રોબીનભાઇને ખબર આપી કે બન્ને છોકરાઓએ મળીને ચીકુનું ઝાડ પાડી

નાખ્યું છે, અને તેમના ઓટલાને પણ નુકસાન કર્યું છે.

થોડીવારમાં લેસ્લીનાં મમ્મીએ બૂમ પાડીને લેસ્લીને જમવા માટે બોલાવ્યો. લેસ્લી દોડતો આવ્યો જાણે કંઇ જ બન્યું ના હોય ! જોલી પણ ત્યાંથી પોતાના ઘર ભેગો થઇ ગયો.

જેવો લેસ્લી ઘરમાં આવ્યો કે ગુસ્સે થયેલા તેના પપ્પાએ કહ્યુ, "તેં અને જોલીએ તારાં યરૂશા આન્ટીનું ચીકુનું ઝાડ કાપી નાખ્યું અને તે પડી ગયું તે સાચી વાત છે? લેસ્લીએ કહ્યું, "પપ્પા, સાચી વાત છે. પણ અમને ખબર ન હતી કે આમ ઘા કરવાથી આખું ઝાડ પડી જશે." તેના પપ્પા ગુસ્સે થઇ જોરથી બોલ્યા, "તમારે તેને પાડી નાખવું ન હતું એવું તું કહેવા માગે છે? ઝાડ પર એટલા બધા ઘા પડે તો શું પરિણામ આવે તેનું પણ તમને ભાન રહ્યું નહિ ?" લેસ્લીના મમ્મીની આંખમાં આંસુ આવી ગયાં અને તે ગળગળા થઇને બોલ્યા, લેસ્લી, આવું કરાય ? તું તો પ્રભુ ઇસુને અર્પાયેલો છોકરો

છે ? આવું ભારે નુકસાન કોઇનું કરાય ?

લેસ્લીના પિતાએ કહ્યું, "આજે અત્યારે તારે જમવાનું નથી. જા, આખું ઝાડ વ્યવસ્થિત કાપીને ભારો એક બાજુ પર કરી દે અને બધું સ્વચ્છ થઇ જાય પછી જ જમવા આવજે."

લેસ્લી દુઃખી મને પાછો ફર્યો અને ઝાડના વ્યવસ્થિત કકડા કરી ગોઠવવા લાગ્યો. આંખોમાંથી પસ્તાવાના આંસુ વહી રહ્યાં હતાં. મનમાં વિચારતો ગયો. અરે, આ મેં શું કર્યું. હું તો પ્રભુ ઇસુનો છું, અને જોલીને પણ ઇસુનો માર્ગ શીખવું છું અને તેને જ સાથમાં રાખીને આ મોટું નુકસાન કર્યું ! આન્ટીની માફી પણ માગી નહિ ! લગભગ અડધા કલાક સુધી તેણે કામ કર્યું. એટલામાં રોબીનભાઇ આવ્યા અને તેને કહ્યું, "જા હવે જમી લે. તને તારી ભૂલ સમજાઇ હશે, અને ભવિષ્યમાં આવું કદી નહિ કરે ! લેસ્લીને પણ નવાઇ લાગી ! તેના પપ્પા પોતે કરી હોય તે શિક્ષામાં કદી પણ રાહત

આપતા જ નહિ !

તેમણે કહ્યું, "હું પણ તારા જેવો છોકરો હતો ત્યારે મેં મારા પપ્પાના ટેબલ પર લીટા ફરીને આખું ટેબલ ખરાબ કરી નાખ્યું હતું અને મારે પણ સ્કૂલમાંથી આવ્યા બાદ બધું સાફ કરીને ટેબલને વોર્નિશ કરવાનું હતું !"

લેસ્લી ઘરમાં જઇને જમવા બેઠો ત્યારે તેના પપ્પા ચીકુનું ઝાડ કાપીને ટુકડા ભેગા કરતા હતા. તેમની મોટી કુહાડીનો દરેક ઊંડો ઘા લેસ્લીના હૃદયમાં પણ ઝાટકો આપતો હતો. તેને યાદ આવ્યું કે થોડા જ દિવસ ઉપર તેના પપ્પાએ કહ્યું હતું કે નાનાં નાનાં પાપ ભેગા થઇને કેવી રીતે માણસનો નાશ કરી દે છે ! તેને તેની ભૂલ સમજાઇ.

કોળિયો જેમ તેમ ગળી જઇને તેણે પ્રાર્થના કરી, પ્રભુ પિતા, મારી ભૂલની મને માફી આપો અને હવેથી કોઇપણ બાબત કરતાં પહેલાં હું તે વિષે બરોબર વિચારું એવી કૃપા કરજો. પ્રભુ ઇસુના નામમાં માગું છું. આમેન.

બાળકો, આવા નાનાં પાપોથી બચવા માટે જ તમને તમારાં વડીલો શિક્ષા કરે છે. તો આવો આજે જ તમારાં પાપોની માફી માગી પ્રભુ ઇસુને સોંપાઇ જાઓ. તે તમને દરેક પાપથી બચાવવા શક્તિમાન છે. પ્રભુ તમારી સહાયતા કરો. આમેન.



# ૪૮ વિશ્વાસઘાતી મિત્ર

વહાલાં બાળકો, તમે વિશ્વાસઘાતનો અર્થ સમજો છો ? તમારી ઉપર કોઇ વ્યક્તિ વિશ્વાસ મૂકે પણ તમે તે પ્રમાણે વર્તો નહિ તો તમે વિશ્વાસઘાત કર્યો કહેવાય. કઇ રીતે માણસ વિશ્વાસઘાત કરે ? પોતાના મિત્રને કે સ્નેહીને કે માતપિતાને કે ભાઇબહેનને કે શિક્ષકને કે અધિકારીને છેતરીને તેનું નુકસાન કરે અથવા તેને દુઃખ પહોંચાડે તે તેનો વિશ્વાસઘાત કરે છે તેમ કહેવાય.

પવિત્ર બાઇબલમાં વિશ્વાસઘાત કરનાર ખાસ વ્યક્તિ કોણ છે ? ખબર છે ? પ્રભુ ઇસુના બાર શિષ્યોમાંનો એક શિષ્ય જેનું નામ યહૂદા ઇશ્કરિયોત હતું તે વિશ્વાસઘાતી ગણાયો. આજે આપણે આ વિશ્વાસઘાતી યહૂદા વિષે થોડું વિચારીએ.

યહૂદા ત્રણ વર્ષ સુધી ઇસુનો શિષ્ય રહ્યો હતો. ઇસુની સાથે રહીને પણ તે ઇસુના રંગે રંગાયો જ નહિ. તેના વિચારો, તેની ભાવના, તેનો સ્વભાવ તો જાણે તેણે શેતાનને જ સ્વાધીન કરી દીધાં હતાં. દરેક માણસને ઇશ્વરે સ્વતંત્ર ઇચ્છા આપી છે. આ સ્વતંત્ર ઇચ્છાનો જે જેવો ઉપયોગ કરે તે તેવા થઇ શકે. ઇશ્વર અને ઇશ્વરનાં વાનાં સ્વીકારવાં કે શેતાન અને શેતાનની કુયુક્તિઓને આધીન થવું તે માણસે પોતાની સ્વતંત્ર ઇચ્છાથી જ નક્કી કરવાનું હોય છે. યહૂદાના સંબંધમાં પણ આવું જ બન્યું.

યહૂદા તો આકાશના રાજ્યની વાત સાંભળીને તેનો અર્થ દુન્યવી રીતે જ ઘટાવવા લાગ્યો. તે વિચારતો હતો કે ઇસુ દુન્યવી રાજા બનશે તેને (યહૂદાને) કોઇ મહત્વની પદવી આપશે. બીજા શિષ્યો પણ જુદા જુદા અધિકારો ભોગવશે.

ગધેડાના વછેરા પર બેસીને ઇસુએ જ્યારે યરૂશાલેમમાં મહિમાવંત પ્રવેશ કર્યો ત્યારે તો યહૂદાને મનમાં ખાતરી થઇ કે પોતાનું સ્વપ્ન હવે સાચું

પડવાની તૈયારીમાં જ છે. આમ મોટા અધિકારી બનવાના સ્વપ્નાં જોતો તે પણ બધાં સાથે પોકારવા લાગ્યો કે, "હોસાન્ના ! પ્રભુને નામે જે આવે છે તેને ધન્ય છે."

પણ યહૂદાનું સ્વપ્ન ભાંગી પડયું, તે દિવસે ઇસુને રાજા પણ બનાવાયા નહિ અને યહૂદાને કોઇ મહત્વનો અધિકાર પણ મળ્યો નહિ. તેને થયું હશે, કે હવે મારે શા માટે વધારે આશાઓ સેવવી જોઇએ ?

સિમોન કોઢિયાના ઘરમાં ઇસુને જમવા માટે આમંત્રણ મળ્યું હતું અને તેમના શિષ્યો પણ તેમની સાથે જ હતા. લાજરસ જેને ઇસુએ મૃત્યુમાંથી સજીવન કર્યો હતો તે ત્યાં જ હતો. અને મરિયમે ઘણું મૂલ્યવાન જટામાંસીનું અત્તર લઇને ઇસુના માથા પર રેડયું. આખું ઘર અત્તરની સુવાસથી મઘમઘી ઊઠયું. તે વખતે પણ રાજી થવાને બદલે યહૂદા બોલી ઊઠયો, "એ અત્તર ત્રણસો દીનારે વેચી શકાયું હોત અને તે પૈસા ગરીબોને આપી શકાયા હોત !" યહૂદા કંઇ ગરીબોની દાઝ જાણનાર નહોતો. પણ તેની નજર હંમેશા પૈસા પર જ રહેતી હતી. તે શિષ્ય સમુદાયનો પણ ખજાનચી જ હતો. તેની જ પાસે બધા પૈસા રહેતા હતા અને જ્યારે કંઇ શિષ્યોને કશાની જરૂર હોય ત્યારે યહૂદા જ પૈસા આપતો હતો, તે ઘણીવાર પૈસા ચોરી પણ લેતો હતો. અને શિષ્યોને તેની જાણ પણ થતી નહિ. (યોહાન ૧૨ : ૬ જુઓ)

યહૂદાની ટીકા સાંભળીને ઇસુએ કહ્યું, "એ સ્ત્રીને તમે શા માટે સતાવો છો ? કેમ કે એણે તો મારા પ્રત્યે ઉત્તમ કામ કર્યું છે. ગરીબો તો સદા તમારી સાથે છે, પણ હું સદા તમારી સાથે નથી...મારા દટાવાની તૈયારીને માટે તેણે તે કર્યું છે."

યહૂદા ચોંકયો 'દટાવાની.' હું તો ધારતો હતો કે ઇસુ આ દુનિયા પર દુન્યવી રાજા બનશે અને અહીં તો ઇસુ મરવાની અને દટાવાની વાત કરે

છે ! હવે તો યહૂદાની રહી સહી આશા પણ પડી ભાંગી ! ખરેખર ! બાળકો, ઈસુની સાથે રહીને પણ યહૂદા ઈસુ પર વિશ્વાસ રાખતો નહોતો.

(જુઓ યોહાન ૬ : ૬૪-૭૧)

યહૂદા જમણ પછી પોતાના હૃદયમાં ધિક્કાર ભરીને બહાર નીકળ્યો, ખરું જોતાં તો શેતાન જ તેના હૃદયમાં પ્રવેશ્યો, અને એક દુષ્ટ યોજના યહૂદાના મનમાં મૂકી. યહૂદા જાણતો હતો કે યાજકો ઈસુના દુશ્મનો હતા. અને ઈસુની ધરપકડ કરવા માગતા હતા. યહુદા હવે આ મુખ્ય યાજકોને મદદ કરવા પ્રેરાયો.

તેણે છાનામાના જઈને તેઓને પૂછ્યું, "જો હું ઈસુને તમારા હાથમાં આપું તો તમે મને કેટલા પૈસા આપશો, આ ઈસુના શિષ્યના શબ્દો સાંભળીને મુખ્ય યાજકો ખૂબ જ અજાયબી પામ્યા. ઈસુને પકડાવવામાં તેમનો જ શિષ્ય મદદ કરવા આવ્યો છે ! અને તેઓએ જલદીથી યહૂદાને ત્રીસ રૂપિયા તોળી આપ્યા. યહૂદા ફક્ત ત્રીસ રૂપિયામાં ઈસુને પરસ્વાધીન કરવા તૈયાર થયો.

પ્રભુ ઈસુએ શિષ્યો સાથે છેલ્લું ભોજન લીધું તે સમયે પણ યહૂદા બધા સાથે સામેલ હતો. પરંતુ પોતે મુખ્ય યાજકો સાથે પ્રભુ ઈસુને પકડાવી દેવા સંબંધીનું જે કાવતરું કર્યું હતું તે વિષે તેણે જરા પણ જાણ થવા દીધી જ નહિ.

ઈસુએ પોતાના શિષ્યોને જણાવ્યું કે, "આ છેલ્લું ભોજન તમારી સાથે લેવાની મારી ઘણી જ ઇચ્છા હતી." આ સમયે પણ પોતાની દુષ્ટ યોજના વિષે યહૂદાને જરા પણ પસ્તાવો થયો નહિ. કદાચ તેને ઈસુ પ્રત્યે શેતાન તરફથી મળેલો તિરસ્કાર જ હતો. ભોજન સમયે જમતાં જમતાં અટકી જઈને ઈસુએ શિષ્યોને જણાવ્યું કે, "મારે તમને કંઈક કહેવું છે. તમારામાંનો એક મને પરસ્વાધીન કરશે." દરેકે ખૂબ અજાયબી પામીને એકબીજાને પૂછ્યું, કે "તે કોણ હશે ?" પછી દરેકે ઈસુને પૂછ્યું, "શું તે હું છું ?" ઈસુની જોડેજોડ

બેઠેલા યોહાને ઈસુને પૂછયું, "પ્રભુ તે કોણ છે ?"

ઈસુએ ખૂબ જ ધીમેથી જવાબ આપ્યો. "જેને હું રોટલી રસામાં બોળીને આપીશ તે જ તે છે." પછી ઈસુએ રોટલીનો ટુકડો લીધો, રસામાં બોળ્યો અને યહૂદાને આપ્યો. જેવો તેણે રોટલીનો ટુકડો લીધો કે તરત તેનામાં શેતાન પ્રવેશ્યો. ઈસુએ તેને કહ્યું, "જે કરવાનો હોય તે જલ્દી કર." યહૂદા તરત જ રોટલીનો ટુકડો લઈને બહાર ગયો. ત્યારે રાત હતી.

તે પછી શિષ્યો સાથે ગેથસેમાને સ્થળે ગયા ત્યાં બગીચો હતો. ત્યાં તેમણે પ્રાર્થના કરી અને તે વિષે તમે જાણો છો. જયારે તે ત્રીજીવાર પ્રાર્થના કરીને શિષ્યોની પાસે આવ્યા અને તેમને જગાડયા ત્યારે તેઓએ જોયું કે યહૂદાની આગેવાની હેઠળ સૈનિકો, મંદિરના સંરક્ષકો ઈસુ તરફ આવી રહ્યા હતા. જયારે ઈસુએ તે સર્વને પૂછયું કે, "તમે કોને શોધો છો ?" ત્યારે તેઓએ કહ્યું "નાઝારેથના ઈસુને." ઈસુએ જવાબ આપ્યો, "હું તે જ છું." આ બધા આવનારાઓ પાસે હથિયારો, ફાનસો તથા મશાલો હતાં. યહૂદાએ આગળ આવીને ઈસુને ચુંબન કર્યું. ઈસુએ તેને કહ્યું, "મિત્ર, જે કરવાનો હોય તે જલ્દી કર." કારણ યહૂદાએ પોતાની સાથે આવનાર હથિયારબંધ માણસોને કહ્યું હતું કે "હું જેને ચુંબન કરું તે જ ઈસુ છે." તેને પકડી લેજો. અને તેથી તેઓએ ઈસુની ધરપકડ કરી. પણ ઈસુના કહેવાથી તેઓએ શિષ્યોને છોડી મૂકયા.

શું ઈસુ યહૂદાના ચુંબનથી પાછા હઠયા ? ના. તેમણે યહૂદાને ફક્ત એટલું જ કહ્યું કે, "માણસના દીકરાને તું ચુંબન દ્વારા પરસ્વાધીન કરે છે ?" શું તમને લાગે છે કે ચુંબન દ્વારા ઈસુને પકડાવીને યહૂદાને શાંતિ મળી હશે ? ના, જરા પણ નહિ. તે ખૂબ જ પસ્તાયો. તેણે જઈને ૩૦ રૂપિયા મંદિરમાં મુખ્ય યજ્ઞકારો સામે ફેંકી દીધા. અને પોતે ગળે ફાંસો ખાઈને મરણ પામ્યો.

આ હતું વિશ્વાસઘાતનું પરિણામ. આ હતો કાવતરાની યોજના કરનારનો અંત ! આ હતી દગાબાજ યહૂદાની છેતરપિંડી. જે યહૂદા ત્રણ

ત્રણ વર્ષની મુદત સુધી ઈસુના નિકટના સહવાસમાં રહ્યો, જેણે ઈસુના શિષ્ય કહેવડાવવાનો ડોળ કર્યો, જેણે સર્વ જગતને છેતર્યું, ઈસુનો જ સાથી છે એવું સદા બતાવતો રહ્યો, પણ છેવટે તેનું હૃદય ઈશ્વરે ખુલ્લું કરી બતાવ્યું. શાસ્ત્ર પણ કહે છે. "નિશ્ચે જાણો તમારું પાપ તમને પકડી પાડશે." જે યહૂદાને ઈસુએ ચેતવ્યો હતો કે, "જેનાથી માણસનો દીકરો પરસ્વાધીન કરાય છે તે માણસને અફસોસ ! જો તે માણસ જન્મ્યો ના હોત તો તેને માટે સારું હતું ! છતાં પણ શેતાનના સકંજામાંથી તે છૂટી શક્યો નહિ. શિષ્ય હોવા છતાં આજે પણ બધા યહૂદાને દગાખોર તરીકે ઓળખે છે.

વહાલાં બાળકો, 'વિશ્વાસઘાત' મોટામાં મોટું પાપ છે; અને તે પાપને લીધે અનેક પાપો કરવાની ફરજ પડે છે. દા. ત. યહૂદાનો લોભ, દગાબાજી, છળકપટ, તિરસ્કાર, ગુસ્સો અને છેવટે મોટામાં મોટું પાપ આપઘાત.

પાપથી દૂર રહેવા માટે પ્રભુ ઈસુની નજીકની સંગતમાં રહો. તેમના કુટુંબનાં બાળકો બનો અને સ્વર્ગના અનંતજીવનના ભાગીદાર બનો. આ કરવા માટે તમારે શું કરવું તે 'આન્ટી લખે છે' પત્રમાં આપ્યું છે. પ્રભુબાપ તમને આશીર્વાદ આપો. આમેન.



# ૪૯ ઈસ્ટર

ઈસ્ટરના પવિત્ર પર્વ નિમિત્તે ઘણા અભિનંદનો સાથે શુભેચ્છાઓ, અને આશીર્વાદો પાઠવતાં આનંદ અનુભવું છું.

ઈસ્ટરનું મહત્વ ખ્રિસ્તી વ્યક્તિ માટે બહુ જ ભારે છે. ઈસુ મૃત્યુ પર જય પામ્યા અને આપણે માટે પણ આ જય સ્થાપિત કર્યો. જ્યારે તમે પ્રભુના આત્માથી સમજી શકો છો કે તમે જુદી જુદી રીતે નાનાં નાનાં પાપો કરીને પ્રભુને દુઃખી કરો છો ત્યારે તમને તે પાપોને લીધે બેચેની લાગે છે. તે સમયે તમને એમ થાય છે કે આ બધાં પાપ પ્રભુબાપ મને માફ કરીને મને શુદ્ધ બનાવે તો કેવું સારું ? તમે આ પાપો કર્યાં બદલ દુઃખ એટલે તમારાં પાપ બદલનો પસ્તાવો ! જ્યારે તમને પસ્તાવો થાય છે ત્યારે ખૂબ નમ્રતામાં તમે પ્રભુપિતાને વિનંતી કરો છો અને પાપોની માફી માગો છો. યશાયા ૪૪ : ૨૨, ૨૩ દર્શાવે છે કે પ્રભુ જ્યારે પાપ માફ કરે છે ત્યારે તે પાપ ભૂંસી નાખે છે. પાપનો કોઈ પણ ડાઘ તમારા હૃદય પર રહેવા દેતો નથી. તો આ પાપો શી રીતે ધોવાતાં કે ભૂંસાતાં હશે ? પ્રભુ ઈસુનું રક્ત આપણને સઘળાં પાપથી શુદ્ધ કરે છે ! તમે ઈસુના રક્ત પર વિશ્વાસ કરો છો, ઈસુ તમને કહે છે, “દીકરા, દીકરી, તારાં પાપ તને માફ થયાં છે; હવેથી પાપ કરીશ નહિ. તમારું હૃદય શુદ્ધ બને છે. તમે પ્રભુ ઈસુનો ખૂબ આભાર માનો છો. હવે તમે યોહાન ૧ : ૧૨ પ્રમાણે દેવનાં કુટુંબનાં બાળકો બનો છો. તમારા જીવનનું વહેણ બદલાય છે. તમે નવાં બનો છો-જૂના વિચારો, જૂની ટેવો, જૂનો સ્વભાવ વગેરે બધું બદલાઈને નવું બને છે. હવે તમે ખ્રિસ્તમાં એક નવી ઉત્પત્તિ બનો છો.

તમારું હૃદય સાચા આનંદ, સંતોષ અને પ્રેમનો અનુભવ કરશે. કારણ હવે ખ્રિસ્ત તમારા જીવનના દોરનાર બને છે. ખ્રિસ્ત તમારાં જીવન પર અધિકાર ચલાવે છે. તમે હવે બાઈબલ વાંચવા માટે, પ્રાર્થના કરવા માટે અને ખ્રિસ્તે તમારા જીવનને નવું બનાવ્યું તે બીજાને કહેવા માટે આતુર બનો છો.

પણ એક ખાસ બાબત તમારે ભૂલવી જોઇએ નહિ; અને તે એ છે કે, હવે તમારે પ્રભુ ઇસુની મદદથી શેતાનથી દૂર રહેવાનું છે. કારણ તમારા નવા જીવન પછી જ શેતાન વધારે સાવધ બનીને તમને તમારા જૂના જીવનમાં પાછા ધકેલવાનો પ્રયત્ન કરશે. માટે સતત પ્રભુની વાણી સાંભળવી એટલે કે તેમનું પવિત્ર વચન દરરોજ નિયમિત વાંચવું, દરરોજ પ્રાર્થના મારફતે નવું બળ પ્રાપ્ત કરવું અન દરરોજ તમારા નવા જીવન વિષે કોઇની આગળ સાક્ષી આપવી.

આજ ખરા દિવસો છે કે જ્યારે આપણે આપણાં જીવન વિષે વિચાર કરવાની તક પ્રાપ્ત કરીએ છીએ. અને આ તક સરી ન જાય માટે તેને ઝડપી લેવી જોઇએ. પ્રભુ ઇસુ તેમના મહિમામાં જલદી આવનાર છે. અને જ્યારે તે પોતાની પર પ્રેમ કરનારને સમેટશે ત્યારે તેમાં તમારું સ્થાન હશે કે નહિ તે આજે જ નક્કી કરી લઇ તમારું તારણ સિદ્ધ કરો.

પ્રભુ પિતાની ઇચ્છા પ્રમાણે તમને આ સઘળું જણાવું છું કે જેથી તમારામાંના કોઇપણ સ્વર્ગના અનંતજીવનથી વંચિત રહી ન જાય.

પ્રભુ તમારી સાથે હો અને આ ઇસ્ટર તમારા જીવનને યોગ્ય વળાંક આપી તમને પ્રભુમાં આશીર્વાદિત કરો.. આમેન.



# ૫૦ મૃત માણસ બોલે છે

ઉપરનું શીર્ષક કેટલું વિચિત્ર લાગે છે ખરું ને ? તેમ છતાં તે સાચું છે. કેટલાંક વર્ષો ઉપરની એક વાત છે. આ સમયોમાં વાહનોનો ખાસ ઉપયોગ નહોતો. ઘણા ખરા માણસો ઘોડા રાખતા હતા.

એક દિવસ એક કાળી અંધારી રાતે એક ઘોડેસ્વાર કોઇ આશરો શોધતો આમતેમ ભટકી રહ્યો હતો. અચાનક આંધી અને તોફાને તેને મુશ્કેલીમાં મૂકી દીધો હતો. અચાનક એક વિશાળ વૃક્ષની ઘટાની તદ્દન જોડાજોડ એક નાનું વિશ્રામગૃહ હતું. તે ઘોડા ઉપરથી ઊતર્યો અને અંદર જઇને તપાસ કરી તો જાણવા મળ્યું કે તેને રાતવાસો મળી શકશે. તે ઉપરાંતમાં તેને સૂકાં અને સરસ કપડાં પહેરવા માટે આપવામાં આવ્યાં. જો કે કપડાં બહુ બંધબેસતાં ન હતાં છતાં પણ તેની ઠંડી ખાળવાને તો ખૂબ જ આવકારદાયક હતાં.

થોડીવારમાં તેને તાપવા માટેનું તાપણું પણ આપવામાં આવ્યું. અને ત્યાં એક નાના ટેબલ પર ગરમાગરમ ભોજન પીરસવામાં આવ્યું. યુવકે તો આવા બહારના વાતાવરણમાં આ સુખ સગવડની કલ્પના પણ કરી નહોતી.

ધર્મશાળાનો માલિક ધીમે રહીને યુવક પાસે આવ્યો અને તેના સંબંધી જાણવા પ્રશ્નો પૂછવા લાગ્યો. યુવકે જણાવ્યું કે તે કોઇ નાટ્ય કંપનીનો માણસ હતો અને કામ પતાવીને ઘરે ફરતાં કુદરતી તોફાનનો ભોગ બન્યો હતો.

જમી પરવાર્યા બાદ માલિકે કહ્યું કે, તમને આરામ કરવા માટે મારી પાસે હવે વધારાનો રૂમ નથી. કારણ કે એક છેલ્લો રૂમ હતો તે એક ખૂબ જ બીમાર યુવકને ફાળવવામાં આવ્યો હતો. આથી જમીને તૃપ્ત થયેલો યુવક આરામ કરવા માટે નાની ઓરડી જે તેને માટે ખાસ તૈયાર કરવામાં આવી હતી તેમાં ગયો. તેની બાજુમાં જ પેલા બીમાર માણસના કણસવાનો અવાજ આવતો હતો. વચ્ચે વચ્ચે તે બીમાર ભયંકર ચીસો પાડતો હતો. ડોનની ઊંઘ હરામ થઇ ગઇ. કણસવાનો ભંયકર અવાજ-ભયાજનક ચીસો વાતાવરણને તંગ બનાવી દેતાં હતાં. અધૂરામાં પૂરું નાની ઓરડીમાં પથારી પણ ખૂબ

અગવડતાભરી હતી, જેમ તેમ રાત વિતાવી ડોન મળસ્કે ઊઠી ગયો.

તેના મનના વિચારોએ તેને ગભરાવી દીધો હતો. તેને એક જ વિચાર આવ્યા કરતો હતો કે, "શું તે બીમાર માણસ નાસ્તિક હશે ? શું તે મારા જ જેવો નાસ્તિક હશે ?" જ્યારે કણસવાનો અવાજ વધતો ગયો ત્યારે ડોન પણ બેચેની અનુભવવા લાગ્યો, થોડીવારે બધો અવાજ સંપૂર્ણ શાંત રીતે થંભી ગયો. તે પછી ડોન ફરીથી પોતાની પથારીમાં પડયો અને તરત જ ઊંઘમાં પડી ગયો.

સવારે ચા નાસ્તા માટે તે ટેબલ પર હતો ત્યારે તેણે વિશ્રામગૃહના માલિકને પેલા બીમાર માણસની ખબર પૂછી તો જાણવા મળ્યું કે તે તો છેવટે મરણ પામ્યો. માલિકે નિસાસો મૂકતાં કહ્યું 'આવું મરણ મને ફરીથી જોવા ના મળે તેવું ઇચ્છું છું. આ યુવક ખરેખર પ્રભુ વગરનો જ મૃત્યુ પામ્યો. તે તેના ઉત્પન્નકર્તાને મળ્યો પણ તૈયારી વગરનો જ !"

ડોન ખૂબ બેચેન બન્યો. તેણે પૂછયું "તે યુવક કોણ હતો ? તે કયાંનો હતો ?"

પેલા માલિકે કહ્યું, "તે અહીં લથડિયાં ખાતો પડયો ત્યારે તે તદ્દન બેહોશ હતો. તે પોતે કોણ હતો તે પણ કહી શકયો નહિ. જયારે તે છેક જ બેભાન બન્યો ત્યારે તેના ખિસ્સા તપાસતાં તેમાંથી એક પત્ર તેની પર આવેલો મળ્યો. તેનું સરનામું વિલ્યમ જયોર્જ સૉન્ડર્સ હતું. અને તે સાથે બ્રાઉન યુનિવર્સિટી લખ્યું હતું.

ડોનના હાથમાંથી ચમચો પડી ગયો ! તે બોલી ઊઠયો, "જયોર્જ સૉન્ડર્સ ! ગયે જ વર્ષે તે મારી સાથે ગ્રેજયુએટ થયો."

બહુ બેચેની અનુભવતો ડોન કરગરવા લાગ્યો, "સાહેબ, મહેરબાની કરીને મને તેને દેખાડશો ? હું ખાતરી કરી લઉં કે તે જ મારો મિત્ર જયોર્જ છે.

તે બન્ને ધીમા પગલે રૂમમાં પ્રવેશ્યા, મૃતદેહના મોં ઉપરની ચાદર ખસેડતાં ડોને જયોર્જનો બેડોળ થઇ ગયેલો ચહેરો જોયો અને બોલ્યો, "અરે, આ તો અમારા વર્ગનું ગૌરવ હતો ! તેને આવું કઇ કેવી રીતે બની શકે ! તે એટલો બધો હોશિયાર હતો ! છતાં પણ તેણે આ જીવનમાં કંઇ જ પ્રાપ્ત કર્યું

નહિ. પોતાનું માથું હલાવતાં કહ્યું, "પછીના જીવનનું તો શું કહું ? હું પણ તેના જેટલો જ તૈયાર નથી." વૃદ્ધ માલિક ચૂપ રહ્યા.

ડોને પોતાના ખિસ્સામાંથી ડોલર્સની થોકડી કાઢીને વૃદ્ધના હાથમાં મૂકતાં કહ્યું, "જ્યોર્જના માને આપજો અને કહેજો કે આ પૈસામાંથી સારામાં સારી દફનવિધિ કરાવજો અને જે વધે તે અંકલ તમારે માટે છે કારણ, તમે તોફાનમાં મારી ખૂબ મદદ કરી.

ડોન થોડીવાર શાંત થઇ ગયો પછી વૃદ્ધની સામે નજર સ્થિર કરતાં ખૂબ ગંભીર રીતે બોલ્યો, "સાહેબ, મારા પ્રિય મિત્ર જ્યોર્જની સ્મૃતિ સાથે હું, મારું પાપી જીવન દફનાવી દઉં છું. આજથી હું નવા જીવનમાં નવી બાબતો પાછળ લાગુ રહીશ."

વૃદ્ધ માણસનો હાથ પોતાના હાથમાં દૃઢ રીતે પકડી રાખ્યો ત્યારે ડોનના ગાલ ઉપરથી પશ્ચાતાપનાં આંસુ વહી રહ્યાં હતાં.

થોડીવારમાં ડોન પોતાના ઘોડા પર સવાર થયો અને જીવનના નવા દિવસના પ્રકાશમાં આગળ વધ્યો.

બાળકો, ડોનનાં પાપોએ તેને મૃત બનાવી દીધો, તે બધાં પાપો તેણે તજી દેવાનો નિર્ણય કર્યો અને પ્રભુબાપે તેને નવું પવિત્ર જીવન આપ્યું. હવે આ જીવન તેને માટે કાયમનું જીવન રહેશે. નીચેની કલમો તમારા નવા કરારમાંથી શોધો અને તેની નીચે લીટી દોરો.

રોમન ૫ : ૧૭, રોમન ૬ : ૧૧, કોલોસી ૩ : ૧-૪

આ ઈસ્ટર તમને નવા જીવન તરફ માર્ગ બતાવે છે. પ્રભુ ઇસુમાં સાર્વકાલિક જીવન મેળવો.

પ્રભુ તમને આશિષ આપો, આમેન.

# ૫૧ માનવભક્ષી આદિવાસી

ખ્રિસ્ત ઈસુમાં પ્યારાં બાળકો, પ્રેમી કુશળતા.

ખૂબ મઝામાં છો ને ? જાતજાતની રમતો શોધતાં હશો ! દોડાદોડી કરતાં હશો ! એકબીજાને પકડતાં હશો ! ખરું ! આ વિચારો મને પણ ખૂબ આનંદ આપે છે. રમવું, દોડવું, પકડવું, રીસાવું, મનાવું, પાછાં રમતાં થઇ જવું. બાળપણનો એટલે મોજનો સમય, મસ્તીતોફાનનો સમય, તેમાંય રજામાં બહારગામ જવાનું હોય તો તો ઓર આનંદ આવે ! આવો જ એક રજાનો દિવસ હતો. બે ભાઈબહેન મમ્મીને પૂછવા ગયાં કે મમ્મી આજે રજા છે તો અમે દાદાને ઘેર જઈએ ? દાદીમાને ત્યાં હમણાં જ બકરીનાં નાનાં નાનાં બચ્ચાં થયાં છે. વાડીમાં આંબા પર કેરીઓ ખૂબ આવી છે. દ્રાક્ષો પણ પાકી ગઈ છે. દૂધ, ઘી, માખણ, દહીં ખાવાની મઝા આવશે. મમ્મીએ તેમને હા કહી દીધી તેથી તેઓ સાંજ પડતાં નીકળી ગયાં. તેમના ગામ પછી એક નાનકડું જંગલ આવતું હતું. તેમાં થઈને દાદાને ઘેર જવાનો એક ટૂંકો રસ્તો હતો. તે જ રસ્તાની અડોઅડ એક બીજો રસ્તો જોડાતો હતો. બન્ને બાળકો આ જુદા રસ્તે ચઢી ગયાં, મોટો ભાઈ બ્રાયન હોશિયાર હતો, બહેન બ્રિન્દા નાની હતી તેથી નાની નાની બાબતમાં રડી પડતી હતી. નવા રસ્તા પર ઘણું ઘણું ચાલ્યાં, દોડયાં પણ દાદાનું ઘર જ આવે નહિ. અંધારું થવા આવ્યું હતું. બ્રિન્દા કહે, ભાઈ હજી દાદાનું ઘર કેમ આવતું નથી ? એટલામાં દૂર કંઈ લાઈટ દેખાઈ, દાદાનું જ ઘર છે એમ સમજી બન્ને ખૂબ દોડયાં, પણ આ તો કોઈ બીજાનું ઘર હતું. લાકડાનો મોટો ઝાંપો અંદરથી તાળું લગાવીને બંધ કર્યો હતો. પાછળનો વાડો ગીચ ફળફળાદિની વાડીથી અંધારો લાગતો હતો. પણ રાત વધતી જતી હતી અને જંગલમાં જંગલી પ્રાણીઓના અવાજો કાને પડતા હતા. બન્ને બાળકો ખૂબ જ બીતાં હતા. બ્રાયન ધીમે રહીને ઝાંપા પર થઈ અંદર કૂદ્યો કે તરત જ એક માજી જલદી જલદી આવી પહોંચ્યા અને પૂછયું, "છોકરા, તું કોણ છે ? કેમ અહીં આવ્યો છે ?" બ્રાયને કહ્યું, હું અને

મારી બહેન મારા દાદીમાને ઘેર જતાં હતાં પણ રસ્તો ભૂલી ગયાં. કારણ અંધારું થવા લાગ્યું. આમ તો અમે હંમેશા થોડી જ વારમાં પહોંચી જઇએ છીએ પણ આજે ભૂલાં પડી ગયાં છીએ. બ્રિન્દા તરત જ બહાર ઊભી ઊભી રડવા લાગી. માજીએ પોતાની પાસેની ચાવીથી ઝાંપો ઊઘાડી તેને અંદર લઇ લીધી. અને બન્ને બાળકોને પાછળ એક દરવાજો હતો ત્યાંથી ઉપલે માળે લઇ ગયાં. તેમને એક રૂમમાં બેસાડયાં અને કહ્યું, તમે અહીં બેસો હું તમારે માટે કંઇ ખોરાક લઇ આવું. બાળકો ગભરાતાં ગભરાતાં સોફા પર બેઠાં. થોડીવારમાં માજી તેમને માટે ખીર, પુરી, બટાકાનું શાક, કેળાં વગેરે લઇ આવ્યાં. બાળકો બહુ જ ભૂખ્યાં હતાં તેથી પ્રાર્થના કરીને જમવા લાગ્યાં. તરત જ માજીએ પૂછયું, "તમે ખ્રિસ્તી બાળકો છો ?" બાળકોએ 'હા' કહી ફરી જમવાનું શરૂ કર્યું, જમી રહ્યા બાદ બાજુમાં બાથરૂમ હતું ત્યાં હાથ મોં ધોઇ ફરીથી વ્યવસ્થિત થઇ ગયા. બ્રાયન ડીશ વગેરે ભેગાં કરીને અંદર આપવા જતો હતો એટલામાં જ માજી આવી પહોંચ્યાં, આ વખતે તે પહેલાંની જેમ હસતે મોઢે ના આવ્યાં. તેમના મુખ પર એક પ્રકારની ક્રૂરતા છવાઇ હતી. આ મોટા મકાનમાં તેમના જેવા ઘણાંય બાળકો, જુવાનો, વૃદ્ધો બહુ બધાં હતાં અને તેઓ ભયંકર ચિચિયારીઓ પાડતાં હતાં. ધૂણતાં હતાં, મોટેથી તાળીઓ પાડતાં હતાં. આખું વાતાવરણ ખૂબ જ ભયજનક લાગતું હતું. માજીએ બ્રાયનને કહ્યું, જો આ રૂમના ઉંબરાની બહાર તમારે પગ મૂકવાનો નહિ; નહિ તો તમને જીવતા નહિં રહેવા દઉં, સમજયા ? નાની બ્રિન્દા તો એકદમ પોક મૂકીને રડવા લાગી. ક્રૂર માજીએ કહ્યું, "ચૂપ રહે, નહિં તો ગળું દાબી દઇશ ! ડુસકાં ખાતી બ્રિન્દા માંડ ચૂપ રહી.

આ બધાં માનવભક્ષી (માણસોને ખાનાર) આદિવાસીઓ હતાં. બ્રાયન ગભરાયો તો ખૂબ હતો, પણ બ્રિન્દાને લીધે ઉપર ઉપરથી હિંમત બતાવતો હતો. હજી માજી ત્યાં જ હતાં એટલામાં ઊંચો, કદાવર, મોટા દાંતવાળો એક કાળો માણસ ત્યાં આવી પહોંચ્યો અને કંઇક પૂછવા લાગ્યો. બન્ને બાળકો તો તેને જોઇને ખૂબ ગભરાઇ ગયાં હવે શું કરવું ? પેલા રાક્ષસ

જેવા માણસની પાછળ પાછળ માજી ગયાં.

માનવભક્ષી આદિવાસીઓનાં રહેઠાણમાં નાનાં, કુમળાં બ્રાયન અને બ્રિન્દા સપડાયાં હતાં. હવે શું કરવું? ભાગવાની તો કોઇ શકયતા જ નહોતી. બન્ને ભાઇ બહેન પોતાના રૂમમાં ઘૂંટણ ટેકવી રાતની રક્ષા માટે પ્રાર્થના કરવા લાગ્યાં. પ્રભુ ઇસુએ એવી મહેરબાની કરી કે બન્નેને સારી ઊંઘ આવી ગઇ.

બન્ને સવારમાં ઊઠ્યાં, બાથરૂમમાં હાથ મોં ધોઇ નાખ્યાં. વ્યવસ્થિત થઇ ગયાં. એટલામાં માજી તેમને માટે દૂધ-રોટલી-મીઠાઇ-ફળ વગેરે લઇ આવ્યાં. પ્રભુબાપનો આભાર માની તેમણે ખાઇ પી લીધું. પછી માજીએ તેમને કહ્યું, "છોકરાં, મારી પાછળ આવો." બન્ને ચૂપચાપ માજીની પાછળ ચાલ્યાં. લાંબો ચોક વટાવીને તેઓ એક મોટા વાડામાં આવ્યાં, ત્યાં બહુ જ મોટો દેગ ચૂલા ઉપર મૂક્યો હતો. તેમાં પાણી ગરમ થતું હતું. બ્રાયનને લાગ્યું કે કદાચ નહાવાની વ્યવસ્થા હશે. પણ એટલામાં બે ઊંચા, કદાવર, કાળા આદિવાસીઓ એક જાડા સુંદર છોકરાને ઊઠાવી લાવ્યા. છોકરાના મોંમાં ડૂચા મારેલા હતા. બન્ને હાથ પગ બાંધેલા હતા. તેમણે તરવારના એક જ ઝાટકે છોકરાનું માથું ઉડાવી દીધું અને તેના કકડા કરી પેલા ઊકળતા પાણીનાં દેગમાં નાખી દીધો. બ્રાયન અને બ્રિન્દા તો આ જોઇને હેબતાઇ ગયાં. ધ્રૂજવા લાગ્યાં. માજીએ તેમને કહ્યું, "તમને પણ સારો ખોરાક આપી આવાં મજબૂત બનાવીશું અને પછી આ જ રીતે તમને રાંધીને અમે ખાઇ જઇશું!"

બ્રાયન અને બ્રિન્દાને તો આ સાંભળી ખૂબ જ ગભરામણ થઇ. માજી તેમને તેમના રૂમમાં મૂકી આવ્યાં. બ્રિન્દા તો ખૂબ જ રડતી હતી. બ્રાયને તેને બહુ મહેનતે છાની રાખી, એટલામાં બ્રાયનની નજર દીવાલ ઉપર ઊંચે વેન્ટીલેશનની નાની બારી પર પડી, ત્યાં એક દોરડું ગૂંચળું કરીને મૂકેલું હતું, તેણે મનમાં કંઇક વિચારી લીધું. કદાચ આ વિચાર પ્રભુ ઇસુએ જ તેના મનમાં મૂક્યો હશે.

રાત પડી અને બધું શાંત થઇ ગયું ત્યારે બ્રાયન દરવાજા પર થઇને

આ વેન્ટીલેશન પર ચઢયો. દોરડું રૂમમાં ઊતાર્યું. બ્રિન્દાને ઈશારો કરીને દોરડું મજબૂત પકડી રાખવા કહ્યું. આ દોરડા સાથે એક એવી કળ બેસાડેલી હતી કે તેને ગોળગોળ ફેરવતાં દોરડું ઉપર જતું હતું. બહારથી કોઇ બાળકને પકડવા માટે કદાચ આ વ્યવસ્થા રાખી હોય, ગમે તેમ પણ બ્રિન્દા ઉપર જઇ શકી. પાછલા ભાગમાં મોટું ઝાડ હતું. બન્ને ભાઈ બહેન ઝાડ ઉપરથી ધીમે ધીમે ઊતરી ગયાં. હવે ? રાત તો ખૂબ અંધારી હતી, શું કરવું ?

હજી વિચારે છે એટલામાં જ જમીન પર પાનનો ખડખડાટ સંભળાયો. બ્રિન્દાએ એકદમ પપ્પાને ઓળખી કાઢયા. માજીની બીકે બન્ને બાળકો તેમના પપ્પાને વીટંળાઇ વળ્યાં.

ખૂબ ઝડપથી પિતા અને બાળકો ચાલવા લાગ્યાં. બરોબર દૂર ગયા બાદ પપ્પાએ પૂછયું, “તમે દાદાને ઘેરથી કયારે નીકળ્યા ? તમને ઘેર આવતાં મોડું થયું તેથી હું લેવા આવ્યો. અહીં તમે શું કરતાં હતાં ?

બ્રાયને બધી વાત કરી. રસ્તો ભૂલ્યો, આદિવાસીઓનાં ડેરામાં થયેલા અનુભવો, છોકરાનો વધ-ઊકળતા પાણીમાં રાંધવા માટે નાખ્યો અને માજીએ આપેલી ચેતવણી કે તમને પણ આજ રીતે રાંધી ખાઇશું.

બ્રિન્દા તો એટલી ગભરાયેલી હતી કે તેને ઊંચકી લેવી પડી.

ઘેર પહોંચતા જ તેમનાં મમ્મી દોડી આવ્યાં. બન્ને બાળકોને બાથમાં લઇ લીધાં. ભંકર પરિસ્થિતિમાં ઇશ્વરપિતાએ બાળકોનું જતન કર્યું તે વિષે જયારે મમ્મી-પપ્પાએ વિગતવાર જાણ્યું ત્યારે બધાંએ ઘૂંટણે પડીને ઈશ્વરપિતાનો આભાર માન્યો.

વહાલાં બાળકો, બ્રાયન અને બ્રિન્દાની જેમ તમે પણ પ્રભુ ઇસુ પર વિશ્વાસ રાખો. દરેક પ્રકારની પરિસ્થિતિમાં તેમની સહાય માગો અને તમને હરહંમેશ અનુભવ થશે કે ઈશ્વર ખૂબ પ્રેમાળ અને દયાથી ભરપૂર છે પણ પાપ કરનાર પ્રત્યે તે ખૂબ નારાજ રહે છે. બાઈબલમાં પણ લખ્યું છે કે, અનુભવ કરો અને જુઓ કે ઈશ્વર ઉત્તમ છે.

પ્રભુ પિતા હરહંમેશ તમારી સાથે રહો.

# ૫૨ વિશ્વાસ

બાળકો, તમને ખબર હશે કે, જ્યારે મુશ્કેલીના સમયો હોય ત્યારે આપણે પ્રાર્થના કરીએ છીએ. શા માટે ? કારણ કે, આપણે જીવંત અને સર્વ સમયે આપણું સાંભળનારને ભજીએ છીએ. તેમની જ આરાધના કરીએ છીએ અને તે જ આપણું સર્વ સારું કરશે તેઓ વિશ્વાસ રાખીએ છીએ. એક સમયે તે આપણી ઇચ્છા પ્રમાણે ના કરે તોપણ તે જે કરે છે તે આપણા સારાને માટે જ કરે છે તેવો વિશ્વાસ રાખીએ છીએ. આથી તમે પણ પ્રભુ ઇસુને અપાયેલાં એવાં સારાં બાળકો બનો અને તમારા કોઇપણ સંજોગોમાં તેમની મદદ માગો તેવું ઇશ્વર ઇચ્છે છે. વળી તમે જે કંઇ માગો તે વિશ્વાસ રાખીને માંગો આ અંગે એક વાર્તા વાંચો.

રાણાવાવ ગામમાં શાંતિભાઇ પોતાના નાનાં કુટુંબ સાથે આનંદથી રહેતા હતા. તેમનાં પત્ની શીલાબહેન ગામની શાળામાં મુખ્ય શિક્ષિકા હતાં, શાંતિભાઇ પાસે ગાય, ભેંસ, ઘોડા, મરઘાં અને ખેતર ઉપરાંત એક ફળવાડી પણ હતી તેથી શાંતિભાઇનો બધો જ સમય આ બધાંની પાછળ વ્યતિત થતો હતો. તેમની પાસે સુંદર નામનો એક સરસ જાતવાન ઘોડો હતો અને થોડા જ મહિના ઉપર તેમણે એક ભાઇ પાસેથી બીજો એક ઘોડો ખરીદ્યો હતો. કારણ કે તે ભાઇએ નજીવી કિંમતમાં તે ઘોડો તેમને આપ્યો હતો. આ ઘોડાનું નામ શાંતિભાઇએ વિજય રાખ્યું હતું. થોડા જ સમયમાં સુંદર અને વિજય સારા મિત્રો બની ગયા.

રજાનો સમય હતો, શાંતિભાઇનાં બન્ને બાળકો આશિષ અને અલ્પા પોતાના મોટા ખેતરમાં રમતાં હતાં એટલામાં તેમની નજર પડી તો સુંદર અને વિજય ખેતરની બહાર નીકળી ગયા હતા. ખેતરનો મોટો દરવાજો ખુલ્લો હતો.

આશિષ ખેતરના માણસ કીકાભાઇને શોધવા ગયો પણ તે તો ફળઝાડની થોડી કલમો લેવા ત્રીજા ખેતરે ગયા હતા. એટલામાં શાંતિભાઇ ત્યાં આવી ચઢયા, બધી પરિસ્થિતિ જાણી તે ખૂબ ગુસ્સે થઇ ગયા, કારણ કે,

આમ અઠવાડિયામાં આ ત્રીજી વાર દરવાજો ખુલ્લો રહી ગયો હતો અને ઘોડા બહાર નીકળી ગયા હતા. જ્યારે કીકાભાઈ બહારથી આવ્યા તેમણે ઘોડાને બહાર જોયા એટલે દોડીને બન્ને ઘોડાને અંદર હાંકી લાવ્યા.

શાંતિભાઇએ કીકાભાઈને જોયા એટલે તેમનો ગુસ્સો કાબૂમાં રહ્યો નહિ. અને તેમણે કીકાભાઈને કહ્યું કે, ""આ ત્રીજી વાર તમે ઝાંપો ખુલ્લો રાખ્યો અને ઘોડા બહાર નીકળી ગયા, આવતી કાલથી તમે અહીંનું કામ બંધ કરો હું બીજો માણસ રાખી લઈશ." મૂંગે મોઢે કીકાભાઇ નીકળી ગયા. શીલાબહેને આ જાણ્યું ત્યારે તેમને બહુ જ દુઃખ થયું કારણ કીકાભાઇ વર્ષોથી તેમની સાથે હતા.

રાત્રે બધા જમી પરવાર્યા પછી પ્રાર્થના કરવા બેઠાં ત્યારે ૧૦ વર્ષના આશિષે અને ૭ વર્ષની અલ્પાએ પોતાની પ્રાર્થનામાં માગ્યું કે, 'ઇસુબાપ, કીકાભાઈ પાછા આવી શકે તેવું તમે કરજો.' બાળકો કીકાભાઇ પર બહુ પ્રેમ રાખતાં હતાં અને તેમને આ જે બધું બન્યું તેનાથી ખૂબ દુઃખ થયું હતું.

સવારે ચા નાસ્તો લીધા બાદ ફરીથી શીલાબહેન અને બાળકો તેમ જ શાંતિભાઇ કૌટુંબિક પ્રાર્થનામાં બેઠાં ત્યારે બાળકોએ ફરીથી તે જ પ્રમાણે પ્રાર્થના કરી. પ્રાર્થના બાદ શાંતિભાઇએ કહ્યું, 'બેદરકારીને લીધે મેં કીકાભાઇને રજા આપી છે, કોઇ વખત દરવાજો ખુલ્લો રહે તો વધારે નુકસાન થાય. વળી વિજય હજી નવો જ ઘોડો છે તેથી તે દૂર નીકળી જાય અને કોઇને નુકસાન કરી દે તો શું થાય ?'

જો કે બાળકો વધુ કાંઇ બોલ્યાં નહિ. પણ તેમણે રવિવારે શીખેલું મુખપાઠનું વાકય યાદ કર્યું કે 'દેવે નિશ્ચે મારું સાંભળ્યું છે; તેમણે મારી પ્રાર્થના પર કાન ધર્યો છે.' ગી. શા. ૬૬ : ૧૯. બન્ને બાળકો આ વચન બોલતાં બોલતાં તેઓ ખેતર તરફ વળ્યા તો સામેથી કીકાભાઇ આવતાં દેખાયા. કીકાભાઇ એક જાંબુના ઝાડ પરથી જાંબુ ઉતારીને ઘર તરફ જતા હતા. બાળકોએ તેમને બૂમ મારી. "કીકાભાઇ, તમે પાછા આવો ને ! કીકાભાઇએ કહ્યું તમારા પપ્પા ગુસ્સે થાય, અલ્પાએ પૂછયું આ થેલીમાં શું છે ? કીકાભાઈએ કહ્યું, 'આ થોડા જાંબુ ભેગા કર્યા છે તે વેચીશ.' આશિષે કહ્યું, 'કીકાભાઇ,

અમને જાંબુના ઝાડ પાસે લઇ જાઓને !'

કીકાભાઇ બોલ્યા, 'તમે અહીં દરવાજા પાસે ઊભા રહો, હું બહેનને પૂછી આવું.' કીકાભાઇ અંદર ગયા ત્યારે આશિષે જોયું કે સુંદર અને વિજય સામેથી આવી રહ્યા હતા. બંધ દરવાજા પાસે વિજય પહોંચ્યો અને ઉપરનો આંકડીઓ મોંથી ઊંચકયો. દરવાજો ખૂલી ગયો અને બન્ને ઘોડા દોડતા બહાર નીકળી ગયા. એટલામાં કીકાભાઇ આવ્યા, તે એકદમ ઘોડા પાછળ દોડયા. અને હાથમાંની લાકડી ઊંચી કરી અને ખોંખારો ખાધો કે તરત જ ઘોડા પાછા ફર્યા. તે જ વખતે શાંતિભાઇ ઘરની છેક નજીક આવી પહોંચ્યા હતા. આશિષે તેમને બધી વાત કરી. શાંતિભાઇએ કીકાભાઇને કહ્યું આ નવો ઘોડો વિજય આ રીતે ટેવાયેલો હોવો જ જોઇએ એટલે જ મને રસ્તામાં મળ્યો. તમારો વાંક નથી. કાલથી તમે ફરીથી કામ પર આવી જજો મેં ખોટું અનુમાન કર્યું તેથી માફી માગું છું.

બન્ને બાળકો ખુશ થઇ ગયાં અને કીકાભાઇને કહેવા લાગ્યાં, જુઓ કીકાભાઇ, તમે એક દિવસે કહેતા હતા ને તમે પ્રાર્થનામાં માનતા જ નથી ? પણ અમે બન્નેએ તમારે માટે પ્રાર્થના કરી અને જુઓ ઇશ્વરે જ ખરી બાબત શી હતી તે બતાવી. ખરું કે નહિ ? કીકાભાઇએ કહ્યું, તમારી વાત સાચી છે. જો ઇશ્વરે મદદ ના કરી હોત તો હું હજી પણ ગુનેગાર જ ગણાતો હોત.' હવેથી હું પણ દરરોજ પ્રાર્થના કરીશ. તમે મને શીખવજો, આશિષે કહ્યું, 'તમે ઇસુ બાપને તમારા હૃદયમાં આવવા માટે કહો એટલે તે તમને તમારા બધાં પાપની માફી આપશે અને તમારા હૃદયમાં આવશે અને તમારી પ્રાર્થના પણ સાંભળશે.

બાળકો, તમે પણ જો પ્રભુ ઇસુથી હજી પણ દૂર હો તો તમારાં પાપ તેમની પાસે કબૂલ કરી માફી મેળવો, અને તેમને તમારાં હૃદયમાં સ્થાન આપો.

# ૫૩ છુટકારો અને આઝાદી

બાળકો, તમે કોઇને સિંહની સાથે સૂતેલું કલ્પી શકો ? અથવા એક ગુફામાં વિકરાળ સિંહની સાથે તમને સૂઇ જવાનું કહે તો તમે સ્વીકારો ખરાં ? તો આજે તમને હું એક લશ્કરી જવાનની વાત-હા, સાચી બનેલી વાત જણાવું છું.

જેક નામના લશ્કરી જવાનને એક લશ્કરી ટુકડી સાથે આફ્રિકા મોકલવામાં આવ્યો. આફ્રિકા તેને માટે છેક જ અજાણ્યો પ્રદેશ હતો. એક દિવસ બધા સાથે ત્યાંના જંગલ પ્રદેશમાં થઇને જતાં હતાં. રાત્રીનો સમય હતો. કોઇક રીતે જેક બીજા જવાનોથી છૂટો પડી ગયો. આમતેમ અંધારામાં ફાંફા માર્યા પણ પછી તેને લાગ્યું કે બીજા ભાઇઓથી તે ઘણો છૂટો પડી ગયો છે. હવે શું કરવું ? તે ખૂબ જ થાકી ગયો હતો તેથી તે આરામ કરવા માટે કોઇ સલામત જગા શોધતો હતો. કારણ હવે તો સવાર થાય ત્યારે જ તે માર્ગ શોધી શકે અને બીજાઓની સાથે થઇ શકે.

કીચડથી ભરેલી એક જગાએ તેણે ગુફા જેવું કંઇક જોયું, કંઇપણ વિચાર કર્યા વગર તેણે તો ગુફાના દ્વાર પાસે લંબાવ્યું. ઠંડો પવન આવતો હતો તેથી તરત જ તે ઊંઘી ગયો. તે અચાનક જાગી ગયો હશે ! અંધારી રાતમાં જંગલની ભયાનકતાએ તેને ધ્રુજાવી મૂકયો. એટલામાં ગુફાના દ્વારથી થોડે જ દૂર તેણે એક વિકરાળ સિંહની કમકમાટી ઉપજાવે તેવી ત્રાડ સાંભળી. તે ભયથી થરથરી ઊઠયો. હવે કેવી રીતે બહાર નીકળવું ? સિંહ તેને જોઇ જશે અને તેને સૂંઘીને ગુફામાં આવશે તો ?

તેને બહુ થોભવું પડયું નહિ, કારણ કે થોડી જ વારમાં એક મોટા પડછાયાએ ગુફાદ્વારને જાણે કે બંધ કરી દીધું. હા, સિંહે તેને શોધી કાઢયો હતો. જેકમાં તો કોઇ જ તાકાત રહી નહિ. તે તો જાણે ભારે ઊંઘમાં પડયો હોય તેમ હાલ્યાચાલ્યા વગર ઊંઘી જ રહ્યો. સિંહ તેની પાસે થઇને અંદર ગયો. તેને સૂંઘ્યો અને પછી શાંતિથી જેકની બાજુમાં ઊંઘી ગયો.

જેકને યાદ આવ્યું કે દાઉદ રાજાને પણ ઈશ્વરે સિંહના પંજામાંથી બચાવ્યો હતો. તેથી જેક ત્યાંને ત્યાં જ પડયો રહ્યો અને સિંહની બાજુમાં જ ઈશ્વરને યાચવા લાગ્યો કે 'હે ઈશ્વર, જે પ્રમાણે તમે દાઉદને બચાવ્યો તે પ્રમાણે તમે મને પણ બચાવો."

થોડા સમય પછી તો સિંહ ઘોર નિંદ્રામાં પોઢી ગયો, તેના નસકોરાંનો ભયંકર અવાજ સંભળાતો હતો. જેક હજી પ્રાર્થના જ કરતો હતો અને તે જ પ્રાર્થનામય મને તે હિંમતપૂર્વક ગુફાની બહાર સરકી ગયો. થોડે અંતરે જઈને તે એક ઝાડ પર ચઢી ગયો અને આખી રાત ત્યાં જ કાઢી. સવાર થઈ ત્યારે તે નીચે ઊતર્યો અને થોડી જ વારમાં તેને રસ્તો મળી ગયો અને તે પોતાની છાવણીમાં બીજા જવાનો પાસે પહોંચી ગયો. તેઓને રાત્રી દરમિયાનનો અનુભવ તેણે કેટલા બધા આવેશી મનથી કહ્યો હશે! ઈશ્વરે તેને કેવી અજાયબ રીતે સિંહના પંજામાંથી છોડાવ્યો !

"સંકટને સમયે મને વિનંતી કર; હું તને છોડાવીશ, અને તું મારો મહિમા પ્રગટ કરશે." ગીતશાસ્ત્ર ૫૦ : ૧૫

બાળકો, શાસ્ત્રમાં શેતાનને સિંહની સાથે સરખાવ્યો છે, વાંચો ૧લું પિત્તર ૫ : ૮. "તમારો વૈરી શેતાન ગાજનાર સિંહની પેઠે કોઈ મળે તેને ગળી જવાને શોધતો ફરે છે." શું તમે શેતાન-સિંહની બાજુમાં સમય વિતાવી રહ્યા છો ? તો આજે જ પ્રભુ ઈસુને પોકારો. તે તમને જરૂર છોડાવશે, અને આ છુટકારો તમારી સાચી આઝાદી બનશે. પ્રભુ તમારી સહાયતા કરો.



# ૫૪ સારાં ફળ

ઈસુએ કહ્યું "હું તમન કહું છું કે, દેવનું રાજ્ય તમારી પાસેથી લઈ લેવાશે, ને જે પ્રજા તેનાં ફળ આપશે, તેઓને અપાશે." માથ્થી ૨૧ :૪૩.

એક વખત ઈસુ બોધ કરતા હતા ત્યારે તેમણે નીચે પ્રમાણે એક વાત કહી :

એક વખત એક માણસે દ્રાક્ષાવાડી રોપી. તમે જાણો છો કે ઈસુ જ્યાં રહેતા હતા ત્યાંની જમીન અને આબોહવા દ્રાક્ષ ઉગાડવા માટે અનુકૂળ હતાં. દ્રાક્ષાવાડીના માલિકે તેમાં દ્રાક્ષાકૂંડ પણ ખોદ્યો ને બુરજ પણ બનાવ્યો વાડીની આસપાસ વાડ પણ કરી.

તેને પરદેશ જવાનું થયું તેથી તેણે કેટલાક ખેડૂતોને વાડીની સંભાળ લેવા માટે રોકયા અને તેમને કહ્યું કે, "હું આવું ત્યાં સુધી તમે આ દ્રાક્ષાવાડીની બરોબર માવજત કરજો જેથી સારાં ફળ થાય."

જ્યારે તે માણસ પરદેશથી પાછો ફર્યો ત્યારે ફળની ઋતુ આવી ચૂકી હતી. ફળ પાકતાં તેણે પોતાના ચાકરોને તે ખેડૂતો પાસે મોકલ્યા કે જેથી તેઓ માલિકના ભાગે આવતાં ફળ લઇ આવે. પણ દુષ્ટ ખેડૂતોની દાનત બગડી. તેઓ દ્રાક્ષાવાડી કબજે કરી લેવા માગતા હતા. જ્યારે ચાકરો વાડીમાં આવ્યા ત્યારે તેઓએ એકને પકડીને તેને માર્યો, બીજાને મારી નાખ્યો. અને ત્રીજાને પથ્થરે માર્યો. તે પછી માલિકે બીજા વધારે ચાકરોને મોકલ્યા પણ ખેડૂતોએ તેઓની પણ એવી જ હાલત કરી.

માલિકને વિચાર આવ્યો કે જો હું મારા પોતાના દીકરાને મોકલીશ તો તેઓ જરૂર તેનું માન જાળવશે, પણ ખેડૂતોએ જ્યારે માલિકના દીકરાને સામેથી આવતો જોયો ત્યારે તેઓએ એકબીજાને કહ્યું, "અરે આ તો માલિકનો દીકરો આવે છે ! ચાલો, આપણે તેને મારી નાખીએ જેથી દ્રાક્ષાવાડીનો કબજો આપણને મળી જશે. તેથી તેઓએ તે દીકરાને પકડયો અને તેને મારી


નાખ્યો.

હવે તો માલિક બહુ  નારાજ થયા. તેમણે તે દુષ્ટ ખેડૂતાનો પૂરેપૂરો નાશ કર્યો અને દ્રાક્ષાવાડી બીજા સારા અને પ્રામાણિક ખેડૂતોને સોંપી જેથી તેઓ ઋતુએ તેને ફળ પહોંચાડે.

શું આપણે પણ પેલા દુષ્ટ ખેડૂતો જેવું વર્તન ઘણીવાર નથી કરતા ? તમને આ પથ્વી પર રહેવા માટે તક આપી છે અને ઇશ્વર જે આપણા માલિક છે તેમની ઇચ્છા છે કે આપણે યોગ્ય ફળ ઉપજાવીએ-જેવા કે નમ્રતા, વિવેક માયાળુપણું, પ્રમાણિકતા, ઇશ્વર પ્રત્યે વિશ્વાસુ, પ્રેમ, આનંદ, શાંતિ, સહનશીલતા, ધીરજ વગેરે. પણ તમારામાંથી કેટલાં ઇશ્વરની આજ્ઞા પાળતાં નથી પણ હઠીલા બને છે !

પ્રભુના પ્રેમના ભાગીદાર બનો, તેમના ક્રોધના નહિ. પ્રભુના આશીર્વાદના ભાગીદાર બનો, તેમના કોપના નહિ.

આપણે સારાં ફળ ઉપજાવી શકીએ માટે આપણને આપણાં પાપથી બચાવવાને ઇશ્વર પુત્ર ઇસુ આ જગતમાં આવ્યા, તેમણે જ લોકોને ઉપરની વાર્તા કહી અને બીજી ઘણી વાતો કહી અને માણસને ઇશ્વર પાસે પહોંચવાનો સાચો માર્ગ બતાવ્યો. શું તમે આ માર્ગ (પ્રભુ ઇસુ)ને સ્વીકારવા માગો છો ? તો ઇસુ ખ્રિસ્ત  પર વિશ્વાસ કરો. તમારો પાપથી બચાવ થશે.



# ૫૫ પાપ-દેવનું વચન

આ દિવસોમાં તમ સર્વનો અભ્યાસ બરોબર ચાલતો હશે અને સત્રની પ્રથમ ટેસ્ટની તૈયારીઓ ચાલતી હશે. આવા સમયમાં તમારી એકાદ નોટબુક ખોવાઇ જાય તો તમને કેટલું બધું દુઃખ થાય, ખરું ને ? તમે એક પછી એક મિત્રને વિનંતી કરો કે જેથી તમને તે પોતાની નોટબુક વિષય ઉતારવા માટે આપે. ધારો કે કોઇ જ છેક છેલ્લા દિવસ સુધી ના આપે તો ? તમારે તમારી રીતે વિષય તૈયાર કરવો પડે અને તે પણ શિક્ષકની રીતે લખ્યું ના હોય તો તમને ઓછા માર્કસ મળે. પરીક્ષા પૂરી થતાં તમે બધાં પુસ્તકો વ્યવસ્થિત કરી રહ્યાં હોય અને તે જ નોટબુક મળી આવે ત્યારે પણ એટલો જ અફસોસ થાય કે જો તે વહેલી મળી હોત તો વધુ સારા માર્કસ આવ્યા હોત ! આ તો સાધારણ નોટબુકની વાત છે અને તે પણ આવતે વર્ષે તે નકામી જ થવાની છે છતાં તેની આજે તો ખૂબ જરૂર છે, ખરું ? પણ આજના પ્રલોભનોના દિવસોમાં લોકો જુદી જુદી બાબતોમાં એટલાં બધાં ઓતપ્રોત થઇ ગયાં છે કે તેમને પોતાનું બાઇબલ યાદ આવતું જ નથી. કોઇ કોઇ વાર કોઇને થોડી કલમો વાંચવા માટે વિનંતી કરવામાં આવે તો બે હાથ જોડી માફી માગતાં કહે છે. 'મને નહિ ફાવે.' આ તો કેટલું બધું દુઃખદાયક અને શરમજનક કહેવાય ! અત્યારે જ જો આપણે બાઇબલનો પૂરો ઉપયોગ કરીશું તો આગળ ઉપર કદાચ એવો સમય આવે કે જ્યારે પ્રભુનાં વચનો માટે આપણે ઝંખતા હોઇએ છતાં તે આપણી પાસે ના પણ હોય ! કારણ આમોસ ભવિષ્યવાણીના પુસ્તકમાં લખેલું છે કે 'વચનનો દુકાળ પડશે.' બાઇબલમાં યોઆશ રાજાના વખતમાં ખોવાઇ ગયેલું પ્રભુનાં વચનોનું ઓળિયું મળી આવ્યું ત્યારે બધાં કેટલાં બધાં ખુશી થયાં હતાં.

કેરોલીન નામની એક ૭-૮ વર્ષની નાની બાળા પર તેનાં દાદીમાનો કાગળ આવ્યો, તેમાં આ પ્રમાણે લખ્યું હતું :

"વહાલી દીકરી કેરોલીન, આવતા અઠવાડિયામાં ૫ દિવસની રજા છે ત્યારે તું અહીં આવજે. તારા કાકા તને લેવા મંગળવારે આવશે."

કેરોલીનને દાદીમાને ઘેર જવું બહુ જ ગમતું હતું. તે તો ખુશ ખુશ થઇ ગઇ. કાગળ લઇને તે તેનાં મમ્મી પાસે દોડી ગઇ. થોડીવાર પછી તે બોલી, મમ્મી, મારા કયા કાકા આવશે ? એડમન્ડ કાકા કેટલા બધા પ્રેમાળ અને સારા છે ! તે આવે તો સારું, પેટ્રીકકાકા તો બહુ ગુસ્સાવાળા છે, તેમની સાથે મને બહુ મઝા પડતી નથી. તેનાં મમ્મીએ તેને સમજાવી કે, એ પ્રમાણે મોટાં વિષે વિચારવું સારું નહિ. પણ તેમને માટે પ્રાર્થના કરવી જોઇએ.

સોમવારની સાંજે તેનાં મમ્મીએ બેગ તૈયાર કરી આપી. કેરોલીને વાંચવા માટે બાઇબલની વાર્તાઓની ચોપડી લીધી. તેણે કહ્યું કે આમાં બધી જ વાર્તાઓ છે તેથી વાંચવાનું ઘણું ગમશે.

મંગળવારે સવારે કેરોલીન દરવાજે ઊભી રહીને જોવા લાગી એટલામાં જ સામેથી તેના પેટ્રીકકાકા દેખાયા ! કેરોલીન જરા નિરાશ થઇ. કેરોલીનના પપ્પા બન્નેને સ્ટેશન પર પોતાની ગાડીમાં મૂકી આવ્યા. ટ્રેઇનમાં બે જણ બેસે તેવી સીટ હતી.પરંતુ પેટ્રીકકાકા ખૂબ જાડા હતા. મોટા ભાગની જગા તેમણે જ રોકી દીધી એટલે કેરોલીન જરા સંકડાઇને બેઠી. શરૂઆતમાં તો તે ગાડીની બહારના દૃશ્યો જોવામાં તલ્લીન બની ગઇ, પછી તે પોતાની ચોપડીમાંથી ચિત્રો જોવા લાગી, તે પણ જોઇને થાકી અને તદ્દન અકડાઇને બેઠી હતી તેથી ઊંચી નીચી થવા લાગી, કાકાએ તેને પૂછયું, "કેમ, થાકી ગઇ ? કેરાલીને કહ્યું, મને તો દોડવાનું મન થાય છે, તેના કાકા ખૂબ હસ્યા. કેરોલીને પૂછયું 'તમે કેમ હસ્યા ?' કાકા જરા આશ્ચર્ય સાથે બોલ્યા 'હું ખાસ હસતો નથી ખરું ?' કેરોલીને કહ્યું, "પણ તમારે હસવું જ જોઇએ, એવી ઘણી બાબત છે જે આપણને હસાવે. તેથી કાકા ફરી હસ્યા અને કેરોલીન પણ હસવા લાગી.


પછી કેરોલીને કહ્યું, "કાકા, મને આમાંથી એક વાર્તા વાંચી સંભળાવોને ! આ વાર્તા વાંચો. ઇશ્વરના વચનનું પુસ્તક જે લાંબા સમય સુધી ખોવાઇ ગયું હતું તે વિષેની વાત છે.

કાકા વાર્તા વાંચી રહ્યા પછી કેરોલીને પૂછયું, "કાકા, તમારી પાસે બાઇબલ છે ?"

કાકા જરા અચકાતા બોલ્યા, "છે તો ખરું પણ અત્યારે કયાં હશે તેની મને ખબર નથી."

કેરોલીને ફરીથી ચિત્ર જોયું અને કહેવા લાગી. "આ બાઇબલ ખોવાઇ ગયું નહોતું પરંતુ લોકો તેને ભૂલી ગયા હતા," કાકા થોડીવાર શાંત રહ્યા-વિચારી રહ્યા. પછી તે બોલ્યા, "કેરોલીન, તને ખબર છે ? મારું બાઇબલ પણ ખોવાઇ ગયું નથી પણ હું ભૂલી ગયો છું કે મેં તેને કયાં મૂકયું છે. આપણે ઘેર પહોંચીને તરત જ તે શોધી કાઢીશું," એટલામાં સ્ટેશન આવી ગયું. કેરોલીન અને કાકા ઘેર પહોંચ્યા. દાદા, દાદીમા એડમન્ડ કાકા બધાં ખૂબ રાજી થયાં, કેરોલીન પણ ખુશ હતી, વધુ આનંદ તો એ હતો કે પેટ્રીકકાકા બદલાઇને જુદા જ બની ગયા હતા, તે રોજ વાર્તાની ચોપડીમાંથી કેરોલીનને વાર્તા વાંચી સંભળાવતા હતા, હવે તે ગુસ્સાવાળા કાકા નહોતા રહ્યા, પરંતુ ખૂબ જ પ્રેમાળ અને આનંદિત બની ગયા હતા. કેરોલીનને હવે બે પ્રેમાળ કાકા મળ્યા હતા.

બાળકો, આ શાથી બન્યું. ભૂલાઇ ગયેલું બાઇબલ મળ્યું, અને પેટ્રીકકાકા બદલાઇને નવા માણસ થઇ ગયા. હવે તે રોજ બાઇબલ વાંચતા હતા અને દેવનું વચન તેમને રોજ રોજ વધારે સારા બનાવતું હતું. શું તમે તમારું બાઇબલ ભૂલી ગયા છો ? જલદી શોધી કાઢો અને ઇશ્વરપિતાને તમારી સાથે બાઇબલ મારફતે વાત કરવા દો. આ પ્રમાણે કરશો ને ? તમને ઇશ્વરનાં વચનમાંથી ઘણું બધું જાણવાનું અને શીખવાનું મળશે. તમારા ઘરમાં જેઓ મોટા હોય તેમની સલાહ લઇને તે પ્રમાણે વાંચો. પ્રભુપિતા તમારી સહાયતા કરશે.



# ૫૬ ખરો માર્ગ

"તારો ઉદ્ધાર કરનાર યહોવા, ઇસ્રાએલનો પવિત્ર (દેવ) એવું કહે છે કે, હું યહોવા તારો દેવ છું, ને તારા લાભને અર્થે હું તને શીખવું છું; જે માર્ગે તારે જવું જોઇએ તે પર તારો ચલાવનાર હું છું." યશાયાહ ૪૮ : ૧૭.

પ્રભુનો માર્ગ સાચો માર્ગ છે. તે માર્ગ પર ચાલનારને શાંતિ મળે છે. પ્રભુ ઇસુએ કહ્યું છે કે, "માર્ગ તથા સત્ય તથા જીવન હું છું." યોહાન ૧૪ : ૬. જે વ્યક્તિ પ્રભુ ઇસુને પસંદ કરે છે, તેમને જ પોતાના તારનાર તરીકે સ્વીકારી લે છે તેને ઇશ્વર હંમેશા યોગ્ય માર્ગે ચલાવે છે.

શાર્લોટ આનંદિત અને ઘણી મહેનતુ બાળા હતી. તેની સખી બેલા નાનપણથી જ પ્રભુ ઇસુ પર પ્રેમ કરનાર તેમ જ નિયમીત રીતે સન્ડેસ્કૂલ તથા પ્રભુમંદિરમાં જનાર બાળા હતી. તેના જ પ્રયત્નથી શાર્લોટ પણ પ્રભુ ઇસુને ઓળખી શકી તેમ જ સન્ડેસ્કૂલ તથા પ્રભુમંદિરમાં જવા લાગી. વિશેષમાં બન્ને સખીઓ શાળામાં પણ એક જ વર્ગમાં હતી.

તેમના વર્ગમાં બે નવી વિદ્યાર્થિનીઓ આવી. તેમની હિલચાલ, વર્તન વગેરે કંઇક જુદા જ પ્રકારનાં હતાં. શાર્લોટને તેમના વિષે જાણવાનું મન થયું પણ બેલાએ તેને કહ્યું કે, તે બન્ને બહુ જંગલી જેવું વર્તન બતાવે છે અને આપણા વર્ગની બધી બાળાઓ કરતાં છેક જ જુદા પ્રકારની છે તેથી તેમની સાથે આપણે ભળવું જોઇએ નહિ." પણ શાર્લોટે કહ્યું કે મારી સાથે તેઓ જંગલીપણું બતાવતાં નથી. શાર્લોટ ઘણીવાર બેલાથી કંટાળતી હતી કારણ કે બેલા ધાર્મિક બાબતોમાં વધુ રસ ધરાવતી હતી અને હવે શાર્લોટ દેવળમાં જવા પણ કંટાળતી હતી. તેને અવારનવાર એ જ સાંભળવા મળતું હતું કે, "તમારું હૃદય પ્રભુને આપો. તેમને તમારા જીવનને દોરવા દો."

બેલાની સલાહ તેને ગમી નહિ. પરંતુ પેલી બે વિદ્યાર્થિનીઓ લીના અને કેરનની દોસ્તી કરવાનો તેણે નિર્ણય કર્યો. બહુ પ્રયત્ન છતાં તે તેઓને મળી શકી નહિ. પણ એક દિવસ રીસેસમાં તે બન્ને નાસ્તો કરતાં હતાં ત્યાં

શાર્લોટ પણ પહોંચી. તેમની બાજુમાં બેઠી. પોતાનો નાસ્તો તેમને ધર્યો અને કહ્યું. "હું ઘણા દિવસથી તમને મળવાનું વિચારતી હતી પણ આજે તમને મળી શકી તેથી બહુ આનંદ થાય છે. મારું નામ શાર્લોટ છે." લીનાએ કહ્યું, "શાર્લોટ ?" આ તે કેવું વિચિત્ર નામ ? હું તો તને કેશા કહીને બોલાવીશ. તારા વાળ કેટલા સુંદર અને એકદમ કાળાં છે ?" કેરને કહ્યું "આ તો ખૂબ સુંદર નામ છે !" આપણે તેને કેશા જ કહીને બોલાવીશું. શાર્લોટને પણ તે નામ ગમ્યું.

સાંજે ઘેર જઇને શાર્લોટે મમ્મીને કહ્યું હવેથી મને બધાએ કેશા કહીને બોલાવવાની. મને શાર્લોટ નામ નથી ગમતું. તેનાં મમ્મી પણ વિચારમાં પડી ગયાં પણ કશું જ બોલ્યાં નહિ.

બીજે દિવસે રિસેસમાં નાસ્તા માટે કેક મળવાના હતાં. રિસેસમાં ઘંટ વાગતાં જ બધાં લાઇનમાં ઊભાં રહી ગયાં. બેલા તે બધાંની આગળ હતી પણ કેશાએ તેને બોલાવી જ નહિ. એટલામાં લીનાએ કેરનને ધીમે રહીને કહ્યું કે કેક ખલાસ છે અને બાકીનાને આવતી કાલે આપશે, પણ જો જે હું કેવી હોશિયારી કરું છું. તે લાઇન છોડીને જે બહેન કેક વહેંચતા હતા તેમની પાસે પહોંચી અને કહ્યું." અમારાં વર્ગ શિક્ષક આજે રિસેસમાં અંગ્રેજી ભણાવે છે તેથી તેમણે પોતાનો ભાગ વર્ગમાં મંગાવ્યો છે.

કેશા તો લીનાને જોઇ જ રહી. છેવટે થોડી આનાકાની સાથે પેલાં બહેને લીનાને કેકનો છેલ્લો કકડો આપી દીધો. કોકોનો વારો હતો પણ તેને કેક મળી શકે તેમ નહોતું, કેશાને બહુ જ નવાઇ લાગી કે આમ જૂઠું બોલીને કેક લઇ શકાય ! આ તો બહુ ખરાબ કહેવાય. તેના મોં ઉપર ગુસ્સો જોઇને લીનાએ કહ્યું, "આવું ખરાબ મોં કરીશ નહિ, નહિ તો તને જરાપણ કેક મળશે નહિ.

બહુ દિવસો બાદ કેશાને જાણવા મળ્યું કે આ બન્ને છોકરીઓ એક ખરાબ કલબમાં છે અને તે કલબનું નામ 'જાંબલી બિલાડીઓ' છે. તેઓએ કેશાને કલબમાં દાખલ કરી દીધી અને ખૂબ ધમકી આપતાં કહ્યું કે અહીં શું

બધું થાય છે તે તારે કોઇને પણ જણાવવાનું નહિ.

એક દિવસ તે લોકોએ કેશાને કહ્યું, "જો, સામે લીલો બંગલો દેખાય છે ને ?" કેશાએ કહ્યું, "હા, એ તો આર્નોલ્ડ અંકલનો છે." લીનાએ કહ્યું, "જો, તને સામી ખુલ્લી બારી દેખાય છે ને ? તે બારી ખુલ્લી રહી ગઇ છે તેમાં થઇને અંદર જા અને એક સાબુ લઇ આવ." કેશા ગઇ તો ખરી પણ કંપાઉન્ડમાં દરવાજામાં પેસતાં જ તેના પગ અટકી ગયા. તેને એકદમ સન્ડેસ્કૂલમાં શીખેલું વાકય યાદ આવ્યું. તે આ પ્રમાણે હતું, "જો તું જ્ઞાની પુરુષોની સંગત કરશે, તો તું જ્ઞાની થશે. પણ જે મૂર્ખનો સાથી છે તેને નુકસાન થશે." નીતિવચનો ૧૩ : ૨૦.

તેને ખૂબ પસ્તાવો થયો કે પોતાની સારી ધાર્મિક સખીઓ અને બેલાને તેણે કેટલું બધું દુઃખ દીધું, તેમની સાથે દગો કર્યો, મમ્મીને પણ જૂઠું બોલીને છેતર્યાં. તેની આંખોમાં આંસુ ઊભરાયાં. ત્યાં જ તેણે માથું નમાવીને પ્રાર્થના કરી અને પ્રભુ ઇસુ પાસે માફી માગી અને દુષ્ટ બાબતોથી બચાવવા વિનંતી કરી. આર્નોલ્ડ અંકલે પોતાની વાડીમાંથી ફૂલ લેવાની તેનાં મમ્મીને પરવાનગી આપી હતી તેથી સારી સારી ફૂલવેલની ડાળખીઓ લઇને ચર્ચ પર દોડી ગઇ.

બેલા તેને જોતાં જ ભેટી પડી અને બોલી, 'આપણે કેટલા બધા વખત પછી મળ્યાં, ખરું કેશા ? આ ફૂલવેલ તું કયાંથી લાવી ?" કેશાએ કહ્યું, "આર્નોલ્ડ અંકલે અમને જોઇએ ત્યારે લેવાની પરવાનગી આપી છે; અને હવે હું શાર્લોટ છું. કેશા નહિ.

બન્ને સખીઓ એકબીજાના ગળામાં હાથ પરોવી ચર્ચમાં શણગાર કરવા માટે દોડી ગઇ !

વહાલાં બાળકો, કેવું શેતાની પરીક્ષણનું મોજું શાર્લોટ પર ચઢી આવ્યું પણ પ્રભુ ઇસુની મદદથી પણ તે દુષ્ટ સોબતથી દૂર થઇ ગઇ. તમે પણ પ્રભુ ઇસુની મદદથી શેતાન પર જય પામી શકો છો, પ્રભુ પિતા તમારી સહાયતા કરો. આમેન.

# ૫૭ પ્રભુની વાણી

ખ્રિસ્ત ઈસુમાં ખૂબ જ પ્યારાં બાળકો,

પ્રેમી કુશળતા. આશા છે કે તમે સર્વ ખૂબ આનંદમાં હશો, પ્રભુપિતાના સારાં બાળકો તરીકે ઘરમાં તેમ જ બહાર તેમના નામને મહિમા મળે તેવું વલણ બતાવતાં હશો. આજે તમારા જીવનને ઉચ્ચ કક્ષાએ પહોંચાડે તેવી થોડી બાબતો જણાવું છું. આ બાબતોમાંથી કેટલી બાબતો તમારામાં છે અને કેટલી નથી તેનો ન્યાય તમારે જાતે જ કરવાનો છે, જે બાબત તમારામાં હોય તે બાબત પર '√' ચિહ્ન મૂકજો અને ના હોય તેના પર '**X**' મૂકજો.

જીવનને મૂલ્યવાન બનાવો તે માટે નીચેનાં સાધનો વસાવો.

૧. ખ્રિસ્ત ઈસુની પાસે તમારાં સર્વ પાપોની ક્ષમા માગી તેમને તમારા અંગત (પોતાના) તારનાર બનાવો.

૨. પવિત્ર આત્માનું ફળ તમારામાં ખૂબ ઉપજે તેવું કરો.

**પ્રેમ :** તમે કોઈને મળો તો પ્રેમથી તેમને મળવાનો આનંદ પ્રદર્શિત કરો. તમારે ઘેર કોઈ આવે તો આનંદિત અને પ્રેમી મુખે તેમનું હૃદયપૂર્વક સ્વાગત કરો. આવનાર મહેમાન માટે તરત જ પાણી આપવાની વ્યવવસ્થા કરો. પહેલાનાં વખતમાં અમે શીખ્યાં હતાં કે "આવો, બેસો, પીઓ પાણી ત્રણે વસ્તુ મફતની આણી. એટલે કે મહેમાનને આવકારવા-આવો કહેવું-તેમને બેસવા માટે બેઠક આપવી અને તરત જ ઘરમાં જઈને પાણી સ્વચ્છ ગ્લાસમાં લાવી તેમને પીવા આપો. આ ત્રણેમાંથી એકપણ બાબત માટે પૈસા ખર્ચવા પડતા નથી. પણ તમારા પ્રેમથી સંતુષ્ટ થઈ તેઓ બહાર નીકળશે તો આપોઆપ જ તમે ઈશ્વરપિતાનો સાચો આશીર્વાદ પામી જ લેશો.


૩ **આનંદ :** આવનાર મહેમાન સાથે આનંદી હૃદયે વાતચીત કરો. તે આવ્યા છે અને તમને તેમની હાજરી પસંદ પડી નથી તેવું અજાણતા પણ તેમને લાગવા દેશો નહિ. કદાચને તમારા આવા વલણથી તે પોતાના પગની

ધૂળ ખંખેરીને જાય અને તમારે માટે તે બાબત સારી રહેશે નહિ. બધાં સાથે આનંદી હૃદયથી વર્તો.

એ દિવસોમાં પ્રભુનાં પ્રગટ સંદર્શન થતાં ન હતાં અને પ્રભુની વાણી સંભળાતી ન હતી. પણ શમુએલના જીવનમાં પ્રભુએ ભારે કામ કર્યું. તેને પ્રબોધક બનાવ્યો અને દર્શન આપવા માંડયા.

બાળકો, કંઇક વિચારીશું ? અવાજ સાંભળતાંની સાથે જ શમુએલ ઊઠી ગયો. પ્રભુના અવાજને તે આધીન થયો. તેણે આળસ કરી નહિ; અને એમ કરવાથી તે પ્રભુનો ભક્ત બની ગયો અને આત્મિક જીવનમાં આગળ વધી ગયો.

આપણનેય પ્રભુનો અવાજ તો સંભળાય છે ને ? ચાલો પથારીમાંથી ઊઠી જઇએ અને આપણા પ્રભુને આધીન થઇ જઇએ.



# ૫૮ ઈશ્વરપિતાની કૃપા

ઑક્ટોબરની ૮મી તારીખે મારે પેટનું ઑપરેશન નડિયાદ મેથોડિસ્ટ હોસ્પિટલમાં કરાવવું પડયું અને નવેમ્બરની બાલવાડી સમયસર છપાશે કે કેમ તે વિષે મનમાં થોડી શંકા થઇ, પણ તરત જ પ્રભુપિતાના વિશ્વાસુપણા માટેની યાદ તાજી થઇ. યશાયા ૪૧ : ૧૩ પ્રમાણેનું વચન જુઓ'' હું યહોવા તારો દેવ તારા જમણા હાથને પકડી રાખીને તને કહું છું કે, તું બીશ મા; હું તને સહાય કરીશ.'' ખરેખર, પ્રભુપિતાએ મને અજાયબ જેવી સહાય કરી અને પંદર દિવસમાં હું અમદાવાદ આવી પહોંચી.

પ્રેસમાંથી મારી ઉપર પત્ર હતો અને દિવાળીને લીધે દર મહિના કરતાં વધારે વહેલું બાલવાડી મેટર મારે તૈયાર કરીને આપી દેવાનું હતું. પણ આ બધું જ કામ પ્રભુપિતાએ તેમના સમર્થ હાથ વડે મને પાર પાડવામાં મદદ કરી તે બદલ તેમનો ઘણો જ આભાર માનું છું. તેમની સ્તુતિ કરી તેમને ધન્યવાદ આપું છું.

આ વખતે એક નિરાધાર છોકરાની વાત મને યાદ આવે છે.

માતપિતા વગરનો આ ૧૧ વર્ષનો છોકરો બનુ બહુ જ મુશ્કેલ પરિસ્થિતિમાં જીવતો હતો, એક દૂરની સગાઇવાળા બહેન જેમને તે દાદીમા કહેતો હતો તેમને બનુની દયા આવી અને તેમણે તેને રાખ્યો. અચાનક બનુ માંદો પડયો અને અત્યાર સુધી તેને બરોબર ખોરાક મળ્યો નહિ તેથી તેના શરીરના અંગો અકડાઇ ગયાં. બિચારો બેસી ઊઠી શકે નહિ, ખોરાક લઇ શકે નહિ, દાદીમા બહુ જ ભલાં હતા, તેમણે બનુને સારા ડૉક્ટર સાહેબને બતાવ્યો. ડૉક્ટર સાહેબ પણ પ્રભુની બીકમાં રહેનારાં અને તેમની પર સાચો પ્રેમ કરનારા હતા. તેમણે બનુને દવાખાનામાં દાખલ કર્યો અને ઇંજેકશન મારફતે ખોરાક આપ્યો, બરોબર સારી સારવાર અને દવા મળવાથી તેને જલ્દી આરામ થવા લાગ્યો. એટલામાં એક દિવસ એક પાસ્ટર સાહેબ દવાખાનાની મુલાકાતે આવ્યા, તે બનુ પાસે બેઠા અને તેમણે યશાયા ૪૧ :

૧૩ કલમ બનુને વાંચી સંભળાવી અને પ્રભુ ઈસુએ પોતાના શિષ્યોની ખૂબ જ કટોકટીના સમયે કેવી મદદ કરી હતી તે જણાવતાં કહ્યું કે, એક વખત પ્રભુ ઈસુ પોતાના શિષ્યોની સાથે સમુદ્રમાં મુસાફરી કરતા હતા.

ખૂબ થાકેલા હોવાથી તે ઊંઘી ગયા અને સમુદ્રમાં ભારે તોફાન થયું. મોજાં ઊંચાં ઉછળવા લાગ્યાં. પવનથી હોડી ડામાડોળ થવા લાગી.

ઘણા ઘણા ચમત્કારો જોયા હોવા છતાં પણ શિષ્યો ભૂલી ગયા કે પ્રભુ તેમની સાથે છે પછી શી ચિંતા ! તેઓ તો ખૂબ જ ગભરાઈ ગયા અને ઈસુને ઢંઢોળીને ઉઠાડયા અને કહેવા લાગ્યા. 'પ્રભુ અમે નાશ પામીએ છીએ તેની પણ તમને ચિંતા નથી ?' ઈસુ તરત જ ઊઠયા અને પવનને ધમકાવ્યો અને સમુદ્રને કહ્યું, 'શાંત થા ! એકદમ સંપૂર્ણ શાંતિ થઈ ! શિષ્યોના જીવ પડીકે બંધાઈ ગયા હતા તે પણ શાંતિ અનુભવવા લાગ્યા.

પણ પ્રભુ ઈસુએ શું કહ્યું ખબર છે ? ઓ વિશ્વાસમાં અધૂરા માણસો તમને કેમ શંકા થઈ ? તમને હજુ પણ મારામાં વિશ્વાસ નથી ?

હા બાળકો, ઘણીવાર મુશ્કેલી આવે છે, માંદગી આવે છે, કટોકટીના સમયો આવે છે ત્યારે પ્રભુના દિલાસાનાં વચનો આપણે યાદ રાખવાની જરૂર હોય છે.

બનુએ આ બધી વાત પાસ્ટર સાહેબ પાસે શાંતિથી સાંભળી અને તે વિષે વિચાર કરવા લાગ્યો.

હવે બનુએ આગ્રહથી પ્રભુ ઈસુ પાસે પોતાની તંદુરસ્તી માટે પ્રાર્થના કરવા માંડી. દિવસે દિવસે તેને સારું થતું ગયું. બનુ સંપૂર્ણ રીતે પ્રભુ ઈસુને અર્પાઈ ગયો. એક દિવસે ડૉક્ટર સાહેબે બનુને તપાસીને કહ્યું. 'બનુ, હવે તને બરોબર સારું છે, તું રોજ પ્રાર્થના કરતો હતો તેની મને ખબર છે. આ જ પ્રભુ ઈસુએ તને સાજો કર્યો છે. કાલે તું ઘેર જઈ શકશે.'

બનુએ ડૉક્ટર સાહેબનો આભાર માનતાં કહ્યું, હા, સાહેબ, એ જ પ્રભુ ઈસુ હવે કાયમ માટે મારા રહેશે.

બનુ ઘેર ગયો. સારી શાળામાં તેને દાદીમાએ દાખલ કર્યો. તે ખૂબ સરસ રીતે ભણ્યો. તેણે મેડીકલ લાઇન લીધી. ડૉક્ટર બન્યો, અને એક સારા ભલા ડૉક્ટર તરીકે તેણે ગરીબ, માંદા દુઃખીની સેવા કરી.

દાદીમાની વૃદ્ધાવસ્થામાં તેમની સારી મદદ કરી શકે તેવાં સારાં બહેન સાથે પ્રભુની મદદ અને ઇચ્છા પ્રમાણે લગ્ન કર્યાં. કુટુંબ પ્રભુના પ્રેમના આનંદમાં સુખચેનથી રહેવા લાગ્યું.

વહાલાં બાળકો, જોયું ? પ્રભુનો પ્રેમ અને તેમની મદદ વ્યક્તિને માટે કેટલાં જરૂરી છે ?

તમે પણ પ્રભુ ઇસુની મદદથી સારું અને પ્રભુ તેમ જ માણસોને ઉપયોગી જીવન જીવવા પ્રયત્ન કરજો.

પ્રભુ ઇસુ તમને આશીર્વાદિત કરો.



# ૫૯ પ્રાર્થના (૧)

" જો તમે બાપ પાસે કંઈ માગશો તો તે તમને મારે નામે આપશે..તમારો આનંદ સંપૂર્ણ થાય માટે માગો, ને તમને મળશે."

યોહાન૧૬:૨૩, ૨૪

ઉપરના શબ્દો પ્રભુ ઈસુના છે.તેમણે પોતાના મુત્યુ પહેલાં તેમના શિષ્યોને ઘણી ઘણી બાબતો જણાવી હતી. તેમાની એક પ્રાર્થના કરવા સંબંધીની હતી. જ્યાં સુધી ઈસુ શિષ્યોની સાથે હતા ત્યાં સુધી શિષ્યોની બધી જ જરૂરિયાતો ઈસુ જ પૂરી પાડતા હતા, પણ હવે થોડા સમયમાં પ્રભુ ઈસુ પોતાનાં સર્વ વહાલાંઓને આ પૃથ્વી પર રાખીને આકાશમાં ઈશ્વરપિતા પાસે ચઢી જવાના હતા તેથી તેમણે પોતાના શિષ્યોને કંઈ મુશ્કેલી ના પડે, ઈસુનું બધું શિક્ષણ તેમને યાદ રહે તેને માટે તેમણે શિષ્યોને બે બાબત વિષે ખાસ જણાવ્યું :
(૧) પ્રાર્થના (૨) પવિત્ર આત્મા.

પ્રાર્થના વિષે એટલા માટે કે શિષ્યોને પ્રભુ ઈસુની ગેરહાજરીમાં કશાની ખોટ પડે નહિ, કશી મુશ્કેલ પરિસ્થિતિમાં નિરાશ થાય નહિ, કોઈપણ જાતનું મુશ્કેલભર્યું કામ કરવાને માટે તેમને યોગ્ય વખતે જરૂરી મદદ મળી રહે.

પવિત્ર આત્માનું દાન શિષ્યોને આપવાનું વચન આપ્યું. એટલા માટે આપ્યું કે ઈસુની ગેરહાજરીમાં પવિત્ર આત્મા તેમનો શિક્ષક બનશે અને જે બધું તેઓ પ્રભુ ઈસુ પાસેથી શીખ્યા હતા તે બધું તેમની યાદમાં લાવશે અને દરેક બાબતમાં તેમને દોરવણી કરશે અને તેમની સર્વ પ્રકારે રક્ષા કરશે.

પ્રાર્થના કરવાની કેટલી બધી જરૂર છે તે તમને ખબર છે. ઘણીવાર બાળકો પરીક્ષા આપવાનાં હોય ત્યારે તેમને માટે કોઇ પ્રાર્થના કરાવે તો તેમને ખૂબ સારું લાગે છે. દેવળમાં માંદા માટે, પાપમાં પડેલાં માટે, દુઃખમાં આવી પડેલાં માટે, સુવાર્તાના કામ માટે, પ્રભુના નામે ચાલતી સંસ્થાઓ માટે, કોઈ ખાસ પ્રવૃત્તિ માટે, વગેરે વગેરે માટે, પ્રાર્થના કરાવવામાં આવે

છે. તમે નાનાં બાળકો તરીકે પણ ઈસુના ઉપરના શબ્દો યાદ રાખીને તેમના નામે તમારી જરૂરિયાતો માટે મદદ માગી શકો. તમે વિશ્વાસથી સમજી શકો કે પ્રભુ ઇસુ તમારી મદદ કરવા હંમેશા તૈયાર છે, આ બાબત સમજવા નીચેની સુંદર વાર્તા તમને મદદરૂપ બનશે.

નોર્મા તેનાં મમ્મી પપ્પા સાથે એક નાના ગામડામાં રહેતી હતી કારણ કે તેનાં મમ્મી પપ્પા સુવાર્તાનું કામ કરતાં હતાં. કોઈ કોઈ વાર પાસેનાં શહેરના પાળક સાહેબ તેમની મુલાકાત કરવા તેમ જ તેમની કામગીરીમાં મદદરૂપ થવા માટે આ ગામમાં આવતા હતા. નોર્માને ત્યાં બહુ બધા મરઘાં હતાં તેથી જ્યારે જ્યારે પાળકસાહેબ તેમના ઘરની મુલાકાત લે તે વખતે નોર્માનાં મમ્મી શ્રધ્ધાબહેન તેમને માટે મરઘીનું સ્વાદિષ્ટ શાક અને રોટલી તૈયાર કરતાં હતાં તેમ જ સરસ પુલાવ પણ બનાવતાં હતાં.

બધા બપોરે જમી રહે પછી પાળકસાહેબ થોડો આરામ કરતા હતા, તે દરમિયાન નોર્મા અને તેનાં મમ્મી રસોડું વગેરે વ્યવસ્થિત કરી દેતાં હતાં અને બેઠકરૂમ બરોબર વ્યવસ્થિત કરીને પ્રાર્થનાની તૈયારી કરતાં બેઠાં હતાં. થોડો આરામ કર્યા બાદ પાળક સાહેબ કુટુંબ સાથે પ્રાર્થનાની સંગત માણતા હતા.

બાઇબલ વાચન પછી પાળક સાહેબે કહ્યું, “પ્રભુ ઇસુમાં જે બળ છે તેની કોઇ સીમા જ નથી. જ્યારે આપણે સુવાર્તાઓમાં ઇસુએ કરેલા ચમત્કારો જેવા કે માંદાઓને શબ્દથી સાજા કરવામાં આવતા એટલું જ નહિ પરંતુ મૃત્યુ પામેલાંઓને પણ સજીવન કરવામાં આવ્યા. આ બધું આપણને કેટલું અજાયબ પમાડે તેવું છે ! વળી પાળક સાહેબે કહ્યું કે, પ્રભુ ઇસુ આપણ સર્વને જણાવે છે કે, તમે મારે નામે જે કંઈ માગશો તે હું તમારે માટે કરીશ.”

નોર્મા થોડીવાર સુધી આ સંબંધી વિચારી રહી અને મોટેરાં ચર્ચા કરવા લાગ્યાં. તે પછી પાળક સાહેબે પ્રાર્થના કરાવી. થોડીવાર પછી નોર્મા પોતાની સખી સાથે રમવા બહાર દોડી ગઇ.

તેણે સાંભળ્યું કે માર્થા પોતાના નાના કૂતરા ઇન્કીને જોર જોરથી બૂમો પાડીને બોલાવી રહી હતી. નોર્માએ માર્થાને પૂછયું, “માર્થા, ઇન્કી જતો

રહ્યો છે ?" માર્થા આંખોમાં આંસુ સાથે બોલી, "મને ખબર જ નથી. ગઇ કાલથી તે મળતો જ નથી. કદાચ તે ભૂલો પડી ગયો છે અથવા તો તેને કંઇ ઈજા થઇ હોય અને એક બાજુએ પડી રહ્યો હોય !"

માર્થા તેને શોધ્યા જ કરતી રહી. નોર્માને પણ બહુ દુઃખ લાગતું કારણ કે તેને પણ રમતિયાળ ઇન્કી ખૂબ ગમતો હતો ! થોડીવારમાં તે માર્થાને કહેવા લાગી કે, "આજે અમારે ઘેર શહેરના પાળક સાહેબ આવ્યા હતા. અને અમારી સાથે જમ્યા પણ હતા. તેમને મેં એમ કહેતાં સાંભળ્યાં કે, જો આપણે પ્રભુ ઇસુને નામે કંઇપણ માગીએ તો તે જરૂર કરશે.

માર્થા બોલી ઊઠી, "શું તે ઇન્કીના સંબંધમાં પણ શકય છે ? નોર્માએ કહ્યું, "જરૂર, મને તો લાગે છે કે આપણે ઇસુની મદદ માગવી જોઇએ.

બન્નેએ માથાં નમાવ્યાં અને નોર્માએ પ્રાર્થના કરી કે, "વહાલા પ્રભુ પિતા, તમને ખબર છે કે ઇન્કી કયાં છે. મહેરબાની કરીને તેને પાછો લાવો. પ્રભુ ઇસુના નામમાં સાંભળો અને સ્વીકારો આમેન."

આ પછી નોર્મા પાછી પોતાને ઘેર ગઇ. જમી રહ્યા બાદ માર્થા દોડતી નોર્માના ઘરના પાછલા દરવાજે આવી. ખૂબ આનંદમાં તે કહેવા લાગી. નોર્મા ઇસુ બાપે તારી પ્રાર્થના સાંભળી અને જવાબમાં તેમણે ઇન્કીને પાછો ઘેર મોકલ્યો છે. એક માણસે તેને એક ખેતરમાં ખાડામાં પડેલો જોયો તેથી તે તેને ઊંચકીને લઇ આવ્યા.

નોર્માએ કહ્યું, "માર્થા, મને પણ ખૂબ આનંદ થયો. પ્રભુ ઇસુએ આપણી પ્રાર્થના સાંભળી અને જવાબ પણ આપ્યો, ખરું !"

વહાલાં બાળકો, તમારી કોઇપણ પરિસ્થિતિમાં તમે પ્રાર્થના કરી શકો છો. પણ વિશ્વાસથી પ્રાર્થના કરવી જરૂરી છે.

# ૬૦ પ્રાર્થના (૨)

તારનાર ખ્રિસ્તના નામમાં પ્રેમી કુશળતા.

હું આશા રાખું છું કે તમારામાંના ઘણાં બાળકો પ્રાર્થના કરતાં હશો. ઘણીવાર એવું પણ બન્યું હશે કે તમે પ્રભુબાપ પાસે જે માગ્યું હશે તે તમને મળ્યું પણ હશે. પણ બાળકો, દરેક વખતે આપણે જે માગીએ તે ના પણ મળે એવું પણ બને છે.

એક વખતે એલિયા પ્રબોધક દુષ્ટ ઈઝબેલ રાણીના દુષ્ટ ઈરાદાથી કંટાળીને, ડરીને જીવ લઈને નાઠો હતો અને એક આખો દિવસ ચાલીને ખૂબ ખૂબ થાકી જવાથી રોતેમ વૃક્ષ નીચે થાક ખાવા બેઠો; અને તેણે પ્રભુપિતાને વિનંતી કરી કે, હવે તો બસ થયું; હે યહોવા, મારો જીવ લઈ લો. તરત તેને ઊંઘ આવી અને તે ઊંઘી ગયો. અને જુઓ પ્રભુબાપે તેની પ્રાર્થના સ્વીકારીને તેને મરવા દીધો નહિ પણ પોતાના દૂતને મોકલ્યો. અને દૂતે તેને અડકીને કહ્યું કે ઊઠીને ખા, તેણે આંખ ઊઘાડી તો અંગારા પર શેકેલી રોટલી તથા પાણીનો ચંબુ ત્યાં હતાં. તેણે ઊઠીને ખાધું. ફરી બીજીવાર પણ એ જ પ્રમાણે પ્રભુબાપે તેને રોટલી અને પાણી આપ્યાં, અને ખૂબ દૂર દૂર તેને હોરેબ પર્વત પર મોકલ્યો. હા, એટલા ખોરાકના પ્રતાપથી તે ચાળીસ દિવસ અને ચાળીસ રાત ચાલી શકયો. (૧ રાજા ૧૯ : ૧ થી ૮)

એ જ એલિયાએ બઆલના પૂજારીઓને ભેગા કરીને કહ્યું કે આપણે નક્કી કરીએ કે કોનો દેવ સાચો છે. તમે વેદી બનાવો, તેના પર અર્પણ મૂકો, અને તમારા દેવને વિનંતી કરો અને જો તમારો દેવ આકાશમાંથી અગ્નિ મોકલીને વેદી પરના અર્પણને ભસ્મ કરી દે તો તમારો દેવ સાચો. અને મારે પણ તેની જ ભક્તિ કરવી. પણ જો મારા દેવ આકાશથી અગ્નિ મોકલીને મેં મૂકેલું અર્પણ મારી વેદી પર ભસ્મ કરી નાખે તો તેમને જ સાચા દેવ ઠરાવવા. આ પ્રમાણે એક આખો દિવસ સવારથી સાંજ સુધી બઆલના પ્રબોધકોએ

અર્પણ સાથેની વેદીની આસપાસ તેમના દેવને વિનંતી કરી બૂમો પાડી, પોતાને ઘાયલ કર્યા પણ કોઇ જ જવાબ મળ્યો નહિ. તે પછી સાંજે એલિયાએ પોતે ઊભી કરેલી વેદી પર પોતાનું અર્પણ મૂકયું, વેદીને પાણીથી રેલમછેલ કરી નાખી અને પછી વેદીની પાસે ઊભા રહીને તેણે પ્રાર્થના કરી કે, હે યહોવા, મારું સાંભળ, મારું સાંભળ કે, આ લોક જાણે કે, હે યહોવા, તું દેવ છે, અને તેં તેઓના હૃદયો પાછાં ફેરવ્યાં છે, ત્યારે યહોવાના અગ્નિએ પડીને દહનાર્પણ, લાકડાં, પથ્થર તથા ધૂળ પણ બાળીને ભસ્મ કર્યા ને પાણી શોષી લીધું. આ વખતે પરમેશ્વરે એલિયાએ જે માગ્યું તે આપ્યું, અગાઉની વખતે તેના કહેવા પ્રમાણે કર્યું નહિ. તો આના ઉપરથી સમજાય છે કે પરમેશ્વર જે કરે છે તે યોગ્ય જ કરે છે, અને આપણે માગીએ તે આપણને મળવું જ જોઇએ એવો આગ્રહ આપણે રાખીએ નહિ પરંતુ પરમેશ્વરની ઇચ્છા હોય તો જ આપણને મળે તેવું ઇચ્છવું જોઇએ.

ડેવિડ નામનો છોકરો હતો તેણે એક કૂતરો પાળ્યો હતો. તે કૂતરાનું નામ સ્પૉટી હતું. એક દિવસ સ્પૉટી એક કાર સાથે અથડાઇ ગયો અને મરી ગયો. ડેવિડ બહુ દુઃખી થયો. તે ખૂબ જ રડયો અને નિરાશ રહેવા લાગ્યો. આટલું બધું કર્યાં છતાં તેને સ્પૉટી પાછો મળ્યો નહિ.

તેનાં સન્ડેસ્કૂલનાં શિક્ષિકાબહેનને તેણે કહેતાં સાંભળ્યાં હતાં કે, "પરમેશ્વર જાણે છે કે તમે કયાં છો. તે જાણે છે કે તમે કયારે આનંદિત છો અને કયારે દુઃખી અને નિરાશ છો. તમે જયારે પ્રાર્થના કરો છો ત્યારે તે સાંભળે છે."

ડેવિડે વિચાર કર્યો કે હું પ્રભુબાપને કહીશ કે મારે માટે કૂતરાનું નાનું ગલુડિયું મોકલી આપે. તેથી તેણે પ્રાર્થના કરી કે, "વહાલા પ્રભુ બાપ, મારે માટે એક સુંદર ગલુડિયું મોકલી આપો અને હું તેનું નામ સ્પૉટી પાડીશ. પ્રભુ ઇસુના નામમાં. આમેન."

બીજે દિવસે ડેવિડના પપ્પા કામ પરથી ઘેર આવ્યા ત્યારે તેમણે ડેવિડને

કહ્યું, "ચાલ ડેવિડ, થોડું કારમાં ફરી આવીએ."

ડેવિડ તો ખૂબ ખુશ થઇ ગયો. તેણે કહ્યું, "ચાલો, મઝા આવશે." બન્ને કારમાં ખૂબ દૂર સુધી હંકારી ગયા. કદાચ શહેરના છેડા સુધી. ત્યાં એક નીચું મકાન આવ્યું. "આ શું છે?" ડેવિડે પૂછયું. તેના પપ્પાએ કહ્યું, "તું જો તો ખરો!" તેઓ અંદર ગયા. અંદર તો એક પછી એક પીંજરાં હતાં. દરેકમાં નાનાં મોટાં કૂતરા હતાં. ડેવિડ એક કાળા ગલુડિયાના પીંજરા પાસે ઊભો રહ્યો. "કેટલું સુંદર ગલુડિયું છે! તારું નામ હું સ્કૉટી પાડીશ." તેના પપ્પાએ કહ્યું, "ડેવિડ, જો તને એ ગમતું હોય તો હું તને તે લઇ આપીશ." તેના પિતાના કહેવાથી તેના સાચવનારે તે કાળું કૂતરું બહાર કાઢી આપ્યું. ડેવિડે તેને વહાલથી બાથમાં લઈ લીધું; પણ હૃદયમાં તેણે પ્રાર્થના કરી કે, "ઇસુબાપ, બહુ મહેરબાની. તમે મારી પ્રાર્થનાનો સ્વીકાર કર્યો."


આજે પણ પ્રભુ ઇસુ તમારું સાંભળે છે અને તમારે માટે શું જરૂરનું છે તે તે બરોબર રીતે જાણે છે. હંમેશા ફક્ત સ્વાર્થી પ્રાર્થના કરવી તે પણ પરમેશ્વરબાપને ગમતું નથી. આપણને એક ચીજ જોઈતી હોય પણ હકીકતમાં તે ચીજ ના હોય તો પણ ચાલે તેમ હોય તો જેની પાસે કંઇ જ ના હોય તેને કંઇક ખાસ જરૂરની ચીજ મળે તેવી પ્રાર્થના કરવી જરૂરની છે અને તેનાથી પ્રભુ રાજી પણ રહે છે. કોઇ ખોટે માર્ગે જતું હોય, ખૂબ પાપમાં હોય, કોઇ બીમાર હોય, કોઈ બહુ મોટી મુશ્કેલીમાં આવી પડયું હોય, કોઇ બાળકો ભૂખ્યાં હોય, કોઇએ પોતાનાં માતા અથવા પિતા ગુમાવ્યા હોય, ગરીબાઇના કારણે કોઇ બાળકોને તરછોડવામાં આવતાં હોય તો તેઓને તમારી પ્રાર્થનામાં ખાસ યાદ રાખો. આમ પ્રાર્થના કરતી વખતે જો તમે નીચેના ક્રમવાર તબક્કામાંથી પસાર થશો તો તમને ઘણો જ ફાયદો થશે અને પ્રાર્થનાના સારાં પરિણામો જોઇને તમને આનંદ થશે.

**પ્રાર્થના કેવી રીતે કરશો.**

૧. સૌ પ્રથમ પ્રભુપિતાએ તમારે માટે જે જે કર્યું તે બદલ આભાર માનો, સ્તુતિ કરો, (સ્તુતિનું ગીત પણ ગાઇ શકો.)

૨. તમે કરેલ નાની મોટી ભૂલો યાદ કરી માફી માગો.
૩. કોઇ સાથે તમે અયોગ્ય રીતે વર્ત્યા હો તો તેની માફી માંગો.
૪. પ્રભુ ઈસુ ખુશ થાય તેવું જીવન જીવવા માટે પ્રાર્થના કરો.
૫. સર્વ જરૂરિયાતવાળા માટે તેમનાં નામ સાથે પ્રાર્થના કરો, જો તેમના નામ ન જાણતા હો તો પણ પ્રાર્થના કરો.
૬. તમને પ્રભુબાપને સોંપો. તમારી સર્વ બાબતો તેમના હાથમાં મૂકી આભાર માનો.

આ પ્રમાણે પ્રાર્થના કરશો તો તમને પ્રભુની સંગત આશીર્વાદિત લાગશે. તમે નાનાં છો અને તમારાં બધાં અંગો સારાં તંદુરસ્ત છે. તેથી આંખો બંધ કરી, ઘૂંટણે પડીને પ્રાર્થના કરજો, પ્રભુપિતા તમને આશીર્વાદિત કરશે.



# ૬૧ ચિંતાનો બોજ ઊંચકનાર

**"તમારી સર્વ ચિંતાઓ તેના પર નાખો, કેમ કે તે તમારી સંભાળ રાખે છે." ૧ પિત્તર ૫ : ૭**

મિસર દેશમાં ગુલામીની યાતનાઓ ભોગવી રહેલા હિબ્રૂઓને માથે જાણે ઓછો જુલમ અપાતો હોય તેમ તેમને માટે ફારુને એવું ફરમાન બહાર પાડયું કે જો હિબ્રૂ બાઇને દીકરો જન્મે તો તરત તેને મારી નાખવો.

તે વખતે આમ્રામ નામના એક હિબ્રૂ માણસની પત્ની યોખેબેદે એક સુંદર પુત્રને જન્મ આપ્યો. આ બાળક ખૂબ જ સુંદર હતો તેથી તેઓએ તેને કાળજીપૂર્વક સાચવ્યો કે જેથી રાજાના માણસોને તેની જાણ થાય નહિ. તેની મોટી બહેન મરિયમ પણ નાના ભાઇની બહુ જ સંભાળ લેતી હતી. બાળક લગભગ ત્રણ માસનો થયો ત્યાં સુધી તો બહુ મુશ્કેલ લાગ્યું નહિ. પરંતુ તેના વધવાની સાથે તેનો રડવાનો અવાજ પણ મોટો થવા લાગ્યો. હવે તો તેનાં માતાપિતાને સતત ચિંતા રહેવા લાગી કે કદાચ જો રાજાનાં માણસોને નાના બાળકના રડવાનો અવાજ આવે અને તપાસ કરે તો જરૂર તેઓ તેને મારી નાખે. એવું પણ બનતું હશે કે તેઓ પ્રભુપિતાને કાલાવાલા સાથે પ્રાર્થતા હશે અને પોતાની ચિંતા તેમને જણાવતાં હશે.

એક દિવસ યોખેબેદને એક વિચાર આવ્યો. કદાચ તે પોતાની દીકરી મરિયમ અને તેનાથી નાના હારુનને લઇને નદી કિનારે ગઇ અને ત્યાંથી બરુની સાંઠીઓ ભેગી કરી લાવીને તેની એક સરસ ટોપલી બનાવી. તે ટોપલીને ડામર તથા ચીકણી માટીથી થેપી દીધી કે જેથી તેમાં પાણી જાય નહિ. ટોપલી માટે સરસ ઢાંકણ પણ બનાવ્યું. આ પછી નાના બાળકને કપડામાં સુંદર રીતે લપેટીને તેને સંભાળપૂર્વક ટોપલીમાં સુવાડયો. બધાંએ સાથે બેસીને બાળકને પ્રભુપિતાની સંભાળ હેઠળ સોંપ્યો હશે. અને આ પ્રમાણે માતપિતાએ પોતાની સર્વ ચિંતાનો બોજ પ્રભુબાપ પર નાખીને વિશ્વાસપૂર્વક ટોપલીને બંધ કરી. તે પછી યોખેબેદે તે ટોપલી લઇ જઇને

નદીના છીછરાં પાણીમાં જ્યાં બરુઓ ઊગ્યા હતા તેમની મધ્યે ટોપલી મૂકી દીધી. ઊંચા ઊંચા બરુની પાછળ દૂર તેની બહેન મરિયમ ઊભી ઊભી ધ્યાન રાખતી હતી કે બાળકનું શું થાય છે ?

થોડા સમય બાદ ફારુનની કુંવરી પોતાની દાસીઓ સાથે નદીમાં સ્નાન કરવા આવી. તેઓ નદીને કાંઠે કાંઠે ચાલતાં હતાં તેવામાં કુંવરીની નજર આ પેટી પર પડી. તેણે પોતાની દાસીને તે લઇ આવવા જણાવ્યું. દાસી લઇ આવી. કુંવરીએ તે પેટી ઉઘાડી અને જોયું તો એક સુંદર બાળક તેમાં રડતું હતું. ફારુનની પુત્રીને બાળક પર દયા આવી. તેણે કહ્યું કે જરૂર આ કોઇ હિબ્રૂબાઇનું બાળક હશે.

થોડીવારમાં મરિયમ ત્યાં જઇને ઊભી અને કંઇ જ જાણતી ના હોય તેમ વર્તી પણ હશે. તેણે કુંવરીને કહ્યું, "હું તમારે માટે બાળકને ધવડાવવા તેમ જ તેને સંભાળવા સારુ કોઇ હિબ્રૂબાઇને તેડી લાવું ?" કુંવરીએ તેને કહ્યું કે "જા, તેડી લાવ". મરિયમ તો મનમાં હરખાતી ઘેર દોડી ગઇ અને પોતાની માતાને બધી જ વાત કરી. આમ્રામ અને યખોબેદને કેટલો બધો આનંદ થયો હશે ! તેમણે ખરા અંતઃકરણથી પ્રભુનો આભાર માન્યો હશે !

યોખેબેદ મરિયમની સાથે નદી કાંઠે દોડી ગઇ. ખૂબ વિવેકપૂર્વક તે કુંવરી સામે હાજર થઇ. કુંવરીએ તેને કહ્યું કે, આ બાળકને લઇ જઇને મારે માટે તેને ઉછેર અને તે બદલ તને હું પગાર આપીશ. તરત યોખેબેદે તેને ઊંચકી લીધો. ઘેર જઇને બધાંએ કેટલો આનંદ કર્યો હશે ? તે છોકરો મોટો થયો ત્યારે યોખેબેદે તેને પોતાના લોકોની ગુલામી સ્થિતિ તેમ જ પ્રભુપિતાએ તેમને છોડાવવાનું વચન આપ્યું હતું તે વિષે આ છોકરાને સારી રીતે સમજાવ્યું હશે અને એમ પણ કહ્યું હશે કે કોને ખબર છે કે આ કામ કરાવવા માટે પણ પ્રભુએ તને છેક રાજદરબાર સુધી મોકલ્યો છે ! અને છોકરાએ પણ પોતાના લોકોની પરિસ્થિતિ વિષે ધ્યાનપૂર્વક સાંભળ્યું. જ્યારે તે બરોબર મોટો થયો ત્યારે તેની માતા તેને રાજમહેલમાં કુંવરી પાસે લઇ ગઇ. કુંવરીએ તેને પોતાનો દીકરો કરી લીધો અને તેનું નામ તેણે 'મૂસા' પાડયું. તે નામનો અર્થ થાય છે પાણીમાંથી તાણી કઢાવ્યો.

આ પ્રમાણે મૂસા રાજમહેલમાં રહીને સુંદર કેળવણી પામ્યો. આબ્રામ અને યોખેબેદે પ્રભુપિતા પર પોતાની ચિંતા નાખી તો પ્રભુએ પણ તેમને નિરાશ થવા દીધાં નહિ. તેમની ચિંતાનો બોજ પ્રભુએ ઊંચકી લીધો.

વહાલાં બાળકો, શું તમે પણ તમારી બધી મૂંઝવણ અને મુશ્કેલીઓ પ્રભુ ઈસુને જણાવો છો ? તમે હજી નાનાં છો ત્યારે પણ તમારી કેવી કેવી જાતની ચિંતા અને મુશ્કેલીઓ હોઇ શકે તે જાણો છો ? કદાચ કોઈવાર તમારો વાંક ના હોય છતાં તે બદલ તમને ઠપકો મળે અથવા શિક્ષા થાય; કોઈવાર ખરાબ મિત્રોની સંગતમાં તમને અમુક અયોગ્ય માર્ગો સ્વીકારવાનું પરીક્ષણ થાય, કોઈવાર કંઇ ખરીદવા જાઓ ત્યારે ખોટો હિસાબ આપવાનું પરીક્ષણ થાય. આવી અને એવી બીજી ઘણી બાબતો છે જે તમને કોઈવાર ગભરાવે અથવા ચિંતા કરાવે ત્યારે આ વાક્ય યાદ રાખો કે, "તમારી સર્વ ચિંતા તેના (ઇસુ) પર નાખો કેમ કે, તે તમારી સંભાળ રાખે છે." પ્રભુ તમારી સહાયતા કરો. આમેન.



# ૬૨ ઈશ્વરપિતાની સહાયતા

ખ્રિસ્ત ઈસુમાં ઘણાં જ પ્યારાં બાળકો,

આપણા તારનારના નામમાં પ્રેમી કુશળતા.

વહાલાં બાળકો, હવે તો તમે પરીક્ષાની તૈયારીમાં પડી ગયાં હશો અને તે અંગે આજના પત્રમાં તમને મારા તરફથી ઘણી ઘણી શુભેચ્છાઓ અને આશીર્વાદો પાઠવું છું. તે સાથે પરીક્ષા અંગે પણ થોડું જણાવું છું, અને આ વખતે તો બહારની વાત નહિ પરંતુ અમારા ઘરની જ વાત કરું તો તમને વધુ ફાયદાકારક રહેશે.

બાળકો, તમારામાંથી ઘણાં એવાં હશે કે જેમણે આખું વર્ષ નકામાં સમયોની પાછળ જ વ્યતિત કર્યું હશે. મોટાં ઘણાં બાળકોએ તો ૧૧માં અને ૧૨માામાં હોવા છતાં રખડવામાં, ટી. વી. જોવામાં, નકામા ગપાટા મારવામાં, પીકચરો જોવામાં, રમતગમતમાં સમય બરબાદ કર્યો હશે. માતાપિતાના ઠપકાને પણ ગણકાર્યો નહિ હોય અને આળસુ, ઠોઠ અને રખડેલ વિદ્યાર્થી-વિદ્યાર્થિની તરીકેની છાપ બેસાડી દીધી હશે. આમાંના કેટલાંક જરા વહેલા સાવધ બનીને અભ્યાસમાં લાગુ થઇ ગયાં હશો પણ આમાં ગેરફાયદો એ રહે છે કે વર્ષ દરમિયાન નોંધ લખી ના હોય તો છેલ્લી વખતે સારાં હોશિયાર બાળકો પોતાની નોટ તો કદી જ ના આપે. તેમાંથી અણબનાવ થાય. તૈયારી કરવાની સૂઝ ના પડે અને પછીથી પેપરો મેળવવા પાછળ સમય બગાડે, પૈસા બગાડે, પરીક્ષા વખતે પણ અનીતિ આચરે. આ શું ખ્રિસ્તી માતપિતાનાં બાળકોને શોભા આપનારું અને ખ્રિસ્તને મહિમા આપનારું બની શકે ખરું ? માતપિતાને દુઃખી કરનાર બાળકો પોતાના જીવનમાં સાચું સુખ કદીપણ પ્રાપ્ત કરી શકે નહિ તે ધ્યાનમાં રાખશો.

આથી ઉલટું ઘણાં હોશિયાર અને સાવધ બાળકો વર્ષ દરમિયાન સતત મહેનત કરવામાં રચ્યા પચ્યા રહે છે અને પરીક્ષા વખતે તો આવડતું હોય કે

ના આવડતું હોય તો પણ મગજને કે શરીરને કોઈપણ જાતનો આરામ આપ્યા વગર સતત મહેનત કર્યા કરે છે. જો કે આની પાછળનો ઈરાદો વધારે ટકાથી પાસ થવાનો જ હોય છે. સાચાં ખ્રિસ્તી બાળકો માટે આજ રાહ હોય છે. એડમિશન માટે પણ આ જ રીતે તેઓ આગળ વધે છે.

મારા મોટા દીકરા જેઓ હાલ મેથોડિસ્ટ હોસ્પિટલમાં સર્જન તરીકેની સેવા આપી રહ્યા છે તે નાનપણથી ડૉક્ટર બનવાની ઉમેદ રાખતા હતા. લગભગ ૧૨ વર્ષની ઉંમરે તેમણે પ્રભુને પોતાનું જીવન અર્પણ કર્યું હતું અને એમ તનતોડ મહેનત અને પ્રભુની બીકથી અભ્યાસમાં આગળ વધી રહ્યા હતા. છેવટે સારા ટકાથી પાસ થઈ મેડીકલ કૉલેજમાં દાખલ થવા માટે તેમણે ફોર્મ ભર્યું હતું. પણ તેમના કરતાં પણ વધારે ટકાવાળા, તેમ જ મોટી લાગવગ ધરાવતા, તેમ જ ગમે તેટલા પૈસા વેરીને પણ એડમિશન મેળવવાને પાત્ર બને તેવા ઘણા ઉમેદવારો હતા. અમને કેટલીક વ્યક્તિઓએ કહ્યું પણ ખરું કે કંઈક આપશો તો જ બની શકશે. અમે દીકરાને વાત કરી તો તેમણે કહ્યું, ના, મેં પ્રભુપિતા પાસે વાત મૂકી દીધી છે જો તેમની ઈચ્છા હશે કે મારે ડૉક્ટર બનવું જ જોઈએ તો તે જ મને એડમિશન અપાવશે અને એડમિશન નહિ મળે તો હું બી. એસ. સી. માટે આગળ વધીશ. પણ જે બે કૉલેજોમાં તેમણે ફોર્મ ભર્યું હતું તે બન્નેમાં તેમને એડમિશન મળ્યું અને તે પણ તે ઈચ્છતા હતા તેમાં જ મળ્યું. આ તો પ્રભુનું કામ હતું અને આજે જે રીતે તે સેવા કરી રહ્યા છે તે પણ અમને બતાવે છે કે ખરેખર પ્રભુપિતાએ તેમના મહિમાને માટે જ તેમને આ સેવા સોંપી છે અને અમે પ્રભુપિતાને ધન્યવાદ આપ્યા વગર રહી શકતાં નથી. બાળકો, તેમને માટે તમે જરૂર પ્રાર્થના કરજો કે પ્રભુની દ્રાક્ષાવાડીમાં સેવા આપવા માટે તેમને પૂરતું સામર્થ્ય, જ્ઞાન અને યોગ્ય સૂર તથા તંદુરસ્તી પ્રાપ્ત થાય.

આ ઉપરાંત મારી સૌથી નાની દીકરી જ્યારે ૧૧માં ધોરણની પરીક્ષા આપવાની હતી ત્યારે તેનાં શિક્ષકે પણ કહ્યું હતું કે તે ખૂબ સરસ રીતે પાસ થશે. મહેનતમાં પણ તે કદી પણ કચાશ રાખતી નહોતી. પરીક્ષાને હજી તો

લગભગ બે મહિનાની વાર હતી, ત્યારથી વાંચવા સિવાય બીજું કંઇ જ કરે નહિ. તે પણ પ્રભુને અર્પિત હતી પણ જે ખામી હતી તે તો મને ખાતરી છે ત્યાં સુધી તેના વિશ્વાસની કચાશ હતી. તેની તૈયારી એટલે સુધી હતી કે બધી શાળાઓની પ્રિલીમની પરીક્ષા તેમજ બોર્ડની પરીક્ષાનાં છેલ્લા કેટલાંય વર્ષોના પેપર્સના તેણે જવાબો તૈયાર કરી લીધા હતા. પણ શું બન્યું ? જે દિવસે તેની પરીક્ષા હતી તે દિવસની વહેલી સવારે પોતાની પાસેના ખાટલામાં ઊંઘી રહેલી તેની મોટી બહેનને જગાડીને ખૂબ જ રડતાં રડતાં કહ્યું કે મમ્મી પપ્પાને ઉઠાડને ! મને ખૂબ જ તાવ આવ્યો છે. અમે ઊઠયાં, ખરેખર તેને ખૂબ તાવ હતો. અમારી પાસે પ્રાથમિક સારવારની જે જે દવાઓ હતી તે અને પ્રાર્થના કર્યા પણ તાવ થોડો જ ઓછો થયો. તે તો રડતી જાય અને કહેતી જાય કે મોટાભાઇને બોલાવો તેમને પણ ફોન કરીને બોલાવ્યા તેમણે પણ અમુક ઇંજેકશન વગેરે આપ્યાં પણ તેને તપાસતાં તેમને ખાતરી થઇ કે તેને ટાઇફોઇડની અસર હતી. અને તેમણે અમને વાત કરી. સમય તો પાણીની જેમ પસાર થતો હતો. અને તેને તો ભર્યા તાવે પણ પરીક્ષા આપવા જવું હતું. અમે બધાએ મળીને તેને ખૂબ સમજાવતાં કહ્યું કે, જો તું અત્યારે એકાદ પેપર લખીશ અને પછીથી તને તાવ વધશે તો તારાથી બીજું પેપર નહિ અપાય અને છેવટે તું નાપાસ વિદ્યાર્થી તરીકે રહી જઇશ અને તારે ફરીથી પરીક્ષા આપવી પડશે. તેના કરતાં તું આ વખતે રહેવા દે અને પછીથી પરીક્ષા આપજે અમે પ્રાર્થના પણ ખૂબ કરી તેમ જ શારીરિક પરિસ્થિતિ પણ એવી જ હતી કે તે સેન્ટર પર જઇ શકે તેમ હતું જ નહિ. છેવટે મનથી કે કમનથી તેણે પરીક્ષા આપવાનો વિચાર પડતો મૂક્યો.

તેની માંદગી વધતી ગઇ. છેવટે તેને હોસ્પિટલમાં દાખલ કરવી પડી. હોસ્પિટલમાં તેની સાથે પ્રભુની વાત કરતાં એક દિવસે મેં તેને કહ્યું. તું તો કેવી છોકરી છે ? તું એમ જ ઇચ્છે કે પ્રભુએ તારે માટે બધું સારું જ કરવું જોઇએ. બધું અયોગ્ય બીજાંને ભલે થાય પણ તારે માટે સારું જ થવું જોઇએ. આ શું તને એમ લાગે છે કે તું ખ્રિસ્ત ઇસુની સાચી દીકરી છે ? અચાનક પ્રભુના આત્માએ પણ તેનામાં કામ કર્યું. તેને સાચી સમજ પૂરી પડી કે

અયૂબની સ્ત્રીએ જે મૂર્ખાઇ બતાવી હતી તેવી મૂર્ખાઇ તેણે કરવી જોઈએ નહિ. ફરીથી પોતાના વિચારો, કલ્પનાઓ સર્વસ્વ પ્રભુપિતા પાસે કબૂલ કરી ભૂલોની માફી માગી અને જ્યાંથી પડી ગઇ ત્યાંથી ઊભા થવા માટે પ્રભુની કૃપા માગી અને પ્રભુપિતાએ ખરેખર તેમનો નિરોગી સ્પર્શ તેને આપ્યો. તે તદ્દન સાજી થઈ અને પછીની પરીક્ષા તે સારી રીતે આપી શકી અને અમદાવાદ કેન્દ્રમાં પ્રથમ તથા ગુજરાતમાં ચોથું સ્થાન પ્રાપ્ત કરી શકી.

જ્યાં સુધી તેણે પોતાની મહેનત પર જ આધાર રાખ્યો ત્યાં સુધી તે નિરાશ રહી. સાચાં ખ્રિસ્તી બાળકોની ફરજ છે કે તેમણે પોતાની સર્વ બાબતોમાં ખ્રિસ્તને પ્રથમ સ્થાન આપવું જોઈએ. તે પછી તેણે માર્ગસંગિનીમાં પણ પોતાની સાક્ષી લખી મોકલી હતી. ત્યારથી તેના વિશ્વાસે તેને પ્રભુમાં વધારે દૃઢ બનાવી છે. અત્યારે તે પરદેશમાં છે. તેને સારું ધાર્મિક કુટુંબ મળ્યું છે. તેની ઈચ્છા પ્રમાણે સર્વ પ્રાર્થનાવાદી છે. તેમ જ પ્રભુપિતાએ તેને સારાં બે બાળકો આપ્યાં છે. એક દીકરો અને એક દીકરી. તેમને પ્રભુના માર્ગમાં કેળવવા માટે તે અને તેના પતિ સતત પ્રાર્થના કરે છે. અને અમને પણ પ્રાર્થના કરવા જણાવે છે.

વહાલાં બાળકો, આ ઉદાહરણો તમને ફક્ત તમારા આત્મિક જીવનના વિશ્વાસમાં દૃઢ કરવા માટે છે. તમે જે જે પ્રયત્નો કરો તે જો પ્રભુને બરોબર સોંપી તેમના પર વિશ્વાસ રાખશો તો તે તમારી સંપૂર્ણ સહાયતા કરશે. તમારી તંદુરસ્તીની કાળજી રાખી, મહેનત કરજો. પ્રભુ તમારી સંપૂર્ણ સહાયતા કરશે. આ સમયોમાં હું પણ તમ સર્વ માટે પ્રાર્થનામાં છું.

# ૬૩ ઈશ્વરપિતાની સ્તુતિ

પ્રભુ દેવનાં ગાન ગાઓ, ત્રાતાનું સુણાવો માન;
સૌ માનો તેનો આભાર, કાઢો ગાયનના ઉદ્‌ગાર.
(ભજનસંગ્રહ ગીત નં. ૧૨)

"યહોવા સિયોનમાં રહે છે, તેનાં સ્તોત્ર ગાઓ." ગીતશાસ્ત્ર ૯ : ૧૧.

બધાને ગાયનો ગાવાં, સાંભળવા ગમે છે. સવારમાં પક્ષીઓનો મીઠો કલરવ જાણે દેવની સ્તુતિના નાદથી વાતાવરણને ભરી દેતો હોય છે. રેડિયો વિશ્વાસવાણી પર પણ જુદી જુદી ભાષાઓમાં દેવની સ્તુતિ પ્રભાતને સમયે સાંભળવી કેટલી મધુર લાગે છે ! ગીતકર્તા ૧૪૯ અને ૧૫૦ના અધ્યાયોમાં યહોવાની સ્તુતિ વિવિધ વાજિંત્રોના સૂર સાથે કરવાની કહે છે. આ બધું શું બતાવે છે ! પ્રભુ પર પ્રેમ કરનાર સર્વને પ્રભુ એવા સ્વર્ગીય આનંદથી ભરી દેતા હોય છે કે ગમે તે સંજોગોમાં પણ પ્રભુના સંતોએ ગીતો અને સ્તોત્રોથી તેમનો મહિમા ગાયા જ કર્યો છે. પ્રેરિતોનાં કૃત્યો ૧૬ : ૯ થી ૧૫ અને ૨૨ થી ૪૦ કલમોમાં પ્રભુસ્તુતિનો એક સુંદર ચિતાર આપ્યો છે. તમે આખી વાત બાઈબલમાંથી વાંચો. ખૂબ સુંદર અને અદ્‌ભુત અનુભવ છે.

પાઉલ અને સિલાસ પ્રભુ ઈસુ વિષે બોધ કરતા હતા. કેટલાક લોકોને પ્રભુ ઈસુ વિષે સાંભળવું ગમતું નહિ. કારણ કે તે લોકો ઘમંડી ધાર્મિક આગેવાનો હતા. તેઓ વર્ષોથી યાજકપદ બજાવતા હતા પરંતુ તેઓ પોતાને ખૂબ મોટા પવિત્ર અને એટલા બધા શુદ્ધ માનતા હતા કે બીજાઓ તેમની નજરમાં તુચ્છ ગણાતા હતા. પ્રભુ ઈસુ માનવરૂપ ધરીને પૃથ્વી પર આવ્યા, સાડા ત્રણ વર્ષના ગાળામાં દુ:ખી, નિરાધાર, માંદા, અશક્ત, ભૂખ્યાં, અપંગો અને ત્રાસી ગયેલાંઓ ઉપર અનહદ પ્રેમ વરસાવ્યો. તેમનાં દુ:ખો ટાળ્યા, તેમનાં પાપો માફ કર્યા. તેમને શેતાનના બંધનોમાંથી મુક્ત કર્યા અને તેમને સ્વર્ગના અનંતજીવનના ભાગીદાર બનાવ્યા. અત્યાર સુધી આવું કામ કોઈએ કર્યું નહોતું. જ્યારે ઈસુ સ્વર્ગમાં જીવંત સ્થિતિમાં ચઢી ગયા ત્યારે તેમના પર

પ્રેમ કરનાર તેમના શિષ્યોને તેમણે એવો આત્મા આપ્યો કે તેઓ પણ આવાં અદ્‌ભુત કામો કરી શકયા અને ઘણાને ખ્રિસ્તની ગમ લાવી શકયા. આ બધું તે વખતના ધર્માધિકારીઓને ગમતું નહોતું, કારણ કે તેમની કિંમત ઓછી થતી લાગતી હતી. તેઓ એમ જ માનતા હતા કે તેમને ખ્રિસ્તની જરૂર નથી. તેઓ પોતે પૂરા પવિત્ર છે.

પાઉલ અને સિલાસ લોકોને પ્રભુ ઈસુની ઓળખાણ આપતા હતા, ચમત્કારો કરતા હતા અને દિવસે ને દિવસે વધારે ને વધારે લોકો ખ્રિસ્ત પર વિશ્વાસ કરીને તારણ પામતા હતા. પરિણામે અદેખા લોકોએ બિચારા નિર્દોષ પાઉલ અને સિલાસને કેદખાનામાં ધકેલી દીધા. તેઓએ આ બન્નેને ખૂબ માર માર્યો તેમના પગ હેડમાં નાખ્યા જેથી તેઓ છૂટી શકે નહિ. પ...ણ? પાઉલ અને સિલાસ તો કેદખાનામાં કેદીઓને પણ ખ્રિસ્તની ઓળખાણ આપવા લાગ્યા અને ગીતો અને સ્તોત્રોથી રાત્રે દેવની સ્તુતિ કરવા લાગ્યા. કેવું અજાયબ ! દુઃખના સમયમાં પણ સ્તુતિના નાદ !

અચાનક ધરતીકંપ થયો. બંદીખાનાના દરવાજા ઊઘડી ગયા. કેદીઓને બેડીઓ બાંધી હતી તે સાંકળો પણ છૂટી પડી. કેદખાનું સંભાળનાર દરોગો ગભરાયો તે વહેલો વહેલો જોવા આવ્યો કે કેદીઓ ભાગી જ ગયા હશે. તેને હવે ખૂબ શિક્ષા થશે એમ ધારીને પોતે આપઘાત કરવા જતો હતો પણ પાઉલે કહ્યું કે, તું પોતાને કંઇ જ ઈજા કરતો નહિ. બધા જ સલામત છે કોઇ જ નાસી છૂટયો નથી. તરત જ દરોગો પાઉલ અને સિલાસના પગમાં પડયો અને પૂછવા લાગ્યો કે, "સાહેબો, તારણ પામવા મારે શું કરવું જોઇએ ?" પાઉલે કહ્યું, "પ્રભુ ઈસુ પર વિશ્વાસ કર એટલે તું તથાં તારા ઘરનાં સર્વ તારણ પામશો." દરોગાએ વિશ્વાસ કર્યો અને તારણ પામ્યો. તેણે પ્રેમથી પાઉલ અને સિલાસના સોળ ધોયા. તેમને પોતાને ઘેર લઇ ગયો અને તેમના પ્રત્યે પ્રેમ દર્શાવી તેમની સરભરા કરી. તેઓ બધાએ મળીને દેવની સ્તુતિ કરતાં ખૂબ આનંદ કર્યો.

નાની પૌલાને તેના સન્ડેસ્કૂલ ટીચરે પૂછયું, "પૌલા, તને કયું ગીત

ખૂબ ગમે છે ?" પૌલાએ નીચેનું ગીત પસંદ કર્યું.


સ્તુતિ કરો, સ્તુતિ કરો, સ્તુતિ ઈસુની
સ્તુતિ - સ્તુતિ
સ્તુતિ ઈસુની સવારે, સ્તુતિ ઈસુની બપોરે
સ્તુતિ - સ્તુતિ
સ્તુતિ ઈસુની સાંજે, સ્તુતિ ઈસુની રાત્રે....
સ્તુતિ કરો પ્રભાત સુધી.

બાળકો, જો તમે આ ગીત રાગમાં ગાવા ચાહતા હો તો...

**"Praise Him in the morning,**
**Praise Him at the day time,**
**Praise Him Praise Him."**

એ રાગથી ગાજો અને પ્રભુપિતાની ખૂબ સ્તુતિ કરી તેમને માન અને મહિમા આપજો.

પ્રભુ ઈસુની સ્તુતિ થાઓ. આમેન.



# ૬૪ ઈશ્વરપિતાની મહાનતા

"યહોવાના નામનું ગૌરવ તેને દો." ગી. શા. ૨૯ : ૨

જ્યારે પ્રભુપિતાના મહાત્મ્યનો વિચાર કરીએ છીએ ત્યારે આપણે ખરેખર એક અદ્‌ભુત અનુભવ માણી શકીએ છીએ. જે પવિત્ર પરમેશ્વર આખી સૃષ્ટિ પર અધિકાર ધરાવે છે, જેની આજ્ઞા વગર ઝાડનું એક પાન પણ હાલી શકે નહિ. જેના હાથમાં સર્વના મરણ જીવનનો આધાર છે, જે કીડીને કણ અને હાથીને મણ ખોરાક પૂરો પાડવાને શક્તિમાન છે, જેની મહાનતા સામે ગમે તેવો સામર્થ્યવાન માણસ મસ્તક ઢાળી નમી પડે છે તેવા મહાન અને પવિત્ર દેવને જ સર્વ માન અને મહિમા મળે તે કેટલું બધું જરૂરી છે ! શું તમે આ બાબતનો કોઈપણ વખતે વિચાર કર્યો છે ? તો આવો, આજે આપણે પ્રભુ પિતાને માન, મહિમા અને ગૌરવ આપતાં શીખીએ.

આ માટે પ્રેરિતોનાં કૃત્ય ૧૪ : ૬થી ૨૦ કલમો વાંચો.

પાઉલ અને બાર્નાબાસ લુસ્ત્રા ગયા અને ત્યાંના લોકોને પરમેશ્વરના રાજ્યની વાત પ્રગટ કરી. એક જન્મથી લંગડા માણસે તેમની વાતો ખૂબ ધ્યાનપૂર્વક સાંભળી અને તે પર વિશ્વાસ કર્યો. પાઉલે તે લંગડા માણસને કહ્યું કે, "ઊભો થા" એટલે તે માણસ કૂદીને પોતાના પગ પર ઊભો રહ્યો અને ચાલવા લાગ્યો !

આ અજાયબ જેવો ચમત્કાર જોઇ ત્યાંના લોકોએ લુકાનીની ભાષામાં પોકારો કર્યા કે, "દેવો માનવરૂપમાં આપણી પાસે આવ્યા છે. તેઓ તો ફૂલો ભેગા કરીને લાવ્યા અને પાઉલ તથા બાર્નાબાસની પૂજા કરવા તથા તેમને અર્પણ ચઢાવવા ઝુસના મંદિરે તેમને લઇ જવા લાગ્યા પણ પાઉલ તથા બાર્નાબાસ આ જોઇને બહુ જ દુઃખી અને નિરાશ થયાં, અને લોકોની વચ્ચે દોડી જઇને કહ્યું કે, "હે ભાઈઓ, તમે આ શું કરી રહ્યા છો ?" અમે પણ તમારી માફક માણસો જ છીએ. જો તમારે ભક્તિ કરવી હોય તો સ્વર્ગ, પૃથ્વી, સમુદ્ર તથા તેમાં જે કંઈ છે તે સર્વના સર્જનહાર જીવંત ઈશ્વરની ભક્તિ અને પ્રાર્થના કરો. આ એક જ જીવંત ઈશ્વરના પુત્ર પ્રભુ ઈસુએ આ

માણસને બચાવ્યો અને સાજો કર્યો. આ પ્રભુ ઈસુની તમારે ભક્તિ કરવી જોઈએ. આ પ્રમાણે પોતાને અર્પણો ચઢાવવામાંથી પાઉલ અને બાર્નાબાસે મહા મુશ્કેલીએ લોકોને અટકાવ્યા. માન અને મહિમા તેઓએ પ્રભુને આપ્યા.

સન્ડેસ્કૂલની ડોરિસ નામની એક બાળાનું ઘર અકસ્માતથી આગ લાગવાના કારણે બળી ગયું અને આખું કુટુંબ ખૂબ મુશ્કેલીમાં આવી ગયું. ચર્ચ અને સન્ડેસ્કૂલ તરફથી આ કુટુંબને મદદ કરવા બધાને ભલામણ કરવામાં આવી. આથી હેલન અને તેના મમ્મી ડોરિસ માટે કંઈ ચીજો તૈયાર કરી રહ્યાં હતાં.

હેલને મમ્મીને કહ્યું, "મમ્મી, હું મારી લીલી ફ્રોક જે તદ્દન નવી છે અને એકવાર પણ મેં તે પહેરી નથી તે હું ડોરિસને આપું ? તેનાં મમ્મીએ ખૂબ રાજીખુશીથી તેમ કરવા પરવાનગી આપી. બન્નેએ મળીને લીલા ફ્રોકનું બરોબર સુઘડ પેકિંગ કર્યું. પછી મમ્મીએ કહ્યું હવે આપણે આ બધી ચીજો ચર્ચ ઉપર લઈ જઈએ અને ત્યાંથી ડોરિસના કુટુંબ પર મોકલવામાં આવશે. કારણ કે બધાંની ભેટો ચર્ચ પર જ ભેગી કરવામાં આવે છે. હેલને કહ્યું, "મમ્મી, ફ્રોકના પેકેટ પર હું મારું નામ લખીશ જેથી ડોરિસ જાણી શકે કે મેં તે આપ્યું છે." મમ્મીએ કહ્યું, "એમ શા માટે ?" હેલને કહ્યું કે, તે મારો આભાર માનશે અને બધાં જાણી શકશે કે મેં તે આપ્યું છે. મમ્મીએ કહ્યું, "આ ફ્રોક તું કયાંથી લાવી ?" હેલને કહ્યું, "કેમ, તમે તો મને તે આપી હતી !"

મમ્મીએ કહ્યું, "મને તે કોણે આપી ?" હેલને કહ્યું, "તમે પપ્પા સાથે જઈ ખરીદીને લાવ્યા હતા."

મમ્મીએ પૂછયું, "પપ્પાને પૈસા કમાવા કોણે મદદ કરી ?"

હેલન બોલી, "કેમ, કેમ, ઈસુ બાપે પપ્પાને મદદ કરી."

મમ્મીએ કહ્યું, "તો ઈસુ બાપને આ માન મળવું ના જોઈએ ?" હેલન શરમાઈ ગઈ. ને બોલી, હા મમ્મી, બધું માન પ્રભુ ઈસુને મળવું જોઈએ આ પેકેટ પર મારું નામ નહિ લખીએ.

બાળકો, તમે થોડું આપો કે ઘણું આપો તમારી પાસે થોડું હોય કે ઘણું હોય પણ "સર્વ માન, મહિમા અને ગૌરવ પ્રભુ બાપનાં જ હોવાં જોઈએ."

# ૬૫ આજ્ઞાપાલન (૧)

**યૂના આજ્ઞાપાલન શીખે છે.**

આજ્ઞાપાલન સારામાં સારો ગુણ છે. ઘરમાં, શાળામાં તથા સમાજમાં તેમ જ પ્રભુના માર્ગમાં વ્યવસ્થિત રહેવાને માટે ખાસ આજ્ઞાઓ આપવામાં આવેલી હોય છે; અને આ આજ્ઞાઓનું પાલન કરવાથી આજ્ઞા આપનાર ખુશ રહે છે તેમ જ પાળનાર સુખ શાંતિ અનુભવે છે.

ઘરમાં માતાપિતા અને વડીલોની આજ્ઞા પાળવાથી પોતાના જીવનને વ્યવસ્થિત બનાવી શકાય છે. જો કે આ આજ્ઞા સારી અને ડહાપણભરી હોવી જરૂરી છે. કારણ કે, ઘણીવાર પિતા અણછાજતી આજ્ઞા આપે છે. દા. ત. પોતાને માટે બીડી કે સિગરેટ લેવા દીકરાને મોકલે છે. કોઈના વાડામાંથી ફળ કે ચીજવસ્તુ ચોરી લાવવા બાળકને પ્રોત્સાહિત કરે. આવી અને બીજી ઘણી અયોગ્ય બાબતો માતા કે પિતા બાળક પાસે કરાવે ત્યારે તેઓ ભૂલી જાય છે કે આમ કરવાથી તેઓ પોતાના બાળકને ખોટા માર્ગે ચઢાવી રહ્યા હોય છે. ઘણીવાર બાળકની ઘણી ઇંતેજારી છતાં પિતા કે માતા તેની સાથે દેવળમાં જવા પણ તૈયાર થતાં નથી. આનું શું પરિણામ આવશે તે વિષે તાત્કાળિક તો તેમને ખબર પડતી નથી પણ ભવિષ્યમાં બાળક પ્રભુની વાતો પ્રત્યે બેદરકાર બનતું જશે અને નાશને માર્ગે વળી જશે.

યૂના મોટો પ્રબોધક હતો. પરમેશ્વરે તેને આજ્ઞા કરી કે મોટા નગર નિનવેહ જા અને ત્યાંના સર્વ લોકોને જણાવ કે જો તેઓ પોતાનાં દુષ્ટ કામો તજીને પ્રભુપિતાની સેવા નહિ કરે તો તેમના સુંદરનગર નિનવેહનો નાશ કરવામાં આવશે.

પણ યૂનાને આ આજ્ઞા પાળવી ગમી નહિ. કદાચ ત્યાંના લોકથી તે બીતો હશે અથવા તો તેને એમ પણ વિચાર આવ્યો કે કદાચ તે લોકો પસ્તાવો કરીને પાછા ફરે તો પોતે જૂઠો ઠરશે આથી તે નિનવેહ ગયો નહિ પણ તાર્શીશ નામના સ્થળે નાસી જવા વહાણમાં બેઠો. પરિણામ શું આવ્યું ? પરમેશ્વરે

સમુદ્ર પર ભારે વાવાઝોડું મોકલ્યું ને સમુદ્રમાં ભારે તોફાન થયું. વહાણ પણ જાણે હમણાં ભાંગી જશે એમ લાગતું. વહાણ હંકારનારાઓ તેમ જ બીજા મુસાફરો પણ ઘણા ગભરાયા. જો કે યૂનાને ખબર હતી કે પ્રભુપિતા તેને આજ્ઞા નહિ માનવા બદલ શિક્ષા કરી રહ્યા હતા. આથી તેણે ખલાસીઓને કહ્યું કે, "મને દરિયામાં ફેંકી દો."

ખલાસીઓએ યૂનાને તોફાની સમુદ્રમાં ફેંકી દીધો. જો કે યૂના સમુદ્રમાં ખૂબ ઊંડે સુધી ફેંકાયો છતાં તે તણાઇ ગયો નહિ. પરમેશ્વરે એક મોટી માછલીને તેના તરફ જવા દીધી અને તે યૂનાને આખો જ ગળી ગઇ. યૂના માછલીના પેટમાં ત્રણ રાત અને ત્રણ દિવસ જીવંત સ્થિતિમાં રહ્યો ! કેટલું બધું અજાયબ જેવું કહેવાય !

યૂનાએ પોતાના અનાજ્ઞાંક્તિપણાના પાપ બદલ ખૂબ પસ્તાવો કર્યો અને પરમેશ્વરની માફી માગી. આ પછી માછલીએ દરિયા કિનારા પર યૂનાને ઓકી કાઢયો. હવે યૂના પ્રભુપિતાની આજ્ઞા શિરે ચઢાવી તેને સોંપાયેલું કામ કરવા માટે નિનવેહ ગયો. બાઇબલ કહે છે, "છોકરાં, પ્રભુમાં તમારાં માબાપની આજ્ઞાઓ માનો; કેમ કે એ યથાયોગ્ય છે."

પ્રભુ ઇસુ શી આજ્ઞા આપે છે ? "જેમ મેં (ઇસુએ) તમારા પર પ્રેમ રાખ્યો છે તેમ તમે એકબીજા પર પ્રેમ રાખો." "જે આજ્ઞાઓ હું તમને આપું છું તે જો તમે પાળો તો તમે મારા મિત્ર છો."

આ પ્રમાણે દશ આજ્ઞાઓમાંથી પાંચમી આજ્ઞા એ છે કે, "યહોવા તારા દેવે તને આજ્ઞા આપી તે મુજબ તારા બાપનું તથા તારી માનું સન્માન રાખ." પુનર્નિયમ ૫ : ૧૬

આ સર્વ ઉપરથી જણાય છે કે, પ્રભુપિતા આજ્ઞાપાલન ઉપર ખૂબ ભાર મૂકે છે. પ્રભુની આજ્ઞા તો સારી જ હોય છે, તે પાળવાથી આપણને જીવન અને વૃદ્ધિ મળે છે. પુનર્નિયમ ૮ : ૧.

આથી પ્રભુની આજ્ઞા પાળવાની ખૂબ કાળજી રાખવી જરૂરી છે.

વળી પૃથ્વી ઉપરની સમજદાર વડીલ વ્યક્તિઓની પણ આજ્ઞા પાળવી જરૂરી છે. આ પ્રકારના આજ્ઞાપાલનથી જીવનનો માર્ગ તમને ખૂબ સારી રીતે સમજાશે. માતાપિતા, દાદા દાદી, શિક્ષકો અને સમાજની સમજદાર વ્યક્તિઓની આજ્ઞા કાને ધરવાથી સારું પ્રતિષ્ઠિત જીવન જીવવા તમે સામર્થ્યવાન બની શકશો, પ્રભુ તમારી સહાયતા કરો.



# ૬૬ આજ્ઞાપાલન (૨)

જો તમે ખરેખર આજ્ઞાંક્તિ હશો તો સમગ્ર જીવનને સફળ બનાવી શકશો. આ આજ્ઞાંક્તિપણું તમે શી રીતે તમારા જીવનમાં અપનાવી શકો ? તમે ઘણી વાર મમ્મી કે પપ્પાને વચન આપો છો કે, હવેથી હું તમારા સર્વ હુકમોનું પાલન કરીશ. આ તમે વચન આપ્યું કહેવાય અને તમારાં મમ્મી-પપ્પા પણ આ સાંભળી ખુશ થાય છે. પણ થોડા જ કલાકો પછી તમે આપેલું વચન ભૂલી જાઓ છો અને હતા તેવા થઇ જાઓ છો ! આ ખરી વાત છે ને ? આજે હું તમને એક કામ સોંપવા માગું છું, જો તમે ખરેખર આજ્ઞાંક્તિ થવા ચાહતા હો તો જરૂરથી આ પ્રયોગ કરજો.

લીટીવાળો ફુલસ્કેપ કાગળ લો. તદ્દન ઉપરના ભાગમાં લખો, "શું હું આજ્ઞાંક્તિ છું ? દરેક લાઇન પર ૧, ૨, ૩ એમ હાંસિયા (માર્જીન) પાસે નંબર લખો. આ નંબર તારીખના છે. દરેક તારીખ માટે તમને આખી લાઇન મળે છે. સવારે તમે ઊઠો ત્યારથી તે રાત્રે સૂઇ જાઓ ત્યાં સુધી આ કાગળનો સાથ છોડશો નહિ. જ્યારે તમે આજ્ઞાંક્તિ રહ્યા હો ત્યારે તે તારીખની લાઇનમાં 'હા' લખો. જો આજ્ઞાભંગ કર્યો હોય તો 'ના' લખો. નાની નાની આજ્ઞાઓ માટે પણ આજ પ્રમાણે નોંધ કરો. દિવસને અંતે 'હા' કેટલી વાર છે તે ગણીને તેના અંક લાઇનને અંતે લખો; 'ના' કેટલી વાર છે તેનો અંક તે જ લાઇનના માર્જીનમાં લખો. આખો મહિનો પૂરો થાય ત્યાં સુધીમાં 'હા'નું ટોટલ કરો અને 'ના'નું ટોટલ કરો. આમ કરતાં 'હા'નો અંક મોટો થાય તેનો પ્રયાસ કરો. ખોટી નોંધ કરાય નહિ તેની કાળજી રાખો.
નીચેની વાર્તા તમને સમજવા માટે છે.

સાત વર્ષનો બનુ ખૂબ રમતિયાળ હતો. પણ અભ્યાસમાં ઘણો સારો હતો. તે રમતો હોય અને તેનાં મમ્મી એમીબહેન તેને બોલાવે ત્યારે તરત તો આવે જ નહિ. બીજી વાર બૂમ પડે તેની રાહ અવશ્ય જુએ.

એક દિવસે તે કેટલાક છોકરા સાથે એક ઝાડ નીચે રમતો હતો.

એટલામાં મમ્મીની બૂમ સંભળાઇ 'બનુ, બનુ. બનુએ બૂમ ગણકારી નહિ અને રમત ચાલુ રાખી. આ વખતે તેના મમ્મીએ તેને ફરીથી બોલાવ્યો નહિ અને બનુ પણ પોતાની રમતમાં ઓતપ્રોત થઇ ગયો.

લગભગ એક કલાક પછી બનુ ઘરમાં આવ્યો અને આવતાંની સાથે 'મમ્મી' કહેતો તેમની પાસે દોરી ગયો. તેનાં 'મમ્મીએ તેને પૂછયું, 'બનુ' બપોરે મેં તને બોલાવ્યો ત્યારે તું કેમ આવ્યો નહિં.

બનુ નીચું જોઇ ઊભો રહ્યો. તે જૂઠું બોલવા માગતો નહોતો તેથી તેણે કંઇ જ જવાબ આપ્યો નહિ. ફરીથી તેનાં મમ્મીએ પૂછયું, "મેં તને બોલાવ્યો ત્યારે તેં સાંભળ્યું નહોતું ?" "હા મમ્મી, પ...ણ, પ...ણ" બનુ ગલ્લાતલ્લા કરવા લાગ્યો. મમ્મીએ કહ્યું, બનુ, તારા મનુ કાકા આવ્યા હતા." "મનુ કાકા ?" બનુને તેના મનુકાકા બહુ જ ગમતા હતા. તે તેને માટે કંઇ ને કંઇ લાવતા હતા, ફરવા લઇ જતા હતા, બજારમાં લઇ જઇને તેને મઝા કરાવતા હતા.

બનુએ પૂછયું, "કયાં ગયા મનુકાકા ?" તે પોતાનું અનાજ્ઞાંક્તિપણું ભૂલી ગયો. તે વિચારવા લાગ્યો કે, મનુકાકા તેને માટે શું લાવ્યા હશે !

તેનાં મમ્મીઅ કહ્યું કે તે તો તળાવમાં પોતાની નવી હોડી ચલાવવા માગતા હતા અને તેમને ખૂબ જ ઉતાવળ હતી પણ તને સાથે લઇ જવા માગતા હતા તેથી તને લેવા આવ્યા હતા, તું આવ્યો નહિ તેથી તે જતા રહ્યા !

બનુ આંખમાં આંસુ સાથે બોલ્યો, "અરે મમ્મી, તમે મને હું ના આવું ત્યાં સુધી કેમ બોલાવ્યા કર્યો નહિ ? તમે શા માટે મનુકાકાને જતા રહેવા દીધા ?" તેનાં મમ્મીએ કહ્યું, "દીકરા, મેં એટલા માટે એમ થવા દીધું કે મારો દીકરો મારી બૂમ સાંભળીને તરત જ આવવો જોઇએ. તું આવે એટલા માટે તો હું તને બોલાવું છું. હું કે તારા પપ્પા તને બોલાવીએ ત્યારે તારે બૂમ સાંભળીને તરત જ જવાબ આપવો જોઇએ અને આવવું પણ જોઇએ. બાળકો

પોતાનાં માતાપિતાની આજ્ઞા માને તે પ્રભુબાપ પણ ઇચ્છે છે."

બનુ રડતો રડતો કહેવા લાગ્યો, "મમ્મી, મને માફ કરો. હવે પછી હું તમારો હુકમ માનીશ." અને ખરેખર, બનુ બરોબર પાઠ શીખ્યો, હવે તે પોતાનાં મમ્મી બીજીવાર બોલાવે તેની રાહ જોતો નહિ. તે પોતાનાં માતપિતાને રાજી રાખવા માગતો હતો. તે પ્રભુપિતાને પણ રાજી રાખવા માગતો હતો.

વહાલાં બાળકો, તમારાં માતાપિતા કે દાદા-દાદીમા કે કોઇપણ મોટી વ્યક્તિ તમને જે કહે તે વિવેકપૂર્વક સાંભળવું જોઇએ. તમને કંઇ કરવાનું કહે તે પણ આનંદથી કરી આપવું જોઇએ. મને વખત નથી, આવું કરવાનું મને ગમતું નથી, મારે રમવા જવું છે, વગેરે બહાનાં બનાવી સામે જવાબ આપવા જોઇએ નહિ. ઘણાં બાળકોને આજ્ઞાંક્તિપણું શીખવાની ખૂબ જ જરૂર છે. કારણ કે ઘણીવાર મારા જોવામાં આવે છે કે બાળકો આજ્ઞા પાળતા નથી, પણ આ તો પ્રભુબાપની નજરમાં મોટું પાપ છે. પ્રભુબાપને નમ્રતાથી કહેજો કે તમને તે આજ્ઞાંક્તિ બાળકો બનાવે જેથી બધાં તમારા પર પ્રેમ રાખે, જરૂરથી આ બાબત પર વિચાર કરજો અને આજ્ઞાંક્તિ બનવાનો પ્રયત્ન કરજો. પ્રભુપિતા તમારી સહાય કરો.



# ૬૭ આધીનતા

"તમે પાપની દુર્વાસનાઓને આધીન ન થાઓ, એ માટે તમે તેને તમારા મર્ત્ય શરીરમાં રાજ કરવા ન દો...કારણ કે પાપ તમારા પર રાજ કરશે નહિ; કેમ કે તમે નિયમને આધીન નથી, પણ કૃપાને આધીન છો." રોમન ૬ : ૧૨, ૧૪.

આધીનતા કોઈને પણ ગમતી નથી અને તે એવી આધીનતા હોય કે જે આપણાં શરીર અને આત્માને ભીંસી નાખતી હોય તેવી આધીનતાથી છુટકારો મળે તો કેટલો બધો આનંદ થાય ! કેટલી બધી શાંતિ મળે !

પાપની આધીનતામાં રહેવાથી અનેક પ્રકારના દુર્ગુણોના ભોગ બની જવાય છે ! ચોરી, જૂઠ, છેતરપિંડી, અપ્રેમ, અનાજ્ઞાંકિતપણું આવાં અનેક પાપોથી ઘેરાયેલી વ્યક્તિ મનનો આનંદ, મનનો સંતોષ ગુમાવી દે છે. પરિણામે તે પાપના ભારે બોજ હેઠળ દબાઈ દબાઈને શરમથી માથું પણ ઊંચું કરી શકતી નથી ! આદમ અને હવાએ પાપ કર્યું ત્યારે જ તેમને પરમેશ્વરથી સંતાવાનો, ડરવાનો, ગભરાવાનો વિચાર આવ્યો ને ? તેથી જ ઉપરની કલમ જણાવે છે કે પાપની દુર્વાસનાને તમારા મર્ત્ય શરીરમાં રાજ કરવા ન દો.

જો પાપથી છૂટા થવાનો કયારે પણ પ્રયત્ન કરવામાં આવે નહિ તો જરૂર જાણજો કે પાપનું પરિણામ મરણ (સર્વનાશ) છે. પણ દેવનું કૃપાદાન અનંતજીવન છે. શું સ્વર્ગનું અનંતજીવન-પાપથી કાયમની મુક્તિ સ્વતંત્રતા ચાહો છો ? તો ફક્ત પ્રભુ ઈસુ જ તમને તે આપી શકે છે. પાપી વ્યક્તિને પાપથી મુક્ત કરવા અને સ્વર્ગના અનંતજીવનના ભાગીદાર બનાવવા ઈસુએ પોતાનું સંપૂર્ણ બલિદાન આપીને આપણાં પાપોની શિક્ષા પોતે ભોગવી અને આ ભોગ તે પાપી વ્યક્તિને પાપના ભારથી મુકત કરવા ભરેલી ખંડણી છે. નીચેની વાર્તાથી તમે સમજી શકશો.

એક શ્રીમંત માણસ જેને કશાની ખોટ નહોતી, તે એક દિવસ એક વેપારી પાસે કોઇ કામ અંગે ગયો. આ વેપારી ખૂબ જ દુષ્ટ અને ક્રૂર હતો. તેના ઘરમાં એક ગુલામ છોકરો હતો. જો કે વેપારી પાસે પુષ્કળ ધન અને ખોરાકનાં કોઠારો હતા છતાં પણ આ ક્રૂર વેપારી, ગુલામ છોકરાને લગભગ ભૂખે મારતો હતો અને તેની પાસે ગજા ઉપરાંતનું વૈતરું કરાવતો હતો. તે છોકરાનું નામ ફાઈડેલિસ હતું. શ્રીમંત માણસે આ છોકરો જોયો. તેનું નંખાઇ ગયેલું શરીર અને કરમાઇ ગયેલો ચહેરો જોઇને તેને છોકરા પર ખૂબ જ કરૂણા આવી. વેપારીને મોટી રકમ આપીને શ્રીમંત માણસે આ છોકરાને ખરીદી લીધો, અને તેને ગુલામીમાંથી મુક્ત કર્યો. આ તો સુંદર જુવાન હતો અને કામમાં ખૂબ પ્રમાણિક હતો પણ હદ ઉપરાંતના કામનો બોજો અને અપૂરતા ખોરાકને લીધે તેનું સૌંદર્ય કરમાઇ ગયું હતું. ખરીદી લીધા પછી છોકરાના નવા માલિકે તેને સંભાળથી ટેકો આપીને પોતાના ઘોડા પર બેસાડયો. રસ્તામાં તેની સાથે ખૂબ પ્રેમથી વાતો કરી. અને ઘરે પહોંચે તે પહેલાં તો ફાઈડેલિસને પોતાની સલામતીની ખાતરી થઇ અને જે માલિકે તેને ઊંચી કિંમત આપીને ખરીદી લીધો હતો તેના પર તેને ખૂબ જ પ્રેમ ઉત્પન્ન થયો.

ફાઈડેલિસને હવે પેટ ભરીને ખાવાનું મળતું હતું. તેને સારાં કપડાં મળ્યાં. રોજ નહાવાનું મળતું હતું. તેથી હવે તે બદલાઇને નવો જ ફાઈડેલિસ બની ગયો. તેને બહુ જ હળવું કામ સોંપવામાં આવ્યું હતું. બંગલાની આસપાસનું ચોગાન તેણે સાફ રાખવાનું હતું. ચોકી કરતા કૂતરાઓની દેખભાળ કરવાની હતી અને આગળના મોટા ઝાંપા પાસે જગા બનાવી હતી ત્યાં સુવાનું હતું જેથી કોઇ મુસાફરો રાત્રે આવે તો તેમને મદદરૂપ બની શકાય. ફાઈડેલિસ પોતાની ફરજ ખૂબ જ વિશ્વાસુપણે પણ પૂરા પ્રેમથી અદા કરતો હતો કારણ કે તેના માલિકે તેને દુષ્ટના હાથમાંથી મુક્ત કરીને તેને જણાવ્યું હતું કે તું મારો ગુલામ નથી. તું સ્વતંત્ર છે એટલું જ નહિ પણ તું મારો દીકરો છે.

આજ પ્રમાણે યોહાનની સુવાર્તા ૧ : ૧૨માં લખ્યું છે કે જેટલાંએ

તેનો (ઈસુનો) અંગીકાર કર્યો એટલે જેટલાં તેના (ઈસુના) નામ પર વિશ્વાસ કરે છે, તેટલાંને તેણે દેવનાં છોકરાં થવાનો અધિકાર આપ્યો.

દુષ્ટ શેતાનના કાવાદાવા, પ્રપંચો અને તેના પરીક્ષણોરૂપી અત્યાચારોથી તમને છોડાવવા આજે પણ પ્રભુ ઈસુનો પ્રેમી હાથ કૃપાથી ભરપૂર હાથ તમારી તરફ લંબાવેલો જ છે. તમે તેમના પર વિશ્વાસ કરીને તેમના હાથોમાં સંતાઈ જાઓ અને દુષ્ટ શેતાનથી બચી જાઓ. તમે પ્રભુ ઈસુને કહો, 'પ્રભુ ઈસુ, મારામાં જે જે શેતાની પાપો છે તે તમારા જ લોહીથી ધોવાઇ શકે છે. તેવો હું વિશ્વાસ કરું છું. આ સર્વ પાપો હું પૂરા વિશ્વાસ, પસ્તાવા સાથે કબૂલ કરું છું અને તમને જ મારા હૃદયમાં આવવા પ્રેમથી બોલાવું છું. મારા આખા જીવન પર તમારો જ અધિકાર રહે તેવી રીતે મારું અર્પણ તમને કરું છું. તમારો ખૂબ આભાર. આમેન. આટલી પ્રાર્થના હૃદયથી પ્રભુ ઈસુને તમે કરો અને તેમની શાંતિ તરત જ તમારા હૃદયનો કબજો લેશે. તમારામાં પ્રેમ, આનંદ, શાંતિ ઊભરાશે. પવિત્ર આત્મા તમારા હૃદયનો કબજો લેશે. અને હવે તમે તમારામાં કંઈક નવાપણું અનુભવશો. આજે જ માન્યકાળ છે. આજે જ તારણનો દિવસ છે તો ઢીલ કરશો નહિ. પ્રભુ ઈસુ હવે બહુ થોડા સમયમાં આવશે. કયારે તે આપણે જાણતાં નથી પણ જયારે તે આવે ત્યારે તમે તેમની નજરમાં યોગ્ય વ્યક્તિ દેખાઓ તો કેટલું સારું ! પ્રભુ તમારી સહાયતા કરો અને આ આઝાદીના માસમાં તમે સાચી રીતે આઝાદ બનો એ જ પ્રાર્થના.



# ૬૮ પાપમાંથી આઝાદી

મારી હૃદયપૂર્વકની પ્રાર્થના છે કે આ અશાંત દિવસોમાં તમે પ્રભુપિતાની કૃપાનો અનુભવ કર્યો હશે. આ દિવસોમાં હું એક અન્યધર્મી લતામાં એસ્તેર રાણીની વાર્તાનો અભ્યાસ પ્રભુને નહિ ઓળખનારાં બાળકોને કરાવી રહી છું. આખા એસ્તેરના પુસ્તકમાં ઈશ્વરનું નામ કયાંય નથી. છતાં પુસ્તકનો સમાવેશ બાઈબલમાં છે તે કેટલું અજાયબ જેવું છે. આખી વાર્તા આજ્ઞાંક્તિપણા વિષે શીખવે છે. તમે એસ્તરનું પુસ્તક બાઈબલમાંથી શોધો અને કઈ કઈ જગાએ કોણે કોણે આજ્ઞા આપી અને કોણે કોણે તેનું પ્રમાણિકપણે પાલન કર્યું તે શોધી કાઢશો તો તમને જણાશે કે જે વ્યક્તિ અનાજ્ઞાંક્તિ બની તેણે તેનું પરિણામ ભોગવવું પડયું, વાશ્તીરાણીના સંબંધમાં આમ બન્યું. પરંતુ મોર્દખાયે રાજાની આજ્ઞાનો અમલ કર્યો નહિ. આ આજ્ઞા એવી હતી કે હામાનને બધાંએ પગે પડવાનું હતું. મોર્દખાય યહૂદી હતો અને પરમેશ્વરની આજ્ઞા મુજબ તે કોઈપણ માણસને પગે લાગી શકે નહિ. અને આ તો પ્રભુપિતાની આજ્ઞા હતી તેથી મોર્દખાયે પ્રભુપિતાની આજ્ઞા પાળવાનું વધારે પસંદ કર્યું. જો કે તે પછી આખી પ્રજાને ઘણી મુશ્કેલ પરિસ્થિતિમાંથી પસાર થવું પડયું પણ છેવટે હામાનનો નાશ થયો અને એસ્તર અને મોર્દખાયનો વિજય થયો.

તમે પણ ખ્રિસ્તી બાળકો તરીકે કોઈને પગે લાગો છો ? આપણે સર્વ પ્રભુપિતાનાં બાળકો છીએ. આપણાથી મોટાને આપણે માનથી બોલાવીને તેમની આજ્ઞા પાળીને તેમની મર્યાદા જાળવીને તેમને માન આપી શકીએ પણ તેમને પગે લાગી શકીએ નહિ. જો તમે પ્રકટીકરણનું પુસ્તક ઉઘાડો અને તેના ૧૯માં અધ્યાયની ૧૦મી કલમ જોશો તો તમને સમજાશે કે આપણે દેવની આરાધના કરી શકીએ, તેમને પગે પડી શકીએ પણ માણસને તે પ્રમાણે કરી શકીએ નહિ. આમ, વડીલોને પગે લાગવાની પ્રથા બિનખ્રિસ્તી પ્રથા છે અને તે એક યા બીજા કારણે કોઈવાર ખ્રિસ્તી વ્યક્તિ પણ

અણસમજમાં અપનાવે છે. બધાં જ મનુષ્યો ઇશ્વરની કૃતિ તરીકે સરખાં જ છે અને ઉપર દર્શાવેલી કલમ પ્રમાણે માણસ માણસને પગે લાગી શકે નહિ.

હવે ફરી બીજી એક બાબત એસ્તેર રાણીના જીવનમાંથી જે શીખવાની મળે છે તે એ છે કે તેના લોકો (યહૂદીઓ) માટે તેને ખૂબ લાગણી અને પ્રીતિ છે. પોતે રાણીનો હોદ્દો પ્રાપ્ત કરીને પોતાના લોકો પ્રત્યે બેદરકાર બનતી નથી કે ઘમંડથી તેમને અવગણતી નથી. પોતાના લોકો ગુલામ અવસ્થામાં પોતાના જ રાજ્યમાં રહે તે તેનાથી સહન થતું નથી. પોતે એકસો સત્તાવીસ પ્રાંતો પર અમલ ધરાવતા રાજાની માનીતી રાણી છે અને જો પોતાના લોકોની મદદ કરશે તો કદાચ તેનું પણ રાણીપદ જતું રહેશે તેવી પણ દહેશત રાખતી નથી. જ્યારે દુષ્ટ હામાને યહૂદી પ્રજાનો સદંતર નાશ કરવાનું કાવતરું રાજાની સંમતિ લઇને યોજયું ત્યારે આ કાવતરાનો અમલ ન થાય માટે મોર્દખાયની આજ્ઞા તેણે આદરપૂર્વક સ્વીકારી અને રાજા પાસે આદરપૂર્વક આ કાવતરું નિષ્ફળ બનાવવામાં કટીબદ્ધ થઇ. ત્રણ રાતદિવસના ઉપવાસ દરમિયાન તેણે જરૂર પ્રભુપિતાને પણ કાલાવાલા સાથે વિનંતી કરી જ હશે. તેને પ્રભુપિતાએ હિંમત અને બુદ્ધિ આપ્યાં તેથી જ તે રાજાના નિયમની ઉપરવટ જઇને પણ રાજા પાસે ગઇ. પોતે તૈયાર કરેલી મિજબાનીમાં તેણે રાજાને તથા દુષ્ટ હામાનને પણ આમંત્રણ આપ્યું, બીજા દિવસની મિજબાનીને અંતે એસ્તરે હિંમતપૂર્વક રાજાને હામાને રચેલા કાવતરાની જાણ કરી. રાજા ખૂબ ગુસ્સે થયો અને હામાને મોર્દખાયને માટે જે ફાંસી તૈયાર કરી હતી તેની ઉપર હામાનને જ ફાંસીએ ચઢાવ્યો.

તે પછી રાજાએ સર્વ સત્તા મોર્દખાય તથા એસ્તરને આપી અને તેઓએ આ આખું કાવતરું નિષ્ફળ બનાવી યહૂદીઓને આઝાદ કર્યા. આમ દુષ્ટ પ્રપંચો ગમે તેટલા બળવાન હોય છતાં પણ પ્રભુપિતાનાં બાળકો તરીકે આપણને સ્વતંત્રતા છે. ઘણા જુવાનો પાન, તમાકુ, બીડી, સિગારેટ વગેરેની ગુલામીમાં સપડાય છે. આ વ્યસનો તજી દઇ પ્રભુની સાચી સ્વતંત્રતા પ્રાપ્ત

કરવી જોઇએ.

આ મહિનો આઝાદીના પર્વનો મહિનો છે.રાષ્ટ્ર આઝાદ થયાનો આપણને આનંદ છે, ઉમંગ છે, પણ જો આપણો આત્મા કોઇપણ પાપની ગુલામીના બંધનમાં હોય તો આવો જગિક આનંદ શા કામનો ?

ગમે તેવા પાપના બંધનમાંથી- વ્યસનની ગુલામીમાંથી જો કોઇ આપણને મુક્તિ આપી શકે તેમ હોય તો તે ફક્ત પ્રભુ ઇસુ જ છે. વધસ્તંભ પર તેમણે પોતાનું સંપૂર્ણ બલિદાન આપીને શેતાનને પગ તળે છુંદી નાખ્યો છે. તો વહાલાં બાળકો, અને જુવાન બાળકો, શેતાનની કોઇપણ ગુલામીના બંધનમાં રહેશો નહિ. આજે જ આ સર્વ બંધનો પ્રભુ ઇસુ પાસે ઠાલવી દો અને તમારા આત્માને શેતાની પંજામાથી સંપૂર્ણપણે મુક્ત કરી પ્રભુ ઇસુના પ્રેમી રક્ષણ નીચે આવી જાઓ, અને સંપૂર્ણ મુક્તિનો સાચો આનંદ પામી લો. રાષ્ટ્ર આઝાદ છે તેથી તમે આઝાદ છો પણ તમારા આત્માનું શું ? શું તે પ્રભુમાં આઝાદી ભોગવે છે કે હજી સુધી શેતાનનો દાસ છે ? આજે જ તમારા હૃદયો પ્રભુ પાસે ખુલ્લાં કરો અને પાપના બંધનથી મુક્ત થાઓ. પ્રભુ તમારી સહાયતા કરો. આઝાદી અમર રહો વ્યક્તિની અને આત્માની.



# ૬૯ માફી આપનાર ઈસુ

"તું મારી પાછળ આવ." યોહાન ૨૧ : ૨૨

આ વાકય કોણ અને કયારે બોલ્યું હતું તે જરા યાદ કરી લઇએ. અને તે તો પ્રભુ ઇસુ મૃત્યુમાંથી સજીવન થયા પછીના થોડા દહાડાનો સમય છે. પ્રભુ ઇસુ પોતે સજીવન થયા છે તેની ખાતરી કરાવવા માટે તેમણે જુદા જુદા સમયે પોતાની પર પ્રેમ કરનાર શિષ્યોને દર્શન આપી ખાતરી કરાવી. શિષ્યો કેટલા આનંદિત થયા હશે? તેમનામાં કેટલાં બધાં શાંતિ, આનંદ અને દિલાસો તથા હિંમત ઊભરાયા હશે! આ વિચાર અત્યારે પણ આપણને કેટલો આનંદ આપનારો બને છે? આ સમયે આપણે પિત્તરને યાદ કરી લઇએ અને આ પ્રસંગ સાથે તેના મનની સ્થિતિ વિચારી લઇએ.

તમને યાદ હશે કે પ્રભુ ઇસુને સિપાઇઓ ગેથસેમાને નામની વાડીમાંથી પકડીને પ્રમુખ યાજકની કચેરીમાં લઇ ગયા તે વખતે પિત્તર બહાર ચોકમાં બેઠો હતો. અંદરના ભાગમાં પ્રભુ ઇસુને જોરજોરથી થબડાકો પડતી હતી, મુક્કીઓનો અસહ્ય માર પડતો હતો, તેમના પર થુંકાતું હતું તે વખતે પિત્તર ઇસુને ઓળખે છે કે નહિ તે વિષે તેને પૂછવામાં આવ્યું ત્યારે, તેણે ત્રણ વાર ઇસુનો નકાર કરતાં કહ્યું કે, "હું તેને (ઇસુને) ઓળખતો નથી." મરઘો બોલ્યો, તરત જ પિત્તરને આગલા દિવસનો બનાવ યાદ આવ્યો, પ્રભુ ઇસુને જ્યારે પિત્તરે કહ્યું કે, "તમારી સાથે મારે મરવું પડે તો પણ હું તમારો નકાર નહિ જ કરીશ."

પિત્તરના મનની સ્થિતિ તમે વિચારી શકો છો? મરવું પડે તે સ્થિતિ આવે તે પહેલાં જ પિત્તર પ્રભુ ઇસુનો નકાર કરે છે. બાઇબલમાં લખ્યું છે કે, "તે વાત તેને યાદ આવી; અને બહાર જઇને તે ખૂબ રડયો. પિત્તરને જરૂર મનમાં થયું હશે કે આ અપરાધ ઇસુ તેને કદી પણ માફ કરશે નહિ.

કદાચ એમ પણ બન્યું હોય કે પ્રભુ ઇસુ ઊઠયા છે તે જાણીને તે વધારે શરમ અનુભવતો હશે.

હવે તો પિત્તરે મન સાથે નક્કી નિર્ણય બાંધી દીધો કે જો ઈસુ સજીવન થયા હશે તો તો તે મને હવે બોલાવશે નહિ કે સેવામાં રાખશે પણ નહિ.

ઘણાં માણસો પિત્તરના જેવા જ વિચારો કરીને સેવાકાર્યમાંથી પાછાં હઠી જાય છે.

પણ પ્રભુપિતા યશાયાના પુસ્તકમાં જણાવે છે કે, "મારા વિચારો તે તમારા વિચારો નથી, તેમ તમારા માર્ગો તે મારા માર્ગો નથી...જેમ આકાશો પૃથ્વીથી ઊંચાં છે તેમ મારા માર્ગો તમારા માર્ગોથી ને મારા વિચારો તમારા વિચારોથી ઊંચા છે." (યશાયા ૫૫ : ૮, ૯) પ્રભુ ઈસુનું સઘળું વલણ આજ પ્રકારનું છે. કારણ કે તે અને પ્રભુબાપ એક જ છે.

પિત્તર શરમાયો, બીધો, પોતાને અયોગ્ય માનવા લાગ્યો પણ તમે યોહાન ૨૧મો અધ્યાય વાંચશો તેમાં પ્રભુ ઈસુ જાતે તિબેરિયસને કાંઠે ખાસ પિત્તરને મળવા જાય છે. કારણ પિત્તર હવે મનથી માની બેઠો હતો કે હવે પ્રભુ તેને કદી પણ બોલાવશે નહિ. એટલે પિત્તર પોતાના સાથીદારોને કહે છે કે, "હું માછલા મારવા જાઉં છું." પોતાનો ચીલા ચાલુ ધંધો શરૂ કરવા માગે છે. તેના સાથીદારો પણ તેને કહે છે કે, "અમે પણ તારી સાથે આવીએ છીએ."

આખી રાત ખૂબ મહેનત કરી પણ એકેય માછલી પકડાઇ નહિ. તેઓ ખૂબ નિરાશ થયા. એ નિરાશા સર્વ જાણકાર પ્રભુ ઈસુના ધ્યાન બહાર નહોતી. બહુ વહેલી સવારે ઇસુ જાતે કિનારે આવીને ઊભા રહ્યા. તેમની ઓળખાણ શિષ્યોને પડી નહિ; પણ તેમના કહેવાથી તેઓએ જમણી તરફ જાળ નાખી. અને ચમત્કાર થયો. એકસો ત્રેપન મોટી માછલીઓથી જાળ ભરાઇ ગઇ.

વિશેષમાં શિષ્યોએ દરિયા કિનારે કોયલાનો દેવતા તથા તેના ઉપર મૂકેલી માછલી તથા રોટલી પણ દીઠાં. કેવું અજાયબ ! નિરાશ શિષ્યોને આનંદિત કર્યા. ભૂખ્યા તૃપ્ત કર્યા. ઈસુ ખ્રિસ્તનો એ જ પ્રેમ તેઓએ અનુભવ્યો.

પિત્તરના મનની નિરાશા, ભય, શરમ દૂર કરવા ખાસ તેની જ સાથે વાત કરીને તેને ત્રણ વાર પૂછયું કે, સિમોન, શું તું આ બધાં વાનાં કરતાં મારા ઉપર વધારે પ્રેમ રાખે છે ? અને ત્રણે વાર પિત્તરે કહ્યું, હા પ્રભુ, તમે સર્વ જાણો છો. હું તમારા પર પ્રેમ રાખું છું તે પણ તમે જ જાણો છો. અને પ્રભુ ઈસુએ તેને કહ્યું, "મારા ઘેટાંને પાળ" એટલે કે મારી મંડળીના લોકોનો પાળક થા. વળી પિત્તરને ઈસુએ આગળ એમ પણ કહ્યું કે, "તું મારી પાછળ આવ." અને તરત જ પિત્તરને પ્રેમથી પ્રભુસેવાના કાર્યમાં જોડી દીધો. હૃદયથી તેને માફી આપી. પિત્તરે માફી માગી નહિ છતાં પ્રભુનું પ્રેમાળ હૃદય તેને માફ કરવા તૈયાર હતું ! આવી મનની ઉદારતા પ્રભુ ઇચ્છે છે. કોઇએ આપણું થોડું અપમાન કર્યું તેનો બદલો વેરભાવથી નહિ પણ પ્રેમભાવથી લેવો જોઇએ. પોતાના સતાવનારાઓને, દુઃખ દેનારાઓને માટે સતત હૃદયમાં માફી સંઘરી રાખવી એ જ પ્રભુનું મન છે. અને પ્રભુ ચાહે છે કે તેમનાં મોટાં કે નાનાં બધાં બાળકો તેમની જેમ બીજાંઓને માફી આપતાં શીખે.

શું એવી કોઇ વ્યક્તિ છે કે જેને તમે માફી આપવા ઇચ્છતા નથી ? તો આજે જ પ્રભુ પિતા પાસે કૃપા માગો અને તે તમારી મદદ કરશે. પ્રભુ તમારી સહાયતા કરો. આમેન.



# ૭૦ ઈશ્વરપિતાની સહાયતા

તમને રોજબરોજની મળતી સુખાકારી પ્રભુ ઈસુ તરફથી જ મળે છે કારણ કે પ્રભુ ઈસુએ કહ્યું છે કે, જુઓ જગતના અંત સુધી હું સદા તમારી સાથે છું.

એક નાના છોકરાની વાત યાદ આવે છે. તેનું નામ હતું ચંદુ. બહુ નાનું નહિ અને બહુ મોટું નહિ તેવા રણભર નામના ગામમાં તે રહેતો હતો. તેના પપ્પા શાકભાજીનો મોટો વેપાર કરતા હતા, કારણ કે તેમની એક મોટી વાડી હતી. જેમાં જાતજાતના શાક થતાં હતાં. તે સમયમાં એસ. ટી. બસો બહુ જ થોડી હતી તેથી તેના ગામે તો બસ આવતી જ નહોતી. તેના પપ્પા પાસે ડમણિયું (નાનો ઘોડો જોડેલી ગાલ્લી) હતું. આ કારણથી થોડું અંતર કાપવું હોય તો ચંદુ, તેના મમ્મી માણેકબહેન તથા તેના પપ્પા રમણભાઇ ડમણિયામાં જતાં હતાં. ગામમાં કોઇ અચાનક ભારે માંદગીમાં સપડાયું હોય તો પણ રમણભાઇ દરદીને ડમણિયામાં નજીકના દવાખાને લઇ જતા હતા.

ચંદુ દરેક રજામાં તેનાં દાદા અને દાદીમાને ઘેર નાના ગામમાં જતો હતો. પરીક્ષાઓ પૂરી થઇ હતી અને ચંદુ બીજા નંબરે પાસ થયો હતો તેથી બહુ જ ખુશ હતો. તેનાં મમ્મી પણ ઘણાં ખુશ હતાં, ત્રણે જણ વહેલી સવારે ડમણિયામાં દાદાને ઘેર જવા નીકળ્યા, ઠંડો પહોર હતો એટલે ડમણિયાની સફર આનંદભરી લાગતી હતી.

એક ગામ પસાર થઇ ગયું. બીજું ગામ આવવાની તૈયારી હતી. ચંદુને ભૂખ લાગી હતી તેથી તેનાં મમ્મીએ ઘેરથી તૈયાર કરેલો નાસ્તો કાઢયો. રમણભાઇએ એક ઝાડ નીચે ડમણિયું થોભાવ્યું. ઘોડાને ચારો આપ્યો અને પછી ત્રણે જણ નાસ્તો કરવા બેઠા. થોડા આરામ બાદ પાછી મુસાફરી શરૂ કરી.

બાર વાગતાં પહેલાં તેઓ દાદાને ઘેર પહોંચી ગયા. ચંદુ તો કૂદકો મારીને ઊતર્યો અને દોડીને દાદાને ભેટી પડયો. દાદીમાને પણ વહાલથી ભેટયો. બધાંએ મળીને ખૂબ આનંદ કર્યો અને પ્રભુબાપનો આભાર માન્યો. ચંદુને તો દાદાના ખેતરમાં રમવાની બહુ જ મઝા પડતી હતી. દાદીમાએ બહુ બધાં મરઘાં પાળ્યાં હતાં, સુંદર મઝાની તંદુરસ્ત ભેંસ પાળી અને થોડાં સસલાં બાળકોને રમવા માટે પાળ્યાં હતાં. આ રજામાં ચંદુ એકલો જ રહેવાનો હતો. દાદીમાએ સરસ કેક બનાવ્યું હતું અને સ્વાદિષ્ટ રસોઇ તૈયાર કરી હતી. બધાંએ આરામ કર્યો. સાંજે ખેતરમાં ફર્યા. ચંદુના મમ્મીએ જરૂરની ચીજો લઇ લીધી. રાત્રે બધાં સાથે પ્રાર્થનામાં બેઠાં. ચંદુએ 'યહોવા મારો પાળક છે.' તે અધ્યાય મોઢે કર્યો હતો તે બોલી ગયો. એક નાની સરસ પ્રાર્થના કરાવી. પછી દાદાજીએ બાઇબલ વાંચ્યું. ચંદુએ બોલેલા અધ્યાયનું પહેલું વાકય "યહોવા મારો પાળક છે તેથી મને કશી ખોટ પડશે નહિ." તે બરોબર રીતે સમજાયું. ચંદુને આનંદ થયો કે પોતે ખૂબ સરસ વાકય મોઢે કર્યું હતું.

વહેલી સવારે ચંદુના મમ્મી પપ્પા પાછા રણભર જવા નીકળ્યાં. ચંદુ દાદા-દાદીમા પાસે રહ્યો.

જોતજોતામાં એક મહિનો પસાર થઇ ગયો. હવે ચંદુની રજા પણ પૂરી થવા આવી હતી. તેના દાદા પાસે કંઇ જ વાહન નહોતું તેથી ચંદુના પપ્પાને તેમણે સંદેશો મોકલ્યો કે ચંદુને લઇ જવા માટે ડમણિયું લઇને આવે. ત્યાંથી જવાબ આવ્યો કે તેના પપ્પાને તો ડમણિયું લઇને ખૂબ જરૂરના કામે બહારગામ થોડા દિવસ માટે જવાનું થયું છે તેથી ચંદુને ટ્રેઇનમાં બેસાડી દેવો અને રણભર સ્ટેશને તેનાં મમ્મી તેને લેવા આવશે.

સંદેશો સાંભળીને ચંદુ તો બહુ બીવા લાગ્યો. પણ તેના દાદાએ બાઇબલમાંથી એક વાકય તેની પાસે વંચાવ્યું. તે આ પ્રમાણે હતું, "જુઓ જગતના અંત સુધી હું સર્વકાળ તમારી સાથે છું." તેને ખૂબ શાંતિપૂર્વક સમજાવ્યું કે તું યાદ રાખજે કે તું જ્યાં હોઇશ ત્યાં પ્રભુ ઇસુ તારી સાથે જ

રહેશે. તે ગમે તે સમયે અને ગમે તે જગાએ તારી પાસે જ હોઇ શકે છે. તું કદી પણ એકલો હોઇશ નહિ પ્રભુ ઇસુ તારી સાથે હશે જ અને તારી સંભાળ લેશે જ. જરાપણ ગભરાઇશ નહિ.

બીજે દિવસે સવારે ચંદુ તૈયાર થયો. તેનાં દાદીમાએ તેને માટે રસ્તામાં ખાવા નાસ્તાનો ડબ્બો તૈયાર કર્યો અને તેની બેગમાં મૂકી આપ્યો.

જતાં પહેલાં ત્રણે જણ પ્રાર્થનામા નમ્યાં. દાદાજીએ ચંદુને પ્રભુપિતાની સંભાળમાં સોંપ્યો. દાદીમાએ પણ પ્રાર્થના કરાવી કે પ્રભુ ઇસુ ચંદુની સંભાળ રાખે અને તેને સહીસલામત ઘેર પહોંચાડે.

દાદીમાને મળીને ચંદુ ઘેર જવા નીકળ્યો તે કદી પણ ટ્રેઇનમાં બેઠો નહોતો તેથી બહુ જ ગભરાતો હતો. દાદાજી તેને સ્ટેશન પર લઇ ગયા. મોટું સ્ટેશન ચંદુ જોઇ જ રહ્યો. દાદાએ તેને એક સારા માણસ પાસે જગા કરી આપી. આ ભાઇ પણ રણભર જતા હતા તેથી ચંદુને પણ સારું લાગ્યું. દાદા ટ્રેઇન ઊપડવાની સીટી વાગી તેથી નીચે ઊતર્યા, ચંદુએ હાથ લંબાવીને તેમને આવજો કહ્યું. તેની આંખોમાં આંસુ ભરાઇ આવ્યાં. ગાડી ઉપડી અને હવે તો દાદા પણ દેખાતા નહોતા. પેલા ભાઇએ ચંદુને બારી પાસે બેસાડયો. ચંદુને તો ગાડીની બારીમાંથી બધું જોવાની બહુ જ મઝા પડી.

બપોર થવાનો વખત થયો તેથી પેલા ભાઇ જમવા માટે ડાઇનીંગ કારમાં ગયા. ચંદુ ડબ્બો ખોલીને નાસ્તો ખાવા લાગ્યો. ખાતો જાય અને દાદા દાદીમાને યાદ કરતો જાય.

નાસ્તો કર્યા પછી તેને તરસ લાગી તેથી તે નીચે ઊતર્યો પણ ભૂલા પડી જવાની બીકે પાછો ફર્યો. તેની બેસવાની જગા તે ભૂલી ગયો હતો. પણ કંડકટર બહુ જ સારા હતા તેમણે તેને તેની જગા પર બેસાડી દીધો. એટલામાં પેલા ભાઇ ચંદુ માટે પાણી લઇ આવ્યા હતા તે તેને આપ્યું. ચંદુને સમજાયું કે પ્રભુ ઇસુએ તેની મદદ કરી અને તેને સીટ શોધી આપી તથા પાણી પણ મેળવી આપ્યું. ચંદુએ પ્રભુ ઇસુનો ખૂબ આભાર માન્યો.

લગભગ અંધારું થવા આવ્યું હતું. જો કે ટ્રેઇનમાં લાઇટને લીધે ઘણો પ્રકાશ હતો. એટલામાં બધાં સ્ટેશન પર ઉતરવાની તૈયારી કરવા લાગ્યાં. પેલા ભાઇએ ચંદુને કહ્યું કે, હવે રણભર આવશે. તને કોઇ લેવા આવવાનું છે ? ચંદુએ કહ્યું, મારાં મમ્મી આવશે. ટ્રેઇન ઊભી રહી. પ્લેટફોર્મ પર ઊભા ઊભા માણેકબહેને ચંદુને બારીમાંથી જોઇ લીધો અને હાથ ઊંચો કર્યો. ગાડી ઊભી રહી અને તેમણે ચંદુની બેગ લઇ લીધી. ચંદુ પણ ખૂબ જ ખુશ થઇ ગયો. પેલા ભાઇનો પણ માણેકબહેને બહુ જ આભાર માન્યો.

ઘેર જતાં મમ્મીએ ચંદુને પૂછયું, ''ટ્રેઇનમાં તને કેવું લાગ્યું ? ચંદુએ કહ્યું, ''બહુ જ મઝા આવી, વળી એમ પણ કહ્યું કે મને જરૂર બીક લાગી હોત પણ દાદાજીએ કહ્યું હતું કે બધો જ વખત પ્રભુ ઇસુ તારી સાથે જ હશે અને તેથી મને ખૂબ આનંદ આવ્યો. વાતો કરતાં કરતાં તેઓ ઘેર પહોંચી ગયાં. મમ્મીએ કહ્યું, ચાલ ચંદુ, આપણે પ્રભુ ઇસુનો આભાર માનીએ કે તે તને સંભાળીને લઇ આવ્યા. ચંદુએ પણ ખૂબ આભાર માન્યો.

વહાલાં બાળકો, પ્રભુ ઇસુ તમારી પણ સાથે જ હોય છે. તમે સારું કરો ત્યારે તે ખુશ થાય છે, પણ તમે ખોટી રીતે વર્તો, જૂઠું બોલો, ચોરી કરો, કામમાં મદદ ના કરો, અભ્યાસ બરોબર ના કરો તે બધું જ જુએ છે. તે વખતે તેમની નજરમાં ઠપકો હોય છે. દુઃખ હોય છે. તો હવેથી પ્રભુ ઇસુ તમારી સાથે જ છે એ બાબત કાયમ માટે યાદ રાખશો તો તમને ઘણો આનંદ, સંતોષ અને સુખ મળશે. પ્રભુપિતા તમારી સહાયતા કરો.



# ૭૧ મારા હૃદયની ભેટો

નાતાલ પર તમને ભેટો મળી હશે ખરું ને ? મોટા ભાગની ભેટો જે તમને નાતાલના સમય પર પ્રાપ્ત થઇ હશે, તે તમે હાથમાં લીધી હશે. થોડા સમય માટે તે માણી હશે અને પછી તે ભુલાઇ જાય તે સ્વાભાવિક છે, તે કાયમ માટે ટકતી નથી. પરંતુ બીજી જાતની પણ ભેટો હોઇ શકે, જે ભેટો આપણે આપી શકીએ અને વળી આખા વર્ષ દરમિયાન આપી શકીએ. તેમાંની કેટલીક તો ભારે કિંમતની હોય છે. કેટલીક ભેટો તો એવી શક્તિ ધરાવે છે કે તે સર્વકાળ માટે આપણાં જીવનો બદલી શકે છે. તે ભેટો તો આપણી કૌટુંબિક ભેટો હોય છે, તે હૃદયપૂર્વક આપેલી હોય છે અને તે ભેટો સ્વીકારવા જેવી જ હોય છે, જે કાયમને માટે ટકી રહી શકે છે.

આ ભેટો કઇ છે ? કેટલીક ભેટો આ રહી. બીજી આવી જ ભેટો વિષે તમે વિચારી શકો છો. નીચે પ્રમાણે આ ભેટો છે, જે આપણે આપી શકીએ છીએ.

- આપણો પ્રેમ, જેને કોઇ રીબન કે દોરી બાંધી હોતી નથી, જે પ્રેમ જણાવતો હોય છે કે, "ગમે તે પરિસ્થિતિમાં હું તમારા પર પ્રેમ કરી શકું છું."
- સાંભળતો કાન અને સમજપૂર્વકનું હૃદય - જે દરેક પ્રશ્ન ઉકેલી શકે છે.
- દરેક વાંકગુના માટે આપણે બિનશરતી માફી આપી શકીએ છીએ.
- વિવેક જે આપણે આપણા મિત્રો પ્રત્યે દર્શાવી શકીએ છીએ.
- હકારાત્મક શબ્દો અને પ્રોત્સાહન જેની જરૂર દરેકને હોય છે.
- રમત સમજાવતો સમય. આ સમય દરમિયાન આપણા કુટુંબમાં જે અને જેટલા હાજર હોય તેમને આનંદ અને મઝા આપી શકીએ.

**વિશ્વાસ :** દરેક વ્યકિત સમજી શકે કે આપણે તેમનામાં વિશ્વાસ રાખી શકીએ છીએ અને તેમના વિષે સમજી શકીએ છીએ કે તેઓ માટે ભાગે સારી જ બાબતો કરી શકે છે, તેઓ ભૂલ કરતા હોય તો પણ.

**પ્રભુ પ્રત્યેનો સીધી સમજપૂર્વકનો આત્મા :** જેઓ મધ્યે આપણે કામ કરતા હોઈએ કે રહેતા હોઈએ તેમને આપણે પ્રેમપૂર્વક મદદ કરીને દર્શાવી શકીએ કે આપણે તેમના પર પ્રેમ કરીએ છીએ.

**પ્રભુમય જીવનનું વલણ :** જેનો અર્થ એ થાય છે કે પ્રભુ ઈસુને આપણામાં તેમનું જીવન જીવવા દઈએ અને આપણી મારફતે તેમનું જીવન પ્રગટ થવા દઈએ.

**પ્રાર્થનાવાદી હૃદય :** આપણે પ્રાર્થના કરીએ ત્યારે આપણા કુટુંબની દરેક વ્યક્તિ સાંભળી શકે કે આપણે દરેકનું નામ લઈને તેમને માટે પ્રાર્થના કરીએ છીએ અને પ્રભુ પિતા તે સાંભળે છે અને આ પ્રમાણે આપણે દરરોજ કરવાનો આગ્રહ રાખીએ.

જો આ પ્રમાણેનું લીસ્ટ બનાવીને આપણે નવા વર્ષમાં આખા વર્ષ દરમિયાન એવી જગાઓમાં મૂકીએ અને તે માટે પ્રાર્થના કરતા રહીએ તો પ્રભુ પિતા તેમના ધારેલા સમયે આપણે માટે તેમને અજાયબ જેવી રીતે વાપરશે અને આપણે આપણી આંખોથી જોઈશું. અને તેમને મહિમા આપીશું.

ઈશ્વરપિતા તમ પ્રત્યેકને આશીર્વાદ આપો અને નવા વર્ષમાં હંમેશા તેમના પ્રેમના ભાગીદાર બનાવતા રહો. આમેન.



# ૭૨ "ટાઈટેનીક"

૧૯૧૨ના એપ્રિલની ૧૫મી તારીખે એક ભયંકર બનાવ બન્યો. આખી દુનિયા પર સન્નાટો ફેલાઇ ગયો, ત્યારે તો મારો પણ જન્મ થયો નહોતો થયો. તે સમયમાં મોટાં વાહનો, ટ્રેઇનો, એરોપ્લેઇનો, સ્ટીમરો બન્યા જ નહોતા.

મોટે ભાગે માણસો પણ પગે ચાલીને અથવા પ્રાણી જેવા કે ઘોડા, ગધેડા વગેરે પર બેસીને નીકળતા.

તે સમયે અમુક માણસોએ ભેગા થઇ એક સ્ટીમર બનાવી. આ સ્ટીમર અંગે તેઓએ એવી ખાતરી આપી કે આ સ્ટીમરનું એવું બાંધકામ છે કે કોઇ પણ સંજોગોમાં તેને કંઇ પણ નુકસાન થઇ શકશે નહિં, કોઇપણ સંજોગોમાં તે ડૂબી તો જશે જ નહિ.

આ પ્રમાણે સ્ટીમર વિષે ઘણી બાંહેધરી મેળવ્યા બાદ લગભગ ૧૫૦૦ જેટલા માણસો (પુરૂષો અને સ્ત્રીઓ મળીને) સ્ટીમરની સફર કરવા તૈયાર થયાં. સ્ટીમર ચલાવનાર માણસ પણ બાહોશ માણસ હતો. આ સ્ટીમરનું નામ ટાઇટેનીક હતું.

બધાં મુસાફરો તેમાં હોંસભેર સમાયા, સ્ટીમર ચાલુ થઇ. તેની ઝડપ પણ ઘણી સારી હતી. બધા મુસાફરો તો ખુશી ખુશી થઇ ગયા હતા.

વહાણમાં મોટી જગા હતી, જેમાં ઘણું બધું સાચવી રખાયું હતું. કેટલીક પેટીઓ એવી હતી કે તેમાં સોનાના સિક્કા જ હતા.

એટલામાં આ અગિયાર માળવાળી સ્ટીમર અચાનક એક ધડાકા સાથે ડૂબવા લાગી, તે જેની સાથે અથડાઇ, તે તો એક મોટો જંગી બરફનો પહાડ

જે દરિયામાં હતો, તેની સાથે અથડાઇ. ૩ કલાકમાં તો ટાઇટેનીક નીચે પાણીમાં ઊતરવા લાગી અને છેક જ ડૂબી ગઇ. ૧૫૦૦ માણસોનો કચ્ચરઘાણ વળી ગયો. ત્રણેક કલાકમાં તો ટાઇટેનીક હતી નહોતી થઇ ગઇ.

સ્ટીમરની અંદરના ભાગમાં કેટલીક પેટીઓ સાચવીને મૂકાઇ હતી પરંતુ ત્યાં કંઇક ખખડાટ થતો સંભળાતા કેપ્ટન ત્યાં ગયા તો એક છોકરો સોનાના સિક્કા ભેગા કરી રહ્યો હતો. કેપ્ટને તેને હુકમ કર્યો કે એકદમ અહીંથી ચાલ્યો જા અને તારો જીવ બચાવ.

પરંતુ તે જુવાને કહ્યું, "આ સોનાના સિક્કા હું છોડી શકતો નથી. મેં મારું આટલે સુધીનું જીવન એક ગરીબ માણસ તરીકે જ વિતાવ્યું છે. આ સિક્કા સોનાના છે અને તે છોડવા હું માગતો નથી. હવેથી હું એક ધનવાન માણસ તરીકે જીવવા માગું છું. ધનવાન માણસ તરીકે જ મરીશ." તેણે તો સિક્કાની પેટી બરોબર ઉઘાડવા માંડી અને સોનાના સિક્કા જેટલા હાથમાં આવે તેટલા ભેગા કરવા લાગ્યો.

કેપ્ટન ઘણી મહેનત છતાં જુવાનનું મન બદલી શકયો નહિ. છોકરો તો સ્ટીમરમાં જ રહ્યો. ઘણી મથામણ પછી કેપ્ટન નાછૂટકે સ્ટીમરમાંથી બહાર નીકળવા ચાલી પડયા પરંતુ છોકરો તો સિક્કા ભેગા કરવામાં જ તલ્લીન હતો તેણે કેટલાય સિક્કા ભેગા કર્યા અને માંડ માંડ સ્ટીમરને તળિયે પહોંચી ગયો પરંતુ સિક્કાનું વજન એટલું બધું હતું કે તે પોતાનું જીવન બચાવવા રહી શકયો નહિ.

બાળકો, આ તો પૈસા પરનો કેટલો બધો મોહ કહેવાય ! તેને એમ પણ ના થયું કે કેપ્ટને જણાવ્યું તે પ્રમાણે સ્ટીમર ડૂબવા પર જ છે અને કેપ્ટન જાતે જ કંટાળીને સ્ટીમર છોડી ગયા છે. છેવટે છોકરો પણ પોતાના સિક્કા સાથે સ્ટીમરમાં જ ખલાસ થઇ ગયો હશે, તે ફરીથી બહાર નીકળી શકે તેમ


હતું જ નહિ.

વહાલાં બાળકો, આપણે સમજી શકીએ છીએ કે આપણને પૈસાની જરૂર હોય છે જ. કપડાં, ઘર, ખાવાનું, જે કામ કરતા હોઈએ તે અંગેની જરૂરિયાત. આમ છતાં પૈસાનો કે સોનાનો એવો મોહ હોવો જોઇએ નહિ કે આપણાં જીવને હાનિ થાય અને સદાકાળ માટે દુનિયા છોડીને જવું પડે.

આપણું હંમેશ ટકે તેવું સ્થળ પૃથ્વી ઉપર છે જ નહિ પરંતુ હંમેશ ટકનારું સ્થળ તો સ્વર્ગમાં જ છે. જ્યાં સંપૂર્ણ સુખ, શાંતિ અને આપણા આત્માની પૂરી સલામતી છે ત્યાં તો આપણા તારનારનું શાંતિભર્યું મુખ જોઇને જ ખુશ થઇ જવાશે.

ઘણા એવા લોકો છે જેઓ ધન-દોલત પામવા સારુ પોતાના જીવનનો પણ ભોગ આપે છે.

આપણું પવિત્ર શાસ્ત્ર એવું શીખવે છે કે, જેઓ પોતાનાં ધન પર ભરોસો રાખે અને પોતાના પુષ્કળ દ્રવ્યનું અભિમાન કરે છે, તેઓમાંનો કોઇ પોતાના ભાઇને કોઇ પણ રીતે છોડાવી શકતો નથી અથવા તેના બદલામાં દેવને ખંડણી આપી શકતો નથી. ગી. શા. ૪૯ : ૬, ૭.



# ૭૩ માર્ટીન લ્યુથર-૧

પ્રભુ ઈસુએ કહ્યું, "બહુ નાનાઓમાંથી એકને તમે તે કર્યું એટલે તે મને કર્યું." (માથ્થી ૨૫ : ૪૦)

"કેમ કે રડતાં ગરીબોને તથા તદ્દન નિરાશ્રિત અનાથોને પણ હું (દુઃખમાંથી) મુક્ત કરતો." (અયુબ ૨૯ : ૧૨)

ખ્રિસ્ત ઈસુમાં વહાલાં બાળકો,

તમે કૃપાળુ ઈશ્વરપિતાના સંપૂર્ણ રક્ષણ હેઠળ સહુ સંપૂર્ણ સુખરૂપ હશો અને કપરા સંજોગોમાં પણ આપણા કૃપાળુ તારનાર પ્રભુ ઈસુને માન, મહિમા અને ગૌરવ આપતા રહેતા હશો, એ જ તમારા સર્વ પ્રત્યેના મારા વિશ્વાસ, પ્રેમ અને આશા છે, જે દયાળુ પિતા પૂર્ણ કરો. આમેન.

નીચે પ્રમાણેની વાર્તા તમારાં આત્મિક જીવનને ઉત્તેજન અને પ્રભુ પિતાની આપણ સર્વ માટેની સંપૂર્ણ કાળજીની ખાતરી કરાવે છે અને તે વાંચીને તમે પણ આશીર્વાદિત બનશો જ.

તે સમયે રાત્રી દરમિયાન ઋતુ ખૂબ જ ઠંડી હતી અને ભારે તોફાની પવનના ઝપાટાનો અનુભવ સર્વને થઈ રહ્યો હતો.

આ ઠંડા સમયે પાસેના ગામમાંથી બાર જેટલા વર્ષનો એક છોકરો પોતાની વાંસળીમાંથી મીઠા સૂરો આજુબાજુનાને સંભળાવતો આ શહેર જોવા એક ગામમાં આવી ચઢયો હતો.

આ આખો વિસ્તાર એક મોટો ગ્રામ્ય વિસ્તાર હતો અને તે વિસ્તારમાં એક નાનું ખ્રિસ્તી કુટુંબ રહેતું હતું. આ કુટુંબની મુખ્ય વ્યક્તિ કોટવાલભાઈ હતા. તેમની સાથે તેમનાં પત્ની ઉરસુલાબહેન હતાં. થોડીવાર પર જ રાત્રીનું સામાન્ય ભોજન પતાવી તેઓ ઓરડીમાં બેઠાં હતાં. કોટવાલભાઈને સિતાર વગાડવાનો ભારે શોખ હતો અને રાત્રીના સમયે બન્ને પતિ-પત્ની સઘળું નાનું મોટું કામકાજ પરવારી સિતારના સૂરો માણી રહ્યા હતા.

પેલો નાનો છોકરો પોતાની વાંસળીમાં જેવા આવડે તેવા સૂરો વગાડી આનંદ માણતો અને કંઇ મળે તેની આશાથી આગળ વધી રહ્યો હતો. થોડીવારમાં તે આ ખ્રિસ્તી ઘર કુટુંબના ઘર પાસે આવી ચઢયો. કોટવાલભાઇ પોતાની વાંસળીના મધુર સૂરો આસપાસના વાતાવરણમાં ફેલાવી રહ્યા હતા. છોકરો આ સૂરો સાથે પોતાની વાંસળીના સૂરો મેળવવાનો પ્રયત્ન કરી રહ્યો હતો પણ સિતારવાદકની સિતારના સૂરોનો મીઠો અને પ્રેમી અવાજ તેના કાને પડતા જ તેણે પોતાની સિતાર પોતાની થેલીમાં મૂકી દીધી. અને સિતારવાદકની વાંસળીના સૂરો સાંભળી નિષ્ઠાથી આ સૂરોને માણવા લાગ્યો. તેની નજરે આ નાના ઘરમાંના દીવાનો પ્રકાશ દેખાયો. તેને મનમાં થયું કે આ એક જ ઘર છે, જેમાં મને કદાચ આશરો મળી શકે.

આ ઘર સિતારવાદક કોટવાલભાઇનું જ હતું. છોકરાએ દરવાજાની નાની ફાટમાંથી જોયું કે નાનું ઘર છે, તેમાં દીવાનો પ્રકાશ છે, એક ભાઇ સિતાર વગાડી રહ્યા છે અને પાસે બેઠેલાં બહેન સૂરોનો અવાજ માણી રહ્યા છે.

છોકરાને વિચાર આવ્યો કે આટલી મોટી જગામાં ફક્ત આટલું એક જ ઘર છે, જેમાં તેને આશરો મળી શકે. પરંતુ વ્યક્તિઓમાંથી એકનું પણ ધ્યાન આ છોકરા તરફ ગયું નહોતું.

અચાનક સિતારવાદક કોટવાલભાઇને ઘરની બહાર કોઇ દરવાજો ખખડાવતું હોય તેવો અવાજ સંભળાયો. કોટવાલભાઇ તરત જ ઊભા થયા, દરવાજો ખોલ્યો અને તેમની નજરે વાંસળી વગાડતો છોકરો દેખાયો. રાત ઘણી જ ઠંડી હતી અને અંધકાર પૂરેપૂરો છવાઇ ગયો હતો, તેથી કોટવાલભાઇએ છોકરાને અંદર બાલાવ્યો. તેમણે જોયું કે છોકરો ચિંથરાહાલ હતો અને ભારે ઠંડીને પરિણામે ધ્રૂજી રહ્યો હતો. તેમને સહજ વિચાર આવ્યો કે કદાચ તે ભૂખ્યો પણ હશે, કારણ તે થાકીને લોથપોથ થઇ ગયો હતો. ભાઇએ તેને બેસાડયો.

કોટવાલભાઇનાં પત્નીને પણ આ છોકરા પ્રત્યે દયા ઉપજી, તેથી તે

જલદીથી રસોડામાં તેને માટે કંઇ ખોરાક તૈયાર કરવા માટે ગયાં.

પરંતુ અરેરે ! છોકરા માટે કંઇ ખોરાક તૈયાર થાય તે પહેલાં તો તે છોકરો થાક અને ભૂખથી બેભાન અવસ્થામાં નીચે ભોંય પર ઢળી પડયો.

બન્ને પતિ-પત્ની જલદીથી તેની ચાકરી કરી તેને ભાનમાં લાવવા પ્રયત્નો કરવા લાવ્યા. તેમની થોડી મહેનત બાદ છોકરો ભાનમાં આવવા લાગ્યો.

તરત જ કોટવાલભાઇ દોડીને જલદીથી પાણી લઇ આવ્યા અને પાસે જ મોં ધોવાની ચોકડી હતી, તેમાં તેને હાથ મોં ધોઇ આપ્યું અને સામાન્ય કપડાનાં ટુકડા વડે તેને સરસ રીતે સાફ કર્યો. પોતાની પાસે જૂનું ગંજી હતું અને કોઇ છોકરાની એક ચડ્ડી તેમની પાસે પડી રહી હતી તે તેને પહેરાવ્યા. હવે છોકરો થોડો સ્વસ્થ અને ચોખ્ખો લાગ્યો.

ઉરસુલ્લાબહેન છોકરા માટે જલદીથી ખોરાક તૈયાર કરી લાવ્યાં અને તેને જમવા બેસાડયો. તે બરોબર સ્વસ્થ થાય, તેથી પ્રથમ તેને શાકભાજીનું સુપ પીવડાવ્યું. હવે છોકરો વધારે સ્વસ્થ બન્યો, તેમ જ તેણે થોડું શાક અને રોટલી પણ ખાધાં.

તેઓએ તેને માટે પથારી કરી રાખી હતી, તે પર તેને સૂઇ જવા કહ્યું. તે પહેલાં તેમણે પ્રભુ ઇસુએ શીખવેલી પ્રાર્થના કરવી શરૂ કરી અને છોકરો પણ પોતાના ભાંગ્યા તૂટયા શબ્દોમાં બોલવા લાગ્યો. તે પછી તે તેમ જ કોટવાલ કુટુંબ પણ ઊંઘી ગયાં.

બીજે દિવસે તેઓ છોકરા સાથે વાત કરવા લાગ્યા ત્યારે તેમણે જાણ્યું કે તેની પાસે વાજિંત્ર છે અને તે વગાડી શકે છે તેમ જ ગાઇ પણ શકે છે અને તેથી તે આજ લગી પોતાને માટે કંઇ ખોરાક મેળવી શકતો હતો અને પોતાનું ગુજરાન ચલાવી શકતો હતો.

બન્ને પતિ-પત્નીને તે છોકરો ઉપયોગી અને સારો તેમ જ વિવેકી પણ જણાયો, તેથી તેઓ તેને માટે ખાસ પ્રાર્થનાઓ કરવા લાગ્યા.

છેવટે તેઓએ આ છોકરાને દત્તક લેવા વિચાર્યું કારણ ક તેઓને કંઇ સંતાન હતું નંહિ.

તેને શાળામાં દાખલ કરાવ્યો અને અમુક સમય પછી તેને ખ્રિસ્તી ધર્મનું શિક્ષણ અપાવવા માટે શાળામાં દાખલ કરાવ્યો ત્યારે તેમને ભાગ્યે જ ખબર હતી કે તેઓ એક મહાન ધાર્મિક ખ્રિસ્તી યોદ્ધાને સ્વીકારીને તેને પ્રભુના માર્ગમાં રોજબરોજ વધવાની તાલીમ અપાવી રહ્યાં છે.

આગળ વધીને આ છોકરો બીજો કોઇ નહિ પરંતુ પ્રખ્યાત વ્યક્તિ માર્ટીન લ્યુથર જ બન્યો.

વહાલાં બાળકો, તમે પણ પ્રભુપિતાની મદદ માગીને તેમના માર્ગમાં જ ચાલવાની અને રહેવાની ઇંતેજારી રાખશો તો પ્રભુપિતા તમને પણ તેમના માર્ગમાં ટકાવી રાખશે અને તમને ઉપયોગી તેવી આશીર્વાદિત વ્યક્તિઓ બનવા તેમના મહિમાને અર્થે તમને વાપરશે. પ્રભુપિતા આ કૃપા તમને પૂરી પાડી તમને ઉપયોગી બનવા સહાયતા કરો. આમેન.



# ૭૪ તારે વાસ્તે મારી કૃપા બસ છે

"અને તેમણે (પ્રભુ ઈસુએ) મને કહ્યું "તારે વાસ્તે મારી કૃપા બસ છે, કેમ કે મારું સામર્થ્ય નિર્બળતામાં સંપૂર્ણ થાય છે." ૨ કરિંથી ૧૨ : ૯ અ

આ વાકયમાં 'ઈશ્વરના શબ્દ 'મારી કૃપા' આ બે શબ્દો જાણે ત્રણ બાબતો તરફ આપણું ધ્યાન ખેંચે છે. આ ત્રણ શબ્દો પણ પ્રભુ ઈસુના જ શબ્દો છે. (૧) મારી શાંતિ (યોહાન ૧૫ : ૧૧), (૨) મારો આનંદ (યોહાન ૧૫ : ૧૧), (૩) મારી કૃપા (૨ કરિંથી ૧૨ : ૯)

આ ૩ સુગંધીઓ પ્રભુના જ શબ્દો છે. સુગંધીઓ શા માટે લાગે છે? કારણ કે આ ત્રણ બાબતો આપણા મહાન તારનારના જ મુખથી બોલાયેલા શબ્દો છે. શિષ્યો ખૂબ નિરાશ અને હતાશ હતા કારણ કે પ્રભુ ઈસુએ તેમને જણાવ્યું હતું કે તેમને વધસ્તંભ પર જડવામાં આવશે.

બાળકો, આ વખતે હું વાર્તાના રૂપમાં લખવા માગતી નથી કારણ કે વાર્તા તે વાર્તા જ બની રહે છે પરંતુ આજનો સંદેશો પ્રભુ ઈસુ જાતે શું કહે છે તે આપણે જાણીએ તે ખૂબ જરૂરનું છે. યોહાનની સુવાર્તા અધ્યાય ૧૪ની ૨૭મી કલમમાં પ્રભુ ઈસુના જ શબ્દો વાંચો, "હું તમને શાંતિ આપીને જાઉં છું, મારી શાંતિ હું તમને આપું છું, જેમ જગત આપે છે, તેમ હું તમને આપતો નથી." તમારાં હૃદયોને વ્યાકુળ (દુ:ખી) થવા ન દો અને બીવા પણ ન દો. બાળકો, પ્રભુ ઈસુ કેટલા પ્રેમથી આ બધું જણાવે છે? ફક્ત શિષ્યોને જ નહિ, પરંતુ બાઈબલ મારફતે આપણને પણ જણાવે છે. કલમ ૨૮મી જુઓ "હું જાઉં છું ને તમારી પાસે પાછો આવું છું, એમ મેં તમને કહ્યું તે તમે સાંભળ્યું છે. જો તમે મારા પર પ્રેમ રાખતા હોત, તો હું બાપની પાસે જાઉં છું, એથી તમને આનંદ થાત, કેમ કે મારા કરતાં બાપ મોટો છે.' કલમ ૨૮માં જણાવે છે કે, હું જાઉં છું ને તમારી પાસે પાછો આવું છું, એટલે કે પ્રભુ ઈસુ વધસ્તંભ પર જડાયેલા જ રહેવાના નહોતા. તેમના મૃત શરીરને તે

સંપૂર્ણ રીતે મરી ગયું પછી વધસ્તંભ પરથી ઊતારી લીધું અને કબરમાં મૂકયું, પરંતુ પ્રભુ ઈસુ સજીવન થયા અને તે આજે પણ જીવે છે અને ફરીથી જેઓ પૃથ્વી પર બાકી હશે, તેઓને લેવા માટે આવશે. આ આખી યોજના પ્રભુપિતાની છે કે પ્રભુ ઈસુ આજે પણ જીવંત છે, તેવો વિશ્વાસ તમે કરો.

હવે છેલ્લી અને ત્રીજી બાબત પર થોડો વિચાર કરી તે સમજવાનો પ્રયત્ન કરીએ. આ ત્રીજી વાત તે 'મારી કૃપા' છે, જે પ્રભુ આપણને આપવા માગે છે. પ્રભુ ઈસુ તેમની 'કૃપા' વિષે આપણને ઘણું શીખવવા માગે છે. તે પૃથ્વી પર કૃપા અને શાંતિ લાવવા માટે જ આવ્યા. જુઓ યોહાનની સુવાર્તા ૧ : ૧૬માં આપણે વાંચીએ છીએ કે 'તેમની સંપૂર્ણતા'માં ઈસુ આ દુનિયા પર આવ્યા કે જેથી તેમની સંપૂર્ણતામાં આપણે રહી શકીએ, જેથી આ સંપૂર્ણતા તેમની કૃપાથી આપણે મેળવી શકીએ.

જે શિષ્ય આ લખી રહ્યા છે, તે પુરવાર કરે છે કે પોતે અને બીજા બધા પ્રભુ ઈસુના શિષ્યો પ્રભુનું સંપૂર્ણપણું બરોબર રીતે પામી શકે અને આ સંપૂર્ણતા તેમની કૃપા મળે તો જ સારી રીતે પામી શકાય. શિષ્યો તરીકે તેઓ પ્રભુની કૃપાનો સંપૂર્ણ અનુભવ મેળવી શકયા અને આ સંપૂર્ણતા કયારે મળી શકે ? જાણો છો ? તેમની કૃપાથી જ. આ શિષ્ય સાક્ષી આપે છે કે તે બધા શિષ્યોને પ્રભુ ઈસુના મહિમા દ્વારા જ કૃપા પ્રાપ્ત થઈ અને તે બે જ સુંદર શબ્દોમાં જણાવે છે કે આ કૃપા તેમની દયા અને સત્ય મારફતે જ મળી શકે છે. અને આ બધી બાબતો તમે સુંદર રીતે સમજવાનો પ્રયત્ન કરશો અને પ્રભુની કૃપા અને તેમની સંપૂર્ણતા શું છે અને કેવી રીતે મળી શકે તો તે તમને જરૂરથી મળશે જ. પ્રભુની કૃપા જો આપણે સમજીને માણી શકીએ તો તેમનો મહિમા અનુભવવાને શક્તિમાન બનીએ અને આજ તેમની મહાન કૃપા આપણે માટે છે.

# ૭૫ સઘળું હિતકારક, ક્યારે ?

"આપણે જાણીએ છીએ કે જેઓ દેવના ઉપર પ્રેમ રાખે છે, જેઓ તેના સંકલ્પ પ્રમાણે તેડાયેલાં છે, તેઓને એકંદરે સઘળું હિતકારક નીવડે છે." રોમનોને પત્ર ૮ : ૨૮.

આફ્રિકાના એક નવા તારણ પામેલા ભાઇએ પ્રાર્થનામાં એવી માગણી કરી કે "હે પ્રભુ, મને તમારી સોયમાં દોરા તરીકે પરોવી લો."

આ ભાઇની પ્રાર્થના સાંભળી ત્યાં બેઠેલા મિશનરીભાઇ વિચારમાં પડયા. તે ભાઇએ આ માગણી કેવા હેતુથી કરી તે વિષે મિશનેરીભાઇએ નવા વિશ્વાસીભાઇને આ પ્રકારની માગણીનો ભાવાર્થ પૂછયો. નવા વિશ્વાસી ભાઇએ કહ્યું કે "ગઇ કાલે હું એક મિશનશાળાની મુલાકાતે ગયો હતો ત્યાં કન્યાઓ સીવણકામ કરી રહી હતી. મેં જોયું કે જે દિશામાં જે રીતે સોય દોરાને દોરતી હતી તે જ રીતે દોરો પણ જતો જ હતો, તેથી મને આ જાતની પ્રાર્થના કરવાની પ્રેરણા મળી. મેં પ્રભુપિતાને કહ્યું, "પિતાજી, તમે સોય છો. હું દોરો છું. મને તમારી પાછળ દોરતા શીખવો. તમારી સોય એટલે તમારામાં જ મને પરોવી લો."

જ્યાં સુધી દોરો એકલો છે ત્યાં સુધી તે કંઇ કામ આપતો નથી. પરંતુ સોયમાં પરોવાતા જ તે કામ આપતો થઇ જાય છે. આ દોરો સોયની આધીનતામાં રહીને જ કામ કરી શકશે, નહિ તો નકામો બની જશે.

આપણે જો વિચારીએ તો આપણે પણ દોરા જેવા જ નકામા છીએ પરંતુ પ્રભુપિતારૂપી સોયનો ટેકો મળતા જ આપણે કાર્યરત બની શકીએ છીએ.

શું આ વિચારને આપણો જીવનહેતુ બનાવી શકીશું ? આપણે જાતે તો નહિ જ બની શકીએ પરંતુ પ્રભુપિતાની મદદ મળતાં જ આપણે નવું જીવન પામી શકીશું. આ નવા જીવનમાં પ્રભુપિતા સિવાય બીજા કોઇ આશરાની કે મદદની આપણને જરૂર રહેશે નહિ.

બાળકો તમે સન્ડેસ્કૂલમાં જતાં હશો, તમારામાંથી ઘણા મિશન સ્કૂલમાં પણ જતા હશો, પણ કયા વિચારથી અને ધ્યેયથી આગળ વધવું છે તે વિષે કદી પણ નક્કી કર્યું છે ? કે પછી પ્રભુપિતાનો માર્ગ ભૂલી જ ગયા છો અને ગમે તેવી સંગતમાં રહીને પ્રભુપિતા વિષેના જ્ઞાન અને સમજને નકારી રહ્યા છો ?

શું સ્વીકારશો તે આજે જ પસંદ કરો. ક્યાં સુધી પ્રભુ ઈસુ તમારા સારા નિર્ણયની રાહ જોતા રહેશે ?

જો સારા નિર્ણયની તક જતી કરશો તો શેતાન જરૂર તમારા ઉપર ફાવી જશે અને તમને પ્રભુપિતાની વાતો ઉપર અને તેમને સમજવાની ઈચ્છા ઉપર કંટાળો આપશે.

છેવટે પરિણામ શું આવશે ? તમે પ્રભુપિતાના જીવનથી દૂર રહી જશો અને શેતાનની આધીનતામાં આવી જશો.

પ્રભુપિતાને મારી હરહંમેશની વિનંતી છે કે કોઈપણ બાળક તેમના માર્ગથી ફરી ન જાય અને શેતાનનો માર્ગ પસંદ કરે નહિ પરંતુ પ્રભુ ઈસુને જ પોતાના તારનાર તરીકે સ્વીકારીને આશીર્વાદિત બને. શું મારી આ પ્રાર્થનાને તમારો ટેકો આપી તમે પણ અત્યારે જ ખરા હૃદયથી પ્રભુપિતાને હૃદયથી વિનંતી કરશો કે, “મારા પ્રભુ ઈસુ મારી મદદ કરો. મારા બેદરકારીભર્યા જીવનથી મને છોડાવી લો. મારા જીવનને હું તમારા જ હાથમાં સોંપી શકું તેવુ મન અને મનનો ભાવ મને આપો અને સંપૂર્ણપણે મારો સ્વીકાર કરો. હે પ્રભુપિતા, હું નહિ પણ તમે મારી આગળ ચાલો અને તમારા પગની પાછળ જ મારો પગ પડવા દો અને મારા આખા જીવનને આશીર્વાદિત બનાવી તમારી સેવા માટે મને તૈયાર કરો. પ્રભુ ઈસુના નામમાં માગું છું તે સ્વીકારી મને આશીર્વાદિત કરો.”

વહાલાં બાળકો, આટલું જરૂર ધ્યાનમાં રાખજો કે પ્રભુ ઈસુએ આપણને પાપથી મુક્ત કરવા માટે કેવું કેવું દુઃખ સહન કર્યું. તેમના માથા

પર કાંટાનો મુગટ મૂકી તે પર સોટીઓ મારી-શા માટે ? આપણા મગજના અયોગ્ય અને ખરાબ વિચારો માટે ભારે અસહ્ય બોજાવાળો વધસ્તંભ તેમને ઊંચકીને કાલવરીની ટેકરી સુધી જવું પડયું - શા માટે ? આપણે વગર વિચાર્યે કરેલાં પાપો બદલ તેમની કૂખમાં ભાલો ઘોંચવામાં આવ્યો. વધસ્તંભે જડવા માટે હાથ તેના આડા લાકડા રાખી તે ઉપર મોટા ખીલા મારવામાં આવ્યા. તે જ પ્રમાણે પગ પણ વધસ્તંભના લાકડા પર ખીલા ઠોકીને બેસાડવામાં આવ્યા. શું આ બધું જાણવા છતાં આપણે પ્રભુ ઈસુ પાસે આપણાં પાપો માટે માફી માગીએ, બધાં પાપોથી મુક્ત બનાવવા તેમને વિનંતી કરીએ છીએ ?

પોતાને અસહ્ય દુઃખ દેનારા માટે પ્રભુ ઈસુએ હૃદયથી પ્રાર્થના કરી કે "હે બાપ, તેઓને માફ કરો, કેમ કે તેઓ જે કરે છે તે તેઓ જાણતા નથી."

પ્રભુ ઈસુએ વધસ્તંભ પર પોતાના છેલ્લા શ્વાસ સુધી સર્વને માટે આ જ પ્રમાણે માફી માગી અને છેલ્લે બોલ્યા, "સંપૂર્ણ થયું." આમેન.



# ૭૬ “પરમેશ્વર પિતાની અણમોલ સંપૂર્ણ શક્તિ !”

અને તેમણે મને કહ્યું, “તારી વાસ્તે મારી કૃપા બસ છે.”

મારા ભયભીત જીવનના ખાડાટેકરા અને ખડકોએ મારું હૃદય ભાંગી નાખ્યું અને મારો માર્ગ વિખેરી નાખ્યો.

મારામાંનો નમ્ર સ્વર મને સંભળાયો અને તેણે મને કહ્યું, મારો હાથ પકડ, તું બીશ મા, કેમ કે હું તારી સાથે છું, આમ તેમ જોઈશ મા, કેમ કે હું તારો દેવ છું, મેં તને બળ આપ્યું છે, મેં તારી સહાય કરી છે, મેં મારા બળવાન જમણા હાથથી તને પકડી રાખી છે, તું બીશ મા, હું તને સહાય કરીશ.

આ સાંભળીને હું ઊભી થઇ. મારો હાથ જાણે આપોઆપ લંબાયો અને મને પ્રભુપિતાની અદૃશ્ય બળવાન હાજરીનો અનુભવ થયો.

ધી... મે, ધી... મે મેં એકેક ડગલું ભર્યું. મારા પ્રભુ ઈસુની સંપૂર્ણ હાજરીનો મીઠો અનુભવ માણવા મળ્યો. હું બોલી ઊઠી, “મારા તારનાર અને મારા પ્રભુ પિતાજી ! તમારી સ્તુતિ થાઓ ! આજે ભાગ્યશાળી આ દીકરી આત્મામાં તમારા દર્શન અનુભવી રહી છે !

ફરી વાણી સાંભળવા મળી કે, હે દીકરી સાંભળ, વિચાર કર અને કાન ધર, તારા લોકને તથા તારા બાપના ઘરને ભૂલી જા. રાજા તારા સૌંદર્ય પર મોહિત થશે, તે તારો ધણી છે માટે તું તેની સેવાભક્તિ કર.

અચાનક મને ફરી અવાજ સંભળાયો, મારો ટેકો લેતા જરા પણ ડરીશ નહિ અને તરત જ મેં મને પોતાને તેમનો એટલે મારા મૂલ્યવાન પ્રભુપિતાનો ટેકો લેવા પ્રયત્નશીલ કર્યો. મને તરત જ અનુભવ થયો કે, મારા પગ હવે જરા પણ ભારે નહોતા પણ હલકા થઇ ગયા હતા. મને સંપૂર્ણ ખાતરી થઇ કે, મારી નબળાઇ મારા પ્રભુનું સંપૂર્ણ બળ છે. તેમની આંખો મારા માર્ગ પર મને દોરશે. જો કે મારો અવારનવાર ખરબચડો અનુભવાય

તો પણ અમે (હું અને મારા પ્રિય પ્રભુ ઇસુ) એકબીજાની સાથો સાથ જ ચાલીશું.

તરત જ તેમનાં વસ્રની કોરને મારો હાથ જ અડકયો અને એક મધુર સ્વર મને સંભળાયો અને હું જોરથી બોલી ઊઠી, "જો કે મરણની છાયાની ખીણમાં હું ચાલું તો પણ હું કઇ પણ જાતની ભુંડાઇથી બીશ નહિ કારણ કે મારા પિતાજી, તમે મારી સાથે છો." ગી. શા. ૨૩ : ૪.

મારી સમક્ષ જાણે જીવંત સ્થિતિમાં ગીતશાસ્રનો આ અધ્યાય ધીમે ધીમે દેખાતો થયો અને હું બોલી ઊઠી, 'હા પ્રભુ, તમારી મીઠી મધુરી હાજરી હું સતત માણી શકી છું. તમારા પવિત્ર નામને હજારો હજાર ધન્યવાદ સાથે મારા પ્રભુ, તમારા ચરણોમાં મારું મસ્તક નમાવું છું. આમેન.

વહાલાં બાળકો,

દરરોજ બાઇબલ વાચન અને પ્રાર્થના દ્વારા પ્રભુપિતાને મળવાનું ભૂલશો નહિ. પ્રભુપિતા તમને આશીર્વાદિત કરો.



# ૭૭ પ્રભુપિતાની સંભાળ

## પ્રભુપિતાએ મારું નામ લઈને મને જગાડી

૬ વર્ષની દીકરી રીના શાળા છૂટયા બાદ પોતાની સખી મીનાને ત્યાં રમવા ગઇ. આ અંગે તેણે પોતાનાં મમ્મીની પરવાનગી શાળાએ જતાં પહેલાં લીધી હતી. તેનાં મમ્મીએ તેને સૂચના આપી કે, "આજે તેં તારા નવા શુઝ પહેર્યા છે તો રમતી વખતે સંભાળજે, ગમે ત્યાં કાઢી નાખીશ નહિ, કારણ કે નવા શુઝ લાવવા માટે હવે પૈસા નથી."

બન્ને સખીઓ ખૂબ રમી. રીના પોતાના શુઝ શોધવા આમતેમ દોડી પણ તે મળ્યા નહિ. મીનાએ પણ આમતેમ દોડીને શોધવાનો પ્રયત્ન કર્યો પણ રીનાએ શુઝ કયાં કાઢયાં હતાં તે તે ભૂલી જ ગઇ હતી. નિરાશ થઇ તે રડતી રડતી ઘેર ગઇ. તેને યાદ આવ્યું કે મમ્મીએ કેટલા આગ્રહથી મને શુઝ સંભાળવા કહ્યું હતું અને એમ પણ કહ્યું હતું કે આવા સરસ અને કિંમતી શુઝ લાવવા માટે હવે પૈસા નથી.

ઘેર પહોંચતાની સાથે મમ્મીને વળગી પડીને ખૂબ રડવા લાગી. તેનાં મમ્મી પણ ગભરાઇ ગયાં કે એવું તે શું બન્યું કે રીના આટલું બધું રડે છે ! રીનાએ રડતાં રડતાં બધી વાત કરી અને ફરી રડવા લાગી. તેનાં મમ્મી પણ દુ:ખી થયાં છતાં તેમણે રીનાને પોતાની પાસે લીધી અને કહ્યું, રડીશ નહિ. આપણે આ બાબત નાનાં બાળકો પ્રભુ ઇસુને જણાવીએ. નાનાં બાળકો પર પ્રભુ ઇસુ ખૂબ પ્રેમ રાખે છે તે વિષે મેં તને વાત કરી છે.

તે તો જાણતા જ હશે કે તારા શુઝ કયાં છે. આથી તેનાં મમ્મી સાથે રીના પણ ઘૂંટણો ટેકવીને પ્રાર્થના માટે તૈયાર થઇ ગઇ. મમ્મી અને દીકરીએ આગ્રહથી પ્રાર્થના કરી અને ઇશ્વરપિતાને જણાવ્યું કે "અમારી મદદ કરો જેથી શુઝ મળી જાય. તમારો ખૂબ ખૂબ આભાર." આમેન.

પથારીમાં જતાં પહેલાં પણ પ્રાર્થના કરીને પ્રભુપિતાને જણાવ્યું કે, "અમારી મદદ કરો અને અમને શુઝ મેળવી આપો, તમે બધું કરી શકો છો માટે આભાર માનીએ છીએ." આમેન.

રીનાને પૂરો વિશ્વાસ હતો કે પ્રભુ ઈસુ જરૂર મદદ કરશે અને મારા શુઝ મેળવી આપશે.

રાત્રે બધા ભરનિંદ્રા સાથે ઊંઘી ગયાં. મોડી રાત્રે ૨ વાગે બૂમ પડતી સંભળાઈ અને પગલાંનો અવાજ પણ સંભળાયો. રીના અવાજ સાથે પૂરી જાગી ગઈ અને મોટે અવાજે તેનાં મમ્મીને કહેવા લાગી, "મમ્મી, મમ્મી મારા શુઝ કયાં છે તેની મને ખબર પડી છે. પ્રભુપિતાએ મારું નામ લઈને મને જગાડી અને મને મારા શુઝ કયાં છે તે જાણવા મળ્યું છે. તમને ખબર છે ને કે તેમણે શમૂએલને પણ જગાડયો હતો ? તેમણે મને કહ્યું કે મોટા વૃક્ષની પાછળ જ તારા શુઝ છે અને મને સ્વપ્નમાં તેની જગા જોવા મળી. પ્રભુપિતા મારી પર પ્રેમ રાખે છે તે પણ હું સમજી છું. તેમનો ખૂબ આભાર માનું છું."

તેઓ ફરીથી શાંતિપૂર્વક ઊંઘી ગયાં છતાં પણ વહેલા જાગી ગયાં. વહેલી સવાર થઈ હતી, રીનાએ જે જગા જોઈ હતી ત્યાં તેઓ પહોંચી ગયાં. જે જગા રીનાએ સ્વપ્નમાં જોઈ હતી ત્યાં પોતાના મમ્મી સાથે પહોંચી ગઈ. જોયું તો ઝાડ સુધી શુઝ થોડા ખસી ગયાં હતાં અને તે એવી રીતે ખસી ગયાં હતા કે કોઈ જોઈ શકે નહિ. રીના આનંદથી બોલી ઊઠી, "મમ્મી, બસ આજ જગા પર મેં સ્વપ્નમાં મારા શુઝ જોયા હતા."

રીના અને તેનાં મમ્મી ત્યાં જ ઘૂંટણે પડયાં અને પ્રભુપિતાનો ખૂબ આભાર માન્યો. શુઝ મેળવી આપવા બદલ તેમના પવિત્ર નામની સ્તુતિ કરી.

શુઝ પણ એવા સમયસર મળી ગયા કે તરત જ ભારે ઠંડા પવન અને વરસાદની શરૂઆત થઈ જે બીજા દિવસ સુધી ચાલુ રહી.

બન્ને વહેલાં ઘર પર પહોંચી ગયાં. મમ્મી બોલ્યાં, "રીના, તને શમૂએલની વાત યાદ આવી તેથી હું બહુ જ ખુશ છું અને પ્રભુ પિતાનો આભાર માનું છું કે શમૂએલની માફક પ્રભુપિતાએ રાત્રે તારી સાથે પણ વાત કરી.

આ તો લગભગ ૩૦ વર્ષ ઉપર બનેલી સાચી હકીકત છે પરંતુ આ દીકરી હંમેશા આ વાત યાદ કરીને પ્રભુપિતાનો આભાર માને છે. પ્રભુપિતાએ તેનું નામ લઈને તેને કેવી રીતે બોલાવી તે કદી પણ ભૂલતી નથી.

વહાલાં બાળકો, પ્રભુપિતા તમારી ઉપર તેટલો જ પ્રેમ રાખે છે. તેમની પર સંપૂર્ણ વિશ્વાસ રાખી તેમને મનગમતું જીવન જીવશો તો તમારી સાથે પણ એટલા જ પ્રેમથી વર્તશે. તેમની સ્તુતિ થાઓ. આમેન.



# ૭૮ નુકસાન ? કે નફો ?


મેં જે પ્રમાણે વિચાર્યું છે તેવું તમે કદી વિચાર્યું છે ? "પ્રભુ ઇસુ વધસ્તંભે ગયા ત્યારે તેમને શું ગુમાવવું પડયું હતું ? તે જાણતા હતા કે પોતે ત્રીજે દિવસે સજીવન થવાના જ છે અને પોતાના પ્રથમ મહિમામાં પ્રવેશવાના જ છે" તો પછી તમે કહેશો, ત્યારે તો તેમને કંઇ જ ગુમાવવાનું નહોતું ખરું કે નહિ ? ખરેખર તો તેમ નહોતું. આપણે વધુ આગળ વિચારીએ.

આ સર્વની વિરુદ્ધમાં આપણને શું મળ્યું. જો આપણને સમસ્ત દુનિયા મળે અને આપણો પોતાનો આત્મા ગુમાવી દઇએ તો શું ? આપણે પાપનું વેતન પામ્યા છીએ અને સર્વકાળને માટે પ્રભુ ઇસુથી જુદા થઇ ગયા છીએ.

જો પ્રભુ ઇસુ મૃત્યુ પામ્યા ના હોત તો તેમને શું નુકસાન થયું હોત ? શું આ બાબત બાળકો તમે વિચારી છે ? જો તેમ થયું હોત તો પ્રભુ ઇસુએ પોતે ઉત્પન્ન કરેલી આખી દુનિયા ગુમાવી હોત અને આપણે આપણાં ઋણો અને પાપોમાં હજી પણ હોત. શેતાન આ જાણતો હતો અને તેથી જ માથ્થી ૪ : ૯ પ્રમાણે પ્રભુ ઇસુને કહ્યું કે, "જો તું પગે પડીને મારું ભજન કરીશ તો હું તને આખી દુનિયા આપવાનું વચન આપું છું." પરંતુ શેતાન જૂઠો છે અને જૂઠાનો બાપ છે. (યોહાન ૮ : ૪૪) જે દુનિયા તેની હતી જ નહિ તો તે દુનિયા શેતાન પ્રભુ ઇસુને શી રીતે આપવાનો હતો ? ઉત્પ. ૧ : ૧ આ તો પ્રભુપિતાની જ ઉત્પન્ન કરેલી દુનિયા છે.

આપણે પોતાને એક પ્રશ્ન પૂછીએ; મારે શું ગુમાવવું પડે ? ધારો કે સ્વર્ગ પણ નથી અને નર્ક પણ નથી. મેં શું મેળવ્યું હશે ? સારું જીવન મેં શું ગુમાવ્યું હશે ? કંઇ જ નહિ. આ જીવનની ચિંતાઓથી મુક્તિ અને પ્રભુ ઇસુ સાથેનું ભવિષ્ય. પરંતુ પછી જો આ બધું સાચું હોય તો પછી શું ? મેં શું ગુમાવ્યું છે ? થોડા સમય માટેનો પાપનો આનંદ (હેબ્રી. ૧૧ : ૨૫) કદાચ અમુક સમય, થોડા વર્ષો, સાઠ, સીત્તેર, એંશી કદાચ વધીને નેવું પણ હોય અથવા કદાચ ફક્ત સોળ જેટલા હોય. કોણ જાણે છે કે એક દિવસમાં શું થઇ

જશે ? (નીતિવચનો ૨૭ : ૧) અરે હા !!! મેં નર્કમાં જવા માટે આખું અનંતકાળનું જીવન ગુમાવી દીધું છે. હા, અનંતકાળ જેનો કદી પણ અંત આવતો નથી. હવે આગળ જોવાને માટે નરી ભયંકરતા જ દેખાય છે. તને રડવું ગમે છે ? તને દુઃખ સહેવું ગમે છે ? તું દાઝવાની રાહ જુએ છે ? અથવા તો બીજાઓ સહન કરતાં હોય તેમનું સાંભળવું ગમતું હશે. તમારા મિત્રો ત્યાં હોય તેવું ધારશો પણ નહિ. તેઓ કદાચ હશે પરંતુ મને લાગે છે કે રોમન. ૬ : ૨૩ પ્રમાણે એફેસી ૬ : ૨૩ એફેસી ૨ : ૮, ૯, ૨ કરિંથી ૬ : ૨ તેને તજી દેશો નહિ. આ પછીની પળ, કલાક અથવા તો દિવસ, વધુ પડતો મોડો હશે. તક ઝડપી લેવાની જરૂર છે.



# ૭૯ ઈશ્વર આપણી સહાય

"હે પ્રભુ, પેઢી દરપેઢી તું અમારો આશ્રય થયો છે." ગી. શા. ૯૦ : ૧

તે સમયે ફારૂન (રાજા ) ની પુત્રી પોતાની દાસીઓ સાથે ત્યાં નાહવા માટે આવી. કિનારે કિનારે ચાલતાં બરૂઓમાં પેલી પેટી પર તેની નજર ગઈ, તેથી તેણે પોતાની દાસીને તે પેટી લઈ આવવા મોકલી, પેટી ઉઘાડી તો તેમાં સુંદર બાળક રડી રહ્યું હતું. કુંવરી તરત જ સમજી ગઈ કે આ કોઈ ઈસ્રાએલી (હિબ્રૂ)નું જ બાળક હોવું જોઈએ, તેને આ બાળક પર ખૂબ દયા આવી.

એટલામાં બાળકની બહેન જે આઘે ઊભી હતી, તે દોડી આવી અને કુંવરીને પૂછવા લાગી કે બાળકને ધવડાવવા સારું હિબ્રૂ બાઈને લઈ આવું ? કુંવરીએ તેને કહ્યું કે જા, તેથી તે પોતાની માને જ તેડી લાવી. કુંવરીએ તેને કહ્યું કે, "આ બાળકને લઈ જા અને મારે માટે તેને ધવડાવ અને હું તને તે બદલ પગાર આપીશ, આથી તે તેને પોતાને ઘેર લઈ ગઇ.

જ્યારે બાળક થોડો મોટો થયો ત્યારે તે તેને કુંવરી પાસે લઈ ગઈ અને તે રાજાની દીકરીનો દીકરો થઈને રહ્યો. કુંવરીએ તેનું નામ મુસા પાડયું કારણ કે તેણે કહ્યું કે, મેં તેને પાણીમાંથી તાણી કઢાવ્યો છે.

સમય જતા મુસા મોટો થયો અને પોતે કોણ છે તે તેણે માતા-પિતા પાસેથી જાણ્યું જ હતું પરંતુ કોઈ કારણ વગર તે જતો રહેવા માગતો નહતો.

એક દિવસ મુસા બહાર ફરવા ગયો અને તેને પોતાના ઘરેથી માતા-પિતા તરફથી જાણ થઈ કે પોતે પણ હિબ્રૂ છે અને મિસરી નથી. હવે તે ફરતો ફરતો જ્યાં પોતાના હિબ્રૂ ભાઈઓ કામ કરતાં હતા ત્યાં પહોંચ્યો તો તેણે જોયું કે એક મિસરી પોતાના હાથ નીચે કામ કરતા એક હિબ્રૂ ભાઈને મારી રહ્યો હતો. તેણે આજુબાજુ નજર કરી અને કોઈ નહોતું તેથી પેલા મિસરીને મારી નાખ્યો અને રેતીમાં સંતાડી દીધો અને ત્યાંથી ચાલ્યો ગયો.

બીજે દિવસે બે હિબ્રૂભાઈઓ એકબીજા સાથે લડતા હતા અને મુસા ફરતો ફરતો ત્યાં પહોંચી ગયો અને જેનો વાંક હતો તેને કહ્યું કે, "શા માટે તું તારા ભાઈને મારે છે ?" તે હિબ્રૂએ જવાબ આપ્યો કે તને અમારા ઉપર કોણે ઠરાવ્યો છે. તેમ જ ન્યાયાધીશ પણ કોણે ઠરાવ્યો છે ? તેં પેલા મિસરીને ગઈ કાલે મારી નાખ્યો તેમ મને પણ મારી નાખવાનું ધારે છે ? મુસા બીધો, પેલા મિસરીને મારી નાખ્યો તેની જાણ થઈ ગઈ છે એમ ધારીને તે ફારૂનને ત્યાંથી નાઠો અને મિદ્યાન દેશમાં જઈ રહ્યો, તે એક કૂવા પાસે બેઠો.

મિદ્યાનના યાજકને સાત પુત્રીઓ હતી. તેઓએ પોતાના પિતાના ટોળાને પાણી પાવા સારુ હવાડા ભર્યા પણ ભરવાડોએ આવીને તેમને કાઢી મૂકી પણ મુસાએ તેમની મદદ કરી અને ટોળાને પાણી પાયું. યાજકનું નામ રેઉએલ હતું. જ્યારે બધી બહેનો ઘેર પહોંચી ત્યારે તેમના પિતા રેઉએલે તેમને પૂછયું કે આજે તમે આટલા બધા વહેલા શી રીતે આવ્યાં. તેઓએ જણાવ્યું કે એક મિસરીએ અમને ભરવાડોના હાથમાંથી છોડાવ્યા અને વધારે પાણી પણ કાઢી આપ્યું.

રેઉએલે મુસાને પોતાને ઘેર બોલાવ્યો અને મુસા પણ હિબ્રૂ છે, તે જાણીને તેને પોતાને ઘેર જ રાખ્યો. મુસા રાજીખુશીથી ત્યાં રહ્યો અને રેઉએલે પોતાની પુત્રી સિપ્પોરાહને મુસા સાથે પરણાવી, તેને એક દીકરો થયો અને તેણે તેનું નામ ગેર્શોમ પાડયું.

આપણે જોયું કે પ્રભુ પર વિશ્વાસ કરનાર મુસા પ્રભુને માટે જીવન જીવે છે. આમેન.

# ૮૦ શક્તિમાન ઈશ્વર

"કેમ કે ખ્રિસ્તે પણ એક વેળા પાપોને સારુ, એટલે ન્યાયીએ અન્યાયીઓને બદલે દુઃખ સહ્યું કે જેથી તે આપણને દેવની પાસે પહોંચાડે, તેને દેહમાં મારી નાખવામાં આવ્યો પણ આત્મામાં સજીવન કરવામાં અવ્યો." ૧ પિતર ૩:૧૮

ખૂટતું હતું......પરંતુ ભરપાઈ કરવામાં આવ્યું

બપોરના જમવાનો સમય હતો અને નાસ્તો મેળવવા માટે ઘણાં બધા લોકો એક મોટી રેસ્ટોરાં પર લાઈનમાં ઊભા હતા, તેઓમાં ઓફિસના કાર્યકરો, બહેનો અને ભાઈઓ અને બે સામાન્ય છોકરા જેમાંનો મોટો દશ વર્ષ જેટલો અને તેનાથી નાનો આઠેક વર્ષનો જણાતો હતો. લાઈન પોતપોતાની ઈચ્છિત વસ્તુઓ (ખોરાકીની ) મેળવતી આગળ વધતી હતી કે જયાં સુધી પેલા છોકરાઓ સુધી પહોંચી. આ બે છોકરા ભાઈઓ હોય તેમ લાગતું હતું કારણ કે બંનેની આંખો-વાળ સોનેરી જેવા દેખાતા હતા.

નાના છોકરાએ પોતાને માટે એક હેમબર્ગર અને થોડો તળેલો નાસ્તો અને એક ત્રિકોણિયા કાગળના કપમાં પૌંઆ માગ્યા.

સામેથી બહેને કહ્યું, "પાંચ રૂપિયા અને સડસઠ પૈસા થશે."છોકરાએ પોતાના ખિસ્સા ફંફોળ્યાં અને દરેકમાંથી કંઈક કંઈક પૈસા નીકળ્યા. કાઉન્ટરના પાટિયા પર મૂકતો જાય અને ગણતો જાય. પાંચ રૂપિયાનું પરચુરણ નીકળ્યું. હવે ફક્ત પૈસા જ ગણવાના હતા. છોકરાએ વારંવાર ગણ્યા પરંતુ ચાર આના ખૂટતા હતા. તેણે બહેનને કહ્યું, "ચાર જ આના ખૂટે છે હવે શું કરું ?

બહેને કહ્યું, "હું દિલગીર છું પરંતુ તારે ચાર આના તો ભરવા જ પડે."

છોકરાએ ફરીથી પૈસા ગણવા માંડયા કે કદાચ કંઈક ભૂલ થઈ હોય પરંતુ ચાર આના ખૂટતા હતા. દિલગીરીભરી નજરે જોતા ફરીથી કહ્યું,

"ચાર જ આના ખૂટે છે પરંતુ તેના દિલગીર ચહેરાએ બહેન પર કશી જ અસર કરી નહિ. ચાર આના વગર તે બહેન છોકરાને પાતાની માગણી મુજબ આપી શકે તેમ નહોતા.

છોકરાનો મોટો ભાઈ તેની પાછળ જ હતો તેણે કહ્યું, "હું તને ચાર આના આપું છું, તારો નાસ્તો લઈ લે." લાઈનમાં ઈંતેજારીથી ઊભેલા લોકે છુટકારાનો દમ ખેંચ્યો.

હવે મોટા ભાઈનો વારો આવ્યો, તેણે ડબલ ચીઝ બર્ગર અને એક પેકેટ તળેલા પૌંઆ માગ્યા. કાઉન્ટરની પાછળથી સાદ સંભળાયો, "પાંચ રૂપિયા અને એકોતેર (૭૧) પૈસા આપો."

આ છોકરાએ પોતાના બધા જ ખિસ્સામાંથી પૈસા કાઢીને કાઉન્ટર પર મૂકી ગણી જોયા તો તેને જણાયું કે તેની પાસે પણ આઠ આના ખૂટે છે. તે નિરાશ થયો અને બોલ્યો, 'હવે શું કરું ?' તેણે બહેનને જણાવ્યું, આ વખતે બહેન જરા ગુસ્સાભર્યા અવાજે બોલ્યા, "તારા માગ્યા પ્રમાણે તને મળશે નહિ, તારે ખાતે આઠ આના ખૂટે છે."

પાછળ ઊભેલ લોકો ખૂબ કંટાળી ગયા હતા. લાઈનમાં ઊભેલા લોકોમાંથી એક કારીગરે કહ્યું, "તારો ઓર્ડર જતો કરીશ નહિ, હું તને આઠ આના આપું છું ."

આથી છોકરો ખુશ થયો અને તે ભાઈનો આભાર માન્યો, બંને છોકરા પોતાની માગેલી વસ્તુઓ લઈને લાઈનમાં ઊભેલા સર્વને હા.....શ પહોંચાડીને ચાલતા થયા.

બાળકો કદાચ કોઈવાર તમારી પાસે પણ પૈસા ખૂટયા હશે પણ આજે હું તમને તમારામાં એક ખૂટતી વસ્તુ જે ખૂબ જ જરૂરી છે તે જણાવું છું, તે એ છે કે સઘળાંએ (બધાંએ) પાપ કર્યું છે અને દેવના મહિમા વિષે સઘળાં અધૂરાં રહે છે. રોમન ૨ : ૨૩.

'સઘળા' શબ્દ નાનો છે પરંતુ તે મને અને તમને લાગુ પડે છે. હા, સર્વ લોકોને (નાના કે મોટા) સર્વને લાગુ પડે છે પછી તે ગરીબ હોય કે તવંગર હોય, ઉચ્ચ હોય કે નીચ હોય, નાના હોય કે મોટા હોય. સર્વને પ્રભુ જણાવે છે કે તમે નાનું પાપ કરો કે મોટું. પાપ કરો પણ તે પાપ છે અને તે પાપ તમને જે પ્રભુએ જે હૃદય આપ્યું છે, જેને મન પણ કહે છે, તેમાં રહે છે અને તમને 'પાપી' તરીકે બીજાની નજરમાં દેખાડે છે.

'દેવના મહિમા વિષે અધૂરાં હોવું' એટલે શું ? તેનો અર્થ એ થાય છે કે આપણે પાપી હોઈએ છીએ એટલે આપણામાં પાપ આવે છે ત્યારે પ્રભુ પિતા પાપી તરીકે આપણને સ્વીકારી શકતા નથી, તેમનો ગુસ્સો આપણા પર રહે છે અને સ્વર્ગને બદલે નર્ક આપણે માટે છેલ્લી બાબત રહે છે એટલે કે આપણું મરણ થાય ત્યારે આપણને સુંદર સ્વર્ગ ના મળે પરંતુ આપણને નિરાશ કરનારું નર્ક મળે, બાળકો આવી સ્થિતિ તમને ગમશે ?

બાળકો આપણે કંઈ પણ ખોટું કરીએ તે પાપ છે. જૂઠું બોલવું, ચોરી કરવી, કોઈનું નુકસાન કરવું, ઘરમાં મોટા જે હોય તેમની સાથે તોછડાઈથી વર્તવું-હુકમ ના માનવો, પ્રભુ ઈસુએ આપેલી આજ્ઞાઓ ના પાળવી, આ બધાં પાપ છે. તો આવાં પાપોને દૂર કરવા આપણે શું કરવું ? જવાબ આ રહ્યો. સારાં કામ જ કરવાં, સન્ડેસ્કૂલમાં નિયમિત જવું, બીજાઓની જુદી જુદી રીતે મદદ કરવી, પડોશીની સાથે સારો વહેવાર રાખવો, આવું બધું જ ફક્ત કરીએ અને છતાં અમુક પાપો છોડીએ જ નહિ તોપણ આપણે પાપ વગરના બની શકતા નથી. યશાયા ૬૪:૬ જણાવે છે કે આપણે ગમે તે કરીએ છતાં પાપથી મુક્ત થતા નથી અને પ્રભુનો મહિમા પણ કરી શકતા નથી પણ પ્રભુ ઈસુ ઉપાય બતાવે છે. વાંચો આગળ.

પ્રભુ પિતા ઉપાય બતાવે છે ૨ તિમોથી. ૩:૧૫ "તું બાળપણથી પવિત્રશાસ્ત્ર જાણે છે, તે પવિત્રશાસ્ત્ર ઈસુ ખ્રિસ્ત પરના વિશ્વાસ દ્વારા તારણને સારુ તને જ્ઞાન આપી શકે છે, તે પણ તું જાણે છે. શું તમે રોજ પ્રાર્થના કરો

છો ? અને તે મારફતે પ્રભુ પિતા સાથે વાત કરો છો ? તમારા સઘળાં પાપોની માફી માગો છો ? પ્રભુ પિતા સાથે પ્રાર્થના દ્વારા વાત કરી શકશો અને બાઈબલ વાચન દ્વારા પ્રભુ પિતાનો સંદેશો પામી શકશો. ૧ લું અને ૨જુ તિમોથી ખાસ વાંચજો અને તે પ્રમાણે વર્તવા પ્રભુની મદદ માગજો, જેથી તમે સર્વ સારાં કામ કરવાને સારુ તૈયાર થાઓ.

પ્રભુ ઈસુ વધસ્થંભે જડાયા, તમારે સારુ પોતાનું સંપૂર્ણ લોહી વહેવાડયું, તેમને શરમ અને હલકટભરી કાલવરીની ટેકરી પર વધસ્થંભે જડયા. તમારાં અને મારાં પાપો માટે તેમણે પોતાના શરીર અને રકતની કુરબાની કરી, અર્પણ કર્યું. જો આપણે વિશ્વાસ કરી આ સર્વ સમજી પ્રભુ પિતા પાસે માફી માગીએ તો તે જરૂર આપણાં પાપ માફ કરવાને શક્તિમાન છે. એકલા તે જ આમ કરવા શક્તિમાન છે.

સઘળાંએ પાપ કર્યું છે, દેવના મહિમા વિષે સઘળા અધૂરા રહે છે, તેથી પ્રભુ ઈસુ આપણે માટે આ સર્વ દુઃખો સહીને આપણને પાપથી મુક્ત કરવા માગે છે. શું તમે સહકાર આપશો ? કે પછી પાપમાં જ નાશ પામશો ? આજે જ નક્કી કરો અને સારી બાબત સ્વીકારી પાપોની માફી મારફતે શુધ્ધ થાઓ. પ્રભુ તમારા પર કૃપા કરે. આમેન.



# ૮૧ મારે અને સર્વને માટે ઈસ્ટર

ઈસ્ટર-પુનરૂત્થાન-ઉત્થાન એટલે જીવંત થઈને-પુનઃ-ફરીથી.

જીવંત પ્રભુ ઈસુ- મરિયમને પેટે જન્મ લેનાર, દાણીઓ અને પાપીઓના મિત્રને દુષ્ટ લોકોએ ખૂબ જ ઘાતકી વહેવાર કરીને આડા અને ઊભા લાકડાના વધસ્થંભ ઉપર જડી દીધા અને તે જ વધસ્થંભ ઉપર મૃત્યુ પામ્યા. તેમના છેલ્લા શબ્દો હતા, સંપૂર્ણ થયું ! પ્રભુ ઈસુ મરણ પામ્યા. તેમણે આ દુનિયા પર રહીને કંઈ જ ખરાબ કૃત્યો કર્યાં નહોતા, કોઈને પણ રંજાડયા નહોતા, કોઈની પાસેથી કશું પડાવી લીધું નહોતું. બાળકો, સૌથી ભારે અને બળવાન કાર્ય પ્રભુ ઈસુએ કર્યું, કયું કાર્ય ? મોતને હરાવી જયવંત (વિજયી) થયો. શેતાનને અને તેના સર્વ કાવાદાવાને જમીન દોસ્ત કર્યા અને વિજયવંત-બળવાન તારનાર તરીકે આપણા સર્વ પાપોનો ભાર પોતે ઉઠાવ્યો અને વિજયવંત તારનાર તરીકે આકાશ અને પૃથ્વી પરના વિજયવંત રાજા અને જયવંત તારનાર-પાપથી સર્વને મુક્ત કરવાની શક્તિ ધરાવતા મુક્તિદાતા બન્યા. હવે જે કોઈ પોતાના પાપનો પસ્તાઓ કરી તેમના પર વિશ્વાસ કરે છે, તેમને તે (ઈસુ) અનંતજીવન (સર્વકાળનું જીવન) આપવાને શક્તિમાન છે. આજે તે સ્વર્ગના રાજ્યાસન પર પ્રભુ પિતાના જમણે હાથે બિરાજમાન છે, ત્યાંથી જીવતાંઓનો તથા મરેલાંઓનો ન્યાય કરવા સારું તે આવવાના છે.

ઈસ્ટરના પવિત્ર દિવસે આપણા મહાન વિજયવંત તારનાર અને મુક્તિદાતા પ્રભુ ઈસુએ કઈ મહાન યોજના કરી તે વિષે વિચારીએ.

પ્રભુ ઈસુના બધા મળીને બાર શિષ્યો હતા, તેમાંનો યહુદા ઈશ્કરિયોત બીજા શિષ્યોના જેવો ન હતો, કારણ કે તે ચોર હતો અને બધાની જરૂરિયાતો પૂરી પાડવા તે પૈસા રાખતો હતો અને તે થેલીમાંના નાણાં ચોરી લેતો હતો.

પ્રભુ ઈસુને દુઃખો સહન કરવાનો સમય નજીક આવતો હતો. એટલે પાસ્ખાપર્વનો દિવસ. આ દિવસે જુદા જુદા સ્થળોના લોકો પાસ્ખાપર્વ ઊજવવા

માટે યરૂશાલેમ આવતા હતા. પોતે નક્કી કરેલી મેડી પર પાસ્ખાની તૈયારી કરવા માટે પ્રભુ ઈસુએ શિષ્યોને આજ્ઞા કરી. પ્રભુ ઈસુ આવ્યા અને ભોજનની મેજ પાસે બારે શિષ્યો સાથે બેઠા. પ્રભુ ઈસુએ પોતાના જેઓ સર્વ હતા, તેમના ઉપર છેલ્લે સુધી પ્રેમ રાખ્યો. અચાનક તે ઊભા થયા, પોતાના લૂગડાં ઉતારીને રૂમાલ લીધો અને તેને પોતાની કમરે બાંધ્યો. ત્યાર પછી વાસણમાં પાણી લઈને શિષ્યોના પગ ધોવા તથા કમરે બાંધેલા રૂમાલથી તે લૂછવા લાગ્યા. આમ તે પિતરની પાસે આવે છે. પિતર તેમને કહે છે, "પ્રભુ શું તમે મારા પગ ધૂઓ છો ? પ્રભુએ તેને જણાવ્યું કે પોતે શું કરી રહ્યા છે તે પિતર સમજતો નહોતો, તેથી તેને ઈસુએ કહ્યું, "હું જે કરું છું તે તું હમણા જાણતો નથી, પણ હવે પછી તું જાણીશ." છતાં પણ પિતર કહે છે કે " હું તમને મારા પગ નહિ જ ધોવા દઉં " ઈસુએ તેને કહ્યું કે "તો પછી મારી સાથે તારે કંઈ લાગભાગ જ નથી" છેવટે પિતરે ધોવા દીધા અને ઈસુએ તેઓને એક અગત્યની બાબત કહી કે "તમે શુધ્ધ છો પણ બધા નહિ." હું તમને ખચીત જણાવું છું કે તમારામાંનો એક મને પરસ્વાધીન કરશે. બધા ખૂબ અજાયબ થયા. છેવટે ઈસુએ જણાવ્યું કે " હું જેને કોળિયો બોળીને આપીશ તે જ તે છે" અને કોળિયો બોળીને પ્રભુ ઈસુએ તે કોળિયો શિષ્ય યહુદાને આપ્યો અને તરત શેતાન યહુદામાં પેઠો. તે પછી ગમે તે રીતે પ્રભુ ઈસુને વધસ્થંભે જડવાનો હુકમ થયો. તેમના પર ખૂબ ત્રાસ વર્તાવ્યો. બીજે દિવસે બપોરે ત્રીજા પહોરે ઈસુએ ખૂબ જ યાતના સાથે એમ બોલીને પ્રાણ છોડયો કે "ઓ બાપ, હું મારો આત્મા તમારા હાથમાં સોંપું છું ."

પ્રભુ ઈસુ સજીવન થયા : મગ્દલાની મરિયમ, યોહાન્ના, યાકુબની મા મરિયમ અને બીજી બાઈઓએ કબર પરથી પથ્થર ગબડાવેલો જોઈને શિષ્યોને વાત કરી અને તેઓએ ખાતરી કરી. યોહાન ૨૦:૧-૧૦.

# ૮૨ સામસુન - ૧

"તે છોકરો મોટો થયો ને યહોવાએ તેને આશીર્વાદ આપ્યો." (ન્યાયાધીશો)

વહાલાં બાળકો,

તારનાર ખ્રિસ્તના નામમાં તમને આન્ટીની અનેક શુભેચ્છાઓ સાથે પ્રેમી યાદ. આજે આપણે પવિત્રશાસ્ત્રમાંના એક કુટુંબ વિષેની વાર્તાની શરૂઆત કરીએ.

તમે જાણો છો કે ઈબ્રાહિમનું અસલ નામ ઈબ્રામ હતું અને તેની પત્નીનું નામ સારાય હતું ઉત્પ. ૧૫:૧-૬ કલમોમાં ઈબ્રામની સાથે પરમેશ્વર વાત કરે છે તે વખતે ઈબ્રામ પ્રભુ પિતાને કહે છે કે મારે કોઈ બાળક નથી અને તમે મને જે બધી મિલકત આપી છે તે મારો ચાકર મારા આખા ઘરનો માલિક થશે અને પ્રભુએ તેને વચન આપ્યું કે, 'એ તારો વારસ નહિ થશે પણ તારાં પોતાનો જ જે પુત્ર હશે તે જ તારો વારસ થશે.'

ઉત્પ. ૧૫:૫માં પરમેશ્વર પિતા ઈબ્રામ નામ બદલીને ઈબ્રાહિમ એટલે ઘણી દેશજાતિઓનો પૂર્વજ કહેવાશે. વળી ઉત્પ.૧૭:૧૫ માં સારાય નામ બદલીને સારા નામ પાડયું એટલે કે ઘણી દેશજાતિઓની માતા. આ પ્રમાણે ઇબ્રામ તે ઈબ્રાહિમ અને સારાય તે સારા કહેવાયાં, બન્ને ઘણા ઘરડાં હતાં ત્યારે પ્રભુ પિતાએ ઈબ્રાહિમ અને સારાને પુત્રનું દાન આપ્યું અને તેઓએ તેનું નામ ઈસહાક પાડયું. ઈસહાક જનમ્યો ત્યારે ઈબ્રાહિમ સો વર્ષનો હતો આ પ્રમાણે ઈબ્રાહિમ ઘણી દેશજાતિઓનો પૂર્વજ બન્યો ત્યાર પછી ઘણી પેઢીઓ થઈ ગઇ.

દાનના કુટુંબનો એક માણસ હતો. તેનું નામ માનોઆહ હતું તે સોરાહનો રહેવાસી હતો. તેની પત્નીને બાળકો નહોતાં. કદાચ આ માનોઆહ અને તેની પત્ની બીજાનાં બાળકો જોઈને દુઃખી થતા હશે કે તેમને જ બાળકો નથી.

એક દિવસ બન્ને પતિ-પત્ની ખેતરમાં કામ કરતાં હતાં ત્યારે માનોઆહની સ્ત્રી ખેતરમાં દૂર હતી અને પરમેશ્વરના દૂતે તેને દર્શન દઈને કહ્યું, "જો તને ફરજંદ (સંતાન) થતા નથી પણ હવે તને પુત્રનો પ્રસવ થશે પરંતુ હવેથી તુ દ્રાક્ષારસ કે મદ્ય પીશ નહિ અને કંઈ અશુધ્ધ વસ્તુ ખાઈશ

નહિ. તને પુત્રનો પ્રસવ થશે, (પુત્ર જનમશે) તેના માથા પર અસ્ત્રો કદી પણ ન ફરે તે જોજે, કારણ કે તે છોકરો જન્મે તે પહેલાંથી તે દેવને સારુ નાઝીરી કહેવાશે અને તે મોટો થઈને પલિસ્તીઓના હાથમાંથી ઈસ્રાએલને ઉગારવા માંડશે. બાળકો તમે જાણતા હશો કે પ્રભુ પિતાની પસંદ કરેલી જાતિ ઈસ્રાએલ પ્રજા હતી પણ તેઓ પ્રભુને ભુલીને પોતપોતાની રીતે વર્તીને પ્રભુ પિતાને દુઃખી કરતા હતા, તેથી પ્રભુ પિતાએ તેઓને પલિસ્તીઓના હાથમાં સોંપી દીધા હતા અને ઈસ્રાએલ પ્રજા આ પલિસ્તીઓના વર્તનથી ખૂબ કંટાળી ગઈ હતી પણ શું કરે ? પલિસ્તીઓ ખૂબજ નિર્દય અને ખરાબ હતા.

દૂતે આ સ્ત્રીને કહ્યું કે આ જે દીકરો તને થશે તે બળવાન અને શૂરવીર થશે અને તે ઈસ્રાએલ પ્રજાને પલિસ્તીઓના હાથમાંથી ઉગારવા માંડશે.

દૂત ત્યાંથી અદૃશ્ય થયો પછી આ બાઈ દોડતી માનોઆહ પાસે ગઈ અને જે બન્યું તે બધું તેને કહી સંભળાવ્યું. માનોઆહ પણ ખૂબ અજાયબી પામ્યો અને તેણે પરમેશ્વરને વિનંતી કરી કે, પ્રભુ જે માણસને તમે મોકલ્યો હતો તેને મહેરબાની કરીને ફરી અમારી પાસે મોકલો કે, જે છોકરો જનમશે તેના વિષે અમારે શું કરવું તે તે અમને શીખવે અને પરમેશ્વરે માનોઆહની વિનંતી સાંભળી અને તે સ્ત્રી ખેતરમાં બેઠી હતી ત્યારે દેવનો દૂત ફરી તેની પાસે આવ્યો પણ માનોઆહ ત્યાં ન હતો, તેથી તેની સ્ત્રીએ દોડીને તેને ખબર આપી કે, જો જે માણસ તે દિવસે મારી પાસે આવ્યો હતો, તેણે ફરીથી મને દર્શન દીધું છે. માનોઆહ તરત ઊઠીને પોતાની સ્ત્રીની પાછળ ગયો અને ખાતરી કરી કે પહેલાં આ સ્ત્રીને દર્શન આપ્યું હતું તે તું જ છે ? દૂતે કહ્યું, હું એ જ છું ત્યારે માનોઆહે આભાર માનતા કહ્યું કે, "તારાં વચન ફળીભૂત થાઓ, તે છોકરો કેવો નીવડશે અને તે શું શું કામ કરશે ?"

યહોવાના દૂતે માનોઆહને કહ્યું મેં આ સ્ત્રીને જે કહ્યું છે તે બધી બાબતો વિષે તેણે સાવધ રહેવું. દ્રાક્ષાનું બનેલું કે દ્રાક્ષારસ કે મદ્ય તે ન પીએ ને કંઈ પણ અશુધ્ધ વસ્તુ તે ખાય નહિ, મેં તેને જે જે આજ્ઞા આપી છે, તે સર્વ તે પાળે. માનાઆહે દૂતને રોકાઈને જમીને જવા કહ્યું. પરંતુ દૂતે તેને કહ્યું, "તું મને રોકીશ નહિ, કારણ કે હું તારી રોટલી ખાઇશ નહિ, જો તું દહનાર્પણ તૈયાર કરે તો તે તારે પરમેશ્વરને ચઢાવવું જોઈએ" કેમ કે માનોઆહ જાણતો નહોતો કે તે પરમેશ્વરનો દૂત છે.

# ૮૩ સામસુન-૨

"મધથી મીઠું શું છે ? અને સિંહથી બળવાન શું છે ?"

માનોઆહ અને તેની પત્ની સાથેની દૂતની બીજી મુલાકાત પછી દૂત અગ્નિની જવાળામાં થઈને ઉપર આકાશમાં ચઢી ગયો. દૂતને આ પ્રમાણે જવાળામાંથી અદશ્ય થતો જોઈને માનોઆહ ઘણો બીધો અને પોતાની સ્ત્રીને કહેવા લાગ્યો કે "આપણે દેવને દીઠો છે, તેથી આપણે નિશ્ચે મરી જઈશું" પરંતુ તેની સ્ત્રીએ કહ્યું, "જો પ્રભુ આપણને મારી નાખવા જ ચાહતો હોત તો આપણા હાથથી દહનાર્પણ તથા ખાદ્યાર્પણ ન લેત અને આપણી સાથે આ પ્રમાણેની વાત પણ કરત નહિ. તે પછી માનોઆહની પત્નીને પુત્ર જનમ્યો અને તેણે તેનું નામ સામસુન પાડયું. તે છોકરો મોટો થયો અને પ્રભુ પિતાએ તેને આશીર્વાદ આપ્યો.

પ્રભુ પિતા તરફથી આ ખાસ દીકરો આવ્યો. તેની સાથે માહને-દાન નામનું સ્થળ હતું, તેમાં પરમેશ્વરનો આત્મા તેને પ્રેરણા કરવા લાગ્યો.

આપણે શરૂઆતમાં જોઈ ગયા કે પલિસ્તીઓ ખૂબ ખરાબ પ્રજા હતી અને ઇસ્રાએલ પ્રજા પ્રભુની પ્રજા હતી. આ ઇસ્રાએલ લોકો પ્રભુપિતાએ તેમને માટે જે બધું કર્યું હતું તે ભૂલી ગયા અને પોતાની ઈચ્છા પ્રમાણે વર્તવા લાગ્યા. પણ પ્રભુપિતા દયાળુ છે, તે તેમને ભૂલી ગયા નહોતા. ઇસ્રાએલીઓને શિક્ષા કરવા માટે પ્રભુ પિતાએ તેમને પલિસ્તીઓના હાથમાં સોંપી દીધા અને તેઓ બહુ જ દુઃખી થયા.

તેમને દુઃખમાંથી છોડાવવા બહુ જોરદાર અને તાકાતવાન વ્યક્તિની જરૂરી હતી અને તે માટે પ્રભુ પિતા સામસુનને તૈયાર થવા માટે પ્રેરણા આપવા લાગ્યા.

સામસુને તિમ્નાહમાં પલિસ્તીઓની દીકરીમાંની એકને પસંદ કરી પરંતુ તેના પિતાએ તેને સમજાવ્યો કે જે પલિસ્તીઓ ઇસ્રાએલીઓને ધિક્કારે

છે, જેમનાં કામ પણ આપણા દેવને પસંદ હોતા નથી, તેઓમાંની દીકરીને તું શા માટે પસંદ કરે છે ? આમ છતાં આ તો પરમેશ્વર પિતાનું કામ હતું. આ વખતે પલિસ્તીઓ ઇસ્રાએલ પર રાજ કરતા હતા. સામસુને તે જ છોકરીને પસંદ કરી. ત્યારપછી સામસુન તેના માતા-પિતા સાથે તિમ્નાહ ગયો, ત્યાં દ્રાક્ષાવાડીઓ પાસે એક સિંહે તેની સામે ગર્જના કરી. તે વખતે પરમેશ્વરનો આત્મા સામસુન પર પરાક્રમ સહિત આવ્યો અને બકરીના બચ્ચાંને ચીરી નાખે તેમ તેણે તે સિંહને ચીરી નાખ્યો પણ તેના માતા-પિતાને તેની ખબર પડી નહિ. પછી સામસુન તે સ્ત્રીને મળ્યો અને તેના માત-પિતા તેની ઇચ્છાને આધીન થયા. રસ્તામાં તેણે મારી નાખેલા સિંહનું શું થયું હશે તે જોવા તે રસ્તેથી ફંટાયો તો સિંહના ખોળિયામાં પુષ્કળ મધમાખીઓ હતી અને તે મધમાખીઓએ મધ સાથેનો મોટો મધપૂડો તૈયાર કરી દીધો હતો. સામસુને તેમાંથી મધ લીધું અને ખાતો ખાતો આવ્યો, તેમાંથી તેના માત-પિતાને પણ આપ્યું અને તેઓએ પણ ખાધું પણ તે મરેલા સિંહના ખોળિયામાંનું મધ હતું, તે તેમને તેણે જણાવ્યું નહિ.

તે પછી તેના પિતા તે સ્ત્રીને ઘેર ગયા અને તે વખતના રિવાજ પ્રમાણે સામસુને ત્યાં ઉજાણી કરાવી, ત્રીસ મિત્રોને પણ બોલાવ્યા કારણ તેમના રિવાજ પ્રમાણે તેઓ એમ કરતા હતા. ગમ્મત ખાતર સામસુને તેમને ઉખાણું પૂછ્યું અને જણાવ્યું કે જો તમે મને સાત દિવસમાં તેનો સાચો અર્થ કહેશો તો હું તમને ત્રીસ બદન અને ત્રીસ જોડ વસ્ત્ર આપીશ પણ જો તમે જવાબ શોધી નહિ શકો તો તમારે મને ત્રીસ બદન અને ત્રીસ જોડ વસ્ત્ર આપવાં પડશે.

તે પછી તેઓએ ઉખાણું જણાવવા કહ્યું તો સામસુને તેમને કહ્યું, "ખાનારમાંથી ખોરાક નીકળ્યો અને બળવાનમાંથી મીઠાશ નીકળી." પણ જ્યારે સાત દિવસ સુધી તેમના તરફથી કંઇ જ જવાબ મળ્યો નહિ ત્યારે તે લોકોએ તેની સ્ત્રીને કહ્યું કે તું ગમે તેમ કરીને જવાબ જાણી લે અને અમને કહેજે નહિ તો તમારા સર્વસ્વનો અમે બાળીને નાશ કરીશું.

સામસુનની સ્ત્રીએ રડીને તેની પાસેથી અર્થ જાણવા કહ્યું પણ તેણે જણાવવા ના પાડી. સાત દિવસ તેની આગળ તેણે રડયા કર્યું તેથી તેણે ઉખાણાનો અર્થ કહી દીધો. સાતમે દિવસે આ બધા માણસો સામસુન પાસે આવ્યા અને તેને કહ્યું, "મધથી મીઠું શું છે? અને સિંહથી બળવાન શું છે?"

સામસુને તેઓને કહ્યું, "મારી વાછરડીથી તમે ખેડયું ન હોત તો તમને આ બાબતનો પત્તો કયારેય ના મળ્યો હોત."

પરમેશ્વરનો આત્મા સામસુન પર પૂરા બળસહિત આવ્યો અને તેણે તેઓમાંના ત્રીસ જણને મારી નાખ્યા અને તેણે તેઓના વસ્ત્ર ઉતારી લઇને જેઓએ અર્થ જણાવ્યો હતો. તેઓને આપ્યા. અંતે ખૂબ જ ગુસ્સે ભરાઇને પોતાના પિતાને ઘેર ચાલ્યો ગયો.



# ૮૪ માર્ટીન લ્યુથર ભાગ-૨

ગરીબ નાનો છોકરો જે આગળ જતાં પ્રભુનો મહાન સંત બન્યો. કડકડતી ઠંડી રાત હતી અને પવનનું ભારે તોફાન મચી રહ્યું હતું. જર્મનીના એક નાના પરગણાનો રહીશ કોનરાડ કોટા પોતાની સુંદર વાંસળી બજાવી રહ્યા હતા અને તેમનાં પત્ની ઉરસુલા સાંજનું ભોજન તૈયાર કરી રહ્યાં હતાં.

અચાનક તેમણે મીઠો પરંતુ ખૂબ ધીરો ગાયનનો અવાજ પોતાના ઘરની બહાર સાંભળ્યો. તેના શબ્દો કંઈક આ પ્રમાણે હતા... શિયાળવાં પોતાના રહેઠાણમાં પહોંચી ગયાં છે, દરેક પક્ષી પોતાના માળામાં પહોંચી ગયું છે પરંતુ હું આ જગાએ એકલો રખડતો રહ્યો છું કારણ કે મારે માટે આરામની કોઈ જ જગા નથી. તેના પગલાં ધીમે ધીમે એક ઘર તરફ વળ્યા. આ ઘર તો કોનરાડ કોટાનું હતું. છોકરાએ દરવાજા પર ધીમા ટકોરા કર્યા. ટકોરા સાંભળી બન્ને પતિ-પત્નીએ દરવાજો ખોલ્યો તો તેમના હૃદયે ભારે દુઃખ અનુભવ્યું. તેમણે જોયું તો ઠંડીથી ધ્રૂજી રહેલો, ચીંથરેહાલ છોકરો રડતા સાદે વિનંતી કરી રહ્યો હતો કે, "પ્રભુ ઈસુના નામમાં મારી થોડી મદદ કરો." બન્ને પતિ-પત્નીએ તરત જ કહ્યું. નાના છોકરા, અંદર આવી જા. અમે તને કંઈક ખોરાક અને આજની રાતની સગવડ તારે રહેવા માટે વ્યવસ્થા કરી આપીશું.

ઉરસુલા વહેલી વહેલી તેને માટે ખોરાકની વ્યવસ્થા કરવા રસોડા તરફ દોડી અને ખોરાક બનાવવો શરૂ કર્યો. પરંતુ ખોરાક તૈયાર થઈ રહેવા આવ્યો હતો, એટલામાં જ છોકરો થાક અને ભૂખથી ત્યાં જ પટકાઈ પડયો. પતિ-પત્નીએ દોડીને છોકરાની સંભાળ લીધી, તેની સામે સ્વાદિષ્ટ સુપનો પ્યાલો ધર્યો અને તૈયાર કરેલી પથારીમાં તેને સુવાડી દીધો.

મોડેથી તેઓને ખબર પડી કે તે છોકરો સુંદર સ્વરે ગીતો ગાઈને પોતાના નિર્વાહ માટે લોકોએ આપેલા પૈસા ભેગા કરી પોતાનું ગુજરાન

ચલાવતો હતો.

તે છોકરો ખૂબ ઉપયોગી બની શકશે, તેવું જણાતા તેઓએ તેને માટે ખૂબ આગ્રહથી પ્રાર્થના કરી અને તે પછી તેમણે નક્કી કર્યું કે તેને તેઓ પોતાના દીકરા તરીકે રાખશે.

તેઓએ તેને માટે શાળાની વ્યવસ્થા કરી, તે ત્યાં જ રહી શકે તેવી વ્યવસ્થા કરી, ત્યાં તેને બાઇબલ આપવામાં આવ્યું અને તે ખૂબ ધ્યાનપૂર્વક બાઇબલનો અભ્યાસ કરવા લાગ્યો. તારણનો આશીર્વાદિત માર્ગ પણ તે જાણી શકયો અને સમજી શકયો.

તારણ વિષેની આ બાબત જાણ્યા બાદ તે પોતાની પાસે છાની રાખી શકયો નહિ પરંતુ બધે ફરીને "વિશ્વાસથી પ્રભુ ઇસુ ખ્રિસ્ત મારફતે તારણ મળે છે અને શાંતિ પ્રાપ્ત કરી શકાય છે તે તે બરોબર રીતે સમજી શકયો."

કોનરાડ અને ઉરસુલા જાણતા જ નહોતા કે પ્રભુ ઇસુના નામે સ્વીકારેલો આ દીકરો આગળ જતા બીજો કોઇ નહિ પરંતુ માર્ટીન લ્યુથર જ હતો, જેને તેઓ પોતાને ત્યાં આશ્રય અને શાંતિ આપી રહ્યાં હતાં.

ખ્રિસ્ત પરના પ્રેમને લીધે તેઓએ આ નાના ગાયકને માથ્થી ૨૫ : ૪૦ પ્રમાણે એટલે કે "હું તમને ખચીત કહું છું કે, આ મારા ભાઇઓમાંના બહુ નાનાઓમાંથી એકને તમે કર્યું એટલે તે મને કર્યું. તે વચન પૂરું કરી શકયાં હતાં.

પ્રભુ ઇસુના નામમાં માર્ટીન લ્યુથરના પાલક માતા-પિતા કોનરાડ અને ઉરસુલાને ધન્યાવાદ ઘટે છે.

# ૮૫ જગતનો તારનાર

આખા વર્ષનો છેલ્લો મહિનો આપણને આપણાં તારનાર પ્રભુ ઈસુના પૃથ્વી પર આવવાની વધામણી આપે છે અને તે વધામણી આપણાં હૃદયોને આનંદોલ્લાસથી ભરી દે છે. જુઓ બાઈબલના ઘણા વાક્યોમાનું એક ૧લો યોહાન ૪ : ૧૪ "અમે જોયું છે ને સાક્ષી પૂરીએ છીએ કે, પિતાએ પુત્રને જગતનો તારનાર થવા મોકલ્યો છે." આ શબ્દો પ્રભુ ઈસુના એક માનીતા શિષ્યએ લખેલા છે અને તે શિષ્ય છે, પ્રભુ ઈસુનો વહાલો શિષ્ય યોહાન. આ યોહાન તે બાપ્તિસ્મા કરનાર યોહાન નહિ. પરંતુ પ્રભુ ઈસુના બાર શિષ્યોમાંનો એક જે પ્રભુ ઈસુની છાતી પર અઢેલીને જમવા બેસતો હતો. આ યોહાને પ્રભુ ઈસુ સાથે બહુ જ નિકટતા કેળવી હતી અને તેથી જ તે લખે છે કે, 'અમે' એટલે બધા શિષ્યોએ જોયું છે. શું જોયું છે ? એ જ કે ઈસુ પ્રભુને ઈશ્વરપિતાએ આ જગતના તારનાર એટલે જગતના માણસોના પાપથી (શેતાનની યુક્તિઓથી) તેમને છોડાવનાર તરીકે મોકલ્યા હતા. તે છોડાવવા માટે પ્રભુ ઈસુએ પોતાનું જીવન આપી દેવાનું હતું. રોમન ૩ : ૨૩ વાંચો. "સઘળાંએ પાપ કર્યું છે અને દેવના મહિમા વિષે તેઓ અધૂરા જણાય છે." - શા માટે-પાપને લીધે. જો આપણે પાપ કર્યા જ કરીએ તો શેતાન ખુશ થાય છે - શાબાશી આપે છે પરંતુ આપણને ઉત્પન્ન કરનાર ઈશ્વર ખૂબ દુઃખી થાય છે કારણ કે શેતાન પાપ કરાવનાર છે. પ્રભુ પિતાને પાપ ગમતું નથી, તેથી જો આપણે સમજી જઈએ અને નક્કી કરીએ કે હવેથી હું પાપ નહિ કરું તો પછી તેને માટે એક જ રસ્તો છે કે, આપણે જે બધાં પાપ કર્યાં છે, તેની માફી માગવી જોઈએ. અને ૧ યોહાન ૧ : ૯ એમ જણાવે છે કે જો આપણે આપણાં પાપ કબૂલ કરીએ, તો આપણાં પાપ માફ કરવાને તથા આપણને સર્વ અન્યાયથી (પાપથી) શુદ્ધ કરવાને તે (પ્રભુ ઈસુ) વિશ્વાસુ તથા ન્યાયી છે. કારણ કે પ્રભુ ઈસુનું પવિત્ર રક્ત આપણને સઘળાં પાપથી શુદ્ધ કરે છે અને તે પવિત્ર રક્ત વધસ્થંભ પર વહેવડાવીને પ્રભુ ઈસુએ પોતાનું સંપૂર્ણ બલિદાન આપણે માટે આપ્યું. આ વિષે વધુ વિગતવાર આપણે ગુડફ્રાઈડે અને ઈસ્ટરના સમયોમાં શીખીશું. પણ એટલી ખાતરી રાખીએ કે જ્યાં સુધી પાપની બાબતો

પર આપણે પ્રેમ કરતાં રહીએ તો આપણને પાપ સારું લાગે છે અને પાપની માફી આપણે પામી શકતા નથી અને જો પવિત્ર આત્મા આપણને મળે તો જ આપણે પાપથી દૂર રહી શકીએ છીએ. આ પવિત્ર આત્મા આપણને ત્યારે જ મળે કે જ્યારે પ્રભુ ઇસુના રક્ત પર વિશ્વાસ કરીને આપણે આપણા સઘળાં પાપોની માફી પામીને શુદ્ધ બનીએ. આપણે પાપથી ભરેલા અશુદ્ધ હોઇએ તો આપણે પવિત્ર આત્મા નહિ જ પામી શકીએ.

એક માણસે એક પાસ્ટર સાહેબને કહ્યું કે, "સાહેબ તમારા ભાષણો મને ગમતાં નથી કારણ કે અવારનવાર તમે પ્રભુ ઇસુના મરણ વિષે જ કહ્યા કરો છો તે મને ગમતું નથી." વધસ્થંભની વાત કહેવાને બદલે જો તમે "પ્રભુ ઇસુને એક શિક્ષક અને તેમનું ઉદાહરણ વિષય પર સંદેશા આપો તો તે વધતું સારું ફળ આપશે." પાસ્ટર સાહેબે કહ્યું કે "હું તે પ્રમાણે ઉપદેશ આપું તો તમે પ્રભુ ઇસુને સ્વીકારશો ?" તે માણસે કહ્યું, "જરૂર, હું તેમના પગલામાં ચાલીશ." પાસ્ટર સાહેબે કહ્યું કે, "ત્યારે આપણે તે વિષય પર પ્રથમ પગલું ભરીએ." પ્રભુ ઇસુ વિષે કહેવામાં આવ્યું છે કે "તેમણે કંઇ પાપ કર્યું નહિ." ૧ પિત્તર ૨ : ૨૨. શું તમે આ પગલું ભરી શકો છો ? માણસ જરા મૂંઝાયો તેણે કહ્યું, "ના, હું પાપ કરું છું અને તેની મને ખબર પણ પડે છે." પાસ્ટર સાહેબે કહ્યું, તમારી પહેલી જરૂરિયાત એ છે કે પ્રભુ ઇસુનો નમૂનો નહિ પરંતુ તેમને તમારા જ પોતાના તારનાર તરીકે સ્વીકારવા, તમને દોરવણી આપવા માટે તેમના આત્માની તમને જરૂર છે અને ત્યારે જ તમે "તેમને પગલે ચાલી શકશો."

વહાલાં બાળકો-નાતાલ શબ્દથી તમને આનંદ થતો હશે પરંતુ તે શબ્દને છૂટો પાડો તો 'ના' 'તાલ' એટલે કે જાત જાતના તાલ કરવા માટે નાતાલ નથી પરંતુ પ્રભુ ઇસુને સોંપાઇ જઇ, તેમના આત્માની દોરવણીથી, પાપથી માફી પામી લઇ, શુદ્ધ બનીને આ શુદ્ધ થવાનો અનુભવ પામીએ અને જે આત્મિક આનંદ મળે તે જ ખરો આનંદ છે. પ્રભુ પિતા આ પવિત્ર આનંદના તમને ભાગીદાર બનાવી આનંદ કરાવે એ જ આન્ટીની હૃદયની પ્રાર્થના છે.

# ૮૬ સર્વ પ્રકારના ભયથી મુક્ત બનો

પ્રભુ પિતા રોજબરોજના વાતાવરણ માટે આપણને હિંમત આપતા જણાવે છે કે, "તમારા સર્વ પ્રકારના ભયને આરામ આપો."

ગીતશાસ્ત્ર ૩૪ : ૪ જણાવે છે કે "મેં યહોવાની (પરમેશ્વરની) શોધ કરી અને તેમણે મને ઉત્તર આપ્યો અને મારા સર્વ ભયમાંથી મને છોડાવ્યો."

વહાલાં બાળકો, તમે ઘણીવાર જુદી જુદી જાતની બીકનો અનુભવ કરતા રહો છો, ખરું? તમે એકલા જ નહિ પરંતુ મોટેરાઓ પણ ઘણી બાબતથી બીતા તો હોય છે જ અને નાનાઓને બીવડાવતા હોય છે ખરું ? પરંતુ ભૂલી ના જઈએ કે પ્રભુ ઇસુ જાતે આ પૃથ્વી પર આવ્યા ત્યારે ઘણીવાર ભયભીત બનેલા સર્વને ભયમાંથી છોડાવ્યા. તે સંબંધી માર્કની સુવાર્તામાંથી એક પ્રસંગ વાંચો માર્ક ૬ : ૪૫-૫૨. આ તો તમારી જાણીતી બાબત હશે જ તેથી તે વિષે વિગતવાર જણાવતી નથી પરંતુ તેટલા ફકરામાંથી અગત્યની બાબત એ છે કે જ્યારે તેમના શિષ્યો હોડીમાં સામા પવને મુસાફરી કરતા હેરાન થઇ રહ્યા હતા ત્યારે પ્રભુ ઇસુ પ્રાર્થના કરવા ગયા હતા. પ્રાર્થના કર્યા બાદ તે સમુદ્ર તરફ ગયા ત્યારે શિષ્યો હોડીમાં સમુદ્રની મધ્યે ખૂબ હલેસાં મારતા હોડીને આગળ ધપાવી રહ્યા હતા પરંતુ સામા પવને તેઓ બહુ જ હેરાન થતા હતા. પ્રભુ ઇસુ સમુદ્ર તરફ પહોંચી ગયા. ભયંકર પવનના તોફાની વાતાવરણમાં પણ પ્રભુ ઇસુ પૂરતી હિંમત સાથે સમુદ્રમાં પ્રવેશ્યા અને સમુદ્ર પર ચાલવા લાગ્યા. રાત્રીનો અંધકાર હોવાથી શિષ્યો ખૂબ જ ભય પામી ગયા. તે સમયમાં ભૂત વગરેનો ભય લોકોમાં ઘણો હતો તેથી પ્રભુ ઇસુને સમુદ્ર પર ચાલતા જોઇને તેઓ ભયના માર્યા ગભરાઇ ગયા પણ ઇસુએ તેઓને કહ્યું કે, "હિંમત રાખો, એ તો હું છું, બીહો મા." શિષ્યો પ્રભુ ઇસુને હોડીમાં ચઢેલા જોઇ અજાયબી પામી ગયા. જેવા પ્રભુ ઇસુ હોડી પર ચઢયા કે તરત જ તોફાની પવન થંભી ગયો અને શિષ્યો અજાયબ થઇ ગયા. આ પ્રમાણે પ્રભુ ઇસુની

સંગતથી શિષ્યો ગભરાટથી મુક્ત બન્યા. પ્રભુ ઇસુ હોડી પર ચઢયા, શિષ્યોએ તેમને ઓળખ્યા, પવન શાંત પડી ગયો અને સંપૂર્ણ શાંતિ ફેલાઇ ગઇ.

ગીતશાસ્ત્રના ૩૪મા અધ્યાયની ૪થી કલમમાં લેખક જણાવે છે કે (૧) મેં યહોવાની શોધ કરી અને (૨) તેમણે મને ઉત્તર આપ્યો (૩) અને મારા સર્વ ભયમાંથી મને છોડાવ્યો. ગી. શા. ૩૪ : ૧-૧૦ કલમો તમારા બાઇબલમાંથી ધ્યાનપૂર્વક વાંચો. તમને ખૂબ ગમશે. તેટલી કલમો સુંદર અક્ષરે સ્વચ્છ કાગળ પર લખીને તમારા બાઇબલમાં મૂકજો અને જ્યારે જ્યારે તમે બાઇબલ વાંચો ત્યારે ત્યારે આ કલમો વાંચજો, તે પર વિચાર કરજો અને પ્રભુ પિતા તમને તે મારફતે હિંમત આપે છે તે બદલ તેમનો આભાર માનજો.

નવ વર્ષના એક નાના છોકરાને ગળાનો દુઃખાવો થયો. અમે ડૉકટરને બતાવતા, ડૉકટરે જણાવ્યું કે તેને ગળામાં ટોન્સીલ્સ (કાકડા) થયા છે અને ઓપરેશન કરીને કાઢવા પડશે. ઓપરેશન બીજે જ દિવસે કરવાનું નક્કી થયું. છોકરો સ્ટીવન ખૂબ ગભરાવા અને ડરવા લાગ્યો. તેને સતત લાગવા માંડયું કે, "કાલે શું થશે ?" મારું ગળું કાપી નાખશે ? કાકડા કેવા હશે ? હું મરી તો નહિ જઉંને ? તેને તેના મમ્મીએ ગીતશાસ્ત્રનો ૨૩મો અધ્યાય મોઢે કરાવ્યો હતો અને નાની પ્રાર્થના કરતાં પણ શીખવ્યું હતું. તેથી સ્ટીવન આ અધ્યાય બરોબર બોલી ગયો અને પ્રાર્થના કરી અને બોલ્યો, "પ્રભુ ઇસુ, તમે મારા (પાળક) સંભાળનાર છો તેથી મને કશી ખોટ પડશે નહિ."

ઘેર ગયા બાદ સ્ટીવન આજ વિચારમાં હતો અને ફોનની ઘંટડી રણકી. તેણે ફોન ઊઠાવ્યો. આ ફોન તો તેના ચર્ચના (દેવળના) પાદરી સાહેબનો હતો અને તેમણે પૂછયું "કોણ સ્ટીવન છે ?" તેણે વિવેકથી પ્રથમ "ગુડ મોર્નિંગ" કહ્યું અને કહ્યું, "હાજી સાહેબ, હું જ છું." પાદરી સાહેબે કહ્યું "સ્ટીવન, હું અત્યારે જરૂરના કામે વિમાનમાં જઇ રહ્યો છું." તેથી એરપોર્ટ પરથી બોલું છું." પ્રભુ પિતા ઓપરેશન સમયે તારી સાથે જ રહેશે, તને કશી

બીક લાગવી જ જોઇએ નહિ. તું જલદી સાજો થઇ જશે." "પ્રભુ પિતા, સ્ટીવનની મદદ કરજો." આમેન.

સ્ટીવન તો ખુશ ખુશ થઇ ગયો અને દોડીને મમ્મી પપ્પા પાસે જઇને આ સંબંધી જણાવ્યું અને ફોન પર પાસ્ટર સાહેબે પ્રાર્થના કરાવી તે પણ જણાવ્યું.

સ્ટીવનનું ઓપરેશન સફળ થયું અને તે થોડા દિવસમાં સ્વસ્થ થઇ ગયો પછી તે પાસ્ટર સાહેબને મળ્યો અને પ્રભુએ તેની બીક દૂર કરી હતી અને તેને સાજો કર્યો હતો તે વિષે જણાવ્યું અને સાહેબનો આભાર માન્યો. તેણે તેમને કહ્યું, "તમે પ્રાર્થના કરાવી પછી બધો ભય મારામાંથી જતો રહ્યો હતો."

મિત્રો, પ્રાર્થના એક જોરદાર હથિયાર તરીકે આપણે એકલા હોઇએ કે ગ્રુપમાં હોઇએ તોપણ આપણને સહારો આપે છે અને કોઇપણ જાતના ભયમાંથી આપણને મુક્ત કરે છે.

જ્યારે કોઇ નોકરી વગરનું થાય અથવા માંદગીમાં સપડાય, કોઇ સંબંધો બગડી જાય, પોતાનું બાળક ખરાબ સોબતમાં સપડાઇ જાય અથવા આપણને આપણો વિશ્વાસ નબળો જણાય ત્યારે પ્રાર્થના કરવાથી પ્રભુ પિતાની અદ્ભુત કામગીરી આપણે અનુભવી શકીએ છીએ.

આપણી મુશ્કેલી બીજાઓને જણાવી પ્રભુ પિતાની સાથે તે વિષે સાથે મળીને પ્રાર્થના કરવાથી શાંતિ મળે છે, ભય દૂર થાય છે.

"પ્રાર્થના દ્વારા આપણે પ્રભુના સામર્થ્યના ભાગીદાર બની શકીએ છીએ." પ્રભુ પિતા સર્વને આ નવા વર્ષમાં તેમના પ્રેમનો, કૃપાનો, શાંતિનો અને ભયમુક્તિનો અનુભવ કરાવો એ જ પ્રાર્થના.

# ૮૭ પાપોની માફી

પ્રભુ પિતા કંઇક ભૂલી જવાનું હંમેશા યાદ રાખતા હોય છે !

કેવું અજાયબ જેવું ? આપણે ઘણું ઘણું ભૂલી જવાનું યાદ રાખતા હોઇએ છીએ, પરંતુ ના ભૂલી શકાય તેવું યાદ રાખવું તે તો એક અજાયબી ગણી શકાય, ખરું ?

ઘણી વખતે માણસ પોતે પાપી હોવાને કારણ પ્રભુ પિતા માટે એવું વિચારતો હોય છે કે, "મારાં પાપો પ્રભુ પિતા કદી પણ ભૂલશે નહિ.' બાળકો તમારાથી કંઇ ખોટું થાય તો તમે ગભરાઇ જાઓ છો. તમને એટલી તો ખબર છે જ કે તમે એવું કંઇક કર્યું છે જે પાપ છે.

તમને એ પણ ખબર છે કે જ્યારે જ્યારે તમે પાપ કરો છો એટલે કે ચોરી કરતા હો, અથવા જૂઠું બોલતા હો અથવા કોઇની સાથે ખરાબ શબ્દો વાપરીને લડાઇ ઝઘડો કરતાં હો અથવા મમ્મી પપ્પાએ જે બાબત કરવાની ના કહી હોય તે છાનામાના કરતા હો ત્યારે તમે મનમાં ગભરાતા રહો છો ખરું ? તમને એમ લાગે છે કે કદાચ મમ્મી અથવા પપ્પા જાણી જશે તો ? આવા ગભરાટમાં તમે કરેલી ખોટી બાબતને કોઇ જાણી ના જાય તેની કાળજી રાખતા હો છો. પાપ તમે જ કર્યું છે પરંતુ તે કોઇ ના જાણે તે માટે તમારે કેટલીવાર તે બદલ જૂઠું બોલવું પડે છે અને જૂઠું બોલવું તે પણ પાપ છે એ જાણો છો તેથી જેટલી વાર જૂઠું બોલો છો તેટલીવાર તમારાં પાપ વધતા જ જાય છે. આ પ્રમાણે તમે જો તમારાં પાપોની ગણતરી રાખતા જાઓ તો ફક્ત એક જ દિવસમાં જુદી જુદી રીતે તમે કેટલાં બધાં પાપો કરતાં હશો અને તમે એ પણ જાણો છો કે પાપનું પરિણામ નાશ છે અને તમે ગભરાઓ છો. મનમાં પોતાની માફી માગો છો પણ તમને એમ જ થાય છે કે પ્રભુ બાપ માફ નહિ કરે તો ? જો તમે એમ વિચારતા હો તો નીચેનો એક પ્રસંગ યાદ રાખજો.

એક દૂતને પ્રભુ પિતાએ અમુક સારા સંત પાસે મોકલ્યો અને કહેવડાવ્યું કે, "હવે તમારે સ્વર્ગીય શહેરમાં આવવાની શરૂઆત કરવાની છે." આ સંત તો આ સંદેશો સાંભળીને ખૂબ ખુશ થયા કારણ કે તેમણે પ્રભુ ઇસુની જ સેવા કરી હતી. પ્રભુ ઇસુના નામે બોધ કરતા હતા, લોકોને જણાવતા હતા

કે પ્રભુ ઈસુ પાસે તમારાં પાપો કબૂલ કરો અને તે તમને માફ કરશે અને તમારો ઉધ્ધાર કરશે. લોકોને પણ આ સંત પ્રત્યે ખૂબ માન હતું.

જ્યારે દૂતે તેમને સંદેશો આપ્યો ત્યારે તે ઘણા જ આનંદમાં આવી ગયા અને યોગ્ય સમયે દૂતની સાથે સ્વર્ગીય શહેરમાં પહોંચવા ઉત્સાહી બની ગયા. દૂત પણ તેમને લેવા આવ્યો. બન્ને હવે દુનિયાને પેલે પારના રસ્તા પર આવી પહોંચ્યા ત્યારે સંત ગભરાયેલા જણાયા. તેમણે ગભરાયેલા અવાજે દૂતને પૂછયું, "તમે મારા બધાં પાપો કયાં દાટી દીધા છે ?" દૂતે કહ્યું કે મેં તમારાં પાપો દાટી દીધા છે, તે ચોક્કસ બાબત છે પરંતુ તે કયાં દાટ્યા છે તે હું જાણતો નથી પરંતુ એટલી બાબત તમને ખાતરીપૂર્વક જણાવું છું કે, "ઈશ્વરપિતા તો છેક જ ભૂલી ગયા છે કે તમે કદી પાપ કર્યા હતા." આ તો અજાયબી કહેવાય ખરું ? પરંતુ આજ દૈવી માફી છે, પ્રભુ પિતા જ્યારે આપણાં પાપો માફ કરે છે ત્યારે તે બધાં પાપો એવી રીતે દૂર કરે છે કે જાણે તમે કદી પાપી હતા જ નહિ કે તમે કદી પાપ કર્યા જ નહોતા. "દૈવી માફી"ની આ અજાયબી છે ! તમારું બાઈબલ ઉઘાડો અને નવા કરારમાં રોમનોને પત્ર ૬ઠ્ઠો અધ્યાય અને ૨૩મી કલમ વાંચો, "કેમ કે પાપનો મુસારો (પરિણામ) મરણ છે પણ આપણાં પ્રભુ ઈસુ ખ્રિસ્તને આશરે દેવનું કૃપાદાન અનંતજીવન છે." વળી યોહાનનો પહેલો પત્ર ૧લો અધ્યાય ૯મી કલમમાં લખ્યું છે, "જો આપણે આપણા પાપ કબૂલ કરીએ, તો આપણાં પાપ માફ કરવાને તથા આપણને સર્વ અન્યાયથી (પાપથી) શુદ્ધ કરવાને તે વિશ્વાસુ તથા ન્યાયી છે. ૭મી કલમના છેલ્લા ભાગમાં જણાવે છે કે, "પ્રભુ ઈસુનું રક્ત આપણને સઘળાં પાપથી શુદ્ધ કરે છે."

ખરેખર, પ્રભુ ઈસુએ કાલવરી પરના વધસ્થંભ પર પોતાનું સર્વ રક્ત વહેવડાવી દીધું અને તે જ રક્ત આજે પણ આપણાં પાપો ધોઈ નાખી શકે છે અને સ્વર્ગને માટે લાયક બનાવી શકે છે. તેમની સ્તુતિ થાઓ ! વહાલાં બાળકો આજે જ અત્યારે જ ઘૂંટણો ટેકવીને રડતા હૃદયે તમારાં પાપોની માફી માગો અને શુદ્ધ થઈ જાઓ. પ્રભુ પિતા ગમે તેવા પાપીને કદી ભૂલતા નથી, તે તો ફક્ત પાપીના પાપો જ માફ કરે છે. આજે જ પાપોની માફી પામો અને શુદ્ધ થાઓ. પ્રભુ પિતા મદદ કરશે જ.

# ૮૮ થોમસ એડિસન

## નિષ્ફળતાને પણ સફળતામાં ફેરવનાર પ્રભુ ઈસુ

૧૯૧૪ની સાલના એક મહાન વૈજ્ઞાનિકની આ વાત છે. આ વૈજ્ઞાનિક તે થોમસ એડિસન હતા. બહુ જ ખંતીલા અને મહેનતુ તેમ જ વિદ્વાન વૈજ્ઞાનિક તરીકે તેઓ ખ્યાતિ પામેલા હતા. ૧૯૧૪ની સાલમાં તેમના મોટા કારખાનામાં ભાતભાતની પ્રવૃત્તિઓ ચાલી રહી હતી. વિવિધ બાબતોની શોધ પાછળ આ મહાન વિચારવંત બાહોશ વૈજ્ઞાનિક પોતાના વૈજ્ઞાનિક ભેજામાંથી નવા નવા પ્રયોગો દ્વારા હજી વધુ અને વધુ શોધો કરી પોતાનાં સ્વપ્નોને ખરી રીતે સિદ્ધ કરવાના વિચારમાં હતા.

એડિસનના કારખાનાનો સમગ્ર ભાગ કોન્ક્રીટ અને ઉત્તમ લોખંડનો બનેલો હતો અને તે પણ અગ્નિથી નાશ પામે તેવો નહોતો પરંતુ તમે જે ધારતા હશો તેવો ના બની શકયો. કામ ચાલી રહ્યું હતું, રાત્રી જામી રહી હતી. એટલામાં કારખાનાના છાપરામાંથી અગ્નિની જવાળાઓ બહાર નીકળવા લાગી અને રાત્રીના અંધકારને અગ્નિની જવાળાઓના પ્રકાશથી અદશ્ય બનાવી દીધો, ચોમેર અગ્નિની જ્વાળાઓ ભભૂકી ઊઠી.

એડિસન ત્યાં હતા તેથી તેમના ૨૪ વર્ષના પુત્ર ચાર્લ્સે આ પ્રખ્યાત વૈજ્ઞાનિકની શોધ કરવા માંડી. જ્યારે છેવટે તે મળ્યા ત્યારે ભારે ઉત્તેજના અને આનંદ સાથે આ મોટી જવાળાઓને તેઓ તાકીને જોઈ રહ્યા હતા. તેમના સફેદ વાળ આમતેમ ઊડી રહ્યા હતા. તેમનો ચહેરો અગ્નિની જવાળામાં ચમકી રહ્યો હતો.

ચાર્લ્સે તેનું વર્ણન આપતાં કહ્યું, આવી ભયંકર પરિસ્થિતિમાં આ ૬૭ વર્ષના વૈજ્ઞાનિક શાંત ચિત્તે આ દશ્ય જાણે માણી રહ્યા હતા. લાંબા સમયથી જેની પાછળ અત્યંત પરિશ્રમ કર્યો હતો, તે જવાળાઓના રૂપમાં પરિણમ્યો હતો. જ્યારે તેમણે મને જોયો ત્યારે તે પોકારી ઊઠયા, "ચાર્લ્સ !

તારા મમ્મી ક્યાં છે ?" મેં જવાબ આપ્યો, "મને ખબર નથી." તેમણે મને કહ્યું, "તેમને શોધી કાઢ અને અહીં લઇ આવ ! આ જાતનો દેખાવ તેના જીવનમાં તેને ક્યારે પણ જોવા મળશે નહિ !"

બીજી સવારે એડિસને પોતાની ફેક્ટરીના પ્રત્યેક ભાગનો નાશ પામેલો ભાગ જોયો અને તેમણે તે પરત્વે આ જાતનો વિચાર રજૂ કર્યો. "જ્યારે કંઇ પણ નાશ પામે છે ત્યારે તેની કિંમત હોય છે. આપણી બધી જ ભૂલો બળીને ભસ્મીભૂત થઇ જાય છે. પ્રભુનો આભાર માનીએ કે આપણે હવે બધું ઇશ્વરકૃપાથી નવું અને નવી સ્થિતિમાં બનાવી શકીશું."

શરૂઆતમાં ભસ્મીભૂત બનેલું સર્વસ્વ હતું, તે પરત્વે તેમણે એટલો અજાયબ જેવો પ્રતિભાવ આપ્યો !....ક્યારેક વેપાર-ધંધામાં નિષ્ફળતા મળે, ક્યારેક છૂટાછેડા લેવા પડે. એક દોષિત વ્યક્તિનો ભયંકર હેવાલ વાંચીએ છીએ, વ્યક્તિગત સ્વપ્ન ખારું અને નિષ્ફળ બની જાય. આ નાશ પામે ત્યારે પણ દરેક બાબતો વ્યક્તિગત રીતે તેમાંથી શું મેળવી શકે છે તે તો તે વ્યક્તિના વિચારો જાણ્યા બાદ જ જાણવા મળે છે. તે કઇ રીતે આ ભારે બોજો સ્વીકારે છે, તે તેની સમજ પર આધાર રાખે છે.

જ્યારે ભૂતકાળમાં શરૂ કરેલી બાબતોની નિષ્ફળતા જાણવા મળે છે ત્યારે તેનો ભોગ બનેલી વ્યક્તિ તેને કેવી રીતે અપનાવે છે તેની ઉપર જ આ બાબતને સુધારી લેવાનો અભિગમ જાણવા મળે છે. તે શી રીતે બન્યું તેની શોધ કરીને ભવિષ્યની તકો આપણે વધારે સફળ બનાવી શકીએ છીએ.

આપણી નૈતિક અને આત્મિક નિષ્ફળતાઓના સમયે માફી આપવી અને માગવી જરૂરી છે. બગડી ગયેલી સ્લેટને સંપૂર્ણ સાફ કરી ભવિષ્ય તરફ જુઓ ! જે બની ગયું છે તે પ્રત્યે વધુ ડહાપણ અને નમ્રતા કેળવો પરંતુ તેને લીધે જીવન ટૂંકાવી દેવાય નહિ. ખ્રિસ્તી ધર્મનું ચાવીરૂપ સત્ય એ છે કે, નકામાં થયેલા ભૂતકાળ કરતાં અદૃશ્ય ભવિષ્ય આપણને વધારે આશાવંત બનાવે છે. પ્રભુ પિતા તેમના પ્રેમને સમજવા સર્વની મદદ કરો. આમેન.

# ૮૯ અદૃશ્ય ચિત્રકાર

## મારી અને તમારી ખાનગી બાબતો પણ...

સર્વની ખાનગી બાબતો પણ પ્રભુ પિતા દ્વારા પ્રગટ કરાશે.

"પ્રગટ નહિ કરાશે એવું કંઇ ઢંકાયેલું નથી અને નહિ જણાશે એવું કંઇ ગુપ્ત નથી માટે જે કંઇ તમે અંધકારમાં કહ્યું છે તે અજવાળામાં સંભળાશે અને ઓરડીમાં જે કંઇ તમે કાનમાં કહ્યું હશે તે ધાબા પર પ્રગટ કરાશે." લુક ૧૨ : ૨, ૩.

બાળકો, જાણો છો ? એક દિવસ એવો આવશે જ્યારે તમે અને હું પોતપોતાના જીવનની દરેક ખાનગીમાં ખાનગી બાબતો પણ પ્રભુ ઇસુના મોંથી કાનોકાન સાંભળીશું અને આ હશે ન્યાયકાળનો દિવસ. જ્યારે આપણે સર્વ પ્રભુ ઇસુની સમક્ષ આપણે જે કંઇ સારું કે ખોટું કર્યું હશે તે ફરીથી કાનોકાન સાંભળીશું, પ્રભુ પિતા કોઇ પણ બાબત ખાનગી રાખશે નહિ.

નવ વર્ષના નાના બ્રાયને પોતાનાં મમ્મીને પૂછ્યું, "મમ્મી, આપણા વિચારો ક્યાં જતા હશે ?" તેના મમ્મીએ ડહાપણભર્યો જવાબ આપ્યો, "આપણા બધા જ વિચારો અને ખાનગી શબ્દો પ્રભુ પિતા પાસે પહોંચી જાય છે. અને તેમને તે બધું જ યાદ રહેતું હોય છે. આપણે જેમ બધું ભૂલીએ છીએ તેમ તે કદી પણ ભૂલતા નથી. તે તો સર્વ સમર્થ છે."

બ્રાયન થોડીવાર શાંતિથી કંઇક વિચારવા લાગ્યો અને પછી બોલ્યો, "મમ્મી આ બાબત તદ્દન ખરેખરી છે ? તમે સાચું જ કહો છો ? આથી મને બહુ જ બીક લાગે છે અને ગભરામણ થાય છે !" આ તો ભયંકર વાત છે કે પ્રભુ પિતા આપણા વિષે બધું જ જાણે છે અને તે વળી બધું જાહેર પણ થયા કરશે.

તેના મમ્મી બોલ્યાં, હા દીકરા, જો તારો નવો કરાર કાઢ અને માર્કની સુવાર્તાનો ૪થો અધ્યાય અને ૨૨મી કલમ જો. બ્રાયને તે પ્રમાણે કર્યું અને

જોરથી વાંચવા લાગ્યો કે, "જે કંઇ છાનું છે તે એ માટે છે કે તે પ્રગટ કરાય." મમ્મીએ કહ્યું, માથ્થી ૧૦ : ૨૬, ૨૭ પણ એમ જ જણાવે છે અને આ તો પવિત્રશાસ્ત્રમાં છે એટલે તે સત્ય જ હોય. વળી સભાશિક્ષક ૧૨ : ૧૪ પણ જણાવે છે કે દરેક ભૂંડી કે ભલી ગુપ્ત વાત સુદ્ધાં દરેક કામનો દેવ ન્યાય કરશે, બ્રાયન હવે સમજ્યો અને પોતાની ટેવ પ્રમાણે તેણે નાની પ્રાર્થના કરી કે ઇસુ બાપ મને સારું અને સાચું જ બોલવાની ટેવ આપજો. આમેન.

આ ઉપરની બાબત સમજવા એક નાની વાત વાંચો. એક ગરીબ વિધવા ભાઇ ધનવાન માણસે ભાડે આપેલી એક નાની ઓરડીમાં રહેતી હતી. આ ધનવાન માણસ વારંવાર તે ઓરડીનું ભાડું વધાર્યા કરતો હતો અને બળજબરીથી ઉઘરાવતો હતો. વિધવા બાઇનો આઠ વર્ષનો છોકરો આ બધું જોયા કરતો હતો. અને મનમાં બહુ જ દુ:ખી થતો હતો. ધીમે ધીમે તે મોટો થઇ એક સારો ચિત્રકાર બન્યો. તે પછી તેણે પેલા કઠોર હૃદયના ધનવાન માણસનું ચિત્ર દોર્યું.

જાણે કે તે ધનવાન માણસ ગરીબ વિધવા બાઇ પાસેથી બળજબરી કરી પૈસા પડાવતો હોય અને વિધવા બાઇ હાથ જોડીને પગે પડીને કાલાવાલા કરતી હોય કે સાહેબ, હું બહુ જ ગરીબ છું. અમારું પેટ ભરવા પણ મારી પાસે પૈસા નથી. મહેરબાની કરીને મારા ઉપર દયા રાખો.

આ ચિત્રને ચિત્ર પ્રદર્શનમાં ધનવાન માણસે આ ચિત્ર જોયું. આબેહૂબ તેનું જ ચિત્ર હતું અને પેલી બાઇ પણ તેવી જ હતી. તે ઘણો જ શરમીંદો બની ગયો કારણ આ ચિત્ર તેની ક્રૂરતાનું આબેહૂબ સંપૂર્ણ દૃશ્ય રજૂ કરતું હતું.

ધનવાને આ ચિત્ર વેચાતું આપવા ચિત્રકારને વિનંતી કરી. તે ચિત્રકારને ઓળખી શક્યો નહોતો. ચિત્રકારે તેની વિનંતી સ્વીકારી નહિ પણ જણાવ્યું કે આવા માણસો પણ દુનિયામાં છે તે મારે બધાને જણાવવું છે. તમે ચિત્ર લઇને ફાડી નાખશો તેની મને ખાતરી છે પરંતુ મેં આ ચિત્ર કાયમ માટે સાચવી રાખવા બનાવ્યું છે કે રડતી બાઇ તે મારી મા જ છે.

બાળકો આપણે માટે એક એવા અદશ્ય ચિત્રકાર છે અને તે અદ્ભુત અને અદશ્ય રહે છે પણ આપણ સર્વના જીવનનું દરેક પાસાનું આબેહૂબ ચિત્ર બનાવ્યાં કરતા હોય છે. આપણે પૃથ્વી પર જે સર્વ કરીએ છીએ અને વર્તીએ છીએ તેનો સચોટ ખ્યાલ આપે છે અને છેલ્લે આપણા મૃત્યુ બાદ ન્યાયને સમયે સચોટ રીતે રજૂ કરશે. તેથી આપણે પ્રભુ પિતા જે પ્રેમી પિતા છે તેમની આજ્ઞામાં રહીએ અને પ્રેમથી તેમની સેવા કરીએ.

પ્રભુ તમને આશીર્વાદિત કરો.



# ૯૦ પ્રોફેસર ચેલાપ્પાનો જીવનપલટો

આપણે બધાં જાણીએ છીએ કે આપણા ખ્રિસ્તી ધર્મનું પવિત્ર પુસ્તક બાઈબલ છે. સુખમાં આનંદ આપતું, મુશ્કેલીમાં યોગ્ય દોરવણી આપતું, પ્રભુ ઈસુની સાથે નિકટતા રખાવતું, મૂંઝવણભરી પરિસ્થિતિમાં જરૂરી ઉકેલ આપતું અને આત્મામાં આપણને પ્રભુની સતત સંગત પૂરી પાડતું આપણું પ્રિય પુસ્તક બાઈબલ છે.

આજ પવિત્ર પુસ્તક બાઈબલે એક હોશિયાર પ્રોફેસરના જીવનમાં કેવું પરિવર્તન કર્યું અને સારા, પવિત્ર અને બીજાઓને ઉપયોગી બનવા કેવી રીતે મદદ કરી તે સંબંધી તમને જણાવવા માગું છું. કદાચને આ લખાણની સારી અસર કોઈપણ વ્યક્તિ માટે આશીર્વાદિત બની રહે તેવી પ્રાર્થના સાથે આ વાર્તા લખું છું.

તે દિવસો હતા હિન્દુસ્તાનને બ્રિટીશ અમલથી મુક્ત કરવાની ચળવળના, જે ચળવળને સ્વાતંત્ર્યની ચળવળ કહેવાતી હતી. કોલેજના વિદ્યાર્થીઓ આ ચળવળમાં બહુ જ ઉત્સાહભેર ભાગ લેતા હતા. સમય આવતા આપણને સ્વતંત્રતા પ્રાપ્ત થઈ અને તે પછી આપણો દેશ ભારત કહેવાયો.

સ્વાતંત્ર્યની ચળવળમાં ઘણા વિદ્યાર્થીઓ-વિદ્યાર્થિનીઓ ઉત્સાહભેર ભાગ લેતાં હતાં. શાળા, કોલેજોના શિક્ષકો, પ્રોફેસરો પણ આ ચળવળથી દૂર નહોતા. રેવ. ચેલાપ્પા પણ આમાંના એક હતા. તેઓ એક જાણીતી કોલેજના પ્રોફેસર હતા. જો કે તેઓ ખ્રિસ્તી કુટુંબમાં જન્મ્યા હતા અને સ્વાતંત્ર્યની ચળવળમાં ખૂબ જ રસ ધરાવતા હતા. યુવાન વયે પોતાનું શૈક્ષણિક કાર્ય ખૂબ સારી રીતે પસાર કરી તેઓ એક આગળ પડતી કોલેજના લેકચરર બન્યા. થોડા જ સમયમાં પોતાની હોશિયારીથી કોલેજના પ્રિન્સિપાલના સ્થાને પહોંચી ગયા.

આમ ઝડપભેર પ્રગતિ પામતા ગયા તેમ તેમ તેમના સ્વભાવમાં પણ ઝડપી ફેરફાર થતો ચાલ્યો. સારી ખ્યાતિ ટૂંક સમયમાં પ્રાપ્ત કરવાના પરિણામે તેઓ ખૂબ જ ગુસ્સાવાળા, અભિમાની તેમ જ સ્વાર્થી અને ક્રૂર બનતા રહ્યા. પરિણામે સ્વચ્છંદી બન્યા અને હૃદયની શાંતિ ગુમાવી બેઠા. આ પરિસ્થિતિને કારણે પોતાનું દિલ બહેલાવવા સિગારેટ અને બીડીના ચુસ્ત રસિયા બની ગયા. ભારે ધૂમ્રપાનના કારણે ઘણીવાર તેમની તબિયત બગડી જતી હતી.

ડૉકટરે તેમને ધૂમ્રપાન છોડી દેવાની સલાહ આપી ત્યારે તેમણે ડૉકટરને પણ ગુસ્સા સાથે જણાવ્યું કે પોતાની જિંદગી ગમે તેવી જોખમમાં આવી પડશે છતાં તે ધૂમ્રપાન નહિ જ છોડે.

પોતે મુશ્કેલ પરિસ્થિતિમાં મૂકાતા જાય છે તે પણ તેઓ સમજી શકયા નહિ. તેમના ભાઇ, જેમનું લગ્ન ટૂંક સમય પર જ થયું હતું તે પણ ભારે માંદગીમાં આવી પડયા અને થોડા જ સમયમાં મૃત્યુ પામ્યા. ડૉકટરે જણાવ્યું કે તેમના ભાઇના મગજમાં ગાંઠ થઇ હતી તેનું યોગ્ય નિદાન થઇ શકયું નહિ તેથી આવું દુઃખદ પરિણામ આવ્યું. આખું કુટુંબ દુઃખમાં ગરકાવ થઇ ગયું. પ્રોફેસર ચેલાપ્પાએ પણ દુઃખ અનુભવ્યું. પરંતુ ધૂમ્રપાનની ઘેલછામાં બધું ભૂલી ગયા.

તે અરસામાં સ્થાનિક પાસ્ટર સાહેબોએ અને ધાર્મિક મિત્રોએ સુવાર્તાની મોટી મિટીંગ ગોઠવવાનો વિચાર કર્યો અને તેની સઘળી વ્યવસ્થા પ્રિન્સિપાલ ચેલાપ્પાને સોંપી. કારણ કે તેઓ કોલેજના પ્રિન્સિપાલ હોવાને લીધે સર્વ પ્રકારની વ્યવસ્થાની સગવડ કરી શકે તેમ હતું અને તેમણે ઘણી જ સુંદર વ્યવસ્થા કરી આપી પરંતુ તેઓ જાતે મિટીંગમાં બેસવા માગતા નહોતા કારણ કે સતત ધૂમ્રપાનની ટેવના કારણે તે ભાગ લઇ શકે નહિ તેમની સિગારેટનાં ડબ્બાને તો જાણે તેમનો નિકટનો મિત્ર હોય તેમ તેને જરા પણ અળગો કરી શકતા નહિ.

મિટીંગ શરૂ થઇ અને પ્રોફેસર પોતાની હાજરી બતાવવા થોડે દૂર જઇને બેઠા હતા પરંતુ લાઉડ સ્પીકરમાંથી તેમના કાને સ્પષ્ટ શબ્દો અથડાયા.

૧ કરિંથી ૩ : ૧૬, ૧૭ના શબ્દો તે સ્પષ્ટ રીતે સાંભળી શકયા, જે આ પ્રમાણે હતા, 'તમે દેવનું મંદિર છો અને તમારામાં દેવનો આત્મા વસે છે, એ શું તમે જાણતા નથી ? જો કોઇ દેવના મંદિરનો નાશ કરે, તો દેવ તેનો નાશ કરશે કેમ કે દેવનું મંદિર પવિત્ર છે અને તે મંદિર તમે છો." પ્રોફેસરે આ શબ્દો બરોબર સાંભળ્યા અને ફરી સાંભળવા ના પડે તેથી ત્યાંથી ઊઠીને વધુ દૂર જઇને બેઠા. ખરું જોતા તેમને બાઇબલની કોઇપણ પવિત્ર વાતોમાં જરા પણ રસ રહ્યો નહોતો. આમ છતાં સંદેશો આપનારના શબ્દો એટલા બધા સ્પષ્ટ હતા કે ગમે તેવી બેદરકાર વ્યક્તિ પણ તે સાંભળી શકે. વક્તા તો આ બાબત જુદી જુદી રીતે સ્પષ્ટ કરતા જ જતા હતા. જેમ કે, 'શું તમને ખબર નથી ? તમે જાણતા નથી કે તમે દેવનું મંદિર છો ? વળી તમારામાં દેવનો આત્મા વસે છે ? જો તમારામાંની કોઇપણ વ્યક્તિ આ મંદિરનો નાશ કરશે તો પ્રભુ જરૂર તેનો નાશ કરશે જ.

વાચક મિત્રો, તમને શું લાગે છે ? આ વિષે પ્રોફેસર ચેલાપ્પાએ શું વિચાર્યું હશે ?

પ્રથમ તો તે ભારે મૂંઝવણ અનુભવવા લાગ્યા કે, આ બાબતનો અર્થ શો થાય ? પોતે હોશિયાર હતા અને બધું બરોબર સમજી ગયા હતા.

આ આખો પ્રસંગ ભવિષ્યમાં તેમણે પોતાના વિષે લખી જણાવ્યું ત્યારે તેમણે લખ્યું કે, આ શબ્દો એટલે તમે દેવનું મંદિર છો." તે જાણે ટેપ વાગ્યા કરતી હોય તેમ તેમના મનમાં તેના પડઘા અથડાતા જ રહ્યા, ઘણું ભૂલવાનું કરે છતાં આ શબ્દો તેમના માનસપટ પરથી તે દૂર કરી શકયા જ નહિ. જાણે હથોડા મગજ પર ઝીંકાતા જ રહેતા હોય તેમ તે શબ્દો પોતાના મનમાંથી તે દૂર કરી શકયા નહિ. બલ્કે આ શબ્દોએ તેમના હૃદય પર જબ્બર પકડ જમાવી. ગમે તેટલું ભૂલવા અથવા બેધ્યાન થવાનો પ્રયત્ન કરવા છતાં તે આ શબ્દો ભૂલી શકયા જ નહિ. પ્રોફેસર ખરેખર બહુ જ મૂંઝાવા અથવા બેધ્યાન થવા મથે છતાં આ શબ્દોની ભારે પકડથી તે છૂટી જ શકયા નહિ.

છેવટે તેમણે વિચાર કર્યો કે, "જો હું ઊંઘી જઇશ તો બધું જ ભૂલી જઇશ !" પણ ? ના, ના. પ્રભુ જેને પકડે તે કશાથી છૂટી શકે જ નહિ અને આ શબ્દોનો પોકાર તેમના હૃદયમાં જાણે કાણું પાડી રહ્યો હોય તેમ તેમને લાગવા માડયું. તેમને જમવાનું કે ઊંઘવાનું કંઇ જ ભાન રહ્યું નહિ. પોતાના અયોગ્ય જીવનના પાસાં તે સૂતા સૂતા વિચારતા જ રહ્યા અને આ વિચારો સાથે તેમની આંખોમાંથી અશ્રુઓ ટપકવા લાગ્યાં ! તેમને સ્પષ્ટ ભાન થયું કે બાઇબલનાં આ વચનો તેમને પોતાના જીવનની પરીક્ષા કરવાની ફરજ પાડી રહ્યા હતા.

ચેલાપ્પાનો ભયંકર ઘમંડી સ્વભાવ, સ્વાર્થી, તુમાખી મિજાજ ! આ બધું તેમને સ્પષ્ટ રીતે દેખાવા લાગ્યા અને પ્રભુની સમક્ષ તેમને ખૂબ શરમ લાગી.

હવે ચેલાપ્પાને બરોબર ખ્યાલ આવી ગયો કે તેમણે શું કરવાની જરૂર છે ! જાગૃત સ્થિતિમાં સૂતાં સૂતાં તે બધું જ સ્પષ્ટ અનુભવી રહ્યા હતા. આંખના આંસુઓની ધારાઓ સતત વહી રહી હતી. ખૂબ પસ્તાવો થતો હતો.

તે આંસુથી ભીંજાયેલા ઓશિકા પરથી માથું ઊઠાવી પલંગ પરથી ઊતરી પૂરી નમ્રતામાં ઘૂંટણે પડયા અને જે બધાં પાપોનો તેમના મગજે કબજો લીધો હતો તે બધાં જ પાપો તેમણે આઘાત અને પસ્તાવા સાથે પ્રભુ પિતા સમક્ષ કબૂલી લીધાં. પછી તે ઊભા થયા અને પૂરા નિર્ણય સાથે સિગારેટનો ડબ્બો ઊઠાવ્યો અને પૂરી નફરત સાથે તેને દૂર ફેંકી દીધો. હવે તેમના હૃદયે શાંતિ અનુભવી કારણ તેમણે પસ્તાવાથી કબૂલેલાં બધાં જ પાપોની તેમને પ્રભુએ માફી આપી છે તેનો સ્પષ્ટ ખ્યાલ પ્રભુ બાપે તેમને આપ્યો.

પ્રોફેસર ચેલાપ્પા પેતાના લખાણમાં લખે છે કે, મને પૂરી ખાતરી થઇ કે મારે સંપૂર્ણ રીતે મારા પ્રેમાળ પ્રભુ ઇસુના કૃપાળુ અને પ્રેમી હાથોમાં સમાઇ જવું ઘણું જ જરૂરી હતું, તે સિવાય હવે શાંતિ પામવા માટેનો બીજો

સહેલો માર્ગ એક પણ નહોતો. હવે પ્રોફેસર એક નવી જ વ્યક્તિ જેને સ્પષ્ટ રીતે "પ્રભુનું મંદિર" કહી શકાય તેવા બની ગયા હતા. શું આ પવિત્ર મંદિરમાં હવે સિગારેટને સ્થાન હોઇ શકે ? કદી જ નહિ.

ધૂમ્રપાનની તીવ્ર ઇચ્છા સંપૂર્ણપણે અદૃશ્ય થઇ ગઇ. લગભગ પચ્ચીસ વર્ષ સુધી જે સિગારેટ તેમને માટે છોડવી પણ અશક્ય એવી મૈત્રી ધરાવતી હતી, તેને જ્યારે પૂરા તિરસ્કાર સાથે તેમણે ડબ્બા સાથે ફેંકી દીધી. તે પૂરી તાજુબી સાથે તેમનાં પત્ની અને બાળકો પણ જોઇ જ રહ્યાં અને ખુશ થઇને પ્રભુ પિતાનો આભાર માન્યો.

હવે પ્રોફેસર ચેલાપ્પા પૂરા નમ્ર અને પ્રેમાળ બની પ્રભુની સેવા કરવા માટે તત્પર બન્યા અને બધાને સ્પષ્ટ રીતે જણાવવા લાગ્યા કે, "પ્રભુનું વચન જીવંત છે અને તે કંટાળાજનક જીવનને પણ બદલી શકે છે."

વહાલાંઓ ગમે તેવી દુષ્ટ બાબતો તમારામાં હશે તો પણ પ્રભુ પિતા તમારા પસ્તાવા સાથેની માફી માગતા જ તમને માફ કરશે અને તમને સંપૂર્ણ શાંતિ આપશે, ખાતરી કરી જોજો, પ્રભુ પિતા તમારી સહાયતા કરો. આમેન.



# ૯૧ "દુઃખીયાઓનાં બેલી-વેની વેન્ડરપૉલ"

લગભગ ૨૨ વર્ષ પહેલાં અમેરિકાના એક સ્થળે એક ચમત્કારિક બનાવ બન્યો.

તે વખતે ફલોરીડા નામના સ્ટેટમાં ઘણા બધા ભટકતા લોકો હતા, તેઓ ચોર-લૂંટારા જેવા નહોતા. પરંતુ આમતેમ ફરીને રોજની રોટી રળવા ફાંફાં મારતા હતા. આ માટે તેઓ જે કંઇ નાનું મોટું કામ મળે તે સ્વીકારીને મજૂરી કે કામગીરી કરતા હતા અને તે વેતનમાંથી પોતાનું અને પોતાના નિરાધાર કુટુંબોનું પોષણ પ્રાપ્ત કરતા હતા.

મોટે ભાગે તેઓ ખેતરો, બગીચા, નાના મોટા ફળઝાડના બાગો તેમ જ શાકભાજી અને અનાજના ખેતરોમાં કામ કરતા હતા. આ કામ તો કમર ભાંગી નાખે તેવું હતું કારણ કે તેઓએ સતત વાંકા વળી રહી કામ કરવું પડતું હતું.

તેઓના રહેઠાણો ભાંગ્યાં-તૂટયાં ઝૂંપડાં હતા. તેઓમાંના ઘણાઓને તો તેમના માલિકો બહુ જ ક્રૂરતાથી રાખતા હતા. પેટ પૂરતું ખાવાનું પણ આપતા નહિ. ઘણા મજૂરો તો જૂના ખટારા કે તૂટેલા વાહનોમાં થોડો આરામ કરી લેતા હતા.

તેઓના ઘરોમાં જો તમે મુલાકાત લો તો તમને કમકમાટી ઊપજે તેવાં દૃશ્યો જોવાના મળે. તેમના વૃદ્ધ અને કમજોર શરીરોવાળા માત-પિતા, આ મજૂરોના નબળા, પાતળાં, ગંદા અને નંખાઇ ગયેલા નાનાં બાળકોને આમથી તેમ ઢસડતા લઇ જતા જણાય. આવા બહુ જ કમકમાટીભર્યા દૃશ્યો જોઇને આપણું હૃદય ભારે થઇ જાય ! જ્યારે વેની વેન્ડરપૉલ આવાં સ્થળોની મુલાકાત લેતા ત્યારે તેમનું હૃદય ખૂબ ઘવાતું અને વેદના અનુભવતું હતું.

આ વેનીભાઇ પોતે હોશિયાર વ્યક્તિ હતા. પ્રભુમંદિરમાં પણ જુદી જુદી પ્રવૃત્તિઓ અને કામગીરીઓ દ્વારા, જેવી કે આગ અને તોફાનથી ભાંગી ગયેલા ઘરોને કુશળતાપૂર્વક જાતે જ સમારી આપતા હતા. તેમના ધ્યાન પર

આ ગરીબ કુટુંબોના નિરાધાર, અપંગ અને ભૂખ્યાં બાળકોનું હંમેશા સ્મરણ રહેતું. પોતાના અવિરત કાર્યો, સેવાઓ અને મદદો ઉપરાંત આવા પીડિતોને તે કંઇક જરૂરી કામ કરી આપવા સતત ઇચ્છા ધરાવતા હતા.

તેમણે વિવિધ ખ્રિસ્તી મંડળીઓ, ખ્રિસ્તી સેવા મંડળો, તેમ જ બીજી ખ્રિસ્તી સોસાયટીઓ તેમ જ વિવિધ પ્રભુમંદિરોની મુલાકાત લઇ આ ભટકતા મજૂરોની દયાજનક પરિસ્થિતિથી તેઓને વાકેફ કર્યાં. થોડા જ સમયમાં લોકો ખોરાક, કપડાં, રમકડાં તેમ જ જુદી જુદી જરૂરિયાતો પૂરી પાડવા લાગ્યા. જ્યારે વેનીભાઇ આ બધી ચીજો મેળવતા હતા ત્યારે તેઓ ગરીબ વિસ્તારોમાં ફરીને આ બધી ચીજો વહેંચતા હતા. ગરીબ નિરાધારોના ચહેરાઓ પરનો આનંદ જોઇ તેમનું હૃદય આનંદથી ઉભરાઇ જતું હતું. જાણે આ વેનીભાઇ ઝવેરાતનો ઢગલો કરતા હોય તેવો દેખાવ લાગતો હતો. દિવસે દિવસે વેનીભાઇ પર વધારે અને વધારે ઉદારતાભર્યા હાથો લંબાતા થયા અને તેને પરિણામે વધારે અને વધારે ગરીબોના પેટના ખાડા પુરાતા ગયા. જાણે આ ગરીબો વેનીભાઇના સગાં હોય તેટલો પ્રેમ વેનીભાઇ તેમની પર રાખતા હતા અને સામે પણ તેટલો જ પ્રેમ તેમને મળતો હતો.

વેનીભાઇને એમ જ લાગતું હતું કે ઇશ્વરપિતા તેમને જણાવતા હતા કે જેટલું બની શકે તેટલું કરીને દુઃખીજનોના ચહેરાઓ પર આનંદ ફેલાવ.

એક નાતાલના દિવસે અણધારી ભયંકરતા છવાઇ. ચર્ચના પાસ્ટર સાહેબનો વેનીભાઇ પર ફોન આવ્યો કે, "નજીકના સ્ટેટમાંથી લગભગ ૬૦ જેટલા માણસો દયાજનક સ્થિતિમાં આવી પહોંચ્યા છે અને તેમને માટે અમારી પાસે કોઇ જ સગવડ નથી. ઉપરાંતમાં તેમની પાસે ધાબળા કે કામળ કે એવું કંઇ જ ઓઢવાનું નથી અને તેઓ ધ્રૂજી રહ્યા છે. ઠંડી પણ અસહ્ય છે. શંકા છે કે આવી અસહ્ય ઠંડીમાં તેઓ થીજીને મરી જશે તો ?"

વેનીભાઇનું હૃદય ભાંગી પડયું. એકાદ કલાકમાં પ્રભુપિતા આટલા બધા ધાબળા-કામળા કયાંથી મોકલશે ? રાત્રી ઝડપથી આગળ વધતી હતી. ઠંડીનો ચમકારો પણ એનાથી વધારે ઝડપી હતો ! હવે શું કરવું ? વેનીભાઇ

પાસે પણ કંઇ જ બાકી રહ્યું નહોતું.

તેમણે શું કર્યું જાણો છો? તે અને તેમનાં પત્ની મેરીબહેન પ્રભુપિતા આગળ ઘૂંટણો ટેકવીને આગ્રહભરી વિનંતી કરવા લાગ્યા કે, "વહાલા પ્રભુપિતા, બધી જ પરિસ્થિતિ તમારી જાણ બહાર નથી, આ ગરીબોના બેલી તમે જ છો. મહેરબાની કરીને હા પ્રભુ, તમારી અત્યંત કૃપાભરી લાગણીથી આ ગરીબો માટે તેમનાં શરીરો ઠંડીથી બચાવી લો. કંઇક વ્યવસ્થા કરો, અમે તમારી જ મદદની રાહ જોઇ રહ્યા છીએ."

અચાનક વેનીભાઇને વિચાર સૂઝયો ! તેમણે રેડિયો સ્ટેશન પર તાત્કાલિક એવી જાહેરાત કરવા જણાવ્યું કે, "૬૦ માણસો માટે ઠંડીથી બચવા ધાબળા અથવા કામળોની તાત્કાલિક જરૂર છે નહિ તો તેઓ ભારે ઠંડીમાં થીજી જશે. રેડિયોવાળા ભાઇ પણ આ વાત સાંભળીને હસી પડયા ! તેમને થયું કે આજે નાતાલ છે અને આવા સમાચાર સાંભળવા કોણ નવરું હશે? ચર્ચ પર પણ આવી વસ્તુઓ લઇને કોણ આવશે? પરંતુ વેનીભાઇના ભારે આગ્રહને વશ થઇને તેમણે જોરજોરથી જાહેરાત કરી, વેનીભાઇએ તેમનો ખૂબ આભાર માન્યો અને કહ્યું કે, "ઇશ્વરપિતા માટે કંઇ જ અશક્ય નથી, તે બધું સંભાળી લેશે !"

વેનીભાઇ અને મેરીબહેન ખૂબ અધીરા બનીને રાહ જોઇ રહ્યાં હતાં કે પ્રભુપિતા શી મદદ કરશે? માનશો? ૧૦-૧૫ મિનિટમાં તો ધાબળા અને કામળો આવવા લાગ્યા. જેટલા લોકોએ વેનીભાઇ તરફની જાહેરાત સાંભળી કે તરત જ સંખ્યાબંધ વાન ભરી ભરીને ધાબળા અને કામળો ઠલવાવા લાગ્યા! આતો એક અણધાર્યો ભારે ચમત્કાર હતો. થોડીવારમાં તો આ બધું એટલા મોટા પ્રમાણમાં ઠલવાયું કે તે સમાવવા માટે જગા પણ ના રહી !

પણ હવે આ બધું પહોંચતું શી રીતે કરવું ? સમય તો ભારે ગતિથી પસાર થઇ રહ્યો હતો ! વેનીભાઇ તો આ બધા કામળો અને ધાબળા વાનમાં ભરવા લાગ્યા અને જાણે વાનમાં પણ જગા કરવી મુશ્કેલ બાબત હતી. ફરીથી બંને પતિ-પત્ની ઘૂંટણે પડયા અને પ્રભુને વિનંતી કરી કે, "પ્રભુપિતા જો વાનમાંથી બધી સીટ કાઢી લેવાય તો વધુ જગા થઇ શકે પરંતુ સીટ ઉપરના

ખીલા કાઢવા માટેનું સાધન અમારી પાસે નથી. કારણ આ ખીલા માટે અમુક કદનું જ સાધન જોઇએ છે, મહેરબાની કરીને જલદી મોકલી આપો અને પેલા મરતા ગરીબોને બચાવી લો. તેઓ પ્રાર્થના કરી રહ્યા અને થોડી જ વારમાં એક બહેન આવી પહોંચ્યાં. તેમણે વેનીભાઇને કહ્યું, મારી પાસે ઓઢવા માટેનું કંઇ જ નથી પરંતુ નાનાં બાળકો પહેરી શકે તેવા ગરમ કપડાં છે, મહેરબાની કરીને લઇ લો. વેનીભાઇએ મોટા થેલા જેવડી બેગ લીધી અને બીજા હાથે પકડવા જતા તેમને અંદર કંઇક કઠણ વસ્તુ લાગી, તેમણે અંદર હાથ નાખ્યો તો તેમને જે કદનું સાધન ખીલા કાઢવા જોઇતું હતું તેવું જ સાધન હાથ લાગ્યું ! તેમની અજાયબીનો પાર રહ્યો નહિ ! તેમણે બહેનનો તે માટે પણ ખૂબ આભાર માન્યો. બહેને કહ્યું કે, "મારા પતિ થોડા સમય પર અવસાન પામ્યા છે અને ગેરેજમાં કામ કરવા તે વાપરતા હતા અને હવે મને તેની કંઇ જ જરૂર નહોતી તેથી મેં તે પણ કપડાં સાથે મૂકી દીધું કે કંઇક કામ લાગે ! વેનીભાઇએ તેમને પૂછયું તમે કેટલા વાગે ઘેરથી નીકળ્યા ? બહેને જવાબ આપ્યો કે લગભગ ૪૫ મિનિટ પહેલાં જ તેઓએ આ સાધન માટે પ્રાર્થના કરી હતી ! જે રીતે પ્રભુપિતાએ બધું પૂરું પાડયું તે બદલ તેમણે આંસુ સાથે પ્રભુપિતાનો આભાર માન્યો.

આનંદભર્યા હૃદયે વાનમાં બધા ધાબળા અને કામળો સમાવી તેઓ પાસ્ટર સાહેબને ત્યાં પહોંચી ગયા અને ઠંડીથી ધ્રૂજતા લોકો અને બાળકોને તે બધું વહેંચી આપ્યું ! પાસ્ટર સાહેબ પણ ખૂબ ખુશ થયા અને બધાએ મળીને પ્રાર્થના સાથે નાતાલનો સાચો આનંદ માણ્યો !

વહાલાં બાળકો, હંમેશા પ્રભુપિતા પર દરેક બાબત માટે ખૂબ ભરોસો રાખી જીવન ગુજારજો, તે તમને કદી પણ નિરાશ નહિ કરે.

મુસા પણ લોકોને અરણ્યમાં દોરી જતો હતો ત્યારે પાણીની તંગી પડી તે વખતે પ્રભુએ મુસાને કેવી મદદ કરી તે જાણો છો ? વાંચો નિર્ગમન ૧૭ : ૧-૭ તમને અજાયબ લાગશે. તમે પણ કોઇ ખાસ જરૂરિયાતમાં આવી પડો ત્યારે ઉપરનો ફકરો વાંચશો અને તે સાથે ગીતશાસ્ત્ર ૩૪ : ૧૦મી કલમ કાયમ યાદ રાખજો. પ્રભુ તમારી સહાયતા જરૂર કરશે. આમેન.

# ૯૨ "ખુશીથી આપનારને દેવ ચાહે છે."

૨ કરિંથી ૯ : ૭

ડોના સન્ડેસ્કૂલના જુનિયર વર્ગમાં હતી. એક રવિવારે તેના વર્ગ શિક્ષકે જાહેર કર્યું કે ગામડાનાં અમુક કુટુંબો ખેતરમાં પાક સારો નહિ થવાથી ખૂબ જ તંગી ભોગવી રહ્યાં હતાં. તેમનાં બાળકો માટે કપડાં, ખોરાક, રમકડાં વગેરેની બહુ જ જરૂર છે. આથી ઓકટોબર માસમાં દરેક રવિવારે બધા બાળકો પોતાનાથી બની શકે તે લાવે.

ડોના વિચારમાં પડી ગઇ. પોતે શું લાવશે ? તેનાં નાનાં થઇ ગયેલાં કપડાં તેની નાની બહેનો માટે ઉપયોગમાં આવતા હતાં. વળી તેના પપ્પાને કોઇ સ્થિર નોકરી મળી નહોતી. દરરોજ જે કંઇ છુટક કામ મળે તે ઉપર તેના કુટુંબનું ગુજરાન ચાલતું હતું.

ઘેર જતાં રસ્તામાં તે વિચાર કરતી રહી. છેવટે તેને વિચાર આવ્યો કે તેની પાસે એક ડોલી છે. તેને તે બહુ જ ગમતી હતી અને એટલી એક જ ડોલી તેની પાસે હતી. તેણે તેનું નામ જોલી રાખ્યું હતું. બીજે રવિવારે ડોનાએ પોતાની વહાલી જોલીને ધીમે રહીને સન્ડેસ્કૂલમાં ટેબલ પર મૂકેલી પેટીમાં સરકાવી દીધી. તેની સખીઓ પોતાનાં નાનાં થઇ ગયેલાં વસ્ત્રો લાવી હતી. પણ એકલી ડોના જ ડોલી લાવી હતી. બીજા કપડાં ઊંચા કરી તેણે ડોલીને નીચે સરકાવી દીધી. તેને મનમાં ઘણું દુઃખ હતું કે પોતે કોઇપણ જાતનું વસ્ત્ર આપવાને શક્તિમાન નહોતી.

ઓકટોબર માસના છેલ્લા રવિવારે શિક્ષિકા બહેને જાહેર કર્યું કે ત્રણ પેટીઓ કપડાંથી ભરાઇ ગઇ છે અને સોમવારે ત્રણે પેટીઓ રવાના કરવામાં આવશે. ડોના મનથી દુઃખી હતી કે પોતાની વહાલી ડોલી આપ્યા છતાં પોતે કોઇપણ જાતનું વસ્ત્ર આપી શકતી નહોતી.

તેને રસ્તામાં વિચાર આવતા હતા કે હું પણ પૈસાદાર હોત તો કેવું સારું થાત ? તો તો હું ખૂબ બધી ભેટો બહુ ગરીબ બાળકો માટે લઇ જાત ! એટલામાં તેનું ઘર આવી ગયું. ગંદા વિસ્તારમાં આવેલું નાનું ભાગ્યું તૂટયું તે

ઘર હતું. તે વિસ્તારમાંથી બહુ જ થોડાં બાળકો રવિવારે દેવળમાં જતાં હતાં. બાકીના રમ્યા કરતા હતાં કારણ કે તેમની પાસે દેવળમાં પહેરી જવા માટેના સારાં વસ્ત્રો પણ હતાં નહિ.

આ બધી બાબતો વિચારતી તે એક મોટા નિસાસા સાથે ઘરમાં પ્રવેશી. તરત જ યાદ આવ્યું કે જમવા બેસવા માટે તેણે મમ્મીને મદદ કરવી જોઇએ. બાઇબલ વગેરે જગા પર મૂકી તે રસોડામાં મમ્મી પાસે દોડી ગઇ. રવિવાર માટેનું સાદું પણ સ્વાદિષ્ટ ભોજન તૈયાર થઇ ગયું હતું તેની સુવાસ આખા ઘરમાં પ્રસરી રહી હતી.

તેને જોતાં જ તેનાં મમ્મીએ કહ્યું, “બહુ સરસ થયું તું આવી ગઇ. આટલાં ખીચડી અને શાક આપણાં ક્રિના આન્ટીને ઘેર આપી આવ. બિચારા બાળકો ભૂખ્યાં હશે. ડોના આવી મદદ કરવા હંમેશા તત્પર રહેતી. ક્રિનાબહેનને ઘેર ડોના પહોંચી ત્યારે તે પાછળ વાડામાં કપડાં ધોતાં હતાં. ઘરમાંથી બાળકોનાં રડવાનો અને મારામારીનો અવાજ આવતો હતો. ક્રિનાબહેન ડોનાને જોઇને ખુશ થઇ ગયાં અને કહ્યું, ડોના જરા પેલાં ધમાલિયાઓને શાંત રાખને ! ક્રિનાબહેનને ત્રણ બાળકો હતાં. જીમ અને બાર્ની બે જોડિયા ભાઈ ત્રણ વર્ષના હતા અને નાની દીકરી દોઢ વર્ષની હતી. તેના હાથમાં ડોલી હતી. તે બન્ને ભાઇઓએ ખૂંચવી લીધી અને દરેક તે પોતાની છે એમ કહીને મારામારી કરવા લાગ્યાં. નાની લીના ડોલીને લીધે રડવા લાગી હતી.

ડોનાએ ખીચડી અને શાક સંભાળીને રસોડામાં મૂકી દીધાં અને બાળકોને ઘોડો ઘોડો રમાડવા લાગી. બન્ને ભાઇઓએ ડોલી લીનાને આપી દીધી અને ડોના ઉપર વારાફરતી સવારી કરવા લાગ્યા.

થોડીવારમાં ક્રિનાબહેન કામ પરવારીને આવ્યાં એટલે ડોના ઘેર ગઇ. તરત સીધી રસોડામાં જઇને મમ્મીને મદદ કરવા લાગી. કામ કરતાં કરતાં તે મમ્મીને કહેવા લાગી કે હું તો બીજાં બાળકો માટે કંઇ જ આપી શકી નથી. ફક્ત મારી ડોલી મેં આપી. તેના મમ્મીએ કહ્યું, “હમણાં જ તારા સન્ડેસ્કૂલનાં બહેન આવ્યાં હતાં તેમણે તારી ડોલી પાછી આપી છે અને કહ્યું કે બધાં

બાળકો કપડાં જ લાવ્યાં હતાં તેથી જ્યારે બીજીવાર રમકડાં મોકલીશું ત્યારે ડોનાની ડોલી લઈશું, "ડોના જો કે ડોલી પાછી મળી તેથી ખુશ થઈ પણ તે કંઈ જ આપી શકી નહિ તેનું તેને ઘણું જ દુઃખ થયું. પણ તેનાં મમ્મીએ કહ્યું કે, પ્રભુ ઈસુ તો આપણાં હૃદયનો ભાવ જુએ છે, વળી તું કેટલી બધી બધાને કામમાં મદદ કરે છે તે પણ જુએ છે. માટે તારે દુઃખી થવું જોઈએ નહિ." એટલામાં ડોનાનાં માસી અચાનક કપડવંજથી આવ્યાં, બધાં ખૂબ ખુશ થયાં. ડોનાનાં માસી કલેરાબહેન હંમેશા આ કુટુંબને ખૂબ મદદરૂપ હતાં. તેઓ પોતાની સાથે થોડાં કપડાં લાવ્યાં હતાં પણ તેમણે જે ફ્રોક્સ આપી તેમાંની અમુક તેની બહેનોને ટૂંકી પડી તેથી જે જે ઉપયોગમાં આવે તેવી નહોતી પણ નવી હતી. તે ડોના માસીની રજા લઈને દોડીને તેનાં શિક્ષિકાબહેનને આપી આવી. એક ફ્રોક નહિ પણ ત્રણ ફ્રોક્સ મળી ગઈ ! શિક્ષિકાબહેન ખુશ થયાં અને ડોનાની ઉદારતાની પ્રશંસા કરતાં કહ્યું કે, "તારાં મમ્મી પાસેથી જાણવા મળ્યું કે તેં તારી એકની એક ડોલી બીજાને માટે આપી દીધી હતી. વળી કામકાજમાં પણ તું સારી મદદ કરે છે. બીજાને પણ ઘણી ઉપયોગી છે. આ બધું જાણીને મને બહુ જ આનંદ થયો છે. બાઈબલમાં પણ લખ્યું છે કે "ખુશીથી આપનારને દેવ ચાહે છે." ડોના ખુશ થતી ઘેર ગઈ. તેનો આનંદ માતો નહોતો. તેની નજર સામે પેલાં વધારે ગરીબ બાળકો જાણે તેણે આપેલી ફ્રોકસ પહેરીને હસતાં દેખાતાં હતાં. તેણે મનમાં પ્રાર્થના કરી કે, "પ્રભુ ઈસુ આ બધાં જરૂરિયાતવાળાં બાળકો અને તેમનાં કુટુંબોને તેમની જરૂરની વસ્તુઓ પૂરી પાડજો." આમેન.

વહાલાં બાળકો, શું તમે ડોનાના જેવા ઉદાર છો કે તમારી સામે કોઈ બાળક ઊભું હોય અને તમે કશું ખાતાં હો તો પણ તેને આપવા માગતા નથી ? તે બાળક રડતું હોય તો પણ ઘણીવાર બાળકો ખૂબ જ ખરાબ વર્તન બતાવીને બીજાં બાળકને પોતાનામાંથી કંઈ પણ આપતાં નથી. આવું મન પ્રભુ ઈસુને ગમતું જ નથી. હંમેશા ઉદાર બનજો. બીજાની મદદ કરજો અને બીજાને માટે લાગણી રાખજો, બીજાને માટે કાળજીથી પ્રાર્થના કરજો, પ્રભુ તમારી સહાયતા કરો. આમેન.

# ૯૩ વિશ્વાસથી કરેલી પ્રાર્થના

હાલના દિવસોમાં ખૂબ ગરમીનો અનુભવ કરતાં હશો અને આશા છે કે તમે વરસાદને માટે પ્રભુપિતાને વિનંતી પણ કરતાં હશો. જો છેલ્લો વરસાદ ન થાય તો પાકને નુકસાન થાય અને ખોરાકની ચીજોના ભાવ બહુ જ વધે. આપણે મોટા ભાવ આપી શકતાં હોઇએ તેવી સ્થિતિ હોય તો પણ જેઓ ખૂબ જ ગરીબ છે, આખો દિવસ મજૂરી કરે છે તેઓને ભૂલવા જોઇએ નહિ. તેમને માટે ખાસ પ્રાર્થના કરવી જોઇએ કારણ કે તેઓની પાસે મોટા ભાવોથી ખરીદવા માટે પૈસા હોતા નથી અને જ્યારે તેઓ ચોરી કરવા લલચાય છે, અને જ્યારે તેવો ચોરી કરે ત્યારે સમાજ તેમને ધિક્કારે છે. તો મને લાગે છે કે આપણે બધાં આવાં દુ:ખી, લાચાર, ગરીબ અને મુશ્કેલીમાં આવી પડેલાં સઘળાં માટે ખૂબ આગ્રહથી પ્રાર્થના કરીએ, અને તે પણ પ્રભુબાપ પાસે જે માગીશું તે મળશે જ એવો વિશ્વાસ રાખીએ, ઉપરાંતમાં બની શકે તેટલી મદદ પણ કરજો.

એક વખત બહુ બધા લોકોને પાળક સાહેબે કહ્યું કે, "આજે સાંજે વરસાદ માટે ખાસ પ્રાર્થના સભા રાખીશું, બધાં આવજો." સાંજે બધાં આવ્યાં તે સાથે એક નાની છોકરી છત્રી લઇને આવી હતી. તેનાં માતા અને પિતા તેને બોલવા લાગ્યા કે, "અત્યારે શા માટે છત્રી લઇને આવી ?" છોકરીએ કહ્યું, "આપણે વરસાદ માટે પ્રાર્થના કરવાનાં છીએ તેથી છત્રી લાવી છું. એમ સમજીને કે, જરૂર પ્રભુબાપ આપણે માગીએ છીએ તે પ્રમાણે વરસાદ મોકલશે અને મારે પલળતાં ઘેર જવું પડશે નહિ." અને ખરેખર બન્યું પણ તેવું જ. પ્રાર્થનાસભા પૂરી થઇ ત્યારે ઠંડો પવન ફૂંકાવા લાગ્યો, આકાશમાં કાળાં વાદળ ઘેરાયાં અને વરસાદનાં છાંટણાં પડવા લાગ્યા. બધાં જલદી જલદી ઘેર પહોંચી જવા તલપાપડ થઇ રહ્યાં પણ પાદરીસાહેબે બધાંને રોકી દીધાં અને કહ્યું કે વરસાદ પડે તેટલી વાર થોભો કે જેથી આપણે પ્રભુ બાપનો

આભાર પણ માની લઇએ.

એક ભાઈ બોલી ઊઠયા, "કયાં સુધી થોભીશું ? એ તો એવું પણ બને કે વાદળ વિખેરાઇ જાય અને વરસાદ પણ અદશ્ય થઇ જાય !" પેલી છત્રીવાળી નાની છોકરી બોલી ઊઠી, "અંકલ, અંકલ, કદાચ તમે અધૂરી પ્રાર્થના કરી લાગે છે. હું સન્ડેસ્કૂલમાં શીખી છું કે, "વિશ્વાસથી કરેલી પ્રાર્થના સાર્થક થાય છે; હા, ન્યાયી માણસની પ્રાર્થના સાર્થક થાય છે." પેલા ભાઇ શરમાઇ ગયા અને બેસી ગયા. પાદરી સાહેબે પ્રભુપિતાનો આભાર માનતાં પ્રાર્થના કરી કે, પ્રભુ બાપ નાની બાળકીના જેવો વિશ્વાસ સર્વને આપો કે જેથી આ સંગત ખરેખર આશીર્વાદિત બની રહે ! તમે અમારું સાંભળ્યું છે અને સાંભળો છો માટે તમારો ઘણો જ આભાર માનીએ છીએ. અમારા પ્રેમી તારનાર કે જેમણે અમને રાઇના દાણા જેટલો વિશ્વાસ શું કરી શકે છે તે વિષે શીખવ્યું છે તેમના પવિત્ર નામમાં માગીએ છીએ. આમેન.

પ્રાર્થના પૂરી થઇ. બધાં છૂટા પડયા તેવી જ રીતે છૂટા છવાયા છાંટા દરેકના મોં, માથા, હાથ, પીઠ પર વિશ્વાસની યાદ દેવડાવતા પડવા લાગ્યા. ધીમે ધીમે વરસાદ શરૂ થયો અને બધાં સ્તુતિ કરતાં ઘેર પહોંચી ગયા. કેટલાંક થોડું તો કેટલાંક ઘણું પલળ્યાં પણ નાની છત્રીવાળી બાળા આનંદભેર પહોંચી. ઘરમાં દાખલ થઇ તેણે છત્રી પરસાળમાં મૂકી અને પ્રભુબાપની પ્રાર્થના કરતાં આભાર માન્યો કે, "પ્રભુબાપ, તમે મારી છત્રી બરોબર પલાળી તેને માટે તમારો ઘણો જ આભાર માનું છું." આમેન.

વહાલાં બાળકો, અત્યારની ખૂબ જ અગત્યની જરૂરિયાતો વરસાદ ઉપરાંત પ્રભુ ઇસુની પણ છે. આજે ખ્રિસ્તી ઘરોમાં પ્રભુ ઇસુનું સ્થાન ટી.વી.એ લઇ લીધું છે અને સારાં ખ્રિસ્તી બાળકો પણ ટી.વી.નાં એવાં રસિયાં થઇ ગયાં છે કે પ્રભુની વાતને બદલે તેમને ટી.વી.ના વિવિધ પ્રોગ્રામ્સ વધુ ઉપયોગી જણાય છે.

પ્રભુ ઈસુ હવે જલદી આવશે. કદાચ તમે ટી.વી.ની રસલ્હાણ માણી રહ્યાં હશો ત્યારે આવશે, કે કદાચ તમે નાટયગૃહ કે સીનેમા થીયેટરમાં હશો ત્યારે આવશે અથવા તો તમે પ્રેમપૂર્વક પ્રભુની સંગત માણી રહ્યાં હશો ત્યારે પણ આવે. આપણને કશી ખબર નથી પરંતુ પ્રભુપ્રેમની છત્રીનું આચ્છાદાન આપણને સંભાળી રહ્યું હોય અને ત્યારે પ્રભુ ઈસુ આવે તો આપણે કેટલાં બધાં તૈયાર હોઈએ ! તે સમય આપણે માટે આનંદમય બની રહે તેવો જોઈએ, માટે વિશ્વાસથી પ્રાર્થના કરો કે પ્રભુ ઈસુને મળવાને તમારાં હૃદયો તૈયાર રહે ! તે વખતે તમને એમ ના થાય કે અત્યારે પ્રભુ ઈસુ કેમ આવ્યા ?

ખોટી અયોગ્ય જગામાં જવું નહિ, પ્રભુને ના ગમે તેવી રીતે વર્તવું નહિ, ઘરમાં કે શાળામાં ખરાબ વર્તન બતાવવું નહિ. ચોરી, જૂઠ, ગુસ્સો, ખરાબ શબ્દો વગેરેથી દૂર રહેવું, પૂરા આજ્ઞાંકિત બનીને રહેવું અને પ્રભુ ઈસુ પર સાચો પ્રેમ કરવો. આ બધી બાબતો તમે પ્રભુ ઈસુ પાસે માગો તો તે તમને જરૂર આપશે. વિશ્વાસથી માગજો.

આ અંકમાં બાઈબલ કસોટીનું પરિણામ જાહેર થયું છે તે જોઈ લેજો. અમદાવાદ તથા આસપાસના વિસ્તારનાં બાળકો માટેનો કેમ્પ સરસપુરમાં થશે તે અંગેની જાહેરાત પછીથી ચર્ચ ઉપર મોકલવામાં આવશે.

ત્યારે આ વખતના પત્રમાં ઘણી ઘણી અગત્યની બાબતો છે. યાદ રાખશો ને ? પ્રભુપિતા તમારી સાથે રહો.



# ૯૪ વિશ્વાસ

## બાળકો, કંઈક વિચારીશું ?

"વિશ્વાસ રાખનારને તો સર્વ શકય છે." માર્ક ૯ : ૨૩. એલિયા પ્રબોધક પરમેશ્વરનો ભક્ત હતો. તેને પરમેશ્વર માટે એટલી બધી આસ્થા હતી કે તે પ્રભુપિતાને જે બાબત ના ગમે તે કદી પણ કરતો નહિ અને બીજાને કરવા દેતો પણ નહિ. અને આ તો હંમેશા પ્રભુનું કામ કરનારની હંમેશની ફરજ છે. જે કોઇ પ્રભુની ઇચ્છા વિરુદ્ધનું કામ કરે તેને તે ખૂબ હિંમતથી જણાવતો હતો કે આ તું જે કરે છે તે ઇશ્વરને ગમ્યું નથી અને પરમેશ્વર હંમેશા એલિયાને કયાં શું થાય છે તે વિષે જણાવતા હતા અને જો કોઇને ઠપકો આપવાનો હોય તો તેમ પણ કરવાનું કહેતા હતા. એક વખત તો આહાબ રાજાને પણ ઠપકો આપવા અને તેણે કરેલાં પાપની કેવી શિક્ષા થશે તે જણાવવા એલિયાને મોકલ્યો હતો. (વાંચો ૧ રાજા ૨૧મો અધ્યાય)

આહાબની રાણી ઇઝબેલ ઘણી જ દુષ્ટ બાઇ હતી. તે બઆલના મંદિરમાં જતી હતી અને તેની ભક્તિ કરતી હતી. આથી પરમેશ્વર તેના પર ખૂબ કોપાયમાન હતા. જો તમે ૧ રાજા ૧૮મો અધ્યાય વાંચશો તો તમને જાણવા મળશે. પરમેશ્વરના આત્માથી ભરપૂર એવો એલિયા મૃત્યુ પામ્યો નહોતો પણ જયારે તેનો અંત સમય નજીક આવ્યો ત્યારે પરમેશ્વરના હુકમથી તેણે પોતાની જગાએ કામ કરનાર પ્રબોધક તરીકે એલિશાનો અભિષેક કરવાનો કહ્યો. જુઓ બાળકો, આવા મોટા પ્રબોધકને જયારે પરમેશ્વરે તેની જગાએ બીજા સેવકને મૂકવાની આજ્ઞા કરી ત્યારે એલિયાને ઈર્ષા ના આવી. તેને એવો અભિમાન પણ ના થયો કે હું આટલો મોટો પ્રબોધક છું તો પણ મારે સ્થાને બીજાનો અભિષેક મારે કરવાનો છે. ના, ના, એથી ઊલટું એલિયાએ રાજીખુશીથી તેનો અભિષેક કરીને તેને પોતાની સાથે રાખ્યો અને તેને બધી રીતે તૈયાર કર્યો. આ તો પ્રભુના સેવકની રીત હોવી જોઇએ.

તમે જ્યારે પણ પ્રભુની સેવામાં જોડાઓ ત્યારે પ્રભુને ગમતું શું છે તે સમજીને વર્તશો તો કદી પણ પ્રભુના ગુનેગાર બનશો નહિ.

એક દિવસની વાત છે. એલિયા એલિશાને લઇને યર્દન નદી સુધી ગયો. (૨ રાજા ૨ : ૧-૧૨) એલિયાએ પોતાનો ઝભ્ભો પાણી પર અફાળ્યો અને પાણીના બે ભાગ થઇ ગયા અને વચ્ચેની કોરી જમીન પર ચાલીને તેઓ સામે પાર પહોંચી ગયા. હવે એલિયાએ એલિશાને કહ્યું કે તારી પાસેથી મને લઇ લેવામાં આવે તે પહેલાં તું મારી પાસે માગ કે હું તારે માટે શું કરું ? એલિશાએ કહ્યું કે પરમેશ્વરનો જે આત્મા તારા પર છે તેનાથી બમણો આત્મા મારા પર રહે તેવી મારી માગણી છે. એલિયાએ તેને કહ્યું કે જો તારી પાસેથી મને લઇ લેવાતો તું જોશે તો તે પ્રમાણે તને મળશે.

થોડી જ વારમાં અગ્નિરથો અને અગ્નિઘોડા દેખાયા. તેઓ એલિયાને વંટોળિયામાં થઇને આકાશમાં લઇ ગયા. એલિશાએ તે જોયું અને તે બૂમ પાડી ઊઠયો કે, મારા બાપરે; મારા બાપરે; ઇસ્રાએલના રથો તથા તેમના સવારો !

એલિયાનો ઝભ્ભો તેની પાસેથી એલિશા પાસે પડયો તે એલિશાએ ઊઠાવી લીધો. યર્દનને કિનારે ઊભા રહી તે ઝભ્ભાને પાણી પર અફાળીને કહ્યું, "એલિયાનો દેવ યહોવા કયાં છે ? તરત પાણીના બે ભાગ થઇ ગયા અને એલિશા નદી પાર કરી શકયો. કેટલો બધો વિશ્વાસ ! ખરું."

હવે પરમેશ્વરના આત્માથી ભરપૂર થઇ એલિશા પણ અજાયબ જેવા ચમત્કાર કરી શકયો. લોકોએ પણ જોયું કે એલિશા પણ પરમેશ્વરના સામર્થ્યથી કામ કરે છે ! તેથી તેઓ તેની પાસે તેને મળવાને આવ્યા.

એક વખત લોકો ખૂબ તરસ્યા હતા. કારણ તે સ્થાન સુંદર હતું પણ પાણી ખૂબ ખરાબ હતું. લોકોએ એલિશા આગળ મુશ્કેલી રજૂ કરી. એલિશાએ તેમની પાસે માટીનું એક નવું કોડિયું મંગાવ્યું. તેમાં મીઠું નાખ્યું. પછી તે પાણીના ઝરા પાસે જઇને તેમાં મીઠું નાખ્યું અને કહ્યું, યહોવા એમ કહે છે કે,

આ પાણી મેં નીરોગી કર્યા છે. અને તેનાથી કંઇ મરણ થશે નહિ." આ પ્રમાણે એલિશા જે વચન બોલ્યો તે પ્રમાણે ત્યાર પછીથી હંમેશને માટે પાણી નીરોગી થઇ ગયાં. પરમેશ્વરે પાણી નીરોગી કર્યાં. લોકોએ પ્રભુપિતાનો કેટલો બધો આભાર માન્યો હશે !

પ્રભુના લોકો સ્વાર્થી બનતાં નથી. તેઓ બીજાનું સારું કરવા પ્રયત્ન કરે છે. બીજાને સુખી જોવાનો પ્રયત્ન કરે છે. કોઇનું સારું થાય તો ઈર્ષા કરતાં નથી.



# ૯૫ સહાયકારી ઈશ્વર

"જેઓ ખ્રિસ્તનાં છે તેઓએ દેહને તેના વિષયો તથા ઈચ્છાઓ સુદ્ધાં વધસ્તંભે જડયા છે." ગલાતી ૫ : ૨૪ એટલે શું ? જ્યારે આપણે પ્રભુ ઈસુને આપણા તારનાર તરીકે આપણા હૃદયમાં સ્થાન આપીએ છીએ ત્યારે જો તેમનું રક્ત આપણને આપણાં પાપથી શુદ્ધ ના કરે તો પ્રભુ ઈસુ આપણામાં રહી શકે જ નહિ. આથી આપણી જૂની ઈચ્છાઓ જુદાં જુદાં ખરાબ વલણોને આપણે વધસ્તંભ પર જડી દઈએ છીએ અને ખ્રિસ્તને આપણાં હૃદયોમાં સ્થાન આપીએ છીએ. હવે આપણે ખ્રિસ્તના કહેવાઈ શકીએ. ખ્રિસ્ત આપણા જીવનમાં આવે કે તરત આપણા જીવનોમાંથી ધિક્કાર દૂર થાય અને પ્રેમ આવે છે. લડાઈ ઝઘડાંને બદલે હવે શાંતિ સ્થપાય છે. તિરસ્કાર અને અશાંતિનું સ્થાન આનંદ લે છે. વાતવાતમાં મિજાજ ગુમાવી દેવાતો હતો તેને બદલે સહનશીલતાનો ગુણ આવે છે. ભાઈબહેનો સાથે વાતવાતમાં મારામારી કરવાને બદલે માયાળુપણાનો ગુણ આવે છે. ગરીબ દુ:ખીને જોઈને કંટાળો આવતો હતો તેને બદલે તેમના પ્રત્યે ભલાઈનો ગુણ આવે છે. પોતાનાં કામ પ્રત્યે બેદરકારીની ભાવના જતી રહે છે અને વિશ્વાસુપણાનો ગુણ મળે છે. અભિમાનનો દુર્ગુણ જતો રહે છે અને નમ્રતા આવે છે. વાત વાતમાં પાપ કરવાની ઈચ્છા થઈ જતી હતી પણ ખ્રિસ્તના આવ્યા પછી નમ્રતાનો ગુણ આપણામાં આવે છે. આ પ્રમાણે આપણા જીવનમાં ઈસુ ખ્રિસ્ત આવે તો તે કેટલા બધા સારા સારા ગુણોની ભેટ આપણે માટે લેતા આવે છે તેનો ખ્યાલ આવ્યો ? શેતાને જે ખરાબ ગુણો આપણામાં ભરી દીધા હતા અને આપણા હૃદયને ગંદુ બનાવ્યું હતું તે બધું ખ્રિસ્તના રક્તમાં ધોવાઈને દૂર થયું અને ખ્રિસ્તે નવાં નવાં સુંદર ગુણો ભરી આપીને આપણાં જીવનને સુંદર અને મધુર બનાવી દીધું. હવે તમે કે હું નહિ પણ તમારા કે મારામાં ખ્રિસ્ત વસે છે. પણ જો આ વિશ્વાસ આપણે ટકાવી ના રાખીએ તો બહુ જ જલ્દી આપણે આપણામાં પ્રભુની હાજરી ભૂલી જઈશું અને ફરીથી શેતાની વાનાંઓ પસંદ

કરતાં થઇ જઇશું, પણ આપણો વિશ્વાસ ટકી રહે તે માટે તમારે અને મારે ખ્રિસ્ત પર વિશ્વાસ રાખવાનો છે.

નાના જશુનાં માતાપિતા ગામડામાં રહેતાં હતાં. જશુને સારું શિક્ષણ મળે તેથી તેમણે જશુને તેનાં કાકા કાકીને ઘેર શહેરમાં રાખ્યો હતો. કાકા-કાકી જશુ પર ખૂબ પ્રેમ કરતાં હતાં. એક વખત જશુની વર્ષગાંઠની ભેટ તરીકે તેનાં મમ્મી પપ્પાએ જશુ માટે એક મોટી તંદુરસ્ત કાળી ગાય ભેટ તરીકે મોકલી. કાકાને ઘેર ખૂબ મોટું કંપાઉન્ડ હતું તેથી કાકા કાકી તો ખૂબ ખુશ થઇ ગયાં પણ જશુને તો આ ગાયની ખૂબ જ બીક લાગે. તેનાં શિંગડાં મોટાં હતાં, આંખો મોટી હતી તે મારકણી નહોતી, દર ટંકે એક મોટું કેન ભરીને દૂધ આપતી હતી. બહાર ખેતરની જગામાં તે ચરતી હતી પણ દૂધ આપવાનો સમય થાય ત્યારે ઝાંપા પાસે આવીને જાણે બોલાવતી હોય તેવો અવાજ કરતી હતી. ઝાંપો ઉઘડતાં જ શિંગડાં વીંઝતી અંદર દાખલ થતી હતી અને તેને માટે તૈયાર રાખેલો પૌષ્ટિક ખોરાક ખાવા સીધી ચાલી જતી હતી. જશુ તો તેને કાળો વાઘ કહીને બોલાવતો હતો તેના અવાજથી જ તે થથરી જતો હતો.

તેનાં કાકીએ તેને સમજાવ્યો કે, “જશુ, તેં તારું જીવન પ્રભુ ઇસુને આપ્યું છે તો તને વિશ્વાસ નથી કે તે તારી સંભાળ લેશે ! તે તને એટલો બધો સાચવશે કે તારો ‘કાળો વાઘ’ તને કંઇ જ કરી શકશે નહિ. જો સામે નજર કર, તારો ‘કાળો વાઘ’ આપણને જોઇને કેવો ઝડપથી ઝાંપા તરફ આગળ વધી રહ્યો છે ?” જશુ તે જોતાં જ કંપી ઊઠયો. કાકીની પાછળ સંતાવા જતો હતો પણ કાકીએ પ્રેમથી તેનો હાથ પકડીને તેને ઝાંપા સુધી લઇ ગયાં. તેના કાકીએ કહ્યું, “પરમેશ્વર પિતા આપણા હાજરાહજૂર મદદગાર છે...આપણે શા માટે બીવું જોઇએ ! ચાલ, હિંમતથી ઝાંપો ખોલ, હું તારી સાથે જ છું. જશુ મનમાં બોલતો હતો, “ઇસુ બાપ મારી મદદ કરો, તેને તરત મનમાં એવું લાગવા માંડયું કે ખરેખર પ્રભુ ઇસુ તેની મદદે હતા જ. તેણે તરત જ ઝાંપાની સાંકળ ખોલી અને તેનો ‘કાળો વાઘ’ તેની સામે નજર પણ કર્યા

વગર પોતાની જગાએ ચાલતી પકડી.

જશુ તેને જતી જોઇ જ રહ્યો. તેનાં કાકી ખૂબ જોરથી હસી પડયાં. જશુને બાથમાં લઇને શાબાશી આપી. જશુ બોલી ઊઠયો, "કાકી, મેં તો ઇસુ બાપને મારી મદદ કરવા કહ્યું અને પછી મને 'કાળા વાઘ'ની બીક ના લાગી. હવે તો દરરોજ હું જ તેને અંદર લાવીશ અને પછી તે મને ઓળખી જશે. ખરું ને ! અને ખરેખર, તે પછીથી જશુ જ તેના 'કાળા વાઘ'નો મિત્ર બની ગયો.

વહાલાં બાળકો, શું તમે પણ જશુની જેમ કશાથી બીહો છો ? તો યાદ રાખજો કે "વિશ્વાસ રાખનારને સર્વ શકય છે." પ્રભુ ઇસુ તમારા પર પ્રેમ કરે છે પણ તમે તેમના પર આધાર રાખો, વિશ્વાસ રાખો એવું પણ તે ઇચ્છે છે.



# ૯૬ નાતાલનું મહત્વ

નાતાલ સાથે સંકળાયેલી કેટલીક વ્યક્તિઓને તમારી યાદમાં લાવવા માગું છું.

પ્રથમ મરિયમને યાદ કરીએ. પ્રભુની હજૂરમાં રહેનાર એક દૂત જેનું નામ ગાબ્રિયેલ હતું તે મરિયમની પાસે આવીને ઊભો રહ્યો. તેની હાજરીથી કદાચ મરિયમ ડરી ગઇ હશે ! ગભરાઇ ગઇ હશે ! મૂંઝવણ અનુભવી રહી હશે ! તમને પણ એવો જ અનુભવ થાય ને !

દૂતે તેને શાંતિપૂર્વક કહ્યું, “મરિયમ, બી મા, તું પરમેશ્વરથી કૃપા પામી છે. તને દીકરો થશે, ને તું તેનું નામ ઇસુ પાડશે. તે પરાત્પરનો દીકરો કહેવાશે.” મરિયમ તો એકદમ આભી બની ગઇ ! તે શી રીતે આ બધું સમજી શકી હશે ! જાણો છો ? જ્યારે પરમેશ્વરપિતા તેમનાં વચનનો સંદેશો આપણને જણાવવા માગે છે ત્યારે તે આપણને પવિત્ર આત્માની મારફતે સમજાવે છે. મરિયમ પણ આજ રીતે બધું સમજી ગઇ. તેને જાતજાતના વિચારો આવ્યા હશે ! બધા લોકો આવનાર મસીહ વિષે વાત કરતા હતા તે જ મસીહની પોતે માતા બનશે. તેણે નિર્ણય કર્યો હશે કે પોતે એક સારી માયાળુ અને પ્રેમાળ માતા બનવાનો પ્રયત્ન કરશે. બાળકને સારો ખોરાક આપશે, સુવાડશે, રમાડશે અને તેને પ્રભુના પ્રેમમાં ઉછેરશે. મરિયમને તે પણ સમજ આપવામાં આવી હશે કે તેનો પુત્ર મસીહ તરીકે આવશે તેથી તે પોતાની ફરજ પૂરી કરી શકે તે માટે મરિયમે તેનાથી વિયોગી પણ બનવું પડશે. જો કે આ બાબત બહુ દુઃખદાયક થશે છતાં પોતે તે જ મસીહની માતા હોવાનો હક્ક પ્રાપ્ત કરે છે તે વિચારે તેણે દૂતને કહ્યું, “જો હું પ્રભુની દાસી છું, તારા કહ્યા પ્રમાણે મને થાઓ.”

દૂતના ગયા પછી મરિયમને એક ચિંતા ઉપજાવે તેવો વિચાર આવ્યો. તેની સગાઇ યૂસફ નામના માણસ સાથે થઇ હતી અને લગ્ન પહેલાં તે માતા

બનવાની છે તે જો યૂસફને ખબર પડે તો કેટલી બધી મુશ્કેલી ઊભી થાય !

મરિયમ આ સર્વ વિચારોથી મૂંઝાતી હતી તેવામાં એક રાત્રે યૂસફને પ્રભુના દૂતે સ્વપ્નમાં દર્શન દઇને કહ્યું કે, ઓ યૂસફ, તારી પત્ની મરિયમને તેડી લાવવાને બી મા; તેને દીકરો થશે, ને તું તેનું નામ ઇસુ પાડશે; કેમ કે જે પોતાના લોકોને તેઓનાં પાપથી તારશે, તે એ જ છે." યૂસફે આ પહેલાં મરિયમ વિષેની બધી વાત જાણી હતી તેથી તે મરિયમને છાની રીતે મૂકી દેવાનું વિચારતો હતો એટલામાં જ આ સ્વપ્નમાં થયેલા દર્શન અને તેને આપવામાં આવેલી સૂચના પ્રમાણે તે મરિયમને તેડી લાવ્યો. આ યૂસફ પણ દાઉદ રાજાના વંશનો હતો. તે સુથાર હતો. યૂસફના મનમાં પણ કેવા કેવા વિચારો આવતા હશે ! કદાચ તેણે પોતાના સુથારી ધંધાની મદદથી સારું સગવડવાળું ઘર ઊભું કરવા વિચાર્યું હશે. પોતાને જ ત્યાં આવનાર મસીહ જન્મશે તે વિચારતાં તે પોતે આવનાર બાળકનો પાલક પિતા બનશે તે પણ એક અદ્ભુત બાબત હશે તેવો અનુભવ તે કરતો હતો ! બાળકને બધી સુવિધા મળી રહે તે માટે તેણે ઘણી યોજનાઓ કરી હશે ! પણ પ્રભુની યોજના કાંઇ જુદી જ હતી.

એ જ અરસામાં એવી જાહેરાત થઇ કે વસ્તીની ગણતરી માટે બધાંએ પોતપોતાના નામ નોંધાવવા બેથલેહેમ જવું. આથી યૂસફ પોતાની સાથે મરિયમને બેથલેહેમ જે દાઉદનું શહેર હતું ત્યાં લઇ જવા નીકળ્યો કેમ કે તે દાઉદના વંશનો હતો. બહુ બધા લોકો બેથલેહેમ આવી પહોંચ્યાં હતાં તેથી મરિયમ અને યૂસફને ઉતારો કરવા માટે કોઇ જગા મળી નહિ. છેવટે ધર્મશાળાની ગભાણમાં થોડી જગા મળી અને ત્યાં જ મરિયમને દીકરો જન્મ્યો ! મરિયમે તેને લૂગડામાં લપેટીને ગભાણમાં સુવાડયો, કેવી પરમેશ્વરની યોજના ! સ્વર્ગીય પુત્રનો જન્મ ગભાણમાં ! આમ કેમ બન્યું હશે ! પરમેશ્વર પાસે કોઇ પક્ષપાત નથી. ગરીબ, તવંગર, દુઃખી, લાચાર, સર્વને માટે પ્રભુ પુત્ર ઇસુ આવ્યા. પોતાની સંપૂર્ણ નમ્રતામાં તે સામાન્ય માનવી પાસે આવ્યા.

દૂર બેથલેહેમની સીમે ખેતરોમાં ભરવાડો પોતાનાં ઘેટાંની સંભાળ લઇ રહ્યા હતા તેમને પણ દૂતે શુભ સંદેશો આપ્યો કે, "બીહો મા; કેમ કે જુઓ હું મોટા આનંદની સુવાર્તા તમને કહું છું. આજ દાઉદના શહેરમાં તમારે સારુ એક તારનાર, એટલે ખ્રિસ્ત પ્રભુ જન્મ્યો છે. તેને તમે લૂગડામાં લપેટેલો અને ગભાણમાં સૂતેલો જોશો. એટલામાં તો દૂતોની મોટી સેના આકાશમાંથી ઊતરી આવી અને દેવની સ્તુતિ કરતાં તેઓએ ગાયું, "પરમ ઊંચામાં દેવને મહિમા થાઓ, તથા પૃથ્વી ઉપર જે માણસો વિષે તે પ્રસન્ન છે, તેઓને શાંતિ થાઓ." ભરવાડો ખૂબ ખૂબ આશ્ચર્ય અનુભવતા બેથલેહેમ તરફ દોડયા, દૂતના કહ્યા પ્રમાણે તેઓએ મરિયમને, યૂસફને તથા ગભાણમાં સૂતેલા બાળકને જોયાં.

તે જ રાત્રે દૂર પૂર્વના દેશમાં આકાશનો અભ્યાસ કરતા માણસોએ એક અવનવો તારો આકાશમાં જોયો. તેમનાં પુસ્તકોની તપાસ પ્રમાણે તેઓ સમજી શકયા કે તે તારો યહૂદીઓના રાજાના જન્મ વખતે પ્રકાશશે. તેઓ તારાને જોતા જોતા લાંબા સમય બાદ એક ઘરમાં બાળકને (હવે થોડો મોટો થયેલો) જોઇ શકયા. આમ ખ્રિસ્ત પ્રભુના જન્મ સાથે ખૂબ નિકટતાથી સંકળાયેલી આ વ્યક્તિઓ કેટલા મોટા આશીર્વાદોની ભાગીદાર બની શકી હશે ! ખરું ?

પણ બાળકો, જો તમે પણ પ્રભુ ઈસુનાં સાચાં બાળકો બની જાઓ એટલે કે ખરા પસ્તાવિક હૃદયથી તમારાં પાપોની માફી પામી ખ્રિસ્તને તમારા પોતાના અંગત તારનાર તરીકે સ્વીકારો તો તમે પણ એ જ આશીર્વાદોના ભાગીદાર બની શકશો તે જાણો છો ? અને ત્યારે જ નાતાલનો ખરો આનંદ શો છે તેની તમને સમજણ પ્રાપ્ત થશે.

પ્રભુપિતા તમારી સહાયતા કરો અને આ નાતાલનો પવિત્ર આનંદ તમારામાં ભરી દો. તમને બીજાની લાગણીઓ સમજવાનું સમજપૂર્વકનું મન આપે અને તમારી સર્વે પ્રકારે એવી સહાયતા કરે કે નાતાલનો સાચો આનંદ તમે બીજાઓને પણ પમાડી શકો.

# ગુજરાત ટ્રાકટ એન્ડ બુક સોસાયટીના કેટલાક પ્રકાશનો

| | | |
|---|---|---|
| ૧. | અનોખી ઈઝરાયેલ પ્રજા | ૧૨૫/- |
| ૨. | રશિયા, ઈઝરાયેલ અને બાઈબલ | ૪૦/- |
| ૩. | પિતરનો પહેલો પત્ર | ૧૨૫/- |
| ૪. | જીવન સાફલ્ય ને મનન | ૬૦/- |
| ૫. | ભજનસંગ્રહ લેધર બાઈન્ડીંગ | ૧૭૫/- |
| ૬. | ભજનસંગ્રહ સાદા | ૬૦/- |
| ૭. | ગુજરાત ટ્રાકટ એન્ડ બુક સોસાયટીનો ૧૫૦ વર્ષનો ઈતિહાસ | ૩૦/- |
| ૮. | ક્ષિતિજને પેલે પારથી | ૨૦/- |
| ૯. | સાધુ સુંદરસિંગ (ગ્રંથ) | ૧૨૫/- |
| ૧૦. | દૈનિક પ્રકાશ | ૭૫/- |
| ૧૧. | જૂનો કરાર તેની રચના તથા સંદેશો | ૬૫/- |
| ૧૨. | પવિત્ર આત્મા વિશે સમજ | ૫૦/- |
| ૧૩. | માર્કનો સંદેશો | ૫૦/- |
| ૧૪. | પ્રેષિતોનાં કાર્ય દ્વારા મળતો ઈશ્વરીય સંદેશ | ૮૦/- |
| ૧૫. | ઉત્પત્તિનો સંદેશ ૧૨થી ૫૦ | ૪૦/- |
| ૧૬. | હિબ્રૂઓનો પત્ર સંદેશ | ૫૦/- |
| ૧૭. | અયૂબ | ૬૦/- |
| ૧૮. | યશાયા | ૧૨૫/- |
| ૧૯. | ગીતોનું ગીત | ૬૦/- |
| ૨૦. | ગિરિપ્રવચન | ૪૦/- |
| ૨૧. | ફિલિપિના પત્રનો સંદેશ | ૪૦/- |
| ૨૨. | કરંથીઓના પહેલા પત્રનો સંદેશ | ૪૦/- |

| | | |
|---|---|---|
| ૨૩. | ખ્રિસ્તી મંડળીનો ઈતિહાસ | ૫૦/- |
| ૨૪. | વિશ્વવ્યાપી જળપ્રલય | ૩૦/- |
| ૨૫. | બાઈબલનો શબ્દકોશ | ૪૦/- |
| ૨૬. | જોષ જોવાનું પાપ | ૪૦/- |
| ૨૭. | પુનરૂત્થાનો, ન્યાયકાળ અને પ્રભુનુ પુનંરાગમન | ૪૦/- |
| ૨૮. | બાઈબલનો વિવેચનપૂર્ણ માહિતી કોશ ભાગ-૨ | ૬૦/- |
| ૨૯. | બહાદુર ગોવાળિયો | ૩૦/- |
| ૩૦. | પુલ્પીટ હેલ્પસ ભાગ-૧ | ૩૦/- |
| ૩૧. | પુલ્પીટ હેલ્પસ ભાગ-૨ | ૩૦/- |
| ૩૨. | પુલ્પીટ હેલ્પસ ભાગ-૫ | ૪૦/- |
| ૩૩. | પુલ્પીટ હેલ્પસ ભાગ-૪ | ૪૦/- |
| ૩૪. | જન સામાન્ય માટે બાઈબલ માર્ગદર્શિકા | ૪૦/- |
| ૩૫. | દાઉદ ભક્તના પસંદિત ગીતો આધારિત મનન | ૪૦/- |
| ૩૬. | ધી-રોબ | ૩૫/- |
| ૩૭. | ટૈટસ | ૩૫/- |
| ૩૮. | અરમાન નાટય સંગ્રહ | ૪૦/- |
| ૩૯. | બેનહર | ૩૦/- |
| ૪૦. | ગુજરાતમાં ખ્રિસ્તી મંડળીનો ઈતિહાસ | ૨૫/- |
| ૪૧. | દુઃખ દ્વારા શિક્ષણ | ૧૦/- |
| ૪૨. | સાચો મિત્ર | ૨૫/- |
| ૪૩. | સમૃધ્ધ ખ્રિસ્તીજીવન | ૩૦/- |
| ૪૪. | પવિત્રશાસ્ત્રનો અભ્યાસી | ૬૦/- |
| ૪૫. | નાઝરેથનો ઈસુ | ૧૫/- |
| ૪૬. | મને પ્રાર્થના કરતાં શીખવો | ૨૫/- |
| ૪૭. | ડેવિડ બ્રેઈનર્ડ | ૨૦/- |
| ૪૮. | પતંગિયા | ૩૫/- |

| | | |
|---|---|---|
| ૪૯. | બાઈબલ અભ્યાસ ભાગ-૧ | ૦૬/- |
| ૫૦. | બાઈબલ અભ્યાસ ભાગ-૨ | ૧૨/- |
| ૫૧. | બાઈબલ અભ્યાસ ભાગ-૩ | ૨૫/- |
| ૫૨. | બાઈબલ અભ્યાસ ભાગ-૫ | ૦૪/- |
| ૫૩. | બાઈબલ અભ્યાસ ભાગ-૬ | ૦૪/- |
| ૫૪. | બાઈબલ અભ્યાસ ભાગ-૮ | ૧૫/- |
| ૫૫. | બાઈબલ અભ્યાસ ભાગ-૯ | ૨૦/- |
| ૫૬. | બાઈબલ અભ્યાસ ભાગ-૧૦ | ૩૦/- |
| ૫૭. | બાઈબલ અભ્યાસ ભાગ-૧૧ | ૧૫/- |
| ૫૮. | બાઈબલ અભ્યાસ ભાગ-૧૨ | ૩૦/- |
| ૫૯. | ચિત્રમય બાઈબલ અભ્યાસક્રમ સેટ | ૧૫/- |
| ૬૦. | મધુરાં ગીતોનો અધૂરો ઈતિહાસ | ૫૦/- |
| ૬૧. | અજાયબ ભવિષ્ય વચનો | ૧૦/- |
| ૬૨. | ખાલી કબરનો ચૂકાદો | ૨૦/- |
| ૬૩. | તમારા સંજોગોનો સંચાલક | ૨૫/- |
| ૬૪. | ઉત્પતિ અને ઉત્ક્રાંતિવાદ | ૪૦/- |
| ૬૫. | ફૂલડાંની ફોરમ | ૨૦/- |
| ૬૬. | જીવન જીવી જાણનારાં અપંગો | ૨૦/- |
| ૬૭. | પ્રાર્થનાપરાયણ હાઈડ-પ્રાર્થનાનો પડકાર | ૩૦/- |
| ૬૮. | દાનીયેલનું પુસ્તક અને પ્રભુનું પુનરાગમન | ૭૫/- |
| ૬૯. | વધસ્તંભ એજ સ્વર્ગ | ૨૦/- |
| ૭૦. | ગુરુને ચરણે | ૧૦/- |
| ૭૧. | સાચુ જીવન | ૧૦/- |
| ૭૨. | સાચુ મોતી | ૧૦/- |
| ૭૩. | સત્યની શોધ | ૧૦/- |
| ૭૪. | રેવ. થોમાભાઈ પાથાભાઈ | ૧૦/- |
| ૭૫. | ડી. એલ. મૂડી | ૨૦/- |

| | | |
|---|---|---|
| ૭૬. | ડેવિડ બ્રાઉમન | ૨૦/- |
| ૭૭. | વિલ્યમ કેરી | ૧૫/- |
| ૭૮. | જેમ્સ હડસન ટેલર | ૧૫/- |
| ૭૯. | પંડિતા રમાબાઈની સાક્ષી | ૧૫/- |
| ૮૦. | ડૉ. ઈ. સ્ટેન્લી જૉન્સ | ૩૦/- |
| ૮૧. | ચાર્લ્સ સ્પર્જન | ૫૦/- |
| ૮૨. | ટેકરીઓનો સાદ | ૧૦૦/- |
| ૮૩. | ઉપલી મેડી દૈનિક પ્રકાશ | ૩૦/- |
| ૮૪. | કલરવ | ૧૫/- |
| ૮૫. | કલશોર | ૨૦/- |
| ૮૬. | ફૂલદાની | ૧૫/- |
| ૮૭. | બાઈબલ ક્વીઝ | ૩૦/- |
| ૮૮. | પિતૃઓના કુવા | ૩૫/- |
| ૮૯. | રેલો અને ગીતો | ૩૫/- |
| ૯૦. | વધસ્તંભના સાત વચન | ૧૫/- |
| ૯૧. | વધસ્તંભ અને ચપ્પુ | ૩૦/- |
| ૯૨. | ચિરાયેલો પડદો | ૩૦/- |
| ૯૩. | સ્ત્રી રત્નો | ૨૦/- |
| ૯૪. | ક્વો-વાડિસ | ૩૦/- |
| ૯૫. | બારાબ્બાસ | ૩૦/- |
| ૯૬. | પડદાની પેલે પાર | ૪૦/- |
| ૯૭. | યાત્રાકારી ભાગ-૧ | ૨૦/- |
| ૯૮. | ફબીઓલા | ૩૫/- |
| ૯૯. | યાત્રાકારી ભાગ-૨ | ૩૦/- |
| ૧૦૦. | પરિશ્રમની કેડીએ ભાગ-૧ | ૧૫/- |
| ૧૦૧. | પરિશ્રમની કેડીએ ભાગ-૨ | ૧૫/- |
| ૧૦૨. | ઝબકાર અને ઝાંખી | ૨૦/- |
| ૧૦૩. | ખ્રિસ્તી કુટુંબ અને ઘર | ૨૦/- |
| ૧૦૪. | સભા શિક્ષક | ૩૦/- |

# Aavo Bhulkan

- Late Smt. Harrietben A. John



**રેવ. ડૉ. જેમ્સ ગ્લાસગો**

(ગુજરાત ટ્રાક્ટ એન્ડ બુક સોસાયટીના સ્થાપક - પથદર્શક)

સાર્ધ શતાબ્દી

*Published & Distributed by :*

**GUJARAT TRACT AND BOOK SOCIETY**

Sahitya Seva Sadan, Near Gujarat College,
Ellisbridge, Ahmedabad-380 006. INDIA.